BAOU
Education for All

**યુનિવર્સિટી ગીત**

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-81-953732-1-5

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૩

(મુખ્ય તથા ગૌણ)

HISM / HISS - ૨૦૩

# ભારત નો ઈતિહાસ

(ઈ. સ. ૬૫૦ થી ૧૫૨૬ સુધી)



## વિભાગ-૨ દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસ

## સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. પ્રફુલ નવાકર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ–ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ. પ્રદ્યુમન ખાચર | એસોસીએટ પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ ,જૂનાગઢ |
| પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા | પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |

**લેખનઃ**

| | |
|---|---|
| ડૉ. અમૃત ઠાકોર | એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કોલેજ , સંતરામપુર. |
| ડૉ. ભાવિન પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ( સાંજની) , અમદાવાદ. |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. અશોક વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ. |
| ડૉ. વિરસંગભાઈ ચૌધરી | એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગૂજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , અમદાવાદ. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ડૉ.જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| શ્રી પ્રવીણ વણકર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.ધ્વનિલ પારેખ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર. |



**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN : 978-81-953732-1-5**
**પ્રકાશન વર્ષ : 2021- પ્રથમ આવૃતિ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ
પેપર-૩ ભારતનો ઈતિહાસ
**(ઈ.સ.650 થી ઈ.સ.1526)**
**HISM/HISS-203** ( મુખ્ય તથા ગૌણ)

## વિભાગ-2 દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસ


**એકમ-6** **01**
**ભારતનો ઈતિહાસ ગુલામવંશ : કુત્તુબુદ્દિન ઐબકની કારકિર્દી અને સિદ્ધિઓ**

**એકમ-7** **14**
**ખિલજીવંશ : અલાઉદ્દીન ખિલજીના સુધારા**

**એકમ-8** **41**
**તુઘલક વંશ મોહમ્મદ તુઘલક અને ફિરોજશાહ તુઘલક**

**એકમ-9** **56**
**સૈયદ અને લોદીવંશ : સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી**

**એકમ-10** **66**
**દિલ્હી સલ્તનત સમયના ભારતની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ**

**એકમ-11** **96**
**સલ્તનત સમયનું વહીવટીતંત્ર**

## વિભાગ-2 : દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસ

**ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)પેપર-3***ના વિભાગ 2 દિલ્હી સલ્તનતનો રાજકીય ઈતિહાસમાં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાથી લઈને પાણીપતના પ્રથમ યુધ્ધ સુધીની માહિતી આવરી લેવામાં આવી છે.*

**એકમ-6***માં કુત્બુદ્દીન ઐબક દ્વારા સલ્તનતની સ્થાપના તેની પ્રારંભિક મુશ્કેલીઓ,તેની લશ્કરી કારકિર્દી અને તેની સિધ્ધિઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-7***માં ખલજીવંશની સ્થાપના,અલ્લાઉદ્દીન ખલજીના રાજકીય,આર્થિક,લશ્કરી,મહેસુલી તથા બજાર અંગેના સુધારાની વિગતે સમજુતી આપવામાં આવેલી છે.*

**એકમ-8***માં તુઘલકવંશ વિશેની બાબતો આવરી લેવામાં આવી છે જેમાં મોહમદ તુઘલકની લશ્કરી કારકિર્દી,તેના વિજયો,તરંગી યોજનાઓ,તથા ફિરોઝશાહ તુઘલકના ખેતી અંગેના સુધારા અને સિંચાઈ યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલી છે.*

**એકમ-9***માં સૈય્યદવંશ અને લોદીવંશની જાણકારી આવરી લેવામાં આવી છે જેમાં લોદીવંશના બે સુલતાનો સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી જાણકારી પ્રાપ્ત થાય છે.ઈબ્રાહીમ લોદીની પાણીપતના પ્રથમ યુધ્ધમાં હાર અને ભારતમાં મુઘલ સત્તાનો પાયો નખાયો ત્યાં સુધીની રાજકીય બાબતોનીજાણકારી પ્રસ્તુત કરવામાં આવી છે.*

**એકમ-10***માં દિલ્હી સલ્તનત સમયની ભારતની રાજકીય,સામાજિક,આર્થિક સ્થિતિ વિશે વિગતે ચર્ચા કરવામાં આવેલી છે.*

**એકમ-11***માં દિલ્હી સલ્તનત સમયના વહીવટીતંત્રની ચર્ચા કરવામાં આવી છે જેમાં કેન્દ્રીય વહીવટીતંત્ર, પ્રાંતિય વહીવટીતંત્ર અને પ્રાદેશિક કક્ષાના વહીવટીતંત્રને આવરી લેવામાં આવ્યું છે.*

| એકમ – 6 | ભારતનો ઈતિહાસ ગુલામવંશ : કુત્તુબુદ્દિન ઐબકની કારકિર્દી અને સિદ્ધિઓ |
|---|---|

રૂપરેખા :

**6.0** ઉદ્દેશો

**6.1**પ્રસ્તાવના

**6.2** કુત્તુબુદ્દિન ઐબકનું પૂર્વજીવન

**6.3** કુત્તુબુદ્દિન ઐબકની નાયબ તરીકેની સિદ્ધિઓ

- તમારી પ્રગતી ચકાસો – 1

**6.4.1** મહંમદ ઘોરીનું અવસાન અને કુત્તુબુદ્દિન ઐબકનું રાજયારોહણ

**6.4.2** દાસત્વમાંથી મુક્તિ

**6.5** પ્રારંભિક મુશ્કેલીઓ અને તેનું નિવારણ

**6.5.1** પોતે ગુલામ હતો

**6.5.2** કુબાચાને મિત્ર બનાવ્યો

**6.5.3** તાજુદ્દીન યિલ્દિજ સાથે સંઘર્ષ

**6.5.4**ખ્વારિજમના સંભવિત ભયથી દિલ્લીનું રક્ષણ

**6.5.5** બંગાળના ખિલજી સરદારોને વશમાં કર્યા.

**6.5.6** રાજપૂત તથા હિન્દુ વિદ્રોહીઓને નમાવ્યા.

- તમારી પ્રગતિ ચકાસો – 2

**6.6** કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન

**6.6.1** શાસન વ્યવસ્થા

**6.6.2 એક સૈનિક અને સેનાપતિ તરીકે**

**6.6.3 એક વ્યક્તિ તરીકે**

**6.6.4 તે ધર્માંધ હતો**

**6.6.5 તેને સાહિત્ય અને સ્થાપત્યમાં રૂચીહતી.**

**6.6.6ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યનો સ્થાપક**

- **તમારી પ્રગતિ ચકાસો – 3**

**6.7 સમાપન**

**6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**6.9 સંદર્ભ ગ્રંથો**

## 6.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસથી તમે*

- *ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક કુત્તુબુદ્દિન ઐબકના પૂર્વજીવન તેમજ તેના વંશ વિષે જાણી શકશો.*
- *કુત્તુબુદ્દિન ઐબકની સ્વતંત્ર શાસક બન્યા પહેલાની સિદ્ધિઓ જાણી શકશે.*
- *સ્વતંત્ર સુલતાન તરીકે કુત્તુબુદ્દિન ઐબક સામે આવેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેણે કરેલા પ્રયાસો વિશે જાણી શકાશો.*
- *એક સામ્રાજ્ય સ્થાપક, સેનાપતિ અને માનવી તરીકે કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન કરી શકશો.*

*ઉપરના ઉદ્દેશો મુજબ આ એકમનો મુખ્ય ધ્યેય ભારતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના કરનાર કહો કે ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યના સ્થાપક કહો એવા કુત્તુબુદ્દિન ઐબકની કારકિર્દી અને જીવનનો પરિચય કરાવવાનો છે. આ પ્રકરણમાં આપણે કુત્તુબુદ્દિન ઐબકની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે જાણી શકીશું.*

## 6.1 પ્રસ્તાવના

*ઈ.સ.1206 થી 1290 સુધીના દિલ્લી સલ્તનતના શાસકોને ગુલામવંશના શાસકો તરીકે ઓળખવામાં આવે છે. આ વંશની સ્થાપના કુત્તુબુદ્દિન ઐબકે કરી હતી. જોકે આ વંશના નામની બાબતમાં ઘણા બધા મતભેદો ચાલે છે. છતાં આપણે એટલું જાણી લઈએ કે આ વંશનું નામ ગુલામવંશ એટલા માટે પ્રથમ કે આ વંશના નવ સુલતાનોમાંથી પ્રથમ ત્રણ કુત્તુબુદ્દિન ઐબક. ઈલ્તુત્મિશ અને બલ્લન મૂળ ગુલામ હતા. કુત્તુબુદ્દિનને બાદ*

*કરતા બાકીના બંનેએ સુલતાન બનતા પહેલા ગુલામીથી મુક્તિ મેળવી લીધી હતી. ગુલામવંશના સુલતાનો મમ્લૂક કે ઈલ્બારી જાતિના તુર્કો હતા. તેથી તેમના વંશને મામલૂક કે મમ્લૂક તેમજ ઈલ્બારી વંશ પણ કહેવામાં આવે છે.*

*મહંમદ ઘોરીને કોઈ પુત્ર ન હતો. તેની તેના મૃત્યુ બાદ તેના દ્વારા સ્થાપિત સામ્રાજ્યને તેના શક્તિશાળી ગુલામોએ પોતાના હસ્તક કરી લીધું. જોકે મહંમદ ઘોરી પણ એવું જ ઈચ્છતો હતો કે તેનું રાજ્ય તેના ગુલામોને મળે. તેના જીવનકાળ દરમિયાન તેણે આ વાતની જાણકારી આપી હતી. એકવાર તેણે કહ્યું હતું " બીજા મુસલમાનોને એક કે બે પુત્રો હોય છે મારા તો હજારો તુર્કો ગુલામ પુત્ર છે જે મારા મૃત્યુ બાદ જીતેલા પ્રદેશોના ખુતબામાં મારું નામ જાળવી રાખશે." તેના આ કથનથી સ્પષ્ટ થાય છે કે તે પોતાનું વિશાળ રાજ્ય પોતાના તુર્કો ગુલામોને સોંપવા માંગતો હતો. અને એની ઈચ્છા મુજબ જ થયું. ઈ.સ.1206 માં જ્યારે તે મૃત્યુ પામ્યો ત્યારે તેના ચાર શક્તિશાળી ગુલામો ગઝનીમાં યિલ્દિજ, મુલતાનમાં નાશિરૂદ્દીન કુબચા, દિલ્લીમાં કુત્તુબુદ્દિન ઐબક અને બંગાળમાં ઈમ્તીયાર – ઉદ્દીન – એ સત્તા હસ્તગત કરી. જોકે સાર્વભૌમ શાસનકર્તાની ગેરહાજરીમાં ચારેય સરદારો વચ્ચે સત્તા માટે સંઘર્ષ થયો. તેમાં કુત્તુબુદ્દિન ઐબક સફળ થયો. જેણે હિન્દુસ્તાનના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપિત કરી.*

## 6.2 કુત્તુબુદ્દિન ઐબકનું પૂર્વજીવન

*ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક કુત્તુબુદ્દિન ઐબકના માતા- પિતા તુર્ક હતા. અને તુર્કસ્તાનના નિવાસી હતા. નાનપણમાં એક તુર્ક વેપારી એ કુત્તુબુદ્દિન ઐબકને ખરીદી લીધો હતો. તેને નિશાપુરમાં ફકરુદ્દિન અબ્દુલ અઝીઝ નામના વડા કાઝીને વેચી દીધો હતો. કાઝી ફકરુદ્દિન ઉદાર વૃત્તિનો માણસ હતો. તેને કુત્તુબુદ્દિન ઐબકનો ઉછેર પોતાના બાળકની જેમ જ કર્યો. તેણે કુત્તુબુદ્દિનને શિક્ષણ આપ્યું. ઘોડેસવારી શીખવાડી તેમજ લશ્કરી તાલીમ પણ આપી હતી. જોકે કાઝીના મૃત્યુબાદ તેના પુત્રોએ કુત્તુબુદ્દિનને એક સોદાગરને વેચી દીધો. આ સોદાગર કુત્તુબુદ્દિનને ગઝની લઈ આવ્યો. જ્યાં મહંમદ ઘોરીએ તેને ખરીદી લીધો. ટૂંકમાં વેચાતો તે મહંમદ ઘોરી પાસે આવ્યો હતો.*

*કુત્તુબુદ્દિન દેખાવે કદરૂપો હતો. પરંતુ તે આકર્ષક અને પ્રસંશનીય ગુણો ધરાવતો હતો.ઘોરી એ તેના ગુણો પારખીને તેને ખરીદયો હતો.ધીમે ધીમે કુત્તુબુદ્દિન પોતાના ગુણો અને આવડતને કારણે ઘોરીનો વિશ્વાસુ બની ગયો. સુલતાને તેને "અમીરે આખૂર" (શાહી તબેલાનો વડો) નિયુક્ત કર્યો. મહંમદ ઘોરીની સાથે રહીને તે ભારતમાં અનેક લડાઈઓ લડ્યો હતો. ઘોરીના ભારતમાના ઘણા બધા વિજયો કુત્તુબુદ્દિનને આભારી હતા. પૃથ્વીરાજ ચૌહાણ સાથે તરાઈના બીજા યુધ્ધ ઈ.સ. 1192માં વિજય મેળવ્યા બાદ શહાબુદ્દીન મહંમદ ઘોરીએ તેને હિન્દુસ્તાનમાં પોતાનો 'નાયબ' તરીકે નિયુક્ત કર્યો. કુત્તુબુદ્દિને દિલ્લી પાસેના ઈન્દ્રપ્રસ્થને જે એ સમયે 'કિલ એ રાય પીથોરા' તરીકે ઓળખાતું હતું. પૃથ્વીરાજ ત્રીજાનું રહેવાનું મુખ્ય મથક હતુ. પોતાનું મુખ્ય મથક બનાવ્યું.*

## 6.3 કુત્તુબુદ્દિન ઐબકની નાયબ તરીકેની સિદ્ધિઓ

*શહાબુદ્દિન ઘોરીની ગેરહાજરીમાં કુત્તુબુદ્દિન ઐબક હિંદમાં અનેક લડાઈઓ લડ્યો. તેણે અનેક વિદ્રોહો દબાવ્યા. ઈ.સ.1192માં અજમેર અને મેરઠના વિદ્રોહો દબાવ્યા. તરત જ તેણે દિલ્લી જીત્યું જે પાછળ જતાં ભારતમાં તુર્કી સામ્રાજ્યની રાજધાની બન્યું. હાંસી, મેરઠ, રણથંભોર અને કોઈલ (અલીગઢ) તેના કબજામાં આવ્યા. ઈ.સ.1193 – 94 માં તેણે અજમેર લીધું તે પછીના વર્ષે તે પાટણના ચૌલુકય રાજા ભીમદેવ બીજા સાથે લડ્યો પણ તેમાં તેનો પરાજય થયો. ઈ.સ.1197માં તેણે અણહિલવાડ પર ફરીથી ચઢાઈ કરી અને પાટણ લુંટ્યું. 1195માં કોઈલ જીત્યા બાદ ચૌહાણોએ ત્રીજો વિદ્રોહ દબાવવા તે અજમેર ગયો. આ ચઢાઈ દરમિયાન તેણે રણથંભોરનો પ્રસિધ્ધ કિલ્લો જીતી લીધો. ઈ.સ.1196માં મેડ રાજપુતોએ ઐબકને ઘેરી લીધો. જો કે ભયંકર સ્થિતિમાંથી ભાગી નીકળવામાં તે સફળ થયો. ઈ.સ.1197– 98માં ઈ.સ. કુત્તુબુદ્દિને બદાયુ, ચંદાવર અને કનોજ જીતી લીધા. સિરોહી અને માળવાના કેટલાક ભાગો પણ જીતી લીધા. ઈ.સ.1202/03માં બુંદેલખંડ પર આક્રમણ કરી ચંદેલ રાજવી પરમર્દી દેવને પરાજય આપ્યો. કાંલિંજર, મહોલા અને ખજુરાહો પર કબજો કરી લીધો. આ સમય દરમિયાન ઐબકના સાથી સિપાહસાલાહ મોહમ્મદબિન ઈખ્તિયાર ઉદ્દીન*

*નાયબ–સુલતાનનો પ્રતિનિધિ ખિલજીએ બંગાળ અને બિહારમાં વિજય અભિયાન ચલાવ્યું. બંગાળનો રાજા લક્ષ્મણસેન નાસી છુટ્યો મોહમ્મદબિન ઈખ્તિયાર ખિલજીએ લખનૌતીમાં પોતાનું પાય તપ્ત સ્થાપ્યું અને ઐબકને લુંટનો માલ પહોંચતો કર્યો.*

*આ બધા ભવ્ય વિજયો મેળવીને ઐબકે ઘોરીનું ભારત વિજયનું સ્થાન સાકાર કર્યું જોકે આ વિજયો દરમિયાન તેણે પ્રજા પર અનેક અત્યાચારો કર્યા. કાલિંજર વિજય દરમિયાન તેણે અનેક મંદિરો તોડ્યા, મસ્જિદો બંધાવી. પચાસ હજાર જેટલા સ્ત્રી પુરુષોને કેદ કરીને તે પોતાની સાથે લઈ ગયો.*

*કુત્તુબુદ્દિનની વફાદાર કામગીરીના બદલામાં ઘોરીએ તેને ભારતીય પ્રદેશોનો વહીવટ સોંપ્યો. વળી ઘોરીને કોઈ પુત્ર ન હતો. તેથી ભારતમાં કુત્તુબુદ્દિન તેનો વારસદાર બને તેવી તેની ઈચ્છા હતી તેથી જ ઈ.સ.1206 માં ઘોરીએ ઐબકને 'મલિક' ની ઉપાધિ થી વિભૂષિત કર્યો હતો.*

- **તમારી પ્રગતિ ચકાસો – 1**

**અ. નીચેના પ્રશ્નોના એક – બે વાકયમાં જવાબ લખો.**

(i) *સલ્તનત યુગમાં ગુલામવંશનો સમય કયાંથી કયા સુધીનો ગણવામાં આવે છે. ?*

__________________________________________________

__________________________________________________

__________________________________________________

________________________________________________

(ii) *ભારતમાં તુર્ક સામ્રાજ્યના સ્થાપક તરીકેનું બહુમાન કોને મળ્યું છે ?*

(iii) *સલ્તનત યુગમાં પ્રથમ રાજવંશને ગુલામવંશ તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?*

(iv) *કુત્તુબુદ્દિન ઐબકને શિક્ષણ, ઘોડેસવારી અને લશ્કરી તાલીમ કોના દ્વારા મળી હતી ?*

(v) *કુત્તુબુદ્દિન ઐબકને 'નાયબ' નું પદ ક્યારે આપવામાં આવ્યું ?*

**બ. નીચેના જોડકા યોગ્ય રીતે જોડો.**

| અ | બ |
|---|---|
| (i) *કુબાચા* | A. *દિલ્લીનો શાસક* |
| (ii) *કુત્તુબુદ્દિન ઐબક* | B. *બંગાળ – બિહારનો શાસક* |
| (iii) *તાજુ દ્દીન યિલ્દિજ* | C. *સિંધ અને મુલતાનનો શાસક* |
| (iv) *ઈખ્તિયાર ઉદ્દીન ખિલજી* | D. *ગઝનીનો શાસક* |

**ક. નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.**

(i) *ગુલામવંશ ઈલ્બારી કે મામલુક વંશ તરીકે ઓળખાય છે.*

(ii) *કુત્તુબુદ્દિન ઐબક દેખાવે રૂપાળો હતો.*

(iii) *તરાઈના બીજા યુધ્ધમાં વિજય પછી કુત્તુબુદ્દિન ઐબકને 'નાયબ' નું પદ આપવામાં આવ્યું.*

(iv) *કુત્તુબુદ્દિન ઐબકે ઈન્દ્રપ્રસ્થ ને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું.*

(v) *પાટણના રાજા ભીમદેવ બીજા સાથેના યુધ્ધમાં કુત્તુબુદ્દિન ઐબકનો વિજય થયો હતો.*

## 6.4.1 મહંમદ ઘોરીનું અવસાન અને કુત્તુબુદ્દિન ઐબકનું રાજ્યારોહણ :

*મુલતાનના ખોખ્ખરો (ગક્કરો) નું દમન કરીને મહંમદ ઘોરી જ્યારે ગઝની પરત જઈ રહયો હતો ત્યારે 15 માર્ચ 1206 ઈ.સ. ના રોજ સંધ્યાની નમાજ સમયે કેટલાક શિયા અને કેટલાક હિંદુ ખોક્કર વિદ્રોહીઓએ ઘોરીનો વધ કર્યો. ઘોરીને કોઈ પુત્ર ન હતો તેથી તેનો ભત્રીજો મહમૂદબિન ગયાસુદ્દીન ઘોરમાં તેનો કાયદેસરનો વારસ બન્યો.*

*શહાબુદ્દિન મહંમદ ઘોરીના ખૂનના સમાચાર મળતાં જ લાહોરના નાગરિકોને સર્વોપરી સત્તા ગ્રહણ કરવા કુત્તુબુદ્દિન ઐબકને આમંત્રણ આપ્યું. કુત્તુબુદ્દિન દિલ્લીથી લાહોર ગયો અને સિંહાસનારૂઢ થયો.(24જુન 1206)ડૉ. ઈશ્વરીપ્રસાદ મને છે કે તુર્કી અમીરો તથા સેના નાયકોએ તેને સુલતાન તરીકે ચૂંટયો અને ઘોરના શાસકે પણ તેમાં પોતાની સહમતી પ્રગટ કરી. ટૂંકમાં ઘોરીના અવસાન બાદ સત્તા ગ્રહણ કરવામાં કુત્તુબુદ્દિન ઐબકને કોઈ તકલીફ પડી ન હતી.*

*સત્તા ગ્રહણ કર્યા પછી કુત્તુબુદ્દિન ઐબકે ન તો પોતાના નામના સિક્કા પડાવ્યા કે ન તો પોતાનું નામ ખુત્બામાં દાખલ કરાવ્યું. તેણે સુલતાનની ઉપાધિ પણ ધારણ કરી નહોતી. સત્તા પર આવતાની સાથે જ તેણે અમીરો અને જનતામાં એટલું બધું ધન વહેંચ્યું કે લોકો તેને 'લકળક્ષ' (લાખોનું દાન કરનાર) કહેવા લાગ્યા. આમ કરીને તેણે પોતાના સમર્થકોના જૂથને મજબુત કરી લીધું.*

### 6.4.2 દાસત્વમાંથી મુક્તિ :

*ઐબકની મહત્વાકાંક્ષા સ્વતંત્ર શાસક બનવાની હતી. આથી તેણે એક દૂત ગ્યાસુદ્દીન મહંમદ પાસે મોકલ્યો. તેની સાથે ઘણી બધી ભેટો અને એક પ્રસ્તાવ પણ મોકલી આપ્યો. તેમાં તેણે ગ્યાસુદ્દીનને જણાવ્યું કે જો તેને ભારતનો સુલતાન જાહેર કરવામાં આવે તો ખ્વારિજમના શાહ વિરુધ્ધ તે ગ્યાસુદ્દીનને મદદ કરશે. ઘોરીના શાસકને પણ ખ્વારિજમના શાહનો ભય સતાવતો હતો. આથી તેણે ઘોરીના પોતાના વંશનું અસ્તિત્વ ટકાવી રાખવા ઐબકનો પ્રસ્તાવ સ્વીકારો લીધો.અને 'દાસત્વ મુક્તિપત્ર' અને રાજ ચિન્હો (છત્ર, ધ્વજ) વગેરે મોકલી આપી. સુલતાનની ઉપાધિ આપી. આ રીતે સાચા અર્થમાં કુત્તુબુદ્દિન ઐબક પોતાના ભારતીય સામ્રાજ્યનો માલિક બન્યો.*

## 6.5.પ્રારંભિક મુશ્કેલીઓ અને તેનું નિવારણ

*કુત્તુબુદ્દિન ઐબક ભારતનો શાસક તો બની ગયો.પરંતુ તેની સામે મુશ્કેલીઓ મોં ફાડીને ઊભી હતી. જે તેના ભારતીય સામ્રાજ્યને જોખમમાં મૂકી શકે તેમ હતી. ઘોરીના મૃત્યુ પછી તરત જ તેનું વિશાળ સામ્રાજ્ય તેના ગુલામો દ્વારા વહેંચી લેવામાં આવ્યું હતું. ગઝનીમાં તાજુદ્દીન યિલ્દિજ, મુલતાનમાં નાશિરુદ્દિન કુબાચા અને દિલ્લીમાં સ્વયં કુત્તુબુદ્દિન ઐબક સ્વતંત્ર શાસક બની ગયા હતા. લખનૌતીમાં ઈખિત્યા રુદ્દિન ખિલજી શાસક બની બેઠો હતો. એ સિવાય પણ ઐબકે બીજી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો. જેને આપણે હવે પછી જોઈએ.*

### 6.5.1 પોતે ગુલામ હતો.

*ઐબક ની પ્રથમ મુશ્કેલી એ હતી તે પોતે ગુલામ હતો. અને તે સમયે એવી માન્યતા હતી કે ગુલામ ક્યારેય સુલતાન બની શકે નહી. કુત્તુબુદ્દિને આ મુશ્કેલી નિવારવા આપણે આગળ જોયું તેમ પ્રથમ તો પોતાને સુલતાન ઘોષિત કર્યો નહી પરંતુ 'માલિક કે સિપાહ સાલાર' તરીકે જ ઓળખાવ્યો. તથાપોતાના નામના સિક્કા પણ પડાવ્યા નહી. ખુતબો પણ પઢાવ્યો નહી ચેક 1208 માં ગોરના શાસક ગ્યાસુદ્દીન મોહમ્મદ પાસેથી વિધિસર 'દાસત્વમાંથી મુક્તિપત્ર' અને 'રાજચિન્હ' મળ્યા પછી જ પોતાને સુલતાન ઘોષિત કર્યો. અને પોતાના નામના સિક્કા પડાવ્યા આ રીતે 'દાસત્વ મુક્તિપત્ર' મેળવી પોતાની સામેના સૈધ્ધાંતિક વિરોધને શાંત કરી દીધો.*

### 6.5.2 કુબાચાને મિત્ર બનાવ્યો.

*કુત્તુબુદ્દિન દાસત્વમાંથી તો મુક્ત થઈ ગયો અને પોતાને સુલતાન પણ જાહેર કર્યો. તેમ છતાં તેના ભારતીય સામ્રાજ્યની સ્થિરતા સામે બીજી ઘણી મુશ્કેલીઓ હતી. જેમકે ઘોરીના પ્રાંતિય સુબાઓની સ્વતંત્રતા. આપણે આગળ જોયું તેમ દરેક પોતપોતાના અધિકાર ક્ષેત્રમાં સ્વયં શાસક બની બેઠા હતા. તેમાં પ્રથમ હતો નાશિરુદ્દિન કુબાચા. તે ઘોરીનો વિશ્વાસપાત્ર સરદાર હતો. તે મુલતાન અને ઉચ્છનો હકિમ હતો. તેનું સ્થાન કુત્તુબુદ્દિનની સમકક્ષ હતું. કુત્તુબુદ્દિને એક વ્યવહારુ રાજ નીતિજ્ઞ તરીકે કુબાચા સાથે પોતાની પુત્રીનું લગ્ન કરીને તેને પોતાનો મિત્ર બનાવી લીધો. કુબાચાએ ઐબકનું આધિપત્ય સ્વીકારી લીધું.*

### 6.5.3 તાજુદ્દીન યિલ્હિજ સાથે સંઘર્ષ

*ઘોરીના મૃત્યું પહેલા યિલ્હિજ કિરમાન નો સુબેદાર હતો. ઘોરીના મૃત્યુબાદ તેણે ગઝની ઉપર અધિકાર કરી લીધો હતો. ગઝની ઉપર અધિકાર ધરાવતો હોવાને લીધે તે ઘોરીના ભારતીય પ્રદેશો પર પણ પોતાનો અધિકાર સમજતો હતો. કુત્તુબુદ્દિને પોતાના જમાઈ નાશિરુદ્દિન કુબાચાની સાથે મળી યિલ્હિજ પર આક્રમણ કરી દીધું. યિલ્હિજને પરાજય આપ્યો. અને ગઝની ઉપર અધિકાર કરી લીધો. કહેવાય છે કે કુત્તુબુદ્દિન ગઝનીમાં વિલાસી બની ગયો અને વિલાસમય જીવન જીવવા લાગ્યો. તેથી નારાજ થઈ ગઝનીની જનતાએ તેની વિરુધ્ધ વિદ્રોહ કરી દીધો.અને યિલ્હિજને પુનઃ સત્તા ગ્રહણ કરવા આમંત્રણ આપ્યું.*

*જો કે વિદ્રોહનું મુખ્ય કારણ એ માનવામાં આવે છે કે ગઝનીવાસી અત્યાર સુધી ગઝનીના તાબા નીચે રહેલ દિલ્લીના શાસકને પોતાના સ્વામી તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. આથી માત્ર 40 દિવસમાંજ કુત્તુબુદ્દિને ગઝનીની સત્તા છોડવી પડી. કુત્તુબુદ્દિન જેવો દિલ્લી તરફ પરત ફર્યો કે તરતજ યિલ્હિઝે ગઝની પર અધિકાર કરી લીધો. ભારતની આંતરિક સમસ્યાઓને કારણે કુત્તુબુદ્દિન ફરીથી ગઝની તરફ ધ્યાન આપી શક્યો નહી.*

*કુત્તુબુદ્દિન ગઝનીમાં પોતાની સત્તા ટકાવી રાખવામાં નિષ્ફળ રહયો. પરંતુ યિલ્ડિજને કુત્તુબુદ્દિનની તાકાતનો પરિચય થઈ ગયો. તેથી તેણે ક્યારેય દિલ્લી પર આક્રમણ કરવાની હિંમત કરી નહી. આ રીતે દિલ્લીનો ગઝનીથી સંબંધ વિચ્છેદ થયો. દિલ્લીને એક સ્વતંત્ર સલ્તનત તરીકે વિકસાવવાની તક કુત્તુબુદ્દિનને મળી, તેમાં તે સફળ થયો. દિલ્લીને મધ્ય એશિયાની રાજનીતિમાં ફસાતું બચાવી લેવામાં આવ્યું.*

### 6.5.4 ખ્વારિજમના સંભવિત ભયથી દિલ્લીનું રક્ષણ

*મધ્ય એશિયાના ખ્વારિજમ (ખીવો) નો શાહ ખુબ જ મહત્વાકાંક્ષી હતો. તે સહાબુદ્દિન મહંમદ ઘોરીના આખાય સામ્રાજ્યને હડપ કરવા માંગતો હતો. પરંતુ કુત્તુબુદ્દિને કુબાચા સાથે મળીને ગઝનીનો કબજો લઈ લેતા તે તેમ કરી શકયો નહી. તેનાથી ગઝની અને દિલ્લી સલ્તનત પરનો ખ્વારિજમના શાહનો સંભવિત ભય કાયમ માટે દૂર થયો. તેણે હંમેશા શાહ સાથે તટસ્થ નીતિ અપનાવી.બીજી તરફ ઉત્તરમાંથી સંભવિત ભય સામે કુત્તુબુદ્દિને લાહોરને જ પોતાની રાજધાની બનાવી લીધી. જેથી દિલ્લી સલ્તનતના નવા ઊભરતા સામ્રાજ્યને સુરક્ષિત રાખી શકાય. પોતાની બીજી પુત્રીનું લગ્ન બદાયૂના સુબા ઈલ્તુત્મિશ સાથે કરીને તેને પોતાનો સંબંધી બનાવી લીધો. આ રીતે પોતાના એક શક્તિશાળી સરદારને પોતાનો જમાઈ બનાવીને સામ્રાજ્યની સુરક્ષાને વધુ મજબુત બનાવી લીધી.*

### 6.5.5 બંગાળના ખિલજી સરદારોને વશમાં કર્યા.

*કુત્તુબુદ્દિને એક ગંભીર સમસ્યા બંગાળ અને ત્યાંના ખલજી સરદારો હતા. અલીમર્દાન ખિલજી નામના એક સરદારે ઈખ્તિયાર – ઉદ્દીનની હત્યા કરીને પોતાને બંગાળનો શાસક બનાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ ઈખ્તિયાર- ઉદ્દીનના સમર્થક સરદારોએ અલિમર્દાન ખિલજીનો વિરોધ કર્યો. અને તેને કેદ કર્યો. જોકે તે યુક્તિપૂર્વક જેલમાંથી ભાગી નીકળ્યો અને દિલ્લીમાં કુત્તુબુદ્દિન ઐબક પાસે આવ્યો. કુત્તુબુદ્દિને સૈન્ય સાથે તેને પરત મોકલ્યો. અલીમર્દાન ખિલજીને ઐબકનું સમર્થન મળતાં અન્ય ખિલજી સરદારોને અલીમર્દાન ખિલજીનો વિરોધ કરવાનું છોડી દીધુ. એ રીતે અલીમર્દાન ખલજી ઐબક ના પ્રતિનિધિ તરીકે બંગાળમાં શાસન કરવા લાગ્યો. અને કુત્તુબુદ્દિનને નિયમિત કર મોકલતો રહયો. બીજી તરફ બંગાળની સ્વતંત્રતાની શંકાને કારણે કુત્તુબુદ્દિને નામશેષ કરી.*

### 6.5.6 રાજપૂત તથા હિન્દુ વિદ્રોહીઓને નમાવ્યા

*કુત્તુબુદ્દિન ઐબકે વિવિધ રાજપૂત અને હિન્દુ વિદ્રોહીઓનો સામનો કરવો પડ્યો. મહંમદ ઘોરીના મૃત્યુના સમાચાર મળતાં જ વિવિધ રાજપૂત રાજાઓએ હિન્દુસ્તાનમાંથી તુર્ક સત્તાને ઉખેડી ફેકવા કમર કસી હતી, ચંદેલ શાસક ત્રૈલોક્યવર્માએ કાલિંજર પર ફરીથી અધિકાર કરી લીધો. તથા તુર્કોને પોતાના રાજ્યની બહાર ધકેલી દીધો.હવે તુર્કોના દક્ષિણ તરફના પ્રયાણને તેણે મુશ્કેલ બનાવી દીધુ હતું. પરિહારોને પણ ગ્વાલિયરનો કિલ્લો જીતી લઈ ત્યાંથી તુર્કોને હાંકી કાઢ્યા હતા. ગુજરાતની સરહદે રાજ્ય કરતા નાના-*

*મોટા રાજ્યોએ પણ કર આપવાનું બંધ કરી દીધું હતું. એટલું જ નહી પણ પોતાના વિસ્તારોમાંથી તુર્કોને ભગાડી મુકયા હતા. જયચંદના ઉત્તરાધિકારી હરિશ્ચન્દ્રએ ગઢવાલોની શક્તિને સંગઠિત કરીને બદાયુ અને ફરુખાબાદના પ્રદેશોમાંથી તુર્ક હકીમોને હાંકી કાઢ્યા હતા. શેનવંશી શાસક પણ પૂર્વમાંથી પશ્ચિમ તરફ આગળ વધી પોતાનું રાજય પાછુ મેળવવા પ્રયત્નશીલ હતો. આવી કપરી પરિસ્થિતિમાં ઐબક માટે સૌથી ડર એ હતો કે તુર્કોના આંતરિક વિખવાદોને કારણે તુર્ક સામ્રાજ્ય જોખમમાં ન આવી પડે આથી તેણે પૂર્વ અને પશ્ચિમની સમસ્યાઓ હલ કર્યા પછી રજપૂતો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. બદાયુ અને ફરુઆબાદ તેણે પાછા જીતી લીધા પરંતુ ગ્વાલીયર અને કાલિંજર તે જીતી શકે તે પહેલાં જ ઈ.સ. 1210 માં ચોગાન (પોલોની રમત જેવી) ની રમત દરમ્યાન ઘોડા પરથી પડી જવાથી તેનું મૃત્યુ થયું. લાહોરમાં એક સાદી કબરમાં તેને દફનાવવામાં આવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો – 2**

અ. (i) *મહંમદ ઘોરીના અવસાન બાદ લાહોરના નાગરિકોએ સત્તાગ્રહણ કરવા કોને આમંત્રણ આપ્યું ?*

(ii) *ઐબકની સુલતાન બન્યા પછીની પ્રથમ મુશ્કેલી કઈ હતી ?*

(iii) *ઐબકે કુબાચાનું સમર્થન મેળવવા શું કર્યું ?*

(iv) *કુત્તુબુદ્દિન ગઝનીની સત્તા કેમ છોડવી પડી ?*

(v) *કુત્તુબુદ્દિન ઐબકનું મૃત્યું કેવી રીતે થયું ?*

બ. (i) *કુત્તુબુદ્દિને તાજુદ્દીન યિલ્દિજ ની સમસ્યા કેવી રીતે હલ કરી.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

____________________________________________________________

(ii) *કુત્તુબુદ્દિને દિલ્લી સલ્તનતને મધ્ય એશિયાની રાજનીતિથી કેવી રીતે અલગ કર્યું.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

____________________________________________________________

(iii) *ઐબકે પોતાની બીજી પુત્રીનું લગ્ન કોની સાથે કર્યું ?*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

(iv) ઘોરીના મૃત્યુબાદ કયા કયા રાજપૂત રાજ્યોએ વિદ્રોહો કર્યા હતા ?

(v) કયા બે રાજપુત રાજ્યોને ઐબક જીતી શકયો નહોતો ?

## 6.6 કુત્તુબુદ્દિન ઐબકનું મૂલ્યાંકન

6.6.1 *કુત્તુબુદ્દિન ઐબકે સ્વતંત્ર સુલતાનના રૂપમાં માત્ર ચાર જ વર્ષ રાજય કર્યું. કોઈપણ શાસક માટે નવા સ્થપાયેલ રાજય માટે શાસન વ્યવસ્થા ગોઠવવા માટે આટલો સમય ઘણો ટૂંકો ગણાય. એમાં પણ કુત્તુબુદ્દિનનો મોટાભાગનો સમય યુધ્ધો કરવામાં અને વિદ્રોહો દબાવવામાં પસાર થયો હતો. તેથી તે શાસનતંત્રને ઠીક કરવા પાછળ પુરતો સમય આપી શકયો નહોતો. હિન્દુસ્તાનમાં તેની શાસન વ્યવસ્થા સંપૂર્ણપણે લશ્કર પર આધારિત હતી. રાજધાનીમાં અને દરેક મોટા શહેરોમાં તેણે મુસ્લિમ અધિકારીઓની નિમણૂંક કરી હતી. જે મોટાભાગે લશ્કરી અધિકારીઓ હતા. સ્થાનિક વહીવટ તેણે હિન્દુ અધિકારીઓ પર છોડી દીધો હતો. મહેસુલ અંગેના જુના નીતિ નિયમો તેણે ચાલુ રાખ્યા હતા. વહીવટીતંત્રમાં નવી વ્યવસ્થા ગોઠવવામાં તે નિષ્ફળ રહયો હતો.*

6.6.2 *કુત્તુબુદ્દિન ઐબક પ્રતિભાશાળી સેનાપતિ હતો. તે હીન અને દ્રરિદ્ર અવસ્થામાંથી ઉપર ઊઠીને શક્તિ તથા યશના શિખર પર પહોંચ્યો હતો. તેનામાં અપાર સાહસ, શૂરવીરતા અને નિર્ભયતા ભારોભાર ભરેલા હતા. તે નિપુણ ઘોડેસવાર, અને અચૂક તિરંદાજ હતો. એક સેનાપતિ તરીકે તેણે પોતાના સ્વામીની લગનથી સેવા કરી હતી. તેના આ ગુણોના કારણેજ તે પોતાના માલિક મહંમદ ઘોરીનો કૃપાપાત્ર બની શકયો હતો. સુલતાન બન્યા બાદ તેણે યિલ્દિજને હરાવ્યો.કુબાચાને કુટનીતિથી મિત્ર બનાવ્યો. ખલજી સરદારોને*

*વશમાં કર્યા. બદાયુ અને ફરુખાબાદને તેણે પાછા મેળવી લીધા. જોકે ગ્વાલિયર અને કાલિજર તે પુનઃ મેળવી શકયો નહી.*

6.6.3 *એક વ્યક્તિ તરીકે ઐબક વીર, વફાદાર, ઉદાર અને દાની હતો. ઈતિહાસકારોએ તેની ઉદારતાના ભારોભાર વખાણ કર્યા છે.સમકાલીનોએ તેને 'લકલક્ષ' (લાખોનું દાન કરનાર) ની ઉપાધિથી વિભૂષિત કર્યો છે. તેણે હંમેશા પોતાની પ્રજાની ભલાઈની ચિંતા કરી હતી. એસ.આર શર્માના મતે તેણે હિંદુઓ સાથે પણ દયાળુતાથી વ્યવહાર કર્યો હતો. પ્રો.એ.બી.એમ હબીબુલ્લા ને મતે તેનામાં "તુર્કોની નીડરતા અને ઈરાનીઓની પરિસ્કૃત અભિરૂચી મૌજુદ હતી." મીનહાજ સિરાજ કુત્તુબુદ્દિનને વીર અને ઉદાર હૃદય સુલતાન ગણાવે છે. શાંતિના સમયમાં તેણે હિંદુઓ સાથે ઉદારતાથી વ્યવહાર કર્યો હતો. એટલે જ તેણે પોતાના રાજયને મિત્રોથી ભરી દીધુ અને દુશ્મનોથી ખાલી કરી દીધું હતું.*

**6.6.4** *કુત્તુબુદ્દિન ઐબક ધર્માંધ હતો કારણકે તેની માનવતા અને ઉદારતા મુસ્લિમ જનતા માટે જ હતી. આમજનતા માટે તે ક્રુર અને આતતાયી હતો. તેણે અનેકોની કતલ કરાવી હતી. મધ્ય એશિયાના ઝનૂની યોધ્ધાઓ જેવો તે હિન્દુસ્તાનમાં એક નમૂનો હતો. સમકાલીન મુસલમાન ઈતિહાસકારો એ લખ્યું છે કે " તેના સમયમાં વરુઓ અને બકરાઓ એક આરે પાણી પીતા હતા એવોતે નિષ્પક્ષ હતો" પરંતુ હિન્દુઓ ઉપર તેણે કરેલા અત્યાચારો જોતા આ વાકય વ્યંગ ભરેલું હોવાનું જણાય છે. તેણે હજારો હિન્દુઓને ગુલામ બનાવ્યા હતા. તેમની પાસેથી જજીયા વેરો વસૂલ કર્યો હતો. અનેકોને ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડી હતી. તેણે જીતેલા શહેરોમાં લુંટફાટ કરાવી વિનાશ સર્જયો હતો. તેણે કેટલાય મંદિરોનું મસ્જિદોમાં પરિવર્તન કરાવ્યું હતું આ બધું કરવામાં તેનો ઉદાર અને ન્યાયી સ્વભાવ ક્યાંય આડો આવ્યો નહતો. તે ધર્માંધ અને ક્રૂર હતો.*

**6.6.5** *કુત્તુબુદ્દિન ઐબકને સાહિત્ય અને સ્થાપત્યમાં રૂચી હતી. તેના સમયમાં નિઝામીએ 'તારીખે તાજુલ મુઆસિર' ની રચના કરી હતી. 'તારીખે મુબારકશાહી' નો કર્તા ફકરૂદ્દીન પણ તેના દરબારમાં બિરાજતો હતો.ઐબકે દિલ્લી અને અજમેરમાં એક એક મસ્જિદ બંધાવી હતી. 27 જેટલા મંદિરો તોડીને તેના કાટમાળમાંથી તેણે દિલ્લીની જામે મસ્જિદનું નિર્માણ કરાવ્યું હતું તેનું નામ તેણે 'કુવ્વતુલ ઈસ્લામ' (અર્થાત – ઈસ્લામની તાકાત) રાખ્યું હતું. અજમેરમાં તેણે મસ્જિદ બંધાવી હતી. જે 'અઢાઈ દિનકા ઝોંપડા' નામે ઓળખાય છે. દિલ્લીમાં આવેલાં પ્રસિધ્ધ કુતુબમિનારનું બાંધકામ તેણે શરૂ કરાવ્યું હોવાનું માનવામાં આવે છે.*

**6.6.6** *પ્રસિધ્ધ ઈતિહારકાર હેગ તથા અનેક અન્ય વિદ્વાનો કુત્તુબુદ્દિન ઐબકને ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક ગણાવે છે. પ્રો.એ.બી.એમ હબિબુલ્લાને મતે "મુઈજુદ્દીન (મહંમદ ઘોરી) એ સંચાલનની પ્રેરણા આપી. કુત્તુબુદ્દિન ઐબકે*

*યોજનાઓ બનાવી તેને અમલમાં મૂકી. ટૂંકમાં મહંમદ ઘોરી યોજનાઓ બનાવતો અને કુત્તુબુદ્દિન ઐબક એને કાર્યાન્વિત કરવાનું કામ કરતો. ઘોરીની યોજનાઓમાં પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તનો કરીને તેણે દિલ્લી રાજ્યની સ્થાપના કરી. માટે જ ઘોરીની સફળતાનો યશ ઐબકને આપવામાં આવે તો એમાં કાંઈ ખોટું નથી. સમયની કમી અને વિપરીત રાજનૈતિક પરિસ્થિતિને કારણે દિલ્લી સલ્તનતને તે સુદ્રઢ કરી શકયો નહી તેમ છતાં કેટલીક હદ સુધી તેણે ઈલ્તુત્મિશ માટે રસ્તો સાફ કરી દીધો હતો.*

- **તમારી પ્રગતિ ચકાસો – 3**

(1)*ઐબકનું એક સૈનિક તરીકે મૂલ્યાંકન કરો.*

____________________________________________________

____________________________________________________

____________________________________________________

____________________________________________________

__________________________________________________

(2)*એક વ્યક્તિ તરીકે ઐબકનું મૂલ્યાંકન કરો.*

____________________________________________________

____________________________________________________

____________________________________________________

____________________________________________________

__________________________________________________

(3)*‘કુત્તુબુદ્દિન ઐબક ધર્માંધ હતો’ – ચર્ચા કરો.*

____________________________________________________

____________________________________________________

____________________________________________________

____________________________________________________

__________________________________________________

## 6.7 સમાપન

*આ રીતે કુત્તુબુદ્દિન ઐબકે ઘોરી દ્વારા જીતેલા ભારતીય પ્રદેશોને એક સામ્રાજ્યમાં પરિવર્તિત કર્યા. તે પ્રથમ મુસલમાન હતો જેને હિન્દુસ્તાનમાં મુસ્લિમ રાજ્યનો પાયો નાખ્યો હતો. આ રીતે તેણે ઈસ્લામની મોટી સેવા કરી હતી. કપરા સંજોગોમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તે એકલા હાથે ઝઝુમ્યો. તેનાથી ભારતમાં એક નવા જ રાજવંશની શરૂઆત થઈ.*

## 6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો – 1**

બ. (i) – C
(ii) – A
(iii) – D
(iv) – B

ક. (i) **ખરું**
(ii) **ખોટું**
(iii) **ખરું**
(iv) **ખરું**
(v) **ખોટું**

## 6.9 સંદર્ભ ગ્રંથો


1. *નાયક ડૉ. છોટુભાઈ રણછોડજી* — *મધ્યયુગીન ભારત ખંડ –*2*પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી – અમદાવાદ, સુધારેલી આવૃત્તિ* –1984.
2. *પ્રા. કાઝી સલીમ એન. પ્રા. ભટ્ટ દેવેન્દ્ર ડૉ. જાની એસ.વી. ડૉ. કોરાટ પી.જી* — *મધ્યકાલીન ભારતનો ઈતિહાસ પ્રકાશક : સી જમનાદાસની કંપની સી* -18, *માધવપુરા માર્કેટ, શાહીબાગ રોડ, અમદાવાદ, આવૃત્તિ* –2005/06
3. मजमुदार रमेशचन्द्र राय चौधरी हेमचंद्र दत्त कालिकिंकर — भारत का ब्रुह्त इतिहास, मध्यकालीन भारत, *પ્રકાશક :* MACMILAN INDIA LIMITED 1989
4. सतीशचन्द्र — मध्यकालीन भारत, सल्तनत से मुगल काल तक *પ્રકાશક :*जवाहर पब्लिकेशन ऐंड डिस्ट्रीब्यूटर्स – 2000
5. डो. खन्ना कैलाश — मध्यकालीन भारत का इतिहास भाग - 1 *પ્રકાશક :*अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली – 2007.
6. पाठक रश्मि — दिल्ली सल्तनत का इतिहास, *પ્રકાશક :*अर्जुन पब्लिशिंग हाउ दिल्ली – 2003.
7. गोहित राजीवकुमार — भारत का इतिहास विश्वकोश खंड –2, रजत प्रकाशन, नई दि 2010.

# એકમ-07 ખિલજીવંશ : અલાઉદ્દીન ખિલજીના સુધારા

## રૂપરેખા :


7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકિર્દી

7.3 અલાઉદ્દીન ખિલજીની મુશ્કેલીઓ

7.4 અલાઉદ્દીન ખિલજીની હાસ્યાસ્પદ યોજનાઓ

7.5 અલાઉદ્દીન ખિલજીના રાજાશાહી અંગેના વિચારો

7.5.1 રાજાની સર્વોપરિતાનો સિદ્ધાંત

7.5.2 અમીરોની સત્તાનો નાશ

7.5.3 ઉલેમાઓની હકાલપટ્ટી

તમારી પ્રગતિ ચકાસો 1

7.6 અલાઉદ્દીન ખિલજીના સુધારાની પૂર્વભૂમિકા-વિદ્રોહો

7.6.1 નવ મુસલમાનોનો વિદ્રોહ

7.6.2 આકતખાનનો વિદ્રોહ

7.6.3 અમીર ઉમર તથા મંગુખાનનો વિદ્રોહ

7.6.4 હાજી મૌલાનો વિદ્રોહ

7.6.5 વિદ્રોહમાંથી બોધપાઠ

- તમારી પ્રગતિ ચકાસો 02

7.7 અલાઉદ્દીન ખિલજીના સુધારા

7.7.1 મહેસૂલી સુધારા

- તમારી પ્રગતિ ચકાસો 3

7.7.2 લશ્કરી સુધારા

- તમારી પ્રગતિ ચકાસો- 4

7.7.3 અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા

- તમારી પ્રગતિ ચકાસો- 5

7.7.4 અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારા

તમારી પ્રગતિ ચકાસો- 6

7.8 સારાંશ

7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો – ૨

7.10 સંદર્ભસૂચિ :

## 7.0 ઉદ્દેશો

- *અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકીર્દિ અને તેની મુશ્કેલીઓની જાણકારી મેળવવી.*
- *અલાઉદ્દીન ખિલજીના મહેસૂલી સુધારાની જાણકારી મેળવવી.*
- *અલાઉદ્દીન ખિલજીના લશ્કરી સુધારાની જાણકારી મેળવવી.*
- *અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા (ભાવનિયમન)ની જાણકારી મેળવવી.*
- *અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારાઓની જાણકારી મેળવવી.*

## 7.1 પ્રસ્તાવના

*મધ્યકાલીન ભારતના ઈતિહાસમાં ખિલજી વંશના શાસક અલાઉદ્દીન ખિલજીનું વિશેષ મહત્ત્વ છે. તે એક વિજેતા અને સામ્રાજ્યવાદી શાસક હતો. સાથે સાથે તે સુધારક શાસક પણ હતો.તેના સમયમાં દિલ્લી સલ્તનત પર મોગલોનો સતત ભય રહેતો હતો. મોગલ આક્રમણોથી સલ્તનતનું રક્ષણ કરવા તેને વિશાળ લશ્કરની જરૂર હતી. વળી તે આપખુદ અને દૈવિરાજાશાહીના સિદ્ધાંતમાં વિશ્વાસ ધરાવતો હતો તેણે પોતાના પૂર્વજ સુલતાન જલાલુદ્દીન ખિલજીની ઉદાર નીતિનો ત્યાગ કર્યો હતો. તે બબનની જેમ લોહી અને તલવારની નીતિમાં વિશ્વાસ કરતો હતો, તેણે પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરવા રાજ્યના મહેસૂલ વિભાગ, લશ્કરી વિભાગ, આર્થિક બાબતોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા. જેની માહિતી આપણે આ પ્રકરણમાં મેળવીશું.*

## 7.2 અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક કારકીર્દી :

*અલાઉદ્દીન ખિલજીનો જન્મ ઈ. સ. 1266-67માં થયો હતો.તે જલાલુદ્દીન ખિલજીના ભાઈ શિહાબુદ્દીન મસૂદ ખિલજીનો પુત્ર હતો તેના પિતાના મૃત્યુ બાદ તેના કાકા જલાલુદ્દીન ખિલજીએ તેનો ઉછેર કર્યો હતો. તેણે ખાસ શિક્ષણ પ્રાપ્ત કર્યું નહોતું. છતાં શસ્ત્રવિદ્યામાં તે પારંગત હતો. તે અત્યંત ઝનૂની અને મહત્ત્વાકાંક્ષી સૈનિક હતો. જલાલુદ્દીનને ગાદી અપાવવામાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેથી ગાદીપ્રાપ્તિ પછી જલાલુદ્દીને તેને 'અમીર-એ-તુજુક' નું પદ આપ્યું હતું. અને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કર્યું હતું. લિક છજ્જુનો વિદ્રોહ દબાવવામાં અલાઉદ્દીને મહત્ત્વની કામગીરી બજાવી હોવાથી તેને કડા-માણિકપુરનો સૂબો બનાવવામાં આવ્યો હતો.*

*ઈ. સ. 1292ના ભિલસા વિજયે અલાઉદ્દીનની મહત્ત્વકાંક્ષા અને વિજય લાલસામાં તીવ્ર વધારો કર્યો. ઈ. સ. 1295માં તેણે દેવગીરી ઉપર આક્રમણ કર્યું. અપાર ધન-સંપતિની લૂંટ કરી લાવ્યો. લૂંટના માલ અને સત્તાની લાલસા એ તેને પોતાના કાકા અને સસરા જલાલુદ્દીન ખિલજીની હત્યા કરવા સુધી પ્રેર્યો.તેણે દગાથી તેના કાકાની હત્યા કરી રાજગાદી પડાવી લીધી. તે દિલ્લીનો સુલતાન બન્યો.*

## 7.3 અલાઉદ્દીન ખિલજીની મુશ્કેલીઓ

*અલાઉદ્દીન ખિલજી પોતાના કાકાની હત્યા કરીને સત્તા પર આવ્યો હતો.તેણે અનેક સમસ્યાઓનો સામનો કરવાનો હતો. તેની પ્રારંભિક મુશ્કેલીઓ નીચે મુજબ ગણી શકાય.*

1. *બધાં જ સ્વતંત્ર રાજ્યો પર વિજય પ્રાપ્ત કરવો એ તેની પ્રથમ મુશ્કેલી હતી. તેણે સમગ્ર હિન્દુસ્તાનના વિજયનું સ્વપ્ન જોયું હતું જે તેણે પૂરું કરવાનું હતું.*
2. *તેણે પોતાના કાકા અને સુલતાન જલાલુદ્દીનની હત્યા કરી હોવાથી પ્રજામાં ઘૃણાપાત્ર બન્યો હતો. તેથી તેણે પ્રજાનો, પ્રેમ સંપાદન કરવાનો હતો.*
3. *અનેકજલાલી-જલાલુદ્દીન ખિલજીના સમર્થકો તેનો વિરોધ કરતા હતા તેમના કાવતરાનો અંત લાવવાનો હતો.*
4. *જલાલુદ્દીનનો મોટો પુત્ર આર્કલીખાન પંજાબ, મુલતાન અને સિંધનો સ્વતંત્ર શાસક બની ગયો હતો. અનેક જલાલી સરદારો તેની સાથે હતા. જે ગમે ત્યારે તેને માટે ભય પેદા કરી શકે તેમ હતા.*
5. *ઉત્તર-પશ્ચિમ સીમા પર ખોક્કર જાતિ સાથે દુશ્મનાવટ હતી.  મોગલોના આક્રમણો પણ સતત ચાલુ હતાં.*
6. *બંગાળ, બિહાર અને ઓરિસ્સા જેવા દૂરના પ્રદેશો દિલ્લી સલ્તનતથી સ્વતંત્ર થઈ ચૂકયા હતા.*
7. *રાજસ્થાનના બધાં જ રાજ્યો સ્વતંત્ર હતાં. રણથંભોરનું રાજ્ય દિલ્લી સલ્તનત માટે મોટી મુશ્કેલીરૂપ હતું.*
8. *બુંદેલખંડ અને માળવામાં રાજપૂત રાજ્યો શક્તિશાળી બન્યાં હતાં.*
9. *ગુજરાતમાં વાઘેલા વંશના રાજવીઓ સ્વતંત્ર હતા.*
10. *દક્ષિણ ભારતમાં મુસ્લિમ સત્તાએ હજુ પગ પેસારો જ નહોતો કર્યો.*
11. *વહીવટીતંત્ર સુદૃઢ બનાવવાનું હતું તથા સલ્તનત પ્રત્યે સન્માન અને ભય ઊભા કરવાના હતા.*

*અલાઉદ્દીન ખિલજી આ બધી જ મુશ્કેલીઓ સામે હિમ્મતભેર ટકી રહ્યો. મુશ્કેલીઓને તેણે સફળતાથી પાર પાડી તે હત્યાને સહારે ગાદીએ આવ્યો હોવા છતાં ધીર, સાવધાન, સાહસી, કઠોર અને સફળ આયોજક અને સંગઠનકર્તા સાબિત થયો.*

*પ્રજાનો પોતાના પ્રત્યેનો રોષ દૂર કરવા તેણે જનતામાં પુષ્કળ ધન વહેંચ્યુ. જેથી લોકમાનસમાંથી એક હત્યારા તરીકેની છાપ ભૂંસાવા લાગી. બીજી બાજુ વફાદાર સૈનિકોને ઊંચા પદો આપીને ખુશ કરી દીધા. જલાલી પરિવારના બધા જ સભ્યો ને મારી નાખ્યા.  ચાલીસ હજાર સૈનિકોને તેણે મુલતાન પર આક્રમણ કરવા આજ્ઞા આપી. આર્કલીખાને આત્મસર્મપણ કર્યુ. જો કે પાછળથી તેને પણ મારી નાખવામાં આવ્યો.*

*ઈ. સ. 1297અને ઈ. સ.1299ના મોગલ આક્રમણોને નિષ્ફળ બનાવ્યાં.*

*આમ ટૂંક સમયમાં જ તે યોગ્ય અને મહત્ત્વાકાંક્ષી શાસક સિદ્ધ  થયો. તેની આ સફળતાઓએ તેની મહત્ત્વાકાંક્ષાઓમાં ખૂબ વધારો કર્યો. તે પોતાને સર્વશક્તિમાન*

*સમજવા લાગ્યો. સફળતા અને અહંકારથી પ્રેરિત થઈ તે અસંભવ અને હાસ્યાસ્પદ યોજનાઓ વિચારવા લાગ્યો.*

## 7.4 અલાઉદ્દીન ખિલજીની હાસ્યસ્પદ યોજનાઓ

*નવાધર્મની સ્થાપના એ તેની પ્રથમ યોજના હતી. અલાઉદ્દીન ખિલજી એવા ધર્મની સ્થપાના કરવા માગતો હતો જે તેના મૃત્યુ બાદ પણ ચાલુ રહે. તે એક મહાન રાજ્યનો નિર્માતા હતો તેમ તેણે એક ધર્મ નિર્માતા પણ બનવું હતું. નવો ધર્મ સ્થાપવા પાછળનો તેનો ઉદ્દેશ ઈસ્લામને અવગણવાનો નહી પરંતુ કીર્તિ પ્રાપ્ત કરવાનો હતો.*

*જો કે દિલ્લીના કોટવાલ અલાઉલીન મુલ્કે સાહસ કરીને તેને સમજાવ્યો કે " ધર્મ એ ઈશ્વરીય જ્ઞાનનો મામલો છે અને માનવીની બુદ્ધિ દ્વારા તેની સ્થાપના ન થઈ શકે પરંતુ પ્રજા જો એ જાણશે કે સુલ્તાન તેમના ધર્મમાં હસ્તક્ષેપ કરવા માગે છે તો પ્રજા તમારાથી વિમુખ થશે. " કોટવાલની આ સલાહથી અલાઉદ્દીને પોતાની ભૂલ સુધારી લીધી.*

*અલાઉદ્દીનની બીજી યોજના બીજા સિકંદર બનવાની હતી. સિકંદરની માફક તે પૂર્વ અને પશ્ચિમને પોતાના ધ્વજ તળે લાવવા માગતો હતો. જો કે આ વખતે પણ અલાઉલીન મુલ્કે તેને સમજાવી લીધો.*

## 7.5 અલાઉદ્દીન ખિલજીના રાજાશાહી અંગેના વિચારો

### 7.5.1 રાજાની સર્વોપરિસત્તાનો સિદ્ધાંત

*ગાદી પ્રાપ્તિ પછી અલાઉદ્દીનની એક પ્રમુખ મુશ્કેલી એ હતી કે પ્રજામાં રાજસત્તાનો પ્રભાવ ઊભો કરવો. જો એવી રાજસત્તા ઊભી કરવા માગતો કે જેના પ્રત્યે જનતામાં પ્રેમ, ભક્તિ અને લગાવ હોય. જોકે જલાલુદ્દીન અને કૈકુબાદની જેમ માનવીય અભિગમથી કે ઉદારતાથી તે આ સિદ્ધાંત સ્થાપવા નહોતો માગતો. અલાઉદ્દીનને પૃથ્વી પર ઈશ્વરની છાયા, ઈશ્વરનો પ્રતિનિધિ ગણવામાં આવ્યો. પરંતુ શરિયતના સિદ્ધાંત ને આધારે નહીં તેણે પોતાની સર્વોપરિતા સિદ્ધ કરવા કયારેય શરિયતનો સહારો લીધો નથી.પોતાના બાહુબળ પર તે સર્વોપરી બનવા માગતો હતો.તેણે ખલીફા પાસે પોતાના સુલતાન પદની માન્યતા માગવાનું કયારેય ઉચિત માન્યું નહોતું તેમજ તે માટે તેણે કયારેય પ્રયાસ કર્યો નહોતો. શાસનતંત્રમાં ન તો તેણે ઈસ્લામના સિદ્ધાંત ોનો સહારો લીધો કે ન ઉલેમાઓની સલાહ લીધી. સુલતાનના અધિકારો પર ધર્મનું બંધન તેને સ્વીકાર્ય ન હતું.*

*અલાઉદ્દીન માનતો કે "સુલતાનનો શબ્દ જ દેશનો કાયદો છે અને તેનો ન્યાય એ જ ઈશ્વરનો ન્યાય છે." અલાઉદ્દીન કહેતો હતો કે સુલતાનના તમામ આદેશો અને તેની તમામ ઈચ્છાઓને પ્રજાએ કોઈપણ પ્રકારની આનાકાની વગર શિરોમાન્ય ગણવી જોઈએ.*

### 7.5.2 અમીરોની સત્તાનો નાશ

*બલ્લનની માફક અલાઉદ્દીન ખિલજી પણ સમજતો હતો કે સુલતાનની નિરંકુશતાના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન અમીરો છે. અમીરોની સત્તાનો નાશ કરવા તેણે*

જાહેર કર્યું કે 'રાજાશાહી પાસે કોઈ સગાવાદ ચાલી શકે નહિ' (Kingship knows no kinship) રાજાનો કોઈ સગો ન હોઈ શકે, તેના સિવાયના બીજા લોકો કાં તો તેના પ્રજાજનો હોય અથવા તો તેના ગુલામો હોય. અલાઉદ્દીને આ સિદ્ધાંતના આધારે અમીર-ઉમરાવોના વર્ચસ્વને છિન્ન-ભિન્ન કરી દીધું.

### 7.5.3 ઉલેમાઓની હકાલપટ્ટી

અલાઉદ્દીને રાજનીતિ અને ધર્મને અલગ કર્યા. તે દઢપણે માનતો હતો કે રાજકારણ એ ઉલેમાઓનું ક્ષેત્ર નથી. રાજનીતિમાં તેમનો હસ્તક્ષેપ અનુચિત અને અનિચ્છનીય છે. અલાઉદ્દીને ઉલેમાઓ, મુસ્લિમ ધર્માધિકારીઓ અને અધિકારીઓને સ્પષ્ટપણે કહી દીધું કે, 'એ જરૂરી નથી કે હું ઉલેમાઓની સલાહ પ્રમાણે શાસન ચલાવું હું રાજ્યના કલ્યાણ માટે જે કાર્યો ઉચિત લાગશે તે કરીશ. ' આ રીતે તેણે ઉલેમાઓના પ્રભાવને ઘટાડવાનો પ્રયાસ કર્યો. એ. એલ. શ્રીવાસ્તવ લખે છે, કે "અલાઉદ્દીન ખિલજી પહેલો સુલતાન હતો જેણે ધર્મ ઉપર રાજસત્તાનું નિયંત્રણ સ્થાપિત કર્યું અને એવા તત્ત્વોને જન્મ આપ્યો જેમાં કમસે કમ સિદ્ધાંતના રૂપમાં રાજ્ય બિનસાંપ્રદાયિક આધાર પર ઊભું થઈ શકતું હતું. "

અલબત આ બધી બાબતોનો અર્થ એવો નથી કે તે બિનસાંપ્રદાયિક રાજ્ય સ્થાપવા માગતો હતો. હકીકતમાં તો તે માત્ર ઉલેમાઓનું વર્ચસ્વ જ દૂર કરવા માગતો હતો. તે એક ક્રૂર, ધર્માંધ શાસક હતો. તેણે હિંદુઓ પર ત્રાસ ગુજારવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. તેણે યુદ્ધ દરમિયાન અનેક હિંદુ મંદિરો અને ધર્મસ્થાનોમાં લૂંટ ચલાવી હતી. તેને ખેદાન-મેદાન કરી દીધા હતા. હિંદુ રાજાઓ વિરુદ્ધના યુદ્ધને 'જેહાદ' નું રૂપ આપવામાં તેને ખચકાટ નહોતો. તે ઈસ્લામનો કટ્ટર અનુયાયી હતો.

હિંદુઓ સાથે ખૂબ જ કઠોર નીતિ અપનાવી હતી.

**તમારી પ્રગતિ ચકાસો- 1**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

I. અલાઉદ્દીન ખિલજી કયા યુદ્ધ માં અપાર ધનસંપતિ લૂંટી લાવ્યો હતો.

II. અલાઉદ્દીન ખિલજીની પ્રારંભિક ત્રણ મુશ્કેલીઓ જણાવો.

III. અમીરોની સત્તાનો નાશ કરવા અલાઉદ્દીને કયો સિદ્ધાંત અપનાવ્યો.

IV. *અલાઉદ્દીન ખિલજીએ ઉલેમાઓ સાથે કેવી નીતિ અપનાવી?*

## 7.6 અલાઉદ્દીનખિલજીના સુધારાની પૂર્વભૂમિકા

### 7.6. 1 નવ મુસલમાનોનો વિદ્રોહ

*આપણે આગળ જોયું કે*

*અલાઉદ્દીન સત્તા પર આવ્યો ત્યાર પછી તેણે અનેક વિદ્રોહોનો સામનો કરવો પડ્યો હતો. સૌપ્રથમ ઈ. સ 1307 માં તેનું સૈન્ય ગુજરાત વિજય પછી પરત ફરી રહયું હતું ત્યારે લૂંટના માલ માટે નવ મુસલમાનાએ વિદ્રોહ કરી દીધો. તેમણે સુલતાનના ભત્રીજા તથા નુસરતખાનના ભાઈની હત્યા કરી હતી. અલાઉદ્દીને આ વિદ્રોહીઓને ક્રૂરતાથી કચડી નાખ્યો. લગભગ 3000 જેટલા નવ મુસલમાનોને મોતને ઘાટ ઉતાર્યા. તેમના બાળકોને પણ ટુકડા ટુકડા કરીને મારી નાખવામાં આવ્યાં.*

### 7.6.2 આકતખાનનો વિદ્રોહ

*સુલતાનનો ભત્રીજો આકતખાન એક મહત્ત્વાકાંક્ષી હતો. રણથંભોર જતી વેળાએ સુલતાનની એકલતાનો લાભ લઈ તેણે અલાઉદ્દીન પર હુમલો કરી દીધો. સુલતાને મૃત સમજીને તે દિલ્લીની ગાદી પર બેસવા આવી ગયો પરંતુ મલિક કાફૂરે તેની ચાલને નિષ્ફળ બનાવી. તેને મારી નાખવામાં આવ્યો સાથે સાથે તેના ભાઈ કુતલુંગખાનને પણ મોતને ઘાટ ઉતારવામાં આવ્યો.*

### 7.6.3 અમીર ઉમર તથા મંગુખાનનો વિદ્રોહ

*આ બંને અમીરો સુલતાનની બહેનના પુત્ર હતાં. આકતખાનનો વિદ્રોહ દબાવી સુલતાન રણથંભોરનો ઘેરો ઘાલીને બેઠો હતો.ત્યારે આ બંને ભાઈઓએ બદાયુ અને અવધમાં વિદ્રોહ કરી દીધો. સુલતાને સમય સૂચકતા વાપરી બંનેને બંદી બનાવી લીધા ત્યાર બાદ બંનેની આંખો ફોડી નાખવામાં આવી.*

*નવ મુસલમાનો : જલાલુદ્દીન ખિલજીએ મગોલ યુદ્ધ બંદીઓને માફ કરી દિલ્લીમાં મુગલપુરીમાં વસાવ્યા હતા જે અલાઉદ્દીનના સમયમાં નવમુસલમાનો તરીકે ઓળખાયા.*

### 7.6.4 હજી મૌલાનો વિદ્રોહ

*દિલ્લીના કોટવાલ અલાલદીન મુલ્ક ના મૃત્યુ બાદ હાજીમૌલા દિલ્લીનો કોટવાલ બનવા માગતો હતો. પરંતુ તેને કોટવાલ ન બનાવતા તે નારાજ થયો હતો.તેણે સુલતાન*

વિરુદ્ધ બળવો કરી દીધો. તેણે સુલતાન દ્વારા નિયુક્ત કોટવાલ તિર્મિજની હત્યા કરી રાજકોષ પર કબજો જમાવી દીધો. સુલતાનને આ ઘટનાની જાણ થતા તેણે ઉલુગખાનને દિલ્લી તરફ રવાના કર્યો. જોકે તેના પહોચતા પૂર્વે જ સ્વામી ભક્ત મલિક હમ્દુદ્દીને હાજીમૌલાને મોતને ઘાટ ઉતારી દીધો.

### 7.6.5 વિદ્રોહોમાંથી બોધપાઠ

ઉપરોક્ત બળવાઓને નિષ્ફળ બનાવ્યા પછી સુલતાન અલાઉદ્દીન ખિલજીએ પોતાના વિશ્વાસુ સલાહકારોની સાથે બળવાનાં કારણો અંગે ચર્ચા વિચારણા કરી. બળવાનાં કારણો શોધી કાઢ્યાં. તેમણે જણાવ્યું કે ચાર બાબતો વિદ્રોહ માટે જવાબદાર છે. જેમાં

(1) સુલતાન પોતાની પ્રજા અને અધિકારીઓના સારાં—નરસાં કાર્યોથી અજાણ હોય છે.

(2)શરાબની મહેફિલોમાં અમીરો ભેગા મળીને સુલતાન વિરુદ્ધ કાવતરાં કરે છે.

(3)અમીરો અને સરદારોના અંદરો અંદરના લગ્નસંબંધથી તેમનામાં એકતા વધે છે અને તેમની તાકાત વધે છે.

(4)વધારે પડતું ભેગું કરેલું ધન સરદારોને વિદ્રોહ કરવા પ્રેરે છે.

સુલતાને ઉપરોક્ત ચાર કારણોને સમાપ્ત કરવા નીચે મુજબનાંપગલાં ભર્યા.

1. મજબૂત ગુપ્તચર વ્યવસ્થાની સ્થાપના કરી, જેથી સામ્રાજ્યમાં ઘટતી તમામ ઘટનાઓની રોજે રોજની માહિતી સુલતાન સુધી પહોંચતી થાય.
2. સરદારો,અમીરોને દાન અને ઉપહારમાં આપેલી જમીનો પછી લઈ લીધી. એટલું જ નહિ પણ આવી વ્યક્તિઓ પાસેથી વધુમાં વધુ કર વસૂલ કરવા અધિકારીઓને આદેશ કર્યો જેથી તેઓ પાયમાલ થાય.
3. ત્રીજા ઉપાય તરીકે અલાઉદ્દીને શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવ્યાં. શરાબની મહેફિલો બંધ કરાવી.
4. ચોથા ઉપાય તરીકે સરદારોના અંદરોઅંદરના મેળાવડા અને લગ્નસંબંધો બંધ કરાવ્યા. આમ કરીને વિરોધીઓ પર અંકુશ મેળવ્યો.

- **તમારી પ્રગતિ ચકાસો –2**

**અ. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. ઈ. સ 1307માં અલાઉદ્દીન ખિલજી સામે --------- એ બળવો કર્યો હતો.

2. રણથંભોરના આક્રમણ સમયે અલાઉદ્દીન ખિલજી પર----------એ હુમલો કરી દીધો હતો.

3. અમીર ઉમર તથા મંગુખાન અલાઉદ્દીનની-----------ના દીકરા હતાં.

4. હાજીમૌલાને ---------ન બનાવતા તેણે અલાઉદ્દીન સામે વિદ્રોહ કર્યો હતો.

**(બ) ટૂંકનોધ લખો.**

1. અલાઉદ્દીન ખિલજીની ધર્મગુરુઓ, (ઉલ્લેમાઓ) સાથેની નીતિ.

2. *વિદ્રોહો નાબૂદ કરવા અલાઉદ્દીનખિલજીએ લીધેલાં પગલાં.*

## 7.7 અલાઉદ્દીન ખિલજીના સુધારા

### 7.7.1 મહેસૂલી સુધારા

*દિલ્લી સલ્તનત યુગમાં અલાઉદ્દીન ખિલજી પ્રથમ શાસક હતો. જેણે મહેસૂલ પ્રણાલીમાં નોધપાત્ર*

*ફેરફારો કર્યા હતાં.મહેસૂલ વ્યવસ્થામાં સુધારા કરવા પાછળના અલાઉદ્દીન ખિલજીના મુખ્ય બે ઉદ્દેશ હતાં. એકતો રાજ્યની આવકમાં વધારો કરવો અને બીજી બાજુ પ્રજાને આર્થિક અભાવની સ્થિતિમાં રાખવી. જેથી તેમના મોઢામાંથી વિદ્રોહ નું નામ ન નીકળે. રાજ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો વિચાર સુદ્ધાં ન કરે.*

❖ **દાન,ઈનામ કે ભેટમાં આપેલી જમીનો જપ્ત કરી**

*અલાઉદ્દીન ખિલજીએ તેના કાકા અને સસરા જલાલુદ્દીન ખિલજીની પરોપકારી અને માનવતાવાદી નીતિનો ત્યાગ કર્યો. તેણે એવી નીતિને સુલતાનની નિર્બળતા ગણાવી તેણે આતંક અને ક્રૂરતાને પોતાની નીતિના આધાર બનાવ્યા. તેણે રાજ્યના અમીર,ઉમરાવ કે સરદારોને ઈનામ,ઈદારત (પેન્શન),વકફ (ધર્મસ્થ) વગેરેના રૂપમાં આપેલી જમીનો જપ્ત કરી લીધી. તે જમીનોને ખાલસા કરી તેની ઉપર રાજ્યનો અધિકાર સ્થપિત કરી દેવામાં આવ્યો. આ જમીનો પર ઉપજનો અડધો ભાગ રાજભાગ તરીકે લેવાનો અધિકારીઓને આદેશ કરી દીધો. આ નિર્ણય થી મુસલમાન અમીરો આર્થિક રીતે પાંગળા બની ગયા. સાથે રાજ્યની આવકમાં પણ વધરો થયો.*

## ❖ ગામડાં સાથે સીધો સંપર્ક–ખાલસા નીતિ

અલાઉદ્દીનખિલજી ગામડાઓને સરકારના સીધા સંપર્કમાં લાવવા માગતોહતો. સરકાર અને ખેડૂત વચ્ચેના વચેટિયા વર્ગ ને ખતમ કરવા માગતોહતો. આથી તેણે લાહોરથી કડા (આધુનિક ઈલાહાબાદ)સુધીના વિસ્તારનાં ગામોને ખાલસા કર્યા. એટલે કે આ વિસ્તારની જમીનો કોઈ અમીર કે અધિકારીને ઈક્તા રૂપે આપવાને બદલે તે જમીનોનો વહીવટ સરકાર નિયુક્ત અધિકારીઓને સોંપવામાં આવ્યો. જેને રોકડમાં પગાર ચુકવવામાં આવતો હતો. આમ કરીને તે ખેડૂતો સાથે સીધો સંપર્ક પણ સ્થાપી શક્યો અને અમીરોને પાયમાલ પણ કરી શકયો.

## ❖ વિશેષાધિકારોની નાબૂદી

અલાઉદ્દીન ખિલજી સત્તાપર આવ્યો ત્યારે દોઆબ વિસ્તારમાં રાય,રાણા,રાવત,સરદાર કે સામંત તરીકે ઓળખાતા હિંદુ સામંતો ખૂબ પ્રભાવાશાળી હતાં. ઘણા મોટા ભૂભાગ પર તેમનું વર્ચસ્વ રહેતું હતું. તેઓ ખૂબ ધનવાન બન્યા હતાં.ક્યારેક વિદ્રોહીઓ સાથે મળીને મુશ્કેલીઓ પણ ઊભી કરતો. અલાઉદ્દીન ખિલજી એ દોઆબ વિસ્તારની બધીજ જમીનો ખાલસા કરીને આવા સામંતોને વિસ્થાપિત કરી દીધા. તેમના વિશેષ અધિકારો સમાપ્ત કરી દીધા. તેમને સામાન્ય ખેડૂતની હરોળમાં મૂકી દીધા. તેનાથી રાજ્યની આવકમાં વૃદ્ધિ થઈ. અને અને વિરોધીઓના વિશેષાધિકાર નાબૂદ થયા.

## ❖ નવા વિભાગની સ્થાપના

ખાલસા જમીનોમાં થયેલા વધારાને કારણે જમીન મહેસૂલને લગતા સુધારાની અમલવારીનું કાર્ય થોડું કઠિન બન્યું હતું. જમીન સુધારાનો કડકાઈ અને કુશળતાપૂર્વક અમલ થાય તે માટે અલાઉદ્દીન ખિલજી એ ‘દીવાનએ મુસતખરાજ નામના નવા વિભાગ ની સ્થાપના કરી. અને તેમાં હજારોની સંખ્યામાં આમીલ, મુશરીફ, મુહસ્સિલ, ગુમાસ્તા,નવસિદા સરહંગ વગેરે અધિકારીઓની નિયુક્તિ કરી આમ કરીને તેણે મહેસૂલ વિભાગને વધારે વ્યવસ્થિત અને મજબૂત બનાવ્યો. અધિકારીઓ દ્વારા છેક નાનાં શહેરો સુધી સરકારનો સંપર્ક સ્થાપિત થઈ શક્યો.

## ❖ લાંચ, રુશ્વત અને ભ્રષ્ટાચાર સામે કડકાઈ

અલાઉદ્દીન ખિલજીએ લાંચરુશ્વત અને ભ્રષ્ટાચારને કડક હાથે દાબી દીધા કર્મચારીઓ સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તેટલો પગાર આપવા તે તૈયાર હતો આ માટે તેણે કર્મચારીઓના પગારમાં પણ વધારો કર્યો હતો. પરંતુ તે લાંચ કે ભ્રષ્ટાચારને ચલાવી લેવા માગતો નહોતો. પટવારીની ખાતાવહીમાં એક જીતલ પણ વધારે જુએ તો તેને કઠોર દંડ કરવામાં આવતો. ભ્રષ્ટાચારીને કારાવાસની સજા કે એથી પણ ભયંકર

યાતનાઓ આપવામાં આવતી. બરની લખે છે કે "દશ હજાર આમિલ અને કારકુન દંડનો ભોગ બન્યા હતાં મહેસૂલ વિભાગની નોકરી એટલી ખરાબ ગણવામાં આવતી કે અત્યંત સાહસી વ્યક્તિ જ તેમાં જોડાતો હતો. "ડાબરની લખે છે કે "પાંચસો કે હજાર ટકા લાંચ લેનાર અધિકારીને વર્ષો સુધી જેલમાં રહેવું પડતું ,ખૂત અને ચૌધરીઓને મારીને અધિકારીઓ કર વસુલ કરતો આવા અધિકારીઓને ત્યાં કોઈ પોતાની પુત્રીના લગ્ન કરવા તૈયાર થતા નહિ."આ ઉપરથી કહી શકાય કે અલાઉદ્દીને વહીવટીતંત્રમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા કડક પગલાં ભર્યા હતાં.

### ❖ ખૂત મુકદ્દમ અને ચૌધરીઓ પર કડક નિયંત્રણ

અલાઉદ્દીન ના સમયમાં ગ્રામ્ય કક્ષાએ મોટેભાગે હિંદુ અધિકારીઓ મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય કરતો હતાં તેઓ ખુત, મુકદમ કે ચૌધરી એવા નામે ઓળખાતા હતાં. મહેસૂલ ઉઘરાવવાના અધિકાર તેમને વંશપરંપરાથી પ્રાપ્ત થતા હતાં. તેઓની પોતાની માલિકીની પુષ્કળ જમીનો પણ તેમની પાસે હતી. તેઓ મોટે પાયે પશુપાલન પણ કરતો હતા. સરકારી જમીનોનો ગૌચર તરીકે ઉપયોગ કરતો હતા.

જ્યારે તેઓ ગામનું મહેસૂલ ઉઘરાવતા ત્યારે પોતાની જમીનોનું મહેસૂલ ગામના અન્ય ખેડૂતો પર નાખી દેતા પોતે કોઈ કર ભરતા નહિ. ઉપરથી પુષ્કળ ધન કમાતા હતા. બરની લખે છે. "તેઓ ખૂબ ધનવાન બની ગયા હતાં,મુસલમાનોથી દબાતા નહિ. સુંદર કપડા પહેરતાં, પાન ખાતાં, સોનાનાં ઘરેણાં પહેરી ઘોડે સવારી કરતો, ક્યારેક રાજદ્રોહ કરી વિદ્રીહીઓને સાથ આપતા હતાં" આ કારણોથી જ અલાઉદ્દીને તેમની વિરુદ્ધ કડક પગલાં ભર્યા, તેમને મળેલા વિશેષ અધિકારો છીનવી લેવામાં આવ્યા. તેમની જમીનો પર કર નાખવામાં આવ્યા મુસલમાન હોય તો ઉપજનો ભાગ અને હિંદુ હોય તો ઉપજનો અડધો ભાગ રાજભાગ તરીકે લેવાનું નક્કી કર્યું તેમની ઉપર ગૌચરવેરો અને ઘર વેરો પણ નાખવામાં આવ્યો. આ પગલાંથી રાજ્યની આવકમાં વૃદ્ધિ થઈ અને ભ્રષ્ટાચાર પણ દૂર થયો.

### ❖ જમીનની માપણી

ડૉ. કે. એસ.લાલ નોધે છે કે "અલાઉદ્દીન ભારતનો પ્રથમ મુસ્લિમ શાસક હતો. જેણે જમીનની વાસ્તવિક માપણી કરાવી મહેસૂલ નક્કી કર્યું હતું". રાજ્યની જમીનની વાસ્તવિક ઉપજની જાણકારી માટે તેણે દલ્લી,પાલમ,રેવાડી,અફઘાનપુર,અમરોહા,બદાયું,કોયલ,કટેહર,સમાના,સુનામ,લાહોર અને દીપાલપુર વિસ્તારની જમીનોની માપણી કરાવી તથા એ માપને આધારે જમીન મહેસૂલ મળે છે કે નહિ તે માટે પટવારીઓનાં ચોપડાંમાં તપાસ કરાવી માપને આધારે મહેસૂલ પ્રાપ્ત થાય તે માટે અધિકારીઓને કડક આદેશ કર્યો. અલાઉદ્દીન ખિલજીએ છેક ગ્રામ્ય કક્ષા સુધીના અધિકારીઓના દફતરોની તપાસ કરવાના એવા સિદ્ધાંતો અને આદર્શો પ્રસ્થાપિત કર્યા જે પાછળ જતા શેરશાહ અને અકબર જેવા શાસકોએ પણ અપનાવવાનો પ્રયાસ કર્યો હતો.

*જમીન માપણીના એકમ તરીકે બીસ્વા (એક વદ્દિયાનો વીસમો ભાગ) રાખવામાં આવ્યો હતો. જો કે સામ્રાજ્યની બધી જ જમીનોની માપણી થઈ શકી નહોતી અવધ, ગુજરાત, સિંધ, માળવા અને રાજપૂતાનાની મોટાભાગની જમીનોની માપણી થઈ શકી નહોતી.*

❖ **હિંદુઓ પર અતિશય કર ભારણ :**

*અલાઉદ્દીન ખિલજીએ હિંદુઓ પાસેથી ઉપજનો અડધો ભાગ ખરાજ તરીકે લેવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત ઘરવેરો પણ તેમણે ભરવાનો,વેઠ કરવાની, બે જોડી બળદ, બે ગાય અને દસ બકરીથી વધારે પશુઓ ધરાવનાર પાસેથી ચરાઈ વેરો લેવામાં આવતો. મહેસૂલ ઉઘરાવવાની રીતરસમો પણ હિંદુઓને અપમાનિત કરનારી અને કડકાઈ ભરેલી હતી. હિન્દુઓને ઘોડેસવારી કરવા, સુંદર વસ્ત્રો પહેરવાં, શસ્ત્રો ધારણ કરવા પર પ્રતિબંધ લાદ્યા હતાં. બરની નોંધે છે કે આ બધાને કારણે હિંદુ સ્ત્રીઓને મુસલમાનોના ઘરોમાં નોકરી કરવી પડતી હતી તેમને અપમાનિત જીવન જીવવું પડતું હતું.*

*હિંદુઓ પર આ બધા અત્યાચારો કરવા પાછળનો અલાઉદ્દીનનો આશય હિંદુઓને દાબમાં રાખવાનો હતો. બ્યાનાનો કાઝી મુગીસુદ્દીન ધર્મ અંગેની બાબતમાં સુલતાનનો સલાહકાર હતો. તે કહેતો કે "હિંદુઓ તો ખિરાજ ગુઝાર" અર્થાત ખિરાજ આપનાર તરીકે જ ઓળખાતા આવ્યા છે. કર ઉઘરાવનાર અધિકારી તેમની પાસેથી ચાંદી માગે તો તેમણે ચૂપચાપ નમ્રતાપૂર્વક અને વિનયપૂર્વક સોનું આગળ ધરવું જોઈએ" આવું કહીને હિંદુઓને હલકા પાડવા તે સુલતાનને સતત અનુરોધ કરતો રહેતો.*

*અલાઉદ્દીન હિંદુઓને નિર્ધનતાની એટલી હદે લઈ જવા માગતો હતો કે જેથી તેઓ ક્યારેય બળવો કરવાની હિંમત ન કરે.*

- **તમારી પ્રગતી ચકાસો –3**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. *જમીન મહેસૂલ સુધારા પાછળ અલાઉદ્દીન ખિલજીનો મુખ્ય ઉદ્દેશ કયો હતો?*

2. *અલાઉદ્દીન ખિલજીએ કોના વિશેષાધિકાર નાબૂદ કર્યા?*

3. *અલાઉદ્દીન ખિલજીએ મહેસૂલ વિભાગમાં કયા નવા અધિકારીઓ નિયુક્ત કર્યા?*

4. *અલાઉદ્દીન ખિલજી કેટલા વિસ્તારની જમીનોની માપણી કરાવી શક્યો હતો?*

**બ. ટૂંકનોંધ લખો.**

1. *અલાઉદ્દીન ખિલજીની ખાલસા નીતિ*

2.*અલાઉદ્દીન ખિલજીના સમયમાં હિંદુઓ પર કરવેરા*

3.*અલાઉદ્દીન ખિલજીના ભ્રષ્ટાચાર નિવારણ માટેનાં પગલાં*

### 7.7.2 લશ્કરી સુધારા

*અલાઉદ્દીન ખિલજી સામ્રાજ્યવાદી શાસક હતો તેણે બીજા સિકંદર બનવાની ઈચ્છા રાખી હતી. તે આપખુદ અને અનિયંત્રિત રાજાશાહીમાં વિશ્વાસ ધરાવતો હતો. બરની લખે છે કે "રાજાશાહીના મુખ્ય બે આધારસ્તંભ હોય છે પ્રથમ પ્રશાસન અને બીજો વિજયો, આ બન્નેનો આધારસ્તંભ હોય છે લશ્કર, જો શાસક લશ્કરી બાબતમાં ઉદાસીન રહેશે તો તે પોતાના હાથે જ રાજ્યનો નાશ કરશે" આ રીતે મધ્યયુગમાં સૈન્યનું ખૂબ જ મહત્ત્વ હતું. પોતાની સત્તાના આધારસ્તંભ એવા લશ્કર તરફ અલાઉદ્દીન વિશેષ ધ્યાન આપે એ સ્વાભાવિક હતું. વળી તે પોતાના કાકાની હત્યા કરીને સત્તા પર આવ્યો હોવાથી વિદ્રોહનો ભય સતત રહેતો હતો, મોગલોના આક્રમણની પરંપરા પણ ચાલુ હતી કેટલાક હિંદુ રાજાઓ વિજિત હતાં તો કેટલાક સ્વતંત્ર થવાની પેરવી કરતોહતાં. આવી પરિસ્થિતિમાં અલાઉદ્દીન ખિલજીને એક મજબૂત, શિસ્તબંદ્ધ લશ્કરની આવશ્યકતા હતી. તે માટે તેણે લશ્કરી બાબતોમાં નીચે મુજબ સુધારા કર્યા.*

❖ **સ્થાઈ લશ્કરની સ્થાપના**

*સલ્તનતયુગમાં અલાઉદ્દીન પૂર્વે સૈનિકોની ભરતી પ્રાંતિય સૂબાઓ દ્વારા કરવામાં આવતી અને જયારે સુલતાનને જરૂર પડે ત્યારે તેઓ પોતાના સૈન્ય સાથે સુલતાનની સેવામાં હાજર થતા હતાં. આવા સૈનિકોમાં સુલતાન પ્રત્યે ભક્તિભાવનો અભાવ જોવા મળતો હતો તેથી સુલતાન સામે વિદ્રોહ થતા હતાં. તેથી અલાઉદ્દીને રાજધાનીમાં કેન્દ્રીય ધોરણે સૈનિકોની ભરતી કરી. રાજધાનીમાં સ્થાયી સૈન્ય ઊભુ કર્યું. આ સૈન્ય સીધું સુલતાનને જવાબદાર હતું. કેન્દ્રમાં અરિજ-એ-મમાલિક નામના નવા અધિકારીની નિયુક્તિ કરવામાં આવી.તેના દ્વારા સૈનિકોની ભરતી કરવામાં આવતી. ખુદ સુલતાન વ્યક્તિગત નિરીક્ષણ કરી લાયક અને યોગ્ય સૈનિકોની પસંદગી કરતો.આ સૈનિકોની કેન્દ્રિય તિજોરીમાંથી રોકડમાં પગાર ચુકવવામાં આવતો. આ રીતે અલાઉદ્દીન ખિલજીએ સ્થાયી અને વફાદાર લશ્કર ઊભું કર્યું.*

❖ **સૈનિકોની નોંધણી :**

*દીવાન-એ-અરિજ વિભાગ દ્વારા દરેક સૈનિકોની નોંધણી રાખવામાં આવતી. સૈનિકોનું રજીસ્ટર રાખવામાં આવતું. જેથી વ્યક્તિગત રીતે સૈનિકો પર ધ્યાન રાખી શકાય. અમીર ખુસરો નોંધે છે કે "જે સૈન્યને વારંગલ મોકલવામાં આવ્યું હતું તે સૈનિકોની નામાવલી બનાવવામાં ચૌદ દિવસ લાગ્યા હતાં" આ બધું કરીને અલાઉદ્દીને સૈન્ય પર પોતાનો સંપૂર્ણ અંકુશ સ્થાપિત કર્યો હતો. તત્કાલીન ઈતિહાસકાર વસ્સફ જણાવે છે, કે "અત્યારે શાહી લશ્કરમાં 4,75,000 શિસ્તબદ્ધ મુસ્લિમ યોદ્ધાઓ છે. પોતાને મળતા હુકમોનું શિસ્તબદ્ધ રીતે પાલન કરે છે. શાહી તબેલામાં 400 યુદ્ધ હાથીઓ હંમેશા તૈયાર હોય છે અને યુદ્ધ વખતે સામ્રાજ્યના દૂરદૂરના વિભાગોમાંથી રોજબરોજના સંદેશાઓની આપ-લે કરવા 40 ઝડપી સાંઢણીઓ રોકવામાં આવેલ છે.*

## ❖ નવા કિલ્લાઓનું નિર્માણ

*અલાઉદ્દીન ખિલજીએ સામ્રાજ્યની સરહદોની સુરક્ષા માટે કિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપ્યું. ખાસ ઉત્તર પશ્ચિમ સરહદ જ્યાંથી સતત મોગલોના આક્રમણો થતાં હતાં તે વિસ્તારમાં નવા કિલ્લા બંધાવ્યા તથા જૂના કિલ્લાઓનું સમારકામ કરાવ્યું. કિલ્લાની ચારે તરફ દૂર દૂર સુધી કાંટાળા વૃક્ષ તથા ઝાડીઓ રોપાવી. જેથી દુશ્મન સૈન્ય ઝડપથી આગળ વધી ન શકે.*

*આ કિલ્લાઓમાં તેણે વિવેકશીલ તથા અનુભવી સેનાનાયકોની નિમણૂક કરી જે કોટવાળ તરીકે ઓળખાતા હતાં. કિલ્લાઓમાં જરૂરી ખાદ્ય સામગ્રી, શસ્ત્ર સરંજામનો પૂરતો પુરવઠાનો સંગ્રહ કરવામાં આવતો.*

## ❖ દાગ પ્રથા

*અલાઉદ્દીન ખિલજીએ કેન્દ્રમાં સ્થાયી લશ્કરની સ્થાપના કરી હતી તેમ છતાં અમીરો, સામંતો અને પ્રાંતિય સૂબાઓ પાસે લશ્કરો હતાં. જરૂર પડે ત્યારે તેઓ સુલતાનની સેવામાં હાજર થતા હતાં. પરંતુ આવાં લશ્કરના ઘણા માલિકો નિયમિત લશ્કર રાખવાની દરકાર કરતો નહીં. જયારે સુલતાન તરફથી નિરીક્ષણ આવે ત્યારે ગમે તેવા માણસો અને ઘોડાઓ ગમે ત્યાંથી હાજર કરી નિરીક્ષણ પૂરું કરાવી દેતા ક્યારેક તો અન્ય પાસેથી ઉછીના લાવીને બતાવી દેતા. અલાઉદ્દીન ખિલજીએ આ અપ્રામાણિકતા અને બેઈમાની દૂર કરવા 'દાગપ્રથા' અમલમાં મૂકી. સરકારના સૈન્ય વિભાગ દ્વારા દરેક સૈનિકનું વર્ણન નોંધવામાં આવતું તથા ઘોડાની ઓળખ માટે તેના શરીર પર છાપ (દાગ) મારવાનું શરૂ કરવામાં આવ્યું. અલાઉદ્દીનના આ સુધારાથી લશ્કરી સૂબાઓની બેઈમાની દૂર થઈ તથા કાર્યક્ષમતામાં વધારો થયો.*

## ❖ લશ્કરમાં ગુપ્તચરોની નિમણૂક :

*સલ્તનત યુગમાં સૈન્ય વિદ્રોહો સામાન્ય બાબત હતી. સુલતાન સામે અવારનવાર વિદ્રોહ થતા હતાં. અલાઉદ્દીન ખિલજીએ સૈન્યની દરેક ટુકડીમાં ગુપ્તચરોની નિમણૂક કરી દીધી. જે લશ્કરી વડાઓની દરેક કામગીરી, વિચારો વગેરેની વિગતો સુલતાન સુધી પહોંચાડતા હતાં. આનાથી કોઈ સેનાપતિ સુલતાન વિરોધી ગતિવિધિ કરતો પહેલા સો વાર વિચાર કરતો હતો.*

## ❖ અશ્વદળ પર વિશેષ ધ્યાન

*મધ્યયુગમાં સૈન્યની સફળતાનો આધાર અશ્વદળ પર રહેતો હતો. અલાઉદ્દીને અશ્વદળને મજબુત બનાવવા પર વિશેષ ધ્યાન આપ્યું. અશ્વદળ માટે વિદેશોમાંથી ઊંચી ઓલાદના ઘોડા મંગાવવામાં આવ્યા. દેશમાં પણ ઉંચી ઓલાદના ઘોડા તૈયાર થાય તે માટે પ્રયાસ કર્યા. મોગલો સાથેના યુદ્ધ દરમિયાન મોગલોના સારી ઓલાદના ઘોડા પડાવી લેવામાં આવતા ભારતના વિજયો દરમ્યાન યુદ્ધ લુંટમાંથી તે હાથી અને ઘોડા લેવાનું વધુ પસંદ કરતો હતો. આ બધી બાબતો પરથી લાગે છે કે તેણે અશ્વદળને મજબૂત બનાવવા વિશેષ પ્રયાસ કર્યા હતાં. ફરિસ્તા નોંધે છે, કે "અલાઉદ્દીનના સૈન્યમાં 4,75,0000 નું*

અશ્વદળ હતું. દરેક સૈનિકને વર્ષે 234 ટકા વેતન આપવામાં આવતું. વધારાના અશ્વ માટે 78 ટકા વધારાનું ભથ્થું આપવામાં આવતું. બે ઘોડાવાળાને દો અસ્પા કહેવામાં આવતો તેને 312ટકા વાર્ષિક પગાર મળતો."

આ રીતે ઉપર મુજબના સૈન્ય સુધારાઓને કારણે અલાઉદ્દીન ખિલજીનું સૈન્ય દરેક મોરચે વિજયી સાબિત થયું હતું.

**તમારી પ્રગતિ ચકાસો –4**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. મધ્યયુગમાં રાજાશાહીના મુખ્ય બે આધારો કયા હતાં?

2. અલાઉદ્દીનના સ્થાયી સૈન્યને પગાર કેવી રીતે ચૂકવાતો?

3. અલાઉદ્દીનના સમયમાં કિલ્લાનો મુખ્ય અધિકારી કયા નામે ઓળખાતો?

4. દાગપ્રથા' એટલે શું?

5. અલાઉદ્દીનના અશ્વદળમાં કેટલા સૈનિકો હતાં?

બ. ટૂંકનોંધ લખો

1. અલાઉદ્દીનનુંસ્થાયી લશ્કર

2. અલાઉદ્દીન ખિલજીનું અશ્વદળ

## 7.7.3 અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારા

અલાઉદ્દીન ખિલજી એક વિશાળ સામ્રાજ્યનો માલિક હતો. સતત વિજયો, મોગલ આક્રમણો, વિશાળ સૈન્ય અને પોતાના 50000 ગુલામોને નિભાવવા માટે તેને પુષ્કળ ધનની જરૂર હતી તેણે આકરા કરવેરા નાખ્યા હતાં. અધિકારીઓને કર ઉઘરાવવા માટે કડક નીતિ અપનાવવા સૂચનાઓ આપી હતી. તેમ છતાં તેની ધનની જરૂરિયાત પૂરી થઈ શકે તેમ નહોતી હિસાબ લગાવવામાં આવે તો પાંચ કે છ વર્ષમાં જ રાજ્યની તિજોરી ખાલી થઈ જાય તેવી સ્થિતિ હતી. આ પરિસ્થિતિ માંથી બહાર નીકળવા તેણે આર્થિક સુધારાઓ અમલમાં મૂક્યા. જે આપણે નીચે પ્રમાણે જોઈએ.

❖ **ભાવનિયમનઃ**

અલાઉદ્દીન ખિલજીએ જીવન જરૂરીયાતની દરેક ચીજવસ્તુઓના ભાવ નક્કી કર્યા. તે મુજબ સરકાર તરફથી બધી જ ચીજ વસ્તુઓના ભાવોની યાદી બહાર પાડવામાં આવી. અનાજ, દાળ, કઠોળ, શેરડી, સોય, દોરા, કાંસકા જેવી વસ્તુઓનું પણ ભાવ નિયંત્રણ કર્યું. દરેક વસ્તુના અલગ અલગ બજાર ઊભા કરવામાં આવ્યા.

અલાઉદ્દીન ખિલજી જાણતો હતો કે ભોજન મનુષ્યની અનિવાર્ય અને પ્રથમ જરૂરિયાત છે. આથી તેણે સૌ પ્રથમ ખાદ્યચીજોનું મૂલ્ય નક્કી કર્યું.

વસ્તુ અને તેના ભાવ (ખાદ્યાન્ન બજાર )

| | | | |
|---|---|---|---|
| 1. | ઘઉં | 7. 5 જીતલ | 1 મણ |
| 2. | જઉ | 4 જીતલ | 1 મણ |
| 3. | ચણા | 5 જીતલ | 1 મણ |
| 4. | ચોખા | 5 જીતલ | 1 મણ |
| 5. | ખાંડ | $1\frac{1}{2}$ જીતલ1 શેર | |
| 6. | ગોળ | $\frac{1}{3}$ જીતલ | 1 શેર |

7. ઘી 1 જીતલ $2\frac{1}{2}$ શેર

8. સરસવતેલ1 જીતલ 3 શેર

9. મીઠું1 જીતલ $\frac{1}{2}$ મણ

કાપડના ભાવ = (કાપડ બજાર)

દિલ્હીનું રેશમી કાપડ 16 ટંકા

સિલહટી (ઉત્તમ) 6 ટંકા

સિલહટી (મધ્યમ) 4 ટંકા

સિલહરી (સામાન્ય ) 2 ટંકા

લંકલાટ (ઉત્તમ) 1 ટંકા 20 ગજ

લંકલાટ (સામાન્ય) 1 ટંકો 40 ગજ

ચાદર 10 જીતલ

વસ્તુભાવ(પશુઓ અને ગુલામ બજાર)

| | |
|---|---|
| પ્રથમ કક્ષાનો ઘોડો | 100 થી 120 ટંકા |
| બીજી કક્ષાનો ઘોડો | 80 થી 90ટંકા |
| ત્રીજી કક્ષાનો ઘોડો | 60 થી 70ટંકા |
| ટટ્ટુ | 10 થી 20ટંકા |
| ઘરમાં કામ કરવાવાળી દાસી | 5 થી 10 ટંકા |
| કુશળ નોકર | 10 થી 15ટંકા |
| સામાન્ય નોકર | 7 થી 8 ટંકા |
| દૂધ આપતી ભેંસ | 10 થી 12 ટંકા |
| દૂધ આપતી ગાય | 3 થી 4 ટંકા |
| સુંદર કન્યા | 1000 થી 2000 ટંકા |

નોંધ : એક ટંકાની કિંમત એક રૂપિયાની કિમતથી થોડી વધારે હતી.

જીતલ ચાંદીના ટંકાનો ચોસઠમો ભાગ હતો.

ઉપર મુજબ અલાઉદ્દીન ખિલજીએ જીવન જરૂરિયાતનીતમામ ચીજવસ્તુઓનું મૂલ્ય નક્કી કર્યું હતું. બજારોની તમામ જવાબદારી દીવાન-એ-રિયાસત' ને સોંપવામાં આવી હતી, તેણે તમામ ધંધાર્થીઓ માટે અલગ અલગ બજાર નક્કી કર્યા હતાં. પ્રત્યેક બજાર માટે એક એક શહનાની નિમણૂક કરવામાં આવતી, ખાદ્યાન્ન બજારનો શહના મલિક કબુલ હતો. કાપડ બજારની જવાબદારી શહનાયે મંડી માથે હતી. યાકૂબ દિવાન-એ-રિયાસત પણ હતો.આ રીતે ઘોડાબજાર, પશુબજાર વગેરે માટે અલગ અલગ શહનાની નિમણૂક કરવામાં આવી હતી. શહનાના હાથ નીચે અનેક બરીદ નિમાતા જે વસ્તુઓના ભાવ, તોલ-માપ વગેરેની રોજ રોજ તપાસ કરી સુલતાનને રીપોર્ટ મોકલતા.

આ અધિકારીઓ ઉપરાંત કેટલાક ગુપ્તચરો પણ બજારમાં ફરતા રહેતા જે 'મુન્હિયા' તરીકે ઓળખાતા તેના દ્વારા બજાર અંગેની માહિતી સુલતાનને મળતી રહેતી.

❖ **ખાદ્યાન્ન બજાર**

*ખાદ્યાન્ન બજારમાં અનાજ અને બીજી ખાદ્ય વસ્તુઓની આપૂર્તિ માટે સુલતાન તરફથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામડાંઓથી શહેર સુધી અને શહેરના બજારોથી નાગરિકોમાં અનાજના વિતરણ સુધીની બાબતોનું ધ્યાન રાખવામાં આવતું હતું. અનાજનો વેપાર કરનાર વણઝારાઓને તેમનીપત્ની અને બાળકો સાથે નગરમાં રહેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમને ચેતવણી આપવામાં આવી કે તેમના કોઈપણ ગેરકાનૂની કાર્યને લીધે બજારમાં ગરબડ ઊભી થશે તો તેની સજા તેમને જ નહી પણ તેમના પરિવારના સભ્યોએ પણ ભોગવવી પડશે. વળી, સરકારી અધિકારીઓ સતત આ વણઝારાઓની ગતિવિધિઓ પર ધ્યાન રાખતા. આમ એ બજારમાં ક્યારેય અનાજની તંગી ઊભી થઈ નહી.*

*ખેડૂતો પણ તેમની જરૂર પૂરતું અનાજ રાખીને બાકીનું વેચવા ઈચ્છે તો તેમણે એક સરકારી એકરારનામું ભરવું પડતું હતું કે તેમાં હસ્તાક્ષર કરવા પડતા કે તે કોઈને પણ નફાખોરી નહી કરવા દે તથા સરકારે નક્કી કરેલા ભાવે જ અનાજનું વેચાણ કરશે. જો કોઈ ખેડૂત નિયમનો ભંગ કરે તો તેનું અનાજ જપ્ત કરી લેવામાં આવતું હતું, આમ, ખેડૂતોએ પોતાનું અનાજ સસ્તા ભાવે વેચવું પડતું.*

❖ **સરકારી અન્ન ભંડાર (ગોદામ)ની સ્થાપના :**

*અલાઉદ્દીન ખિલજીએ બજારમાં અનાજનો પૂરતો પુરવઠો જળવાઈ રહે તે માટે પણ વ્યવસ્થા કરી હતી વેપારીઓ બજારમાં અનાજની કુત્રિમ અછત ઊભી કરીને ભાવો ન વધારે તે માટે તેમ જ નફાખોરી ન કરે તે માટે અનાજનો પૂરતો પુરવઠો હોવો જરૂરી હતો. વળી, દુષ્કાળ કે અતિવૃષ્ટિના સમયે અનાજની તંગી ઊભી ન થાય તે પણ જરૂરી હતું. આ માટે રાજધાનીમાં 'શાહી અનાજ ભંડાર' ઊભા કરવામાં આવ્યા. ખાલસા વિસ્તારોના અધિકારીઓને આદેશ કર્યો કે તેમણે તેમના વિસ્તારોની જમીનનો રાજભાગ એટલે કે ઉપજના અડધાભાગનું અનાજ રાજધાનીમાં પહોચતું કરવું. અધિકારીઓ સુલતાનના આદેશનું પાલન કરી અનાજનો જથ્થો રાજધાનીમાં મોકલતા.*

*બરની નોંધે છે કે "ભાગ્યે જ એવો કોઈ મહોલ્લો હશે જ્યાં ખાદ્યાન્ન ભરેલા બે થી ત્રણ સરકારી અન્ન ભંડાર ન હોય, અછતના સમયે અનાજની આપૂર્તિ માટે તેમાં અનાજનો સંગ્રહ કરવામાં આવતો. આમ દુષ્કળના સમયે પણ દિલ્હીમાં અનાજની તંગી પડતી નહોતી. "*

❖ **કાપડ બજાર :**

*અનાજ પછીનું બીજું મોટું બજાર એ કાપડ બજાર હતું. તેને 'સરાય-એ-અદલ' કહેવામાં આવતું. આ બજારમાં કાપડ ઉપરાંત ઘી, તેલ, મેવા, જડીબુટ્ટી વગેરે વેચવામાં આવતા. એ જમાનામાં કાપડ ખૂબ મોંઘુ હતું. વળી સુલતાને કાપડના ભાવ પણ નક્કી કર્યા હતાં તેથી કોઈ વેપારી કાપડનો વેપાર કરવા તૈયાર થતો નહી.*

*આથી સુલતાને મુલતાની વેપારીઓને ૨૦ લાખ રૂપિયા પેશગી (એડવાન્સ) આપ્યા. તથા તેમને આદેશ કર્યો કે તેઓએ તેમનું કાપડ માત્ર-સરાયે-એ-અદલમાં જ વેચવું. વળી તેઓએ જે ભાવમાં કાપડ ખરીદ્યું હોય તે જ ભાવે વેચવાનું હતું સુલતાન*

તરફથી તેમને તેમના રોકાણના પ્રમાણમાં કમિશન આપવામાં આવતું. નિયમોનું ચુસ્ત રીતે પાલન થાય તે માટેની જવાબદારી પણ વેપારી મંડળને જ સોંપી હતી.

વળી સરાયે- એ-અદલમાંથી ખરીદેલું મોઘુ કાપડ અન્ય શહેરોમાં ચાર કે પાંચ ગણા ભાવે ન વેચાય તે માટે પણ એક અધિકારીની નિમણૂક કરી હતી. કિંમતી સામાન ખરીદતાં પહેલા જે તે મલિક કે અમીરને સરકારી અધિકારી પાસેથી મંજૂરી મેળવવી પડતી હતી.

❖ **રેશનિંગ પ્રથા :**

દુષ્કાળ અને અતિવૃષ્ટિના સમયે જયારે અનાજની તંગી હોય ત્યારે પ્રજાને સસ્તા ભાવે અનાજ મળી રહે તે માટે સુલતાન અલાઉદ્દીન ખિલજીએ રેશનિંગની વ્યવસ્થા કરી હતી. અછતના સમયે દરેક દુકાનદારને તેના વિસ્તારની વસ્તીને ધ્યાનમાં રાખીને સરકારી અનાજ ભંડારમાંથી અનાજ આપવામાં આવતું. આ વેપારી તેના વિસ્તારની અનાજની જરૂરિયાત પૂરી કરતો. કોઈપણ વ્યક્તિ એક દિવસમાં અડધા મણથી વધારે અનાજ ખરીદી શકતો નહી. જોકે અમીરોને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવ્યા હતાં. બરની લખે છે કે "અલાઉદ્દીનની ઉપરોક્ત વ્યવસ્થાને કારણે દુષ્કાળના દિવસોમાં પણ અનાજની કિમતોમાં એક દામ કે એક દિરહમનો વધારો થયો નહતો. "

❖ **બેઈમાની માટે કડક સજાની જોગવાઈ**

જો કોઈ દુકાનદાર કે વેપારી સરકારના નિયમોનો ભંગ કરે તો તેના માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી હતી. જો કોઈ વેપારી વજનમાં હલકા બાટનો ઉપયોગ કરે તો જેટલું વજન ઓછુ હોય તેટલું માંસ તેના શરીરમાંથી કાપી લેવામાં આવતું. સરકારે નક્કી કરેલા ભાવથી જ વસ્તુઓનું વેચાણ કરવું પડતું. જો કોઈ વેપારી નક્કી થયેલા મૂલ્યથી એક જીતલ પણ વધારે લેતો તેનો બધો માલ જપ્ત કરી લેવામાં આવતો. આથી કોઈપણ વેપારી બેઈમાની કરતો પહેલા સો વાર વિચાર કરતો.

❖ **દલાલોની હકાલપટ્ટી**

સામાન્ય રીતે જ્યાં વેપાર હોય ત્યાં દલાલો પણ હોય જ છે. અલાઉદ્દીનના સમયમાં ખાસ કરીને ઘોડા બજારમાં દલાલોની ભૂમિકા જણાઈ આવી હતી. મુલતાની અને અફઘાની વેપારીઓ ઘોડાનો વેપાર કરતો દલાલો તેમની પાસેથી ઘોડા ખરીદી લઈ પછી ઊંચી કિંમતે વેચતા અથવા તો દલાલો ઘોડાના વેપારીઓ સાથે સાંઠગાંઠ કરી લેતા. બરની નોંધે છે કે "ધનવાન દલાલો સરકારી અફસરો જેટલા જ શક્તિશાળી હતાં. પોતાના વ્યવહારમાં બેશરમીથી લાંચ લેતા અને ભ્રષ્ટ વ્યવહારોમાં લિપ્ત રહેતા."

અલાઉદ્દીને આવા દલાલો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી તેમને શહેરમાંથી નિર્વાસિત કરી દીધા હતાં. ઘણા દલાલોને કિલ્લામાં બંધ કરી દેવામાં આવ્યા. બીજા દલાલોની મદદથી ઘોડાની કિંમતો નક્કી કરવામાં આવી. અલાઉદ્દીનનો આગ્રહ હતો કે ઘોડાના

વેપારીઓએ તેમના ઘોડા માત્ર સરકારને જ વેચવા. જો કે આ બાબતમાં કેટલી સફળતા મળી હશે એના વિશે ખાસ માહિતી ઉપલબ્ધ નથી.

**❖ સંગ્રહખોરીની મનાઈ**

અલાઉદ્દીન ખિલજીએ કોઈપણ જાતની જીવનજરૂરિયાતની વસ્તુઓના સંગ્રહ પર કડક પ્રતિબંધો મુક્યા હતાં. વેપારી કે ખેડૂત કોઈને પણ સંગ્રહ કરવાનો અધિકાર ન હતો. બરની લખે છે કે "ખેડૂત પણ ૧૦ મણથી વધારે અનાજ પોતાની પાસે રાખી શકતો નહીં."

**❖ અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારાના પરિણામ :**

(I) અલાઉદ્દીનના આર્થિક સુધારા તે સમય પૂરતા તેના હેતુઓ સિદ્ધ કરવામાં સફળ રહ્યા. તેની ઈચ્છા હતી કે દરેક વસ્તુ નક્કી કરેલા મૂલ્ય પ્રમાણે જ વેચાય બરની નોંધે છે કે "જ્યાં સુધી અલાઉદ્દીન ખિલજીએ શાસન કર્યું ત્યાં સુધી વસ્તુઓનું મૂલ્ય ન ઘટ્યું કે જ વધ્યું પરંતુ નિશ્ચિત રહ્યું." વસ્તુઓની કિમત સ્થિર રાખવા પાછળનો અલાઉદ્દીનનો આશય વિશાળ સૈન્ય નિભાવવાનો હતો. આ હેતુમાં તે સફળ થયો હતો. તેનું વિશાળ સૈન્ય દરેક મોરચે વિજયી સાબિત થયું હતું.

અલાઉદ્દીનના બજાર નિયંત્રણથી દિલ્લીવાસીઓને વિશેષ લાભ થયો. કારણ કે તેમને દરેક વસ્તુ સામાન્ય કિંમતમાં મળી રહેતી હતી તેમાં ભ્રષ્ટાચાર કે વસ્તુઓના વધારે ભાવ લેવાની કોઈ શક્યતા ન હતી. કે. એસ. લાલ લખે છે કે,

(II) "અલાઉદ્દીનના શાસનનું વાસ્તવિક મહત્ત્વ વસ્તુઓનું મૂલ્ય નિશ્ચિત રાખવામાં રહેલું છે. જે ખરેખર એ યુગમાં એક આશ્ચર્ય ગણાવામાં આવ્યું હતું"

(III) અલાઉદ્દીનની બજાર નિયંત્રણ વ્યવસ્થા કેટલેક અંશે સફળ થઈ હોવા છતાં તે સામાન્ય જનસમાજ માટે હિતકર નહોતી, ખેડૂતોને તેનાથી કોઈ જ લાભ થયો નહોતો કારણ કે તેમણે ઉપજનો અડધો ભાગ કર તરીકે આપી દેવો પડતો હતો અને બાકીનો ભાગ સરકારે નક્કી કરેલા ભાવે જ વેચવો પડતો. વળી તેણે વેચેલા માલ કરતો મોંઘા ભાવે વસ્તુઓ ખરીદવી પડતી હતી.

(IV) આ વ્યવસ્થાથી કારીગરોને પણ કોઈ ફાયદો થયો નહીં કારણ કે તેમણે બનાવેલી વસ્તુઓ તેમણે ખૂબ ઓછા ભાવે વેચવી પડતી હતી.

(V) વેપારી વર્ગને પણ તેનાથી સંતોષ થયો નહીં કારણ કે અલાઉદ્દીને તેમને વેપાર કરવાની ફરજ પાડી હતી. વેપારીઓ પર કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા હતાં. વેપારીઓના કુટુંબીજનોને બંધક બનાવવામાં આવ્યા હતાં. કે. એસ.લાલ લખે છે "કદાચ સુલતાનનો આશય નિર્ધન ખેડૂતો પર જુલમ કરવાનો ન હતો અને તેમના કોઈ પ્રશ્નો પણ ન હતાં છતાં રાજ્યની આવશ્યકતાઓએ તેને આવા કડક પગલાં ભરવા મજબૂર કર્યો હતો. તેણે સૈન્યના હિતો માટે ખેતી અને વેપારના હિતોનો ત્યાગ કર્યો." ડૉ.એસ.રોય લખે છે કે "અલાઉદ્દીનની બજાર વ્યવસ્થાથી આખા દેશનું ધન રાજધાનીમાં જમા થયું.દિલ્હીમાં અનાજનો સંગ્રહ એટલી હદ સુધી થયો કે ઈ. સ. 1334 માં દિલ્હી આવેલ

*ઈબ્નબતુતાએ તે ચોખા ખાધા હતાં. તેનાથી દિલ્હી અને સૈન્યને લાભ થયો પરંતુ તે આર્થિક સિદ્ધાંતોથી વિરુદ્ધ હતી. જેથી અલાઉદ્દીનના મૃત્યુ સાથે જ તેની બજાર વ્યવસ્થા પણ સમાપ્ત થઈ ગઈ. "*

**તમારી પ્રગતિ ચકાસો –5**

**અ. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

(i) *અલાઉદ્દીન ખિલજીએ આર્થિક સુધારા શા માટે કર્યા.*

(ii) *અલાઉદ્દીન ખિલજીએ ઘોડાનું મૂલ્ય કેટલું નક્કી કર્યું હતું?*

(iii) *અલાઉદ્દીને કયા કયા ત્રણ બજારો ઊભા કર્યા હતાં?*

(iv) *કાપડ બજાર કયા નામે ઓળખાતું હતું?*

(v) *અલાઉદ્દીનના સમયમાં ખેડૂત વધુમાં વધુ કેટલું અનાજ પોતાની પાસે રાખી શકતો?*

**બ. ટૂંકનોંધ લખો.**

1. *ભાવ નિયમન*

2. ખાદ્યાન્ન બજાર

3. રેશનિંગ પ્રથા

4. અલાઉદ્દીન ખિલજીના આર્થિક સુધારાનાં પરિણામો

7.7.4 **અલાઉદ્દીન ખિલજીના અન્ય સુધારા**

*અલાઉદ્દીન ખિલજીના મહેસૂલી સુધારા, આર્થિક સુધારા, લશ્કરી સુધારા આપણે આગળ જોયા તે સિવાય બીજા કેટલાક પોલીસ અને ન્યાયવ્યવસ્થાને લગતા સુધારા આપણું ધ્યાન ખેંચે છે. તેના સામાજિક સુધારા પણ મહત્ત્વના હતાં, જે આપણે આગળ હવે જોઈએ.*

❖ **મજબૂત ગુપ્તચર વિભાગની સ્થાપના :**

*અલાઉદ્દીના શાસનના શરૂઆતના કાળમાં જ રાજ્યમાં વિદ્રોહ થયા હતાં. અલાઉદ્દીને તપાસ કરતો જાણવા મળ્યું કે નબળી ગુપ્તચર વ્યવસ્થા તેને માટે જવાબદાર છે.*

તેથી તેણે ગુપ્તચર વિભાગ તરફ વિશેષ ધ્યાન આપ્યું. રાજધાનીમાં ગુપ્તચર વિભાગની સ્થાપના કરવામાં આવી. આ વિભાગનો અધિકારી 'બરીદ-એ-મુમાલિક' કહેવાતો તેના હાથ નીચે અનેક બરીદ (ગુપ્તચર)રહેતા. મોટાં શહેરો, નગરો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તેમની નિમણૂક થતી. તેમણે રોજે રોજની ઘટનાઓની જાણકારી સુલતાન સુધી પહોંચાડવાની હતી. ઈમાનદાર વ્યક્તિઓની બરીદ તરીકે નિમણુક થતી ડો. કુરેશીના મત મુજબ "જો કોઈ ગુપ્તચર કોઈ મહત્ત્વની ઘટનાની જાણકારી સુલતાન સુધી પહોચાડવામાં નિષ્ફળ જાય તો તેણે પોતાના જીવથી હાથ ધોવા પડતા હતાં" બરીદ ઉપરાંત મુન્હી નામના બીજા બાતમીદારોની નિમણૂક કરવામાં આવી હતી. જે લોકોનાં ઘરોમાં, દફતરોમાં પ્રવેશ કરી શકતા અને લોકોને ઘરોની માહિતી પણ સુલતાન સુધી પહોંચાડતા.બરની લખે છે, કે "ગુપ્તચરોના ડરથી અમીરોએ હજાર સિતૂન (ખુલ્લા મેદાન) માં પણ ઊંચેથી બોલવાનું બંધ કરી દીધું હતું અને તેમણે કઈ કહેવું હોય તો સંકેતો દ્વારા વાત કરતો અથવા ગુપચુપ વાતો કરતા. ગુપ્તચરોની ગતિવિધિઓને કારણે તેઓ પોતાના ઘરમાં પણ રાત-દિવસ કાંપતા રહેતા.

**❖ કુશળ પોલિસ વિભાગની સ્થાપના**

અલઉદ્દીન ખિલજીએ સ્થાનિક અપરાધો પર અંકુશ મેળવવા પોલીસ વિભાગને મજબૂત બનાવ્યો હતો. રાજધાની અને મોટાં નગરોમાં પોલીસ વિભાગના અધિકારી તરીકે 'કોટવાળ' નિમણૂક કરી હતી. તે કાનૂન અને શાંતિની જાળવણી કરતો, સુલતાનની ગેરહાજરીમાં રાણીવાસની સુરક્ષાની જવાબદારી પણ કોટવાળની રહેતી આથી વિશ્વાસુ અને પ્રતિષ્ઠિત વ્યક્તિને આ હોદ્દા પર નિમવામાં આવતો હતો. દિલ્હીના કોટવાળ અલાઉલીન મુલ્કનો અલાઉદ્દીન ખિલજી પર ખૂબ પ્રભાવ હતો. ઘણીવાર સુલતાન તેની સલાહ લેતો હતો.કોટવાળે આ વિભાગમાં અનેક લાયક વ્યક્તિઓની નિમણૂક કરી હતી.

**❖ ન્યાય વિષયક સુધારા**

અલાઉદ્દીને પ્રજાને નિષ્પક્ષ ન્યાય મળે તે માટે પણ પ્રયાસ કર્યા હતાં. સ્વયં સુલતાન સર્વોચ્ચ ન્યાયધીશ હતો. ન્યાયની બાબતમાં તે એકદમ કઠોર અને નિષ્પક્ષ હતો તથા લાગણી શૂન્ય હતો. ન્યાયની બાબતમાં તે કોઈ ભેદભાવ રાખતો નહીં. તેણે શક્ય એટલી હદે રાજ્યવહીવટને ધર્મથી અલગ કરવાનો પ્રયાસ કર્યો હતો. બરની નોંધે છે "અલાઉદ્દીન એ વાત પર વિશ્વાસ કરતો હતો કે રાજ્ય અને વહીવટ સંબંધી વિષય શરિયતના નિયમો અને આદેશોથી અલગ છે. અલાઉદ્દીને દિલ્હીના કાજી મુગીસને એકવાર કહ્યું હતું કે :શું યોગ્ય અને શું અયોગ્ય છે એ હું નથી જાણતો હું એવા આદેશ આપું છું જે રાજ્યના કલ્યાણ માટે જરૂરી હોય પછી ભલે શરિયત (ઇસ્લામી કાનૂન) મને તેની મંજૂરી આપે કે ન આપે" આમ અલાઉદ્દીને વહીવટ અને ન્યાયતંત્ર પરનો ધર્મનો (ઉલેમાઓનો) અનુચિત પ્રભાવ દૂર કર્યો હતો.

એક શરાબ પીનાર કાજીને તેણે આકરો દંડ કર્યો હતો. ન્યાયધીશો નૈતિક મૂલ્યોનું પાલન કરે તેવો તેણે આગ્રહ રાખ્યો હતો.

*સદ્ર-એ-જહા-કાજી-ઉલકુજાત ન્યાય વિભાગનો મુખ્ય અધિકારી હતો. તેના હાથ નીચે નાયબ કાજી, મુફતી વગેરે રહેતા. મુફતી મુસ્લિમ કાનૂનનો જાણકાર હતો.*

### ❖ દંડવ્યવસ્થા

*અલાઉદ્દીનના શાસનકાળમાં દંડવ્યવસ્થા કઠોર હતી. શિરચ્છેદ, અંગભંગ, ગુનેગારોને બેડીઓ પહેરવી બંદી બનાવવા એ સામાન્ય બાબત. ચાબુક મારવાની પ્રથા પણ પ્રચલિત હતી. ગુનો કબુલ કરાવવા ગુનેગારોને કઠોર યાતનાઓ આપવામાં આવતી હતી. આપણે આગળ જોયું તેમ ઓછું તોલનાર વેપારીના શરીરમાંથી એટલું જ માંસ કાપી લેવામાં આવતું હતું પરસ્ત્રીગમન કરનારને પથ્થરથી મારી નાખવાની સજા કરવામાં આવતી હતી. ગુનેગારોમાં ભય પેદા કરવા તેણે ભયાનક કારાગૃહો બંધાવ્યાં હતાં.*

### ❖ ટપાલવ્યવસ્થા

*અલાઉદ્દીન ખિલજીએ રાજ્યના વિવિધ ભાગોમાં સંપર્ક જાળવી રાખવા ટપાલવ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. તેણે ઠેરઠેર ટપાલ ચોકીઓની સ્થાપના કરી હતી. ઉપરાંત સૈન્યને જ્યારે આક્રમણ માટે મોકલવામાં આવતું ત્યારે રસ્તામાં ઠેરઠેર ચોકીઓ ઊભી કરવામાં આવતી. દરેક ચોકીઓમાં ઘોડેસવારની નિમણૂક કરવામાં આવતી. આ ઘોડેસવારો સૈન્યની રોજે રોજની ગતિવિધિઓની જાણકારી સુલતાન સુધી પહોંચાડતા. અલાઉદ્દીને ટપાલવ્યવસ્થામાં કોઈ મૌલિક પરિવર્તન નહોતું કર્યું પરંતુ તેની ક્ષમતામાં વધારો કર્યો હતો.*

### ❖ સામાજિક સુધારા

*અલાઉદ્દીન ખિલજીએ શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવ્યા હતાં, પોતે પણ શરાબનો ત્યાગ કર્યો હતો. રાજધાનીમાં જેટલો પણ શરાબનો જથ્થો હતો તેનો તેણે નાશ કરાવી દીધો હતો. દારૂ વેચનારા ક્લાલોદલાલોને શહેરની બહાર ચાલ્યા જવાનું ફરમાન બહાર પાડ્યું હતું. દિલ્હીથી 20/25 કિ. મી. દૂર ગયા પછી જ દારૂ મળી શકતો હતો.આટલાં કડક પગલાં છતાં દારૂબંધી સફળ ન થતાં તેણે અમીરોને તેમના ઘરમાં દારૂ બનાવીને પીવાની છુટ આપી હતી પરંતુ શરાબની મહેફિલો તેણે બંધ કરાવી હતી.*

*શરાબ ઉપરાંત તમાકુ, ભાંગ, તાડી જેવી નશીલી વસ્તુઓના સેવન પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.*

*જાદુ, ટોણા કરીને ભોળા લોકોને છેતરનારા ઠગોને પણ ઢોર માર મારીને મરાવી નાખ્યા હતાં.*

*વ્યભિચાર અને વેશ્યાવૃત્તિ પર તેણે પ્રતિબંધ મૂક્યા હતાં. ચરિત્રહીન સ્ત્રીઓ માટે મૃત્યુદંડની સજા નક્કી કરી હતી. આપગલાંથી તેણે ઉલેમા વર્ગની સહાનૂભૂતિ મેળવી હતી.*

**તમારી પ્રગતિ ચકાસો- 6**

**અ. નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ આપો.**

1 *અલઉદ્દીન ખિલજીના સમયમાં ગુપ્તચર વિભાગનો વડો કયા નામે ઓળખાતો હતો ?*

2. *સલ્તનત યુગમાં મોટાં નગરોમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખનાર અધિકારી કયા નામે ઓળખાતો ?*

3. *અલાઉદ્દીન ખિલજીએ દારૂબંધી માટે કયાં પગલાં ભર્યા હતાં?*

4. *અલાઉદ્દીન ખિલજીના સમયમાં ટપાલવ્યવસ્થા કેવી હતી?*

**બ. ટૂંકનોંધ લખો.**

1 *અલાઉદ્દીન ખિલજીની ગુપ્તચર વ્યવસ્થા*

2 *અલાઉદ્દીન ખિલજીની ન્યાયવ્યવસ્થા*

3 અલાઉદ્દીન ખિલજીના સમયની પોલીસ વ્યવસ્થા

4 અલાઉદ્દીન ખિલજીના સામાજિક સુધારા

## 7.8. **સારાંશ**

*એક કુશળ વહીવટકર્તા અને સુધારક તરીકે અલાઉદ્દીન ખિલજી દિલ્હી સલ્તનતયુગના શાસકોમાં સૌથી ઊંચું સ્થાન ધરાવે છે. તે નિરંકુશ શાસક હોવા છતાં પ્રજા કલ્યાણના કાર્યમાં રુચી રાખતો હતો. તેણે રૂઢિચુસ્ત ઉલેમા વર્ગને પોતાને શરણે થવા મજબૂર કર્યો હતો. રાજવહીવટમાં તે સ્વેચ્છાચારી હતો. તેના બધા જ મંત્રીઓ તેના સેવકો હતાં.તે ન્યાયપ્રિય શાસક હતો. તેણે અપરાધીઓને કડક સજા કરી હતી. તેણે સ્વેચ્છાચારી અમીર વર્ગને કાબુમાં કરવા તેમના પ્રત્યે કઠોર નીતિ અપનાવી. સૈનિકોની સીધી ભરતી, રેશનિંગ વ્યવસ્થા, જમીનની માપણી, માપને આધારે જમીન મહેસૂલ, ઘોડાને છાપ લગાવવાની પ્રથા, સૈનિકોનું વર્ણન લખવાની પ્રથા, સૈનિકોને રોકડમાં પગાર, બજાર વ્યવસ્થા, ટપાલ વ્યવસ્થા અને ગુપ્તર વિભાગ વગેરે સુધારા તેને કુશળ શાસક પુરવાર કરે છે.*

*અલાઉદ્દીન ખિલજી નિરક્ષર હોવા છતાં ભારતીય ઈતિહાસમાં એક મહાન વ્યક્તિ વીર વિજેતા, કુશળ સેનાનાયક અને સમાજસુધારકહતો. તે ધાર્મિક વ્યક્તિ હોવા છતાં પણ ધર્માન્ધ ન હતો. શરાબખાનાં અને જુગારખાનાં બંધ કરાવી ને તેણે આ દૂષણો દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ભલે તેનો ઉદ્દેશ રાજકીય હતો તેમ છતાં તેનો ફાયદો*

*સમાજને જરૂર થયો હશે. ટૂંકમાં મધ્યકાલીન ભારતમાં અકબર અને શેરશાહને છોડીને તે સૌથી સફળ શાસક હતો. કેટલીક બાબતોમાં તે તેમના માટે પ્રેરક અને માર્ગદર્શક હતો.*

## 7.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો – 2

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *નવ મુસલમાનો* 2. *અખતખાન* 3. *બહેન* 4. *દિલ્હીનો કોટવાલ*

## 7.10 સંદર્ભસૂચિ


1. डो, कैलाश : मध्यकालीन भारतA इतिहास भाग-१ प्रथम संस्करण २००७, प्रकाशन अर्जुन : पब्लिकेशन हाउस नई दिल्ही .
2. मजुमदार रमेशचंद्र हेमचंद्र : भारतमाँ बुहत् इतिहास भाग-2 Third Edition-1970 Reprinted 1889, MACMILAN INDIA LIMITED, हेमचंदराय चौधरी, कालिकिकर दत्त
3. सतीशयन्द्र : मध्यकालीन भारत *सल्तनत* से मुगलकाल तक (दिल्ही *सल्तनत* १२०६-१५२६), षष्टम् संशोधित संसकरण : २०१३, प्रकाशक: जवाहर पब्लीकर्स एंड डिस्ट्रीब्यूटर्स)
4. गोहित राजीवकुमार : भारतका इतिहास विश्वकोश भाग-१ मध्यकालीन भारतका इतिहास सलतनतकाल, प्रथम संस्क्ररण-२०१०रजत प्रकाशन नई दिल्ही.
5. इरफ़ान हेबीब(संघा) : मध्यकालीन भारत भाग-4 राजकमल प्रकाशन प्रद्वेद लिमिटेड, नई दिल्ही १९९२
6. पाठक रश्मि : दिल्ही सलतनत का इतिहास अर्जुन पब्लिशिंग हाउस नई दिल्ही २००३
7. डॉ. परूथीआर. के. : सल्तनतकालीन भारतमें शासन व्यवस्था, अर्जुन पब्लिकेशन हाउस नई दिल्ही- २००५.
8. સ્વ .નાયક ડૉ .છોટુભાઈ રણછોડજી :મધ્યયુગીન ભારત ખંડ-૨ ગુજરાત યુનવિર્સટિી ,અમદાવાદ 1984
9. ડૉ .ધારૈયા આર .કે .તથા અન્ય : મધ્યકાલીન ભારતનો ઈતહિાસ સી . જમનાદાસ કંપની શાહીબાગ રોડ અમદાવાદ.

| એકમ- 8 | તુઘલક વંશ મોહમ્મદ તુઘલક અને ફિરોજશાહ તુઘલક |
|---|---|

## રૂપરેખા :

8.0 ઉદ્દેશ્યો
8.1 પ્રસ્તાવના
8.2 મોહમ્મદ તુઘલક
8.3 મોહમ્મદ તુઘલકનું વ્યક્તિત્વ
8.4 મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી (તરંગી) યોજનાઓ
8.4.1 રાજધાનીનું સ્થળાંતર
8.4.2 પ્રતીક મુદ્રા યોજના
8.4.3 દોઆબ પ્રદેશમાં કરવૃદ્ધિ
8.4.4 ખેતીવાડી ખાતાની સ્થાપના
8.4.5 પ્રદેશો જીતવાની યોજનાઓ
8.4.5.1 ખુરાસન અને ઈરાક જીતવાની યોજના
8.4.5.2 કરચીલ જીતવાની યોજના
8.4.6 સામ્રાજ્યમાં થયેલા વિદ્રોહો અને મોહમ્મદ તુઘલકએ લીધેલા લશ્કરી પગલાંઓ
8.4.7 મૂલ્યાંકન
8.5 ફિરોઝશાહ તુઘલક
8.5.1 આર્થિક સુધારા : કરવેરા
8.5.2 ખેતીમાં સુધારા
8.5.3 સિંચાઈ વ્યવસ્થા
8.5.4 ન્યાયવ્યવસ્થા
8.5.5 જાહેર બાંધકામોને પ્રોત્સાહન
8.5.6 શિક્ષણને ઉત્તેજન
8.5.7 સાહિત્યનો વિકાસ
8.5.8 લશ્કરી સુધારા
8.5.9 લોકકલ્યાણના કાર્યો.
8.5.9.1 દીવાન-ઇ- ખેરાત
8.5.9.2 દારૂલ સફા
8.5.9.3 બેકારી સ્મસ્યા

**8.5.10 ગુલામો અંગેના સુધારા**

**8.5.11 ફિરોઝશાહનું મૂલ્યાંકન**

**8.6 ચાવીરૂપ શબ્દો**

**8.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**8.8 સંદર્ભો ગ્રંથો**

## 8.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *સુલતાન મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી(તરંગી) યોજનાઓ વિશે જાણી શકશો.*
- *સુલતાન મોહમ્મદ તુઘલકના વિજયો વિશે પરિચય મેળવશો.*
- *સુલતાન ફિરોઝશાહ તુઘલક વિશે માહિતી પ્રાપ્ત કરશો.*

## 8.1 પ્રસ્તાવના

*દિલ્લી સલ્તનતના સમય દરમિયાન ખીલજીવંશના પતન બાદ ગ્યાસુદ્દીન તુઘલકે દિલ્લીની ગાદી પર તુઘલકવંશની સ્થાપના કરી હતી. આ વંશના સુલતાનોએ 68 વર્ષ સુધી દિલ્લી સલ્તનતની સત્તા સંભાળી હતી. તુઘલકવંશના શાસન દરમિયાન ગ્યાસુદ્દીન તુઘલક (ઈ.સ.1320 થી ઈ.સ.1325), મોહમ્મદ તુઘલક (ઈ.સ.1325 થી ઈ.સ.1351), ફિરોઝશાહ તુઘલક (ઈ.સ.1351 થી ઈ.સ.1388) અને ત્યારબાદ તેના ઉત્તરાધિકારીઓ જેવા કે ગ્યાસુદ્દીન બીજો, અબુબકર નાસિરૂદ્દીન, મુહમ્મદ, અલાઉદ્દીન સિકંદર શાહ, નાસિરૂદ્દીન મહમૂદશાહ જેવા શાસકો થઈ ગયા. જેમણે ઈ.સ.1388 થી ઈ.સ.1414 સુધી રાજ્ય કર્યુ હતું. નાસિરૂદ્દીન મહમૂદ શાહના સમયમાં ચગતાઈ તુર્ક સરદારએ વિપુલ ધનસંપત્તિ લૂંટવાની ઈચ્છાથી ભારત પર ઈ.સ.1398-99 દરમિયાન આક્રમણ કર્યું. જેણે તુઘલક સામ્રાજ્યને મરણતોલ ફટકો માર્યો. પરિણામ સ્વરૂપ તુઘલકવંશનું પતન થયુ હતું અને ઈ.સ.1414માં સૈયદ વંશની સ્થાપના થઈ હતી.*

*તુઘલક વંશમાં આપણે સૌ પ્રથમ મોહમ્મદ બિનતુઘલક વિશે માહિતી મેળવીએ.*

## 8.2 મોહમ્મદ તુઘલક

*મોહમ્મદ તુઘલકનું મૂળનામ ફખ્રુદ્દીન મોહમ્મદ જોનાખાન હતું. તે બાળપણથી જ તેજસ્વી અને બુદ્ધિશાળી હતો. તે ફારસી અને અરબી સાહિત્યનો મોટો વિદ્વાન હતો. ખગોળશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ઔષધવિદ્યા, વક્તૃત્વકળામાં તે નિષ્ણાંત હતો. સુલતાન ખુસરોખાનના સમયમાં તે 'અમિ-એ-અખુર ' (શાહી તબેલાનો અધ્યક્ષ) હતો. પિતા સાથે રહીને તેણે ખુસરોખાનના શાસનને ઉથલાવી દેવા માટે પ્રજાને ભડકાવી હતી. ઈ.સ.1320 ગ્યાસુદ્દીન સુલતાન બન્યો. પિતાના શાસન દરમિયાન તેણે વારંગલના રાજા પ્રતાપ રૂદ્રદેવને હરાવી મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી હતી. ગ્યાસુદ્દીનના સમય દરમિયાન*

*તેને ‘ઉલુઘખાન’નો ખિતાબ આપવામાં આવ્યો અને વારસદાર જાહેર કરવામાં આવ્યો હતો.*

## 8.3 મોહમ્મદ તુઘલકનું વ્યક્તિત્ત્વ

*ઈ.સ.1325માં મોહમ્મદ તુઘલક ‘મોહમ્મદ બિન તુઘલક’ નામ ધારણ કરી ગાદી પર આવ્યો હતો. તેના દરબારમાં શેખ નિઝામુદ્દીન ઓલિયા અને શેખ રૂકનુદ્દીન જેવા વિદ્વાનો હતા. હિંદુ સંતો તથા જૈન સાધુ-સંતો સાથે ધાર્મિક ચર્ચાઓ યોજવામાં તે મુઘલ સમ્રાટ અકબરનો પુરોગામી હતો. મોહમ્મદ તુઘલક પોતાના વ્યક્તિગત જીવનમાં ચુસ્ત મુસલમાન હતો પરંતુ ઈસ્લામના નિયમોનું પાલન તે પોતાની બુદ્ધિ અને સમજ પ્રમાણે કરતો હતો.*

*મોહમ્મદ તુઘલક નવીનતાનો શોખીન હતો. શાસન દરમિયાન તેણે નવી નવી યોજનાઓ બનાવી પંરતુ તેને અમલમાં મૂકતા વ્યવહારૂ દ્રષ્ટિ ન રાખતા તે પ્રજાની ઉપેક્ષાઓનો ભોગ બન્યો હતો. તેની નવીન યોજનાઓના પરિણામ નિષ્ફળતામાં આવ્યા હતાં. મોહમ્મદ તુઘલકના વ્યક્તિત્ત્વ, ચરિત્ર, શાસક તરીકેની કામગીરી, સુધારાઓ, લશ્કરી પ્રવૃત્તિઓ જેવા પાસાં પર વિદ્વાનોએ જુદી જુદી રીતે લખ્યુ છે. મોહમ્મદ તુઘલકના સમકાલીન ઈતિહાસકારો ઝિયાઉદ્દીન બર્ની અને ઈબ્નબતૂતાએ પણ તેમના લખાણોમાં તેના હકારાત્મક પાસાં કરતા નકારાત્મક પાસાં પર વધુ લખ્યું છે.*

*મોહમ્મદ તુઘલકના શાસનના પ્રથમ દશ વર્ષમાં(ઈ.સ.૧૩૨૫-૩૫) સામ્રાજ્યમાં શાંતિ સ્થપાયેલી હતી. પરંતુ પછીના પંદર વર્ષ સામ્રાજ્યમાં ઠેર ઠેર અરાજકતા, બળવાઓની પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા તથા સુધારા કાર્યને ચાલુ રાખવા તેણે અથાગ પ્રયત્નો કર્યા હશે એમ કહી શકાય.*

*હવે આપણે મોહમ્મદ તુઘલકની પાંચ મહત્ત્વકાંક્ષી(તરંગી) યોજનાઓ વિશે ચર્ચા કરીએ.*

## 8.4 મોહમ્મદ તુઘલકની મહત્ત્વકાંક્ષી (તરંગી) યોજનાઓ

### 8.4.1 રાજધાનીનું સ્થળાંતર

*ઈ.સ.1327માં મોહમ્મદ તુઘલકે પોતાની રાજધાની દિલ્લીથી 1500 કિ.મી. દૂર દેવગીરી બદલવાનું નક્કી કર્યું. તેણે દેવીગીરીને નવું નામ દોલતાબાદ આપ્યું. તેણે પાટનગરનું સ્થળાંતર કરવા માટે જે કારણો આપ્યા તે આ મુજબ છે.*

- *આ સમયે દિલ્લી સલ્તનતનો સીમા વિસ્તાર ઉત્તર પંજાબથી માંડીને બંગાળ સુધી અને દક્ષિણે મદુરાઈ સુધી ફેલાયેલો હતો. દિલ્લીથી દક્ષિણના પ્રદેશોનો વહીવટ કરવાનું કાર્ય મુશ્કેલ હતુ. જ્યારે દોલતાબાદનું સ્થાન વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્ત્વનું હતુ. ઝિયાઉદ્દીન બર્નીના જણાવ્યા પ્રમાણે “દેવગીરી સામ્રાજ્યની મધ્યમાં આવેલું*

હતું. દિલ્લી, ગુજરાત, લખનૌ, મદુરાઇ, દ્વારસમુદ્રમ, કામ્પિલ વગેરે દોલતાબાદથી સમાન અંતરે આવેલા હતા."

- પ્રો.ગોર્ડનર બ્રાઉન જણાવે છે કે "વાયવ્ય સરહદ પરથી થતાં મુઘલોના આક્રમણોથી દિલ્લી સુરક્ષિત ન હતું. મુઘલ આક્રમણનો ભય જયાં સતાવી ન શકે તેવા કોઇક સલામત સ્થળે રાજધાની હોય તો સારૂ એવો સુલતાનનો વિચાર ખરો. દેવગીરીનું સ્થાન સુરક્ષિત હતુ." તેથી મુઘલોના સતત આક્રમણથી બચવા માટે સામ્રાજ્યની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર દિલ્લીથી દેવગીરી લઇ જવાનું સુલતાનને યોગ્ય લાગ્યું.
- ઉત્તરના રાજ્યો પર દિલ્લી સલ્તનતની વ્યવસ્થા હતી જ્યારે દક્ષિણના રાજ્યો પર થોડા સમય પહેલા જ દિલ્લી સલ્તનતની સત્તા સ્થપાઇ હતી. તેથી જો રાજધાની દક્ષિણમાં ખસેડવામાં આવે તો નવા જોડાયેલા પ્રદેશોનો વહીવટ યોગ્ય રીતે થઈ શકે.

મોહમ્મદ તુઘલકે નવી રાજધાનીમાં કચેરીઓ, અમલદારો અને લોકોના નિવાસ માટે મકાનોનું નિર્માણ કરાવ્યું. જેની પ્રશંસા ઈબ્નબતૂતાએ પોતાના ગ્રંથમાં કરી છે. દિલ્લીથી શાહી દરબાર અને સરકારી તંત્રએ લોકોને તબ્બકાવાર લઈ જવાની અને દોલતાબાદ સુધીના માર્ગો પર સ્થળાંતર કરતા લોકો માટે વિરામસ્થાનો, પાણી-ખોરાકની તમામ સગવડો પૂરી પાડવાની વ્યવસ્થા કરાવી હતી. સુલતાનનો આદેશ દિલ્લીના તમામ લોકોને દોલતાબાદ જવાનો હતો તેનું આ કાર્ય લોકો માટે ભારે વિપત્તિકારક સાબિત થયું. આ સમયે વાહનવ્યવહારનો એટલો વિકાસ થયો ન હોવાથી લોકોને રસ્તામાં ઘણા કષ્ટો સહન કરવા પાડ્યાં. અનેક માણસોના મૃત્યુ થયા. સુલતાને પોતી વ્યવહારૂ નીતિ અપનાવી માત્ર સરકારી કચેરીઓને ત્યાં ખસેડી હોત તો દરબારીઓ,અમલદારો,વેપારીઓ આપોઆપ ત્યાં આવીને વસવાટ કર્યો હોત અને પ્રજાને આ મુશકેલી વેઠવી ન પડી હોત,

થોડા સમય બાદ મોહમ્મદને પ્રજાની મુશ્કેલીનો ખ્યાલ આવતા પુનઃ રાજધાની દિલ્લી લઈ જવાનો હુકમ ફરમાવ્યો.લોકોને પાછા ફરવામાં ઘણી મુશ્કેલી સહન કરવી પડી. મોહમ્મદની આ યોજના નિષ્ફળ ગઇ એટલા માટે નહીં કે રાજધાની પરિવર્તનની યોજના કોઈ નવી બાબત હતી પરંતુ તેની અમલ માટેની પદ્ધતિ ભૂલ ભરેલી હતી. આ યોજનાથી રાજધાની દિલ્લીએ પોતાની જાહોજલાલી ગુમાવી દીધી. દિલ્લીને પોતાના વૈભવ પાછો મેળવવામાં વર્ષો પસાર થઈ ગયા. સામ્રાજ્યનાં ધન અને જનની અપાર ખુવારી થઈ અને સુલતાનને પણ ભારે ક્ષતિ પહોંચી.

સ્ટેનલી લેનપૂલ સુલતાનની આ યોજના વિશે લખે છે કે "દિલ્હીથી રાજધાનીને દોલતાબાદ ખાતે ફેરવવાનું સુલતાનનું કાર્ય ગેરમાર્ગે દોરવાયેલી શાહી શક્તિનું સ્મારક બની ગયુ હતું."

## 8.4.2 પ્રતીક મુદ્રા યોજના

*સુલતાન મોહમ્મદ તુઘલકની આ યોજના અર્થવ્યવસ્થામાં સુધારો કરવાનો વિશિષ્ટ પ્રયોગ હતો. સુલતાને ચલણમાં સોના અને ચાંદીની ટંકાઓ(સોના-ચાંદીના સિક્કા)ને બદલે તાંબા અને પિતળના સિક્કા દાખલ કર્યા. તાંબા અને પિતળના સિક્કાનું મૂલ્ય સોના-ચાંદીના સિક્કા જેટલુ જ નક્કી કર્યું. જો કે સોના- ચાંદીના બદલે તાંબા અને પિતળના સિક્કા દાખલ કરવાનું એક માત્ર કારણ એ હતું કે આ સમયે વિશ્વ સ્તરે ચાંદીની ધાતુની અછત હતી. વિદ્વાનોએ સુલતાનના આ પ્રયોગ માટે કેટલાક કારણો આપ્યા છે. જેવાં કે રાજધાની સ્થળાંતરના થયેલા ખર્ચના કારણે રાજ્યની તિજોરી ભરવી હતી, વ્યાપારને સમૃદ્ધ બનાવવો હતો, મોહમ્મદ નવીન યોજનાઓનો શોખીન હતો વગેરે વગેરે છે.*

*સુલતાને તાંબા અને પિતળના સિક્કા અમલમાં તો મૂક્યા પરંતુ સિક્કા પાડવાનો ઈજારો રાજ્ય હસ્તક રાખ્યો ન હતો. તેથી લોકોએ ઘેર ઘેર બનાવટી સિક્કા પાડીને ચલણમાં ફરતા કરી દીધા.રોજિંદા વ્યવહારમાં અને  વ્યાપારમાં તેની લેવડ દેવડ થવા લાગી. શાહી ટંકશાળ અને લોકોના તેથીબનાવટી સિક્કામાં કોઈ તફાવત પરખાતો ન હતો. આર્થિક ક્ષેત્રે અવ્યવસ્થા સર્જાઈ. સુલતાનને પોતાની ભૂલ સમજાતા તેણે પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શાહી અધિકૃત અને માન્ય કરેલા તાંબા અને પિતળના સિક્કા પાછા ખેંચી લઈ ચલણમાં પુનઃ સોના-ચાંદીના સિક્કા અમલી બનાવ્યાં. શ્રીવાસ્તવ નામના વિદ્વાન લખે છે કે 'સુલતાન પોતાના યુગની મર્યાદાઓ સમજી શક્યો નહી તેથી તેની આ યોજના નિષ્ફળ ગઈ.'*

## 8.4.3 દોઆબ પ્રદેશમાં કર વૃદ્ધિ

*સુલતાન મોહમ્મદ તુઘલકે રાજ્યના મહેસૂલી તંત્રમાં સુધારો કરવા પ્રાંતોની આવક તથા ખર્ચની વિગતો સૂબાઓ પાસે મંગાવી. પોતાના રાજ્યની આવક વધારવા તેણે ઈ.સ.૧૩૪૦-૪૪ના સમયમાં ગંગા યમુના નદીઓ વચ્ચે આવેલા દોઆબ પ્રદેશમાં જમીન મહેસૂલમાં વધારો કર્યો વધારાનો દર કેટલો હતો તે નિશ્ચિતપણે જાણી શકાતું નથી. આ પ્રદેશમાં માત્ર જમીન મહેસૂલ નહી પરંતુ ગોચર જમીન, મકાનો ઉપર પણ વેરાઓ નાંખવામાં આવ્યાં. સુલતાનનો મહેસૂલ વધારવાનો આ સમય અયોગ્ય હતો કારણ કે આ સમયે દોઆબ પ્રદેશમાં દુકાળ પડ્યો હતો અને મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો હતો.*

*સુલતાને સખ્તાઈ પૂર્વક કર વસૂલ કરવાનો હુકમ કર્યો અને અમલદારોએ પ્રજાની આવકનો ખ્યાલ રાખ્યા વગર કઠોરતા પૂર્વક મહેસૂલ ઉઘરાવવાનું શરૂ કર્યું. પ્રજાએ વિદ્રોહ કર્યા ખેતી છોડી લૂંટ-ફાટ શરૂ કરી. જ્યારે સુલતાનને લોકોની સાચી પરિસ્થિતિ માહિતી મળી ત્યારે તેણે ખેડૂતોને બિયારણ અને બળદ ખરીદવા લોનો આપી. કૂવાઓ ખોદાવ્યા.પરંતુ આ બધુ વ્યર્થ પૂરવાર થયું. આમ દોઆબ પ્રદેશમાં કરવૃદ્ધિની યોજનાથી રાજ્યના ખર્ચમાં વધારો થયો અને સુલતાન પ્રજામાં અપ્રિય બન્યો.*

### 8.4.4 ખેતીવાડી ખાતાની સ્થાપના

*સુલતાન મોહમ્મદ તઘલકે રાજ્યની ખેતીવાડીની પ્રગતિ અને વિકાસ માટે "દીવાને-એ-કોહી" નામના ખાતાની સ્થાપના કરી. આ ખાતાનો મુખ્ય હેતુ ખેડૂતોને સહાય કરી વધારેમાં વધારે જમીન ખેતી હેઠળ લાવવાની હતી. ૪૬૬૨ ચો.કી.ના વિસ્તારમાં જુદા-જુદા પાકો ઉગાડવામાં આવ્યાં. જેમ કે એક જ ક્ષેત્રફળના વિભાગમાં વારાફરતી જવની જગ્યાએ ઘઉં તેના પછી શેરડી, શેરડી પછી દ્રાક્ષ અને ખજૂર ઉગાડવા પ્રોત્સાહન આપ્યું. આ યોજના પાછળ ૨ વર્ષમાં ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો પરંતુ આ યોજનાનો અમલ કરાવવા નીમેલા બિનઅનુભવી અને અપ્રમાણિક અધિકારીઓને લીધે આ પ્રયોગ નિષ્ફળ ગયો. અને ત્રણ જ વર્ષમાં આ પ્રયોગ પડતો મુકવો પડ્યો હતો.*

### 8.4.5 પ્રદેશો જીતવાની યોજનાઓ

*મોહમ્મદ તુઘલક સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીની જેમ વિશ્વ વિજેતા બનવાની ઈચ્છા ધરાવતો હતો. તેથી વિશ્વ વિજયની જે ભવ્ય યોજનાઓ બનાવી તે નીચે મુજબ છે.*
*'*

### 8.4.5.1 ખુરાસન અને ઈરાક જીતવાની યોજના

*સુલતાન મોહમ્મદ તુઘલકની આ યોજના પાછળ ચોક્કસ હેતુઓ હતા. મધ્ય અને પશ્ચિમ એશિયામાં મોગલોની સત્તા અને અધિકાર નબળાં પડતા ત્યાં રાજકીય શૂન્યાવકાશ ઊભો થયો હતો. તેથી સુલતાન મોહમ્મદ તુઘલકે ખુરાસની અમીરોની ચઢવણીથી ભારતની સરહદોની પેલે પારના ગઝની અને અફઘાનિસ્તાન જીતી લઈ પોતાનો રાજકીય પ્રભાવ સ્થાપવા માગતો હતો. તેણે આ પ્રદેશો જીતી લેવા માટે લશ્કરી આક્રમણની તૈયારી રૂપે ૩ લાખ ૭૦ હજાર સૈનિકોનું વિશાળ લશ્કર ઉભુ કર્યું. તેમને એક વર્ષ સુધી કોઈપણ જાતની કામગીરી વિના પગાર આપીને તેને નભાવ્યું. પરંતુ તૈમુરે મધ્ય એશિયામાં પોતાની સત્તા સ્થાપી હોવાની જાણ સુલતાન મોહમ્મદ તુઘલકને થતાં તેને લાગ્યું કે આ સમય આક્રમણ કરવા માટે યોગ્ય  નથી. તેથી તેણે પોતાનું લશ્કર વિખેરી નાંખ્યું અને યોજના પડતી મૂકી.*

### 8.4.5.2 કરચીલ જીતવાની યોજના

*કરચીલ હિમાલયના કુમાઉ પહાડી વિસ્તારમાં ગઢવાલ પ્રદેશમાં આવેલું એક નાનું હિંદુ રાજ્ય હતું. જે હજુ સુધી સુલતાનની હકૂમત હેઠળ આવ્યું ન હતું. સુલતાનના કેટલાંક વિરોધી વિદ્રોહીઓને આ રાજ્યએ આશ્રય આપ્યો હતો. સુલતાન મોહમ્મદ તુઘલકે આ પ્રદેશને દિલ્હી સલ્તનતના અંકુશ હેઠળ લાવવાના હેતુથી ઈ.સ.1337-38માં ખુશરો મલિકને સેનાપતિ નીમી કરચીલ પર આક્રમણ કરાવ્યું. કરચીલ સહેલાઈથી જીતી લેવાયું. ત્યાંના રાજાએ સુલતાનનું આધિપત્ય સ્વીકાર્યું. વિજયથી આનંદિત બનેલી ખુસરોની સેનાએ ત્યાંથી તિબેટ પ્રદેશમાં કૂચ કરી. આ પ્રદેશમાં શિયાળામાં ખરાબ ઋતુની આબોહવાના કારણે તેનું લશ્કર ભારે હેરાન પરેશાન થયું. સૈનિકોના મોત થતાં તેની*

સંખ્યા ઓછી થવા લાગી. પ્લેગ જેવો રોગચાળો ફેલાતા બધું જ લશ્કર નાશ પામ્યું. ડો.કે.કે.દત્ત મોહમ્મદ તુઘલકના કરચીલ આક્રમણ વિશે લખે છે કે "આ આક્રમણના કારણે સુલતાનની સૈનિક શક્તિને એટલો આઘાત લાગ્યો કે તે ત્યાર પછી ક્યારેય શત્રુની સામે આટલી મોટી સેના સંગઠિત કરી શક્યો નહી. જો કે કરચીલ પર લશ્કરી કૂચ દ્વારા સુલતાનનું ધ્યેય પાર પડ્યું એમ કહી શકાય, કારણ કે ત્યારપછી આ પ્રદેશનો રાજા સુલતાનને વાર્ષિક ખંડણી મોકલતો રહ્યો હતો."

### 8.4.6 સામ્રાજ્યમાં થયેલા વિદ્રોહો અને મોહમ્મદ તુઘલકએ લીધેલા લશ્કરી પગલાંઓ

સુલાતન મોહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન ૩૫ જેટલા વિદ્રોહો થયા હતાં. આ બળવોઓને દબાવી દેવા માટે મોહમ્મદ તુઘલકે કડક પગલાંઓ લીધા હતાં. આ વિદ્રોહો થવા પાછળના કારણો જોઈએ તો સુલાતનાના નવીન પ્રયોગો, યોજના અમલના કડક હુકમો, યોજના નિષ્ફળ જતા જવાબદાર અધિકારીઓને થતી કડક શિક્ષાઓ, અમીર વર્ગની ઉપેક્ષા, લશ્કરનો યંત્રની જેમ ઉપયોગ, ખંડિયા રાજાઓનો અસંતોષ વગેરે વગેરે રહેલાં છે. આપણે અહી કેટલાક વિદ્રોહોની માહિતી મેળવીએ.૭

- બહાઊદ્દીન ગુરશાષ્પ સુલતાન મોહમ્મદ તુઘલકનો ભાણેજ અને સાગરનો સૂબો હતો. તેણે મોહમ્મદ તુઘલકને સુલતાન માનવાનો ઈન્કાર કરી ઈ.સ.1326-27માં વિદ્રોહ શરૂ કર્યો. મોહમ્મદ તુઘલકે પોતાના બે સેનાપતિઓને મોકલી આ વિદ્રોહ દબાવી દિધો હતો. બહાઉદ્દીનને કેદ કરી જીવીત અવસ્થામાં જ તેની ચામડી ઉતરાવી તેમાં મસાલો ભરી બધા પ્રાન્તોમાં ફેરવ્યો અને પછી તેનો વધ કર્યો હતો. આ ઘટના પરથી લોકો અને બળવાખોરો બોધપાઠ લે એવી સુલતાનની નીતિ આમાં જણાય છે પણ તે બિનઅસરકારક પુરવાર થઈ.
- ઈ.સ.1335માં દક્ષિણના મબર પ્રાંતના સૂબા સૈયદ જલાલુદ્દીન અહસનશાહે બંડ કરી પોતાને સ્વતંત્ર જાહેર કર્યો. મોહમ્મદ તુઘલક તેને હરાવવામાં નિષ્ફળ ગયો. આમ સામ્રાજ્યમાંથી મબર પ્રાંત છુટો પડી ગયો હતો.
- મોહમ્મદ તુઘલકે અવધના સૂબા ઐનુલ મુલ્કને દોલતાબાદનો સૂબો બનાવ્યો પરંતુ ઐનુલ મુલ્કને પોતાની સામે કોઈ કાવતરૂ રચાતું હોવાની જાણ થતાં તેણે સુલાતન મોહમ્મદ તુઘલક સામે વિદ્રોહ કર્યો. તેના વિદ્રોહને દબાવી દેવાયો ઐનુલ મુલ્કે સામ્રાજ્યની કરેલી સેવાના ધ્યાને રાખી મોહમ્મદ તુઘલકે તેને મોતની સજા ન આપી અને બગીચાનો સંરક્ષક નીમ્યો હતો.
- ઈ.સ.1336-37માં હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ વિદ્રોહ કરી હિંદુ રાજ્ય વિજયનગરની સ્થાપના કરી.
- ઈ.સ.1337માં હસનકાંગુ નામના સરદારે વિદ્રોહ કર્યો તેણે હસન અલાઉદ્દીન બહમનશાહનો ખિતાબ ધારણ કરી સ્વતંત્ર મુસ્લિમ બહમની રાજ્યની સ્થાપના કરી.

➢ ઈ.સ.1345-51 દરમિયાન ગુજરાતમાં મલિક તઘીની આગેવાની નીચે વિદ્રોહ થયો હતો. મોહમ્મદ તુઘલકે આ વિદ્રોહને દબાવી દેવા ઠેરઠેર મલિક તઘીનો પીછો કર્યો હતો. લાંબી ભાગદોડ પછી તે સિંધમાં પ્રવેશ્યો અને 20 માર્ચ,1931ના રોજ તેનુ અવસાન થયું હતુ.

### 8.4.7 મૂલ્યાંકન

મોહમ્મદ તઘલકનું મૂલ્યાંકન કરતી વખતે તેના શાસક તરીકેના રચનાત્મક પાસાંઓ જેવાં કે આદર્શ વિચારસરણી, નવી યોજના અને સુધારા કરવાની વૃત્તિ, દીર્ધદ્રષ્ટિ, વગેરે ધ્યાને લેવા જોઈએ. તે દિલ્લીના સુલતાનોમાં સૌથી વધુ અભ્યાસી હતો. જો કે તેણે અમલમાં મુકેલી યોજનાઓમાં તે નિષ્ફળ ગયો હતો. આ માટે તેના સમકાલીન ઈતિહાસકારો તેને પાગલ કહે છે જે પોતાના સમય કરતા ૫૦ વર્ષ આગળનું વિચારનાર શાસક હતો એટલે અમુકને પાગલ લાગ્યો પણ તેણે જે યોજનાઓ અમલમાં મૂકી તે ઉત્તમ હતી પણ તેના સ્વભાવ અને અમલમાં યોગ્ય રીત નહી હોવાથી વિવિધ ઉત્તમ યોજનાઓ નિષ્ફળ ગઈ પરંતુ પાગલ કહેવું વધારે પડતું છે. કેટલાંક આધુનિક ઈતિહાસકારો તેને અસ્થિરતાનો સંચય અને સુષ્ટિની આશ્ચયજનક રચના કહે છે. અહીં આપણે એ પણ ધ્યાને લેવુ જોઈએ કે મોહમ્મદે સંખ્યાબદ્ધ બંડ-બળવાઓનો સામનો કર્યો હતો. આ બંડ-બળવા શમાવવા માટે તેને સામ્રાજ્યમાં ઠેક ઠેકાણે ઘૂમતો રહ્યો હતો. 20 માર્ચ,1351ના રોજ સિંધમાં થટ્ટા પાસે મોહમ્મદ તુઘલકનું અવસાન થયું હતું.

**ક) તમારી પ્રગતિ ચકાસો ૧.**

**અ. નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

1. મોહમ્મદ તુઘલકે પોતાની રાજધાનીનું સ્થળાંતર દિલ્લી થી ___________ કર્યું.
2. ગંગા-યમુના વચ્ચે આવેલા___________પ્રદેશમાં મોહમ્મદ તુઘલકે મહેસૂલ વધારો કર્યો.
3. મોહમ્મદ તુઘલકે ‘દિવાને-એ-કોહી’ ખાતાની સ્થાપના ___________ ના વિકાસ માટે કરી.
4. ખુરસાન જીતવા મોહમ્મદે ___________નું લશ્કર ઉભુ કર્યું.
5. ગુજરાતના ___________શાસકનો પીછો કરતા મોહમ્મદનુ અવસાન થયુ હતું.

**બ. મોહમ્મદ તુઘલકનો પરીચય દસ લીટીમાં આપો.**

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

## 8.5 ફિરોઝશાહ તુઘલક

*ફિરોઝશાહ તુઘલકનો જન્મ ઈ.સ.1309માં થયો હતો. તે મોહમ્મદ તુઘલકના કાકા રજબનો પુત્ર હતો. તેની માતા નઈલા ભટ્ટીવંશના રાજા રણમલની પુત્રી હતી. ઈ.સ.1345માં મોહમ્મદ તુઘલક દક્ષિણના વિદ્રોહો નિષ્ફળ બનાવી રહ્યો હતો ત્યારે ઉત્તરના રાજ્યોનો વહીવટ ફિરોઝશાહ તુઘલકે કર્યો હતો. મોહમ્મદ તુઘલકે પોતાના અવસાન પહેલા શેખ નાસરૂદ્દીન અવધી તથા ચિરાગ-એ-દહલવીની સહાયથી ફિરોઝને ઉત્તરાધિકારી પસંદ કર્યો હતો. મોહમ્મદના અવસાન બાદ તા.23 માર્ચ,1351ના રોજ સિંધના થટ્ટા મુકામે તેનો રાજ્યાભિષેક થયો હતો. તેણે ઈ.સ.1351 થી ઈ.સ.1388 દરમિયાન શાસન કર્યું હતું. તેણે ઈ.સ.1353માં બંગાળા, ઈ.સ.1358માં જજનગર, ઈ.સ.1360માં નગરકોટ અને ઓરિસ્સા, ઈ.સ.1371માં સિંધ પર આક્રમણ કરીને પોતાનો રાજ્ય વિસ્તાર વધાર્યો હતો. યુદ્ધમાં વ્યસ્ત હોવા છતાં તેણે કરેલા પ્રજા કલ્યાણના કાર્યોથી તે લોકપ્રિય શાસક બન્યો હતો. આપણે સૌ પ્રથમ ફિરોઝશાહે કરેલા સુધારાઓ વિશે માહિતી મેળવીએ.*

### 8.5.1 આર્થિક સુધારા : કરવેરા

*ફિરોઝશાહે કરવેરા પ્રધ્ધતિને ઈશ્વયરીય સંકેત માની 28 જેટલા કરવેરા લેવાનું બંધ કર્યું. તેણે કુરાને-શરીફના કાયદાઓ પ્રમાણે ચાર પ્રકારના કરવેરા નાખ્યા. જેવાં કે,*

- *ખરાજ (જમીનવેરો) – ઉપજાઉ જમીન પર ઉપજનો 10મો ભાગ*
- *જકાત(મુસ્લિમ માટેનો વેરો) – મુસ્લિમોની આવકના 2.50 કર*
- *જજિયા(બિનમુસ્લિમ માટેનો વેરો)- હિંદુઓ પાસેથી લેવાતો કર*
  - *ખમ્સ- યુદ્ધમાં કબજે કરેલી લૂંટનો $^1/_5$ ભાગ રાજ્યનો અને $^4/_5$ ભાગ લશ્કરનો અને ખાણોની ઉપજનો પમો ભાગ ફિરોઝે ઘરવેરો અને ગૌચરવેરો નાબૂદ કર્યો. નહેરો દ્વારા મળતા પાણીથી થતી ખેતીની ઉપજ પર 10મો ભાગ કર નંખાયો. આમ ફિરોઝે કરેલા આર્થિક સુધારાઓથી રાજ્યની આવકમાં વધારો થયો હતો. જેનો ઉપયોગ તેના પ્રજા કલ્યાણના કાર્યોમાં કર્યો હતો.*

### 8.5.2 ખેતીમાં સુધારા

*ફિરોઝશાહે ખેતીમાં સુધારા લાવવા ખાસ ધ્યાન આપ્યું. ખેતીમાં સુધારા માટે હિસામુદ્દીનની નિમણૂંક કરી. હિસામુદ્દીને ૬ વર્ષમાં રાજ્યના વિવિધ ભાગોમાં ખેતીનો અભ્યાસ કરીને વિવિધ સુધારાઓ સુચાવ્યાં. ફિરોઝશાહે હિસામુદ્દીને સૂચવેલા સુધારાઓને આધારે ખેતીમાંથી ૨૩ જેટલા કર દૂર કર્યા. સિંચાઈની નવી વ્યવસ્થા ઉભી કરી. ખેડૂતોને બિયારણો તથા ખેતીની સાધનો ખરીદવા માટે લોનની વ્યવસ્થા કરી આપી. સ્થાનિક અને પ્રાંતીય સ્તરે જે અધિકારીઓ ખેડૂતો પાસેથી ભેટ સોગાદો લેતા તેના પર કડક નિયમ લાવી તે બંધ કરાવી. નવી અસાધ્ય જમીનોને ખેતી લાયક બનાવી. ઉત્તમ પાકો લેવા માટે*

*પાકની વિવિધ જાતો દાખલ કરાવી. 1200થી વધુ રાજ્ય સંચાલિત નવા ફળ બગીચા તૈયાર કરાવ્યા. પરિણામે રાજ્યમાં ખેતીની આવકમાં વધારો થયો.*

### 8.5.3 સિંચાઇ વ્યવસ્થા

*સુલતાન ફિરોઝશાહે ખેતીવાડી બારેમાસ થાય તે માટે સિંચાઇ વ્યવસ્થા કરાવી. તારીખે-ફિરોઝશાહીમાં જણાવ્યા પ્રમાણે સુલતાને ચોમાસા સિવાય ખેતી થઇ શકે તે માટે પાંચ નહેરો બંધાવી જે આ મુજબ છે.*

- *પ્રથમ નહેર- યમુનાનુ પાણી હિસાર સુધી પહોંચે તેવી ૧૫૦ માઇલની લાંબી નહેર તૈયાર કરાવી.*
- *બીજી નહેર- સતલજ થી ધધર નદી સુધી આશરે ૯૬ માઇલની નહેર તૈયાર કરાવી.*
- *ત્રીજી નહેર- ધધર થી ફિરોઝાબાદ*
- *ચોથી નહેર- ફિરોઝાબાદ થી યમુના નદી સુધી*

*આ સિવાય ફિરોઝશાહ તુઘલકે રાજ્યમાં 150 જેટલા કૂવાઓ ખોદાવ્યા. આમ નહેરોના કારણે રાજ્યના કૂવાઓમાં પાણીના તળ ઊંચા આવ્યા. ખેતીવાડીને ચોમાસાની ઋતુ સિવાય સિંચાઇની સુવિધા પ્રાપ્ત થઇ. તેથી ખેડૂતો ચોમાસા ઉપરાંત રવિ પાક પણ લેવા લાગ્યાં.*

### 8.5.4 ન્યાય વ્યવસ્થા

*ફિરોઝશાહે કુરાને શરીફના નિયમોના આધારે ન્યાયિક સુધારા કર્યા. પ્રજાને ઝડપી ન્યાય મળે તેવી વ્યવસ્થા તેણે ઉભી કરી.રાજધાની દિલ્લી અને પ્રાંતોમાં ન્યાયાલયો તથા ન્યાય આપવા માટે કાઝીની નિમણૂંક કરી. કાયદા સ્પષ્ટ કરવાનું કાર્ય મુફતી(મુખ્ય ન્યાયાધીશ) દ્વારા થતું અને મુફતી દ્વારા અભિપ્રાય મુજબ કાઝી ન્યાય આપતા. ફિરોઝશાહે અંગ વિચ્છેદ અને પ્રાણદંડની શિક્ષાઓ ઓછી કરી દિધી. આમ ફિરોઝશાહના સમયની ન્યાયવ્યવસ્થા એટલી કઠોર ન હતી જેટલી મોહમ્મદ તુઘલકના સમમાં હતી.*

### 8.5.5 જાહેર બાંધકામોને પ્રોત્સાહન

*સુલતાન ફિરોઝશાહ બાંધકામોનો શોખીન હતો તેણે પોતાના સામ્રાજ્યમાં જાહેર બાંધકામની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કરી.*

- *ફિરોઝશાહે અલ્લાઉદ્દીને બનાવેલા ૩૦ જેટલા ઉપવનોનું પુનઃનિર્માણ કરાવ્યું.*
- *ફિરોઝશાહે બાગ-બગીચા શોખીન હોવાથી દિલ્લીની આસપાસ બાગ-બગીચાનું નિર્માણ કરાવ્યું.*
- *ફિરોઝાબાદ (પોતાના નામ પરથી), ફતેહાબાદ, ફિરોઝા-હિસાર, જોનપુર, ફિરોઝપુર જેવા શહેરો બંધાવ્યાં.*
- *ફિરોઝશાહે પોતાની રાજધાની ફિરોઝાબાદની શોભા વધારવા સમ્રાટ અશોકના બે સ્તંભો એક તોપરાથી અને બીજો મેરઠથી લાવીને ઊભા કરાવ્યા હતા.*

- *ફિરસ્તાના લેખક જણાવે છે કે સુલતાને 50 બંધો, 40 કોલેજો સહિતની મસ્જિદો, 20 રાજમહેલો, 100 મુસાફરખાના,150 પુલ બંધાવ્યા હતા.*

*ઉપરોક્ત તમામ જાહેર બાંધકામો ફિરોઝશાહ તુઘલકના સ્થાપત્યનો શોખ દર્શાવે છે.*

**8.5.6 શિક્ષણને ઉત્તેજન**

*અબ્દુલ બાકીના પુસ્તક 'માસિરે રહીમી' માં ફિરોઝશાહે શિક્ષણના વિકાસ માટે 50 મદ્રેસાની શરૂઆત કરાવી. જેમાં ફિરોઝાબાદની ફિરોઝશાહી મદ્રેસા સર્વશ્રેષ્ઠ હતી. આ મદ્રેસાઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. ફિરોઝશાહે વિદ્યાભ્યાસને ઉત્તેજન આપવા માટે ધાર્મિક શિક્ષણ માટેની શાળાઓ ઉપરાંત કોલેજ કક્ષાના શિક્ષણની વ્યવસ્થા કરી. ઉપરાતં ફિરોઝશાહે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ તથા અધ્યાપકોને પેન્શન આપવાની વ્યવસ્થા પણ શરૂ કરી હતી.*

**8.5.7 સાહિત્યનો વિકાસ**

*સુલાતન ફિરોઝશાહ સાહિત્યનો પોષક હતો. તેણે અનેક સૂફી-સંતો, વિદ્વાનો અને સાહિત્યકારોને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો હતો. ફિરોઝશાહના શાસન દરમિયાન ઝિયાઉદ્દીન બર્નીએ "તારીખ-એ-ફિરોજશાહી" નામનો ગ્રંથ લખ્યો હતો. સિરાઝ અફિફ તેના દરબારનો ઈતિહાસકાર હતો. ફિરોઝશાહ પોતે વિદ્વાન હતો તેણે પોતાની આત્મકથા "ફુતુહાને ફિરોઝશાહી" લખી હતી. ફિરોઝશાહ પ્રથમ મુસ્લિમ શાસક હતો જેણે હિંદુ ધર્મગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો. નગરકોટ મંદિરમાંથી મળેલા વૈદકશાસ્ત્ર,સંગીત,ગણિત જેવા ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો.*

**8.5.8 લશ્કરી સુધારા**

*મોહમ્મદ તઘલકના સમયમાં લશ્કરી અસંતોષના કારણે ફિરોઝશાહ માટે લશ્કરમાં સુધારા મોટો પ્રશ્ન હતો. તેણે લશ્કરના સ્થાયી સૈનિકોને પગારના બદલે જાગીર આપવાની શરૂઆત કરી. અસ્થાયી સૈનિકોને નકદમાં પગાર આપવાની વ્યવસ્થા કરી. તેની શાહી સેનામાં 20 લાખ સૈનિકો અને ૮ લાખ ઘોડેસવાર હતા. ફિરોઝે લશ્કરમાં વૃદ્ધ સૈનિક નિવૃત્ત થતાં તેના જમાઈ કે પુત્રને લશ્કરમાં લેવાનો આદેશ કર્યો. પરિણામે લશ્કરમાં લાગવગશાહીનું પ્રમાણ વધ્યુ હતું. લશ્કરમાં સૈનિકોની યોગ્યતા પર ભરતી બંધ થઈ ગઈ. જેથી ફિરોઝના લશ્કરી સુધારા મહત્ત્વપૂર્ણ ન કહી શકાય.*

**8.5.9 લોક કલ્યાણના કાર્યો.**

**8.5.9.1 દીવાન-ઈ- ખેરાત**

*ફિરોઝશાહ તુઘલકે ગરીબ અને જરૂરિયાતવાળા મુસ્લિમો માટે 'દીવાન-ઈ-ખેરાત' નામની ખાતાની સ્થાપના કરી. આ ખાતા તરફથી મુસ્લિમ કન્યાઓને આર્થિક*

*સ્થિતિ અનુસાર લગ્ન માટે આર્થિક સહાય તેમજ મુસ્લિમ વિધવાઓ અને અનાથ લોકો માટે યતિમખાનાની વ્યવસ્થા કરવામાં આવી હતી.*

**8.5.9.2 દારૂલ સફા**

*ફિરોઝશાહે પ્રજાની તબીબી સેવા માટે દિલ્લીમાં 'દારૂલ સફા' (આરોગ્ય ખાતું)ની શરૂઆત કરાવી. આ ખાતા તરફથી ગરીબોને રાજ્યના ખર્ચે તબીબી સહાય આપવામાં આવતી. લશ્કરના સૈનિકોને મફત સારવાર આપવામાં આવતી.*

**8.5.9.3 બેકારી સ્મસ્યા**

*ફિરોઝશાહે રાજ્યમાં બેકારીની સમસ્યા નિવારવા માટે એક ખાતા* (Employment Bureau)*ની શરૂઆત કરાવી. આ ખાતાના કોટવાલ દ્વારા બેકાર યુવાનોની નોંધણી કરવામાં આવતી. આ ખાતા તરફથી યુવાનોને તેમની યોગ્યતા પ્રમાણે રોજગારી આપવામાં આવતી હતી.*

*લોક કલ્યાણના કાર્યોની દેખરેખ રાખવા માટે 'દીવાન-એ-વજારત' ખાતાની સ્થાપના કરવામાં આવી હતી.*

**8.5.10 ગુલામો અંગેના સુધારા**

*ફિરોઝશાહના શાસન સમયે ગુલામોની સંખ્યા* 1,80,000*ની હતી. તેણે ગુલામોની સ્થિતિ સુધારવા માટે 'દીવાને બન્દગાન' નામના વિભાગની સ્થાપના કરી હતી. આ વિભાગ દ્વારા ગુલામોને હુન્નર ઉદ્યોગોની તાલીમ આપી શાહી કારખાનાઓમાં કામ આપવામાં આવ્યું. ગુલામોની સૈનિક તરીકે લશ્કરમાં ભરતી કરવામાં આવી જે પૈકી* 40000 *ગુલામો અંગરક્ષક તરીકે સુલતાનની સેવામાં,* 1,40,000 *રાજ્યના કેન્દ્રીય અને પ્રાંતીય અધિકારીઓની સેવામાં મુકવામાં આવ્યાં. ગુલામોની સ્થિતિમાં સુધારો થવાના કારણે તેઓ રાજકારણમાં ભાગ લેવા લાગ્યા. તુઘલક વંશના પતનમાં ગુલામોની સ્થિતિ પણ જવાબદાર કારણ ગણવામાં આવે છે.*

**તમારી જાતે ચકાસો. 2.**

1. *સુલતાન મોહમ્મદ તુઘલકની તરંગી યોજનાઓ વિશે જાણકારી આપો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *સુલતાન ફિરોઝશાહ તુઘલકના સુધારાઓ વિશે વિસ્તૃત નોંધ લખો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. *દિલ્લી તથા અમદાવાદમાં આવેલા મુસ્લિમ સ્થાપત્યની મુલાકાત ગોઠવો.*

**અ. નીચેનાં વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.**

1. *મુસ્લિમો પાસેથી લેવાતો કર જકાત કહેવાતો*
2. *ઝિયાઉદ્દીન બર્નીએ ફતુહાતેફિરોઝશાહી નામનો ગ્રંથ લખ્યો.*
3. *પ્રજાની તબીબી સેવા માટે "ફતુહાતે ફિરોઝશાહી 'દારૂલ સફા'ની શરૂઆત કરાવી..*
4. *ફિરોઝશાહે મોહમ્મદ તુઘલકના નામ પરથી ફિરોઝપુર શહેર વસાવ્યું.*
5. *ફિરોઝશાહે ઝડપી ન્યાય માટે કાઝીઓની નિમણૂંક કરી.*

**બ. સુલતાન ફિરોઝશાહ તુઘલકના પાંચ સુધારાઓની સંક્ષિપ્તમાં જાણકારી આપો.**

**ક. બહુવિકલ્પીય પ્રશ્નો**

1. *રાજધાની સ્થળાંતર માટે મોહમ્મદે કઈ પ્રજાના આક્રમણને જવાબદાર ગણાવ્યું.*

(A) *તુર્ક* B) *ઈરાકી*

(C) *મુઘલ* (D) *ખલીફા*

2. *દોઆબ પ્રદેશ કઈ બે નદીઓ વચ્ચે આવેલો છે.*

(A) *ગંગા-યમુના* (B) *નર્મદા-તાપી*

(C) *ગંગા-બ્રહ્મપુત્રા* (D) *યમુના-બ્રહ્મપુત્રા*

3. *કયા પ્રદેશને જીતવા મોહમ્મદે ૩ લાખ ૭૦ હજારનું સૈન્ય ભેગુ કર્યું હતું.*

(A) *કરચીલ* (B) *ખુરસાન*

(C) *ગુજરાત* (D) *બંગાળા*

4. *હરિહર અને બુક્કા નામના ભાઈઓએ કયા સામ્રાજ્યની સ્થાપના કરી.*

(A) *અવધ* (B) *બહમની*

(C) *બંગાળા* (D) *વિજયનગર*

5. *ઉપજાઉ જમીન પર લેવાતું મહેસૂલ કયા નામે ઓળખાતું.*

(A) ખરાજ (B) ખમ્સ

(C) જજિયા (D) ખમ્સ

6. કયા સમ્રાટના બે સ્તંભ ફિરોઝશાહે ફિરોઝાબાદમાં ઉભા કર્યા.

(A) અશોક (B) ચંદ્રગુપ્ત

(C) સમુદ્રગુપ્ત (D) કનિષ્ક

7. કયા મંદિરમાંથી મળેલા ગ્રંથોનો ફિરોઝશાહે ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો.

(A) પદ્મનાભ (B) તિરૂપતિ

(C)નગરકોટ (D) મદુરાઈ

8. કયા વિભાગ દ્વારા મુસ્લિમ કન્યાઓને લગ્ન માટે આર્થિક સહાય કરવામાં આવતી.

(A) દીવાને-ઈ-ખેરાત (B)દીવાને-અર્જ

(C) દારૂલ સફા (D) દીવાને ઈશા

9. ફિરોઝાબાદની કઈ મદ્રેસા શિક્ષણ માટે સર્વશ્રેષ્ઠ હતી.

(A) ફિરોઝશાહી (B) તુગલકશાહી

(C) ઈમાનશાહી (D) કલમશાહી

10. સુલતાન ફિરોઝશાહ તુઘલકનું અવસાન કયા વર્ષમાં થયું હતું.

(A) ઈ.સ. ૧૩૮૭ (B) ઈ.સ. ૧૩૮૮

(C) ઈ.સ. ૧૩૮૯ (D) ઈ.સ. ૧૩૯૦

### 8.5.11 ફિરોઝશાહનું મૂલ્યાંકન

ફિરોઝશાહ તુઘલકના અંતિમ દિવસો ખૂબ કષ્ટદાયક રહ્યા હતા. તેના શાસન દરમિયાન જ તેણે વારસ તરીકે નીમેલા બે પુત્રો ફતેહખાન અને જફરખાનનું અવસાન થઈ ગયું હતું. સમગ્ર રાજ્યનો વહીવટ તેના મુખ્યપ્રધાન ખાન-ઈ-જહાને હસ્તગત કરી લીધો હતો. 20 ડિસેમ્બર,1388ના રોજ ફિરોઝશાહનું અવસાન થયું હતું. ફિરોઝશાહ તુઘલકની શાસક, લશ્કરી અને વહિવટી દ્રષ્ટિએ ઘણી ઉણપો હોવા છતાં તેણે સામ્રાજ્યને મજબુત બનાવવા માટે કરેલા સુધારાઓ નોંધપાત્ર હતા.

## 8.6 ચાવીરૂપ શબ્દો

1. ચરાઈ – પશુ ચારવા બદલ આપવાનો કર
2. અમિ-એ-અખુર – શાહી ઘોડારનો અધિપતિ
3. ઉલેમા- ધર્માધિકારી કરેલું કાર્ય
4. મદ્રેસા - મુસ્લિમ શિક્ષણ સંસ્થા
5. ટંકા - સોના-ચાંદીની સિક્કા
6. રવિ – શિયાળુ પાક
7. ફરમાન- સુલતાનનો આદેશ

## 8.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ.

(1). *(અ).* 1. *દેવગિરી,* 2. *દોઆબ,* 3. *ખેતીવાડી,*

4. 3 *લાખ* 70 *હજાર,* 5. *મલિક તઘી*

(2). *(બ)* (1). *(૧ – √), ( ૨ - X), ( ૩ - √), (૪ – ૮), ( ૫ - √)*

**ક. બહુવિકલ્પીય પ્રશ્નો.**

(1 - C), (2 - A), (3 - B), (4 - D), (5 - A), (6 - A), (7 - C), (8 - A), (9 - A), (10 - B)

## 8.8 સંદર્ભો ગ્રંથો


1. *ડો.છોટુભાઈ નાયકમધ્યયુગીન ભારત, ખંડ*-1 *અને* 2. *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ, અમદવાદ,*2016.
2. *ઈશ્વરલાલ ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બીજી આવૃત્તિ, અમદાવાદ,*2015.
3. *જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી*-21, *ભારત દર્શન-૨ (મધ્યકાલીન ભારત) વલ્લભ વિદ્યાનગર પ્રથમ આવૃત્તિ*
4. शर्मा हरीशचंद्र, मध्यकालीन भारत, दिल्ली विशवविद्यालय,प्रथम संस्करण,1993,दिल्ली
5. Dr.R.C.Majumdar, Delhi Sultanate Ed, Vol-VI, Bhartiya Vidya Bhavan, 1967,Bombay.

# એકમ-9 સૈયદ અને લોદીવંશ : સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદી

## રૂપરેખા :

**9.0 ઉદ્દેશો**
**9.1 પ્રસ્તાવના**
**9.2 સૈયદવંશ**
**9.3 લોદીવંશ**
 **9.3.1 લોદીઓ કોણ હતા ?**
 **9.3.2 સિકંદર લોદી**
  **9.3.2.1 પ્રારંભિક જીવન**
  **9.3.2.2 લશ્કરી અભિયાન**
  **9.3.2.3 અફઘાન અમીરો તથા જમીનદારો સાથે સંબંધ**
  **9.3.2.4વહીવટી તંત્ર**
  **9.3.2.5ધાર્મિક નીતિ**
  **9.3.2.6મૃત્યુ**
 **9.3.3 ઈબ્રાહીમ લોદી**
  **9.3.3.1 ગાદી પ્રાપ્તિ અને જલાલખાં સાથેની નીતિ**
  **9.3.3.2 અફઘાન શાસકો સાથે યુદ્ધ**
  **9.3.3.3 અફઘાન અમીરો સાથે સંઘર્ષ**
  **9.3.3.4 ગૃહ-નીતિ**
  **9.3.3.5 ઈબ્રાહીમ અને બાબર**
**9.4 મૂલ્યાંકન**
**9.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**9.6 સંદર્ભ ગ્રંથો**

## 9.0 ઉદ્દેશો

*એકમ 8માં આપણે તુઘલક વંશ અને મોહમ્મદ તુઘલક તથા ફિરોજશાહ તુઘલક વિશે વિસ્તૃત રીતે અભ્યાસ કર્યો. આ એકમમાં આપણે તુઘલક વંશના પતન પછી દિલ્હીની ગાદી પર આવેલ સૈયદ વંશ તથા લોદીવંશની માહિતી મેળવીશું. આ સાથે સાથે લોદીવંશના શાસક સિકંદર લોદી અને ઈબ્રાહીમ લોદીના યુદ્ધો અને સંઘર્ષ વિશે વિસ્તૃત રીતે અભ્યાસ કરીશું ઉપરાંત કઈ રીતે દિલ્હી સલ્તનતનો અંત આવ્યો અને મુઘલવંશની સ્થાપના થઈ એ વિશે જાણીશું.*

## 9.1 પ્રસ્તાવના

*દિલ્હીની ગાદી પર ફિરોઝશાહ તુઘલકના ઉત્તરાધિકારી તરીકે પૌત્ર ગ્યાસુદ્દીન તુગલક રાજગાદી પર બેઠો, જેની એક વર્ષ પછી ષડયંત્ર દ્વારા હત્યા કરવામાં આવી. અને*

*તેના પિતરાઈભાઈ અબૂબકરને ગાદી પર બેસાડયો. ત્યારબાદ ઈ.સ. 1390માં નાસિકદ્દીન મુહમ્મદ ગાદી પર બેઠો. ઈ.સ. 1394 માં તેનું મૃત્યુ થતા તેનો પુત્ર હુમાયુ બહુ ઓછા સમય માટે ગાદી નસીન થયો. તુઘલકવંશનો હવે પછીનો અને છેલ્લો શાસક નાસિરૂદ્દીન મહમૂદ હતો.*

*સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના સમયમાં મધ્ય એશિયાના મહત્ત્વકાંક્ષી શાસક તૈમુરે ભારત પર આક્રમણ કર્યુ અને પંદર દિવસ સુધી રાજધાનીને લૂંટીને અપાર સંપત્તિપોતાના દેશ લઈ ગયો. તૈમુરના આક્રમણ સમયે દિલ્હી ભાગી ગયેલ નાસિરૂદ્દીન મહેમૂદ તૈમુરના સ્વદેશ પાછા ફરતા દિલ્હી પરત તો આવ્યો પરંતુ ત્યાર બાદ તેના મૃત્યુ એટલે કે ઈ.સ. 1414 સુધી લડખડાતી હાલતમાં દિલ્હી પર તુઘલક વંશનું શાસન રહ્યું. આમ,ફિરોજ તુઘલકના બધા જ ઉત્તરાધિકારીઓ દુર્બળ અને દિલ્હી સલ્તનતના વિઘટનને બચાવવા માટે સંપૂર્ણ અયોગ્ય હતા.*

*તુઘલક વંશ પછી દિલ્હી પર સૈયદવંશની સ્થાપના થઈ અને સૈયદવંશ બાદ દિલ્હી સલ્તનત પર લોદી શાસકો અંતિમ સુલતાનો હતા. સુલતાન ઈબ્રાહીમ લોદી પછી દિલ્હી તખ્ત પર મુઘલ સત્તાની  સ્થાપના થઈ. આવો મિત્રો હવે વિગતવાર સૈયદ અને લોદી શાસકો વિશે અભ્યાસ કરીએ.*

## 9.2 સૈયદવંશ

*દિલ્હી તખ્તપર સૈયદવંશનો સંસ્થાપક ખિઝરખાન તુઘલક શાસકોના આધીન સેનાનાયકના રૂપમાં કાર્યરત હતો. તૈમુરના આક્રમણ સમયે ખિઝરખાને તૈમુરની સત્તા સ્વીકારી જેનાથી તેને પંજાબનો પ્રદેશ પ્રાપ્ત થયો. ઈ.સ. 1414માં તેણે દિલ્હી પર વિજય પ્રાપ્ત કરી સૈયદવંશની સત્તા સ્થાપી.ખિઝરખાન પોતાને પયંગબરનો વંશજ માનતો હતો અને સુલતાનને બદલે "રૈયત-એ-આલા" તરીકે ઓળખાવતો હતો. તે પોતાને તૈમુરનો પ્રતિનિધિ ગણતો હતો. એટલું જ નહિ તૈમુરના પુત્ર શાહરૂખને નિયમિત નજરાણાં અને ખંડણી મોકલાવતો હતો. વર્ષો સુધી તેણે શાહરૂખના નામનો ખુતબો વંચાવ્યો અને સિક્કાઓ પર તુગલક સુલતાનોના નામ કોતરાવ્યાં. આમ, ખિજરખાનનો વંશવેલો પયગંબર પરિવારમાંથી નીકળી આવે છે કે કેમ તે વિશે શંકા છે. તેમ છતાં તેના પૂર્વજો અરબસ્તાનના વતની હોવા વિશે કોઈ શક નથી. ઈ.સ. 1414થી ઈ.સ.1421 સુધી તેના અવસાન બાદ પુત્ર મુબારક શાહ (ઈ.સ. 1421-34) ગાદી પર આવ્યો. જેણે શાહની ઉપાધિ ધારણ કરી પોતાના નામનો ખુતબો વંચાવ્યો. સિક્કા પડાવ્યા અને તૈમુરના વારસદારોની ગુલામી હટાવી દીધી. સુલતાન મુબારક શાહ મુબારકાબાદ નામના નગરના નિર્માણ માટે તથા "તારીખ-એ-મુબારકશાહી"ના લેખક યાહા ઈબ્નસરહિન્દને આશ્રય આપવા માટે યાદ રહેશે.*

*મુબારક શાહ પછી તેના ભત્રીજા મુહમ્મદશાહે ઈ.સ. 1434થી 1445 સુધી અને ત્યારબાદ અલાઉદ્દીન શાહે ઈ.સ. 1445 થી 1450 સુધી શાસન કર્યુ.*

*સૈયદ શાસકોના રાજ્ય અમલ દરમ્યાન ન તો ખિલજી શાસકોની જેમ સામ્રાજ્ય વિસ્તારના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી કે ન તો તુગલક શાસકોની જેમ વ્યાપક પ્રશાસનિક સુધારો કરવામાંઆવ્યો. સલ્તનતની સીમા પણ દિલ્હીથી લગભગ* 200 *થી* 300 *કિમીના ક્ષેત્રમાં સીમિત થઈ ગઈ. સૈયદ શાસકોએ જેટલા પણ સૈનિક અભિયાન કર્યા એ પોતાના શાસન ક્ષેત્રફળમાં વિદ્રોહ અને ઉપદ્રવનું દમન કરવા માટે અથવા તો નજીકના રાજ્યોના શાસકો સાથેના યુદ્ધોને લીધે કર્યા. આમ, રાજનૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં સૈયદ શાસકોની એવી કોઈ ઉપલબ્ધિ નથી કે જેનાથી ભારતીય ઈતિહાસમાં એમને ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થાય.*

*આ વંશના અંતિમ શાસક અલાઉદ્દીન શાહ ડરપોક હતો. પોતાના વજીર હમીદખાન સાથેના મતભેદથી દિલ્હી છોડીને બદાયુ રહેવા જતો રહ્યો. પરિણામે અફઘાનના શક્તિશાળી અમીર બહલોલ લોદી દિલ્હી આવ્યો. અને અલાઉદ્દીનને દિલ્હી આવવા કહેણ મોકલ્યું પણ તે દિલ્હી ન આવતા બદાયુમાં તેનું મૃત્યુ થયું અને બહલોલ લોદીએ દિલ્હીમાં પોતાને ઈ.સ.* 1451*માં સુલતાન જાહેર કર્યો અને લોદી વંશની સત્તા સ્થાપી.*

## 9.3 લોદીવંશ

### 9.3.1 લોદીઓ કોણ હતા ? :

*લોદીઓના શરૂઆતના ઈતિહાસના વિષયમાં પ્રામાણિક માહિતીનો અભાવ છે. એમના મૂળ નિવાસ કે ક્ષેત્રના સંદર્ભમાં પણ ઈતિહાસકારોની વચ્ચે વિવાદ અને અલગ અલગ મત છે. ડૉ. વ બ્રિગ્સએ લોદીઓને અફઘાન કીધા છે. જયારે સર વુલ્જલે લોદીઓને પૂર્ણરૂપથી અફઘાન ન માની મૌલિકરૂપથી ખિલજી અથવા તુર્ક કીધા છે અને અફઘાનિસ્તાનમાં લાંબા સમયગાળાથી રહેવાને કારણે અફઘાન તરીકે ઓળખવા લાગ્યા.*

*અલ-ઉત્વીના મતાનુસાર એમની પ્રવૃત્તિઓથી મહમૂદ ગઝની પ્રભાવિત થયો અને એમને પોતાની સેનામાં ભરતી કર્યા. આમ, સૈનિકના રૂપમાં તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી. મુહમ્મદ તુગલકના શાસનકાળમાં તેમને ઉચ્ચ પદો જેવા કે સાંમતોના પદ પર નિયુક્ત થવાથી તેમની સ્થિતિ સુદ્રઢ થઈ. ફિરોઝશાહના સમયમાં એમનો પ્રભાવ એટલો વધ્યો કે એ પ્રાંતીય ગવર્નરોના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા. ખિજરખાએ પોતાની સેનામાં મોટી સખ્યામાં અફઘાનોની ભરતી કરી, ઉપરાંત તૈમુર પણ પોતાની સાથે અનેક અફઘાનોને લાવ્યો અને પંજાબમાં વસાવ્યા સુલતાન શાહ લોદી આ સમયનો એક ઉલ્લેખનીય વ્યક્તિ હતો અને દૌલતખાં પ્રથમ અફઘાન હતો. જે ઈ.સ.* 1412*માં દિલ્હીમાં પ્રભાવશાળી વ્યક્તિ માનવામાં આવતો. સૈયદવંશના સુલતાનોના શાસનકાળમાં ઘણા પ્રાંતોની સૂબેદારી લોદી અમીરોએ પ્રાપ્ત કરી હતી. આમ, ધીરેધીરે દિલ્હીની સત્તા લોદીવંશના હાથમાં આવી રહી હતી અને માટે જ ઈ.સ.* 1451*માં બહલોલ લોદીએ સત્તા પર અધિકાર સ્થાપિત કર્યો તો એમને કોઈ વિશેષ વિરોધ ન થયો.*

*દિલ્હીના તખ્ત પર લોદી વંશનો સ્થાપક બહલોલ લોદી અફઘાનોની પેટા જાતિ શાહુખેલનો હતો. તેને સુલતાન સૈયદવંશના શાસક મુહમ્મદશાહે "ખાન-એ-ખાના" ની ઉપાધિ આપી અને તેને પોતાના પુત્ર જેવો દરજ્જો આપ્યો. તેણે અંતિમ શાસક આલંગશાહના વજીર હમીદખાનને મારી 19મી એપ્રિલ 1451ના રોજ બહલોલ શાહગાઝી નામ ધારણ કરી. દિલ્હીની ગાદી પર બેઠો. બહલોલના શાસનકાળનું વાસ્તવિક મહત્ત્વ એ છે કે આ કાળમાં દિલ્હી સલ્તનતની પુનસ્થાપનાનો પ્રારંભ થયો. તેણે સલ્તનતના ક્ષેત્રોની સીમાનો વિસ્તાર કર્યો, અને ઉત્તર ભારતની રાજનીતિમા મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી સલ્તનતની ગુમાવેલી પ્રતિષ્ઠા પુનઃસ્થાપી અને રાજપદના ગૌરવમાં વધારો કર્યો. ઈ.સ. 1489માં સુલતાન બહલોલ લોદીનું અવસાન થયું. તે નિઃશંક પોતાના વંશનો સૌથી યોગ્ય સુલતાન હતો.*

**9.3.2 સિકંદર લોદી :**

**9.3.2.1 પ્રારંભિક જીવન :**

*બહલોલ લોદીની ત્રીજી પત્ની દ્વારા કે જે એક સ્વર્ણકારની પુત્રી હતી.આ હેમાનો પુત્ર સિકંદર લોદી. હેમાને બહલોલ ખૂબ જ પ્રેમ કરતો હતો. હેમાના પ્રેમના કારણે બાળપણમાં નિઝામશાહના નામે ઓળખાતા સિકંદરની ઉપર પણ બહલોલને વધારે સ્નેહ હોય એ સ્વાભાવિક છે. બહલોલે ખાને-ખાના ફાર્મૂલીને નિઝામશાહનો સંરક્ષક નિયુક્ત કરી નિઝામશાહને સંભલની સૂબેદારી આપી. બહલોલ નિઝામશાહને દિલ્હીના સુલતાન તરીકે પણ જોવા માંગતો હતો.*

*નિઝામશાહ અનેક ગુણોથી પરિપૂર્ણ હતો અને એની વીરતા પર સુલતાનને પૂર્ણ વિશ્વાસ હતો.*

*નિઝામશાહે તાર-તારખાંને અંબાલાની નજીક હરાવી દીધો તો બહલોલે નિઝામને પોતાનો ઉત્તરાધિકારી ઘોષિત કર્યો. જ્યારે સુલતાન બીમાર સ્થિતિમાં હતો તો અમીરોએ તેના ઉત્તરાધિકારી વિશે પૂછ્યું તો બહલોલે નિઝામશાહને બોલાવ્યો. નિઝામશાહ ત્યારે દિલ્હીથી 80 કિ.મી. દૂર હતો તે તરત જ દિલ્હીની નજીકની છાવણીમાં આવી ગયો. પરંતુ નિઝામશાહ સહેલાઈથી દિલ્હીનો સુલતાન ન બની શક્યો. એના બે ભાઈઓ બારવકશાહ અને આજમ હુમાયુએએનો વિરોધ કર્યો. ઉત્તરાધિકારીઓના પ્રશ્ન માટે અમીરોની જ્યારે સભા થઈ ત્યારે માત્ર ખાન-ખાને ફાર્મૂલીના સહયોગથી 17જૂલાઈ 1449ના રોજ જલાલીમાં રાજ્યાભિષેક કરાવી "સુલતાન સિકંદર શાહ"નું નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ બેઠો.*

**9.3.2.2 લશ્કરી અભિયાન :**

*પોતાના કાકા આલમખાન પાસેથી તેણે રાપરી પડાવી લીધું. પોતાના પિતરાઈ ભાઈ આઝમ હુમાયુ જે પોતાને દિલ્હીનો સુલતાન સમજીને બેઠો હતો તેને પણ સિકંદરે પરાસ્ત કરી તેના પાસેથી કાલ્પી પડાવી લીધું. ઝાલોરના વિરોધી સરદાર તાતારખાનને પણ પરાસ્ત કરવામાં આવ્યો. જોનપુરમાં પોતાની સ્વતંત્રતા જાહેર કરી બેઠેલા પોતાના*

*મોટાભાઈ બારબકશાહને સિકંદરે ત્યાંથી હાંકી કાઢયો. ત્યારબાદ બંગાળના હુસેનશાહને પરાજય આપી સમસ્ત બિહારને સલ્તનત સાથે જોડી દીધું. આમ, સલ્તનતની સીમા લગભગ મુંગેર સુધી વિસ્તૃત થઈ.*

*સિકંદરે મધ્યભારતમાં પણ સૈનિક હાથ ધર્યું હતું. ગ્વાલિયરના રાજા માનસિંહે વગર યુદ્ધ કર્યું. સુલતાનનું આધિપત્ય સ્વીકારી લીધું અને એના તરફથી સુલતાનને અનેક નજરાણાં પ્રાપ્ત થયાં. ધૌલપુરના શાસક વિનાયકદેવને ઈ.સ.1504મા પરાજિત કર્યો એ જ વર્ષે મંદ્રૌલ પર અધિકાર કર્યો. ઈ.સ. 1507માં અવન્તપુર અને નરવર પર અધિકાર કર્યો. રાજસ્થાનના રાજપૂત શાસકો પર નિયંત્રણ રાખવા માટે સરહદ પાર 1506માં આગરા નગરનું નિર્માણ કર્યું અને રાજધાની ત્યાં સ્થળાંતરિત કરી. આમ એને તિરહુત, ધૌલપુર, ઉત્તગીર, મંદ્રૌલ,નરવર, નાગોર વગેરેને પોતાના શાસન તળે લાવી દીધાં. એના આ સૈનિક અભિયાનથી દિલ્હી સલ્તનત ફરીથી ઉત્તરી ભારતના રાજનૈતિક જીવનનું કેન્દ્ર બિંદુ બની ગયું.*

**9.3.2.3 અફઘાન અમીરો તથા જમીનદારો સાથે સંબંધ**

*સિંકદરશાહની મુખ્ય સમસ્યા અફઘાનઅમીરોની સ્વતંત્ર મનોવૃત્તિ પર અંકુશ મૂકવાની હતી. બહલોલની પ્રણાલિકા ત્યાગ કરી રાજસિંહાસન પર બેસવા લાગ્યો. અમીરોને સુંદર વસ્ત્રો તથા આકર્ષક પદ આપી એમને ખુશ કરવાનો પ્રયાસ કર્યો તો સાથેસાથે વિરોધી સરદારોને કડકમાં કડક સજા કરવામા આવી. અફઘાન જાગીરદારોની ઈચ્છા વિરુદ્ધ હિસાબી જાંચ તપાસ નાખી અને સામંત ઉપર કઠોર અનુશાસન લાગુ કર્યું. એમની જાગીરીના પ્રશાસન અને એમની આવક પર નિયંત્રણ સ્થાપિત કર્યુ. આ રીતે અમીરો અને જાગીરદારો-સામંતોને અંકુશમાં લઈને તેમની પાસે શિસ્તપાલન કરાવ્યું.*

**9.3.2.4 વહીવટીતત્ર**

*વહીવટીકર્તાના રૂપમા સિકંદરે પોતાની પ્રતિભાનું સરસ પ્રદર્શન કર્યું. રાજસ્વની ચોરી કરવાવાળાને કઠોર દંડ આપવામાં આવ્યો. અલ્લાઉદ્દીન અને બલ્બનની માફક ગુપ્તચર વિભાગની સ્થાપના કરી. તેની જાસૂસી વ્યવસ્થા એટલી જડબેસલાક હતી કે સામાન્ય લોકો એવું માનતા કે સુલતાનને ભૂત-પ્રેત ગુપ્ત માહિતી પૂરી પાડે છે. સૈન્યની કાર્યકુશળતામાં પણ વૃદ્ધિ કરી. લગાન વ્યવસ્થામાં સુધારો કર્યો તથા જમીન માપણી માટે "ગજે સિકંદરી" નામક માપપટ્ટીનો પ્રયાગે કર્યો. લગાન સબંધી આંકડા એકઠા કરાવ્યા. ચીજ વસ્તુઓના ભાવનું તે જાતે જ ધ્યાન રાખતો. પ્રજાને જીવન જરૂરિયાતની વસ્તુઓ સરળતાથી મળી શકે તે માટે તેણે આંતરિક વેરાઓ નાબૂદ કર્યા. ન્યાયતંત્રને ગતિશીલતા બક્ષી, ખેતીને ઉત્તેજન આપ્યું, પ્રવાસ માટે માર્ગોને સુરક્ષિત બનાવ્યા.નિર્ધનોને આર્થિક અનુદાન મુકત ભોજન વગેરે જેવી જન કલ્યાણકારી કાર્યો પણ કરતો. તેણે વિદ્યા અને કલાને પ્રોત્સાહન આપ્યું. સિકંદર પોતે શાયરી અને સંગીતનો શોખીન હતો અને પોતે એક સારો કવિ હતો. તેણે "ગુલરુખી"ના ઉપનામથી કવિતાઓ રચી. તારીખે –દાઉદી*

*લખે છે કે સિકંદરના શાસન-કાળમાં અનાજ, વસ્ત્ર અને જીવનજરૂરિયાતની અન્ય વસ્તુ ઘણી સસ્તી હતી.*

*વહીવટીકાર્યોમાં તે જાતે રસ લેતો. છેક પરોઢિયાથી મધરાત સુધી રાજકામમાં મગ્ન રહેતો. આમ, સક્ષમ લશ્કરી વ્યવસ્થા, પ્રજાનો સંતોષ, શાસનકાળમાં શાંતિ, સુવ્યવસ્થા અને આર્થિક સંપન્નતાના કારણે સુલતાન પદના ગૌરવની પુનઃસ્થાપના તે કરી શક્યો.*

**9.3.2.5 ધાર્મિક નીતિ**

*સિકંદર ધર્માન્ધ હતો. સિકંદર એક હિંદુ માતાનો પુત્ર હોવા છતાં હિંદુ મદિરોને તોડાવી, મૂર્તિઓને નષ્ટ કરાવી, મંદિરોની જગ્યાએ મસ્જિદો બાંધવાની નીતિ અપનાવી. તેણે નગરકોટના જ્વાળામુખી દેવીની મૂર્તિના ટુકડા કરાવી કસાઈઓને માંસ જોખવા માટે આપ્યા. થાનેશ્વરના તળાવમાં તથા મથુરાના યમુના નદીના કિનારે હિંદુઓને સ્નાન તથા મુંડન કરવાની મનાઈ ફરમાવી. હિંદુઓને વટલાવવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપ્યું. બોધક નામના એક હિંદુ વિદ્વાન કે જે ઈસ્લામ અને હિન્દુ ધર્મને સમાન ગણતો હતો તેનો શિરચ્છેદ કરાવ્યો. કટ્ટર સુન્ની મુસલમાન હોવાથી મોહરમના તાજિયા પર પ્રતિબંધ મૂક્યો તથા મુસ્લિમ મહિલાઓ પીરો અને ઓલિયાઓની મજાર ઉપર  દર્શન કરવા ન જઈ શકે તેવો આદેશ બહાર પાડયો.*

**9.3.2.6 મૃત્યુ** *:*

*સતત યુદ્ધ અને સંઘર્ષના કારણે તેની તંદુરસ્તી ઉપર ખરાબ  અસર થઈ. માલવા પર આક્રમણ કરીને તે બયાનાથી પરત  ફર્યો તે સમયે બીમાર થયો હતો. આ બીમારીના નિદાન માટે અલગ અલગ ઉપચાર કરવામા આવ્યા જેમાં નિષ્ફળતા મળી અને 21 નવેમ્બર 1517ના રોજ સિકંદરશાહ મૃત્યુ પામ્યો.*

*આમ, સિકંદરશાહે 18 વર્ષ શાસન કર્યુ. પ્રા. એલ.પી. શર્મા સિકંદરનું મૂલ્યાંકન કરતા નોંધે છે કે પોતાના પિતા દ્વારા શરૂ કરવામાં આવેલ વર્ષોને આગળ વધારવામાં તે સફળ રહ્યો હતો.*

**તમારી પ્રગતિ ચકાસો : 1**

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *દિલ્હી સલ્તનત પર તુઘલક વંશનો અંતિમ શાસક -------------હતો.*
2 *સૈયદવંશની સ્થાપના ----------------એ અને ------------સાલમાં કરી.*
3. *સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના સમયમાં -------------એ ભારત પર આક્રમણ કર્યું.*
4. *સૈયદવંશના સુલતાન ખિઝરખાન પોતાને ----------તરીકે ઓળખાવતો હતો.*
5. *"તારીખે-એ-મુબારકશાહી" ના લેખક--------હતા.*

**બ. સૈયદ શાસકો વિશે ટૂંકમાં માહિતી આપો.**

__________________________________________________________________________

__________________________________________________________________________

__________________________________________________________________________

__________________________________________________________________________

__________________________________________________________________________

__________________________________________________________________________

**9.3.3 ઈબ્રાહીમ લોદી :**

*સુલતાન સિકંદરશાહના અવસાન પછી તેનો જ્યેષ્ઠ પુત્ર ઈબ્રાહીમ* 21 *નવેમ્બર* 1517*માં આગ્રાની ગાદી પર બેઠો.*

**9.3.3.1 ગાદીપ્રપ્તિ અને તેના વિજય અભિયાનો**

**1 ગાદીપ્રાપ્તિ અને જલાલખાં સાથેની નીતિ**

*ડૉ. અવધબિહારી પાન્ડેયના અનુસાર સિકંદર લોદીએ અમીરોની એક સભા દિલ્હીમાં આમંત્રિત કરી હતી. સભાના અમીરો અને સિકંદરના સામ્રાજ્યને બે ભાગમાં વિભક્ત કરવાની આશા વ્યકત કરી. આ વિભાજનનું એક કારણ રાજ્યવારસના યુદ્ધ પરુષ અને ગૃહયુદ્ધને ટાળવા માટેનું હતું. એમણેઈબ્રાહીમના ભાઈ જલાલને જોનપુરનો સ્વામી અને ઈબ્રાહીમને દિલ્લીના સુલતાન બનાવવાનુ નક્કી કર્યુ. પરંતુઈબ્રાહીમે આ વિભાજન સ્વીકારવાની ના પાડી. ઈબ્રાહીમે જલાલને દિલ્હી બોલાવ્યો પણ જલાલ ઈબ્રાહીમની ચાલ સમજી ગયો અને દિલ્હી ન આવ્યો તો ઈબ્રાહીમે કાલ્પી-જોનપુરમાં સૈન્યનો ઘેરો નાખ્યો. જલાલ ત્યાંથી ભાગી ગયો. ઈબ્રાહીમના સૈન્યે જલાલનો પીછો કરી તેને કેદ કરી ઈબ્રાહીમ પાસે લાવવામાં આવ્યો. પછીથી ઈબ્રાહીમે જલાલનો વધ કરાવ્યો. આમ, આ પ્રકારે તે સુલતાન બન્યો.*

**2. રાજપૂત શાસકો સાથે યુદ્ધ :**

*ગ્વાલિયરે દિલ્હીનું આધિપત્ય સ્વીકાર્યું ન હતું અને તે વારંવાર સામે પડતા હતા. આ ઉપરાંત ગ્વાલિયરના રાજાએ જલાલને પોતાના રાજ્યમાં શરણાગતિ આપી હતી. ઈબ્રાહીમની સેનાએ ગ્વાલિયરને ઘેરી લીધુ. ગ્વાલિયરના રાજા વિક્રમાજીતે સુલતાનનું આધિપત્ય સ્વીકાર્યું. આધીનતા સ્વીકારી. ઈબ્રાહીમ લોદીએ ગ્વાલિયરને પોતાના આધિપત્યમાં લઈ વિક્રમાજીતને શમ્સાબાદનો હાકિમ પદે નિયુક્ત કર્યો.*

*ઈબ્રાહીમ મધ્ય ભારતમા આગળ વધી તેને સલ્તનતના આધિપત્ય નીચે લાવવા માગતો હતો. પરંતુ એના માર્ગમા મેવાડના રાજા સંગ્રામસિંહ નડતો હતો. તેણે મેવાડ પર ત્રણ વખત આક્રમણ કર્યું છતાં તે રાજપૂતોને હરાવી શકયો નહિ. ઉપરથી રાણા સંગ્રામસિંહે અજમેર, નાગોર, માળવા અને ચંદેરી પડાવી લીધા.*

**3. અફઘાન અમીરો સાથે સઘર્ષ**

*આજમ હુમાયુ જેણે જલાલને સાથ આપ્યો તેને બંદી બનાવી લેવામાં આવ્યો અને જેલમાં તેનું મૃત્યુ થયું. આજમખાંના બીજા પુત્ર ઈસ્લામખાંએ વિદ્રોહ કર્યો. તેણે અનેક અમીરોનો સાથ લઈ આગ્રા તરફ કૂચ કરી. ઈબ્રાહીમ પણ પોતાની સેના સાથે વિદ્રોહીઓના દમન માટે નીકળ્યો. બન્ને સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેનું પરિણામ સુલતાનના પક્ષમાં આવ્યું. અહમદ યાદગાર આ યુદ્ધના સંદર્ભમાં લખે છે કે લાશોના ઢગલા થઈ ગયેલા અને યુદ્ધ ક્ષેત્ર આ ઢગલાઓથી ઢંકાઈ ગયું. પૃથ્વી પર પડેલ માથાઓની સંખ્યા અસંખ્ય હતી.*

**4. ગૃહ નીતિ**

*બિહારના દરિયાખાં નૂહાની એ બગાવત કરેલ. પરંતુ આ સમયે તેનું મૃત્યુ થયું અને આ વિદ્રોહની આગેવાની તેના પુત્ર બહાદૂરખાં એ લીધી. પોતાને સ્વતંત્ર શાસક ઘોષિત કરી પોતાના નામના સિક્કા પડાવ્યા. ઈબ્રાહીમના રોકવા છતા તે તેણે સંભલ સુધી પોતાનું રાજ્ય પ્રસ્થાપિત કર્યું.*

*બહાદુરખાંના આ વિદ્રોહથી ઈબ્રાહીમ હવે ઘણો સતેજ થઈ ગયો હતો. તેને પંજાબના સૂબા દોલતખાં લોદીથી આ પ્રકારનો થોડો ભય હતો.માટે તેને તેણે દોલતખાંને દિલ્હી બોલાવ્યો. જેમાં દોલતખાં ન આવતાં પોતાના પુત્ર દિલાવરખાંને મોકલી દીધો. જેમાં તેણે દિલાવરખાં સાથે અપમાનજનક વર્તન કર્યું. જેનાંથી દોલતખાએ નારાજ થઈ કાબૂલના સુલતાન બાબર સાથે મિત્રતા કેળવવાનાં પ્રયાસ કર્યા અને તેને ભારત પર આક્રમણ કરવા આમંત્રિત કર્યો.*

**5 ઈબ્રાહીમ અને બાબર**

*ઈ.સ. 1514માં કાબૂલ જીત્યા પછી બાબરની નજર હવે ભારતના ફળદ્રુપ પ્રદેશ પર હતી.ઈ.સ. 1519માં તેણે ભારતના પ્રદેશ પર ચઢાઈ કરી અને ત્યાર બાદ ત્રણ વાર ઉત્તર ભારતના સરહદી વિસ્તાર પર ચઢાઈ કરી અને લૂંટફાટ કરી. પરંતુ ઈબ્રાહીમ લોદીના શાસનકાળમાં આંતરવિદ્રોહો અને કુશાસનની પરિસ્થિતિ વચ્ચે ભારત તરફ પ્રસ્થાન કરી 21, એપ્રિલ 1526પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમને પરાજિત કર્યો અને તેને મારી નાંખ્યો. બાબર પોતે દિલ્હીનો સ્વામી બન્યો અને મઘલ વંશની સ્થાપના કરી.*

*આમ, ઈબ્રાહીમ લોદીના મૃત્યુનીસાથે જ દિલ્હી સલ્તનતની સમાપ્તિ થઈ ગઈ અને મુઘલવંશનો પ્રારંભ થયો.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો 2**

**અ. લોદીઓ કોણ હતા તે જણાવો.**

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

**બ. જોડકા જોડો.**

| | |
|---|---|
| 1. *બહલોલ લોદી* | A *સિકંદરીગજનો શોધકર્તા* |
| ૨. *સિકંદર લોદી* | B *લોદીવંશનો સ્થાપક* |
| 3. *ઈબ્રાહીમ લોદી* | C *સિકંદરનો ઉત્તરાધિકારી* |
| 4. *સંગ્રામ સિંહ* | D *મેવાડના રાજા* |
| 5. 1526 | E *ઈબ્રાહીમની રાજગાદી પ્રાપ્તિ* |
| 6. *ઈ.સ.* 1517 | F *પાણીપતનું યુદ્ધ* |

**3.સિકંદરશાહ લોદીની ધાર્મિકનીતિ વિશે ટૂંકમાં જણાવો.**

__________________________________________________

__________________________________________________

__________________________________________________

__________________________________________________

__________________________________________________

## 9.4 મૂલ્યાંકન

*ઉપર આપણે સૈયદ શાસકો અને લોદી શાસકોનો અભ્યાસ કર્યો. સાથે સાથે આ સમયની દિલ્હી સલતનતની સ્થિતિનો પણ અભ્યાસ કર્યો. તુઘલક શાસકોના પતન પછી દિલ્હી સલતનતની ચઢતી –ઉતરતી સ્થિતિ અને ત્યાર બાદ બાબરના આક્રમણથી તેના હાન્ય અને મુઘલ સત્તાની સ્થાપના વિશે જાણ્યું. ઈતિહાસમાં સિકંદરશાહ લોદી અને ઈબ્રાહીમલોદીના યુદ્ધ અભિયાનો અને આંતરિક કલેહથી સત્તાનો પલટોએ નોંધપાત્ર બાબત છે.*

## 9.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો 1

**અ. ખાલી જગ્યા પૂરો.**

1. *નાસિરુદ્દીન મહંમદ*
૨. *ખિઝરખાન, ઈ.સ.*1414
3. *તૈમૂર*
4. *"રૈયત-એ-આલા"*
5. *યાહ્યા ઈબ્ન સરહિન્દી*

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો 2**

*(બ) જોડકા જોડોના જવાબો*

1-B
2-A
3-C
4-D
5-F
6-E

## 9.6 સદર્ભ ગ્રથો


1. *ડૉ. ઈશ્વરભાઈ ઓઝા,* **મધ્યયુગીન ભારતનો ઈતિહાસ (સલતનતકાળ),** *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ* 2011.

૨. *ડૉ. પી.એન. ચોપરા (સંપાં)* **ભારતનુ ગેઝેટિયર- ઈતિહાસ અને સંસ્કૃતિ,** *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ* 2001

3. अमरेन्द्र कुमार सिंह, भारत में मुस्लिम साम्राज्य, पुष्पांजली प्रकाशन, दिल्ही, प्रथम संस्करण, २०१२.

4. डॉ. कैलाश खन्ना, मध्यकालीन भारतका इतिहास, अर्जुन पब्लीसिंग हाउस, दिल्ही, प्रथम संस्करण, २०१४

5. इमत्याज अहमद, मध्यकालीन भारत (8वी से 18वी शताब्दी) एक सर्वेक्षण, नेशनल पब्लीकेशन, पटना, पुनरिक्षित एवं संवर्धित संरक्षण, २००३.

# એકમ-10 દિલ્હી સલ્તનત સમયના ભારતની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ

**રૂપરેખા :**

**10.0 ઉદેશો.**

**10.1 પ્રસ્તાવના.**

**10.2 દિલ્હી સલ્તનતની સ્થાપના**

**10.3 સલ્તનત સમયના ભારતની રાજકીય સ્થિતિઃ**

**10.3.1 રાજવંશો અને સલ્તનતનો વિસ્તારઃ**

**10.3.1.1 ઈલ્બરી(ગુલામ) વંશ.**

**10.3.1.2 ખિલજી વંશ.**

**10.3.1.3 તુગલક વંશ.**

**10.3.1.4 સૈયદ વંશ.**

**10.3.1.5 લોદી વંશ.**

**10.3.1.6 પ્રાદેશિક સત્તાઓ.**

**10.3.2 સલ્તનતનું વિઘટન**

**10.3.3 વહીવટીતંત્ર**

**10.3.3.1 કેન્દ્રીય વહીવટીતંત્ર.**

**10.3.3.2 પ્રાંતિક વહીવટીતંત્ર.**

**10.3.3.3 મહેસૂલી વહીવટ.**

- **તમારી પ્રગતિ ચકાસો. 1**

**10.4 સલ્તનત સમયના ભારતની સામાજિક સ્થિતિ.**

**10.4.1 હિંદુ સમાજ.**

**10.4.2 મુસ્લિમ સમાજ.**

**10.4.3 હિંદુ-મુસ્લિમ સમન્વય.**

- **તમારી પ્રગતિ ચકાસો. 2**

**10.5 સલ્તનત સમયના ભારતની આર્થિક સ્થિતિ.**

**10.5.1 ખેતી**

**10.5.2 ઉદ્યોગ-ધંધા**

**10.5.3 વેપાર-વાણિજ્ય**

**10.5.4 વિનિમય વ્યવસ્થા**

- **તમારી પ્રગતિ ચકાસો. 3**

**10.6 સારાંશ**

**10.7 ચાવીરૂપ શબ્દો**

**10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**10.9 સંદર્ભ ગ્રંથો**

## 10.0 ઉદેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *સલ્તનત સમયના ઈતિહાસના સાધનો.*
- *સલ્તનતની સ્થાપના, દ્રઢીકરણ અને વિસ્તાર અને વિઘટન*
- *સલ્તનત સમયનો રાજકીય, આર્થિક અને સામાજિક સ્થિતિ.*
- *સલ્તનતના વિઘટનના પરિબળો.*
- *સલ્તનત સમયનું વહીવટીતંત્ર.*

## 10.1 પ્રસ્તાવના

*તમે આ અગાઉ ભારતીય ઈતિહાસના ગુર્જર પ્રતિહાર સામ્રાજ્ય વિભાજનના કારણે ઉત્પન્ન થયેલી વ્યવસ્થાથી પરિચિત થયા છો. આ એકમમાં દિલ્હી સલ્તનત વિશે સમજ વિકસાવીશુ. અહી તમે સલ્તનત (તુર્ક-અફઘાન) સત્તાના પ્રારંભ સમયની અને લગભગ ત્રણેક સદી સુધીના સલ્તનતકાલીન રાજ્ય, સમાજ અને અર્થકારણ વિશે જાણશો.*

*મોટા ભાગના ઈતિહાસકારો ભારતમાં સલ્તનતના ઉદયથી મરાઠા સત્તાના અંત (ઈ.સ.1818) સુધીના કાલને મધ્યયુગ માને છે. ભારતમાં મુસ્લિમ આક્રમણોમાં ઈ.સ.712નું મોહમ્મદ-બિન- કાસિમનું આક્રમણ પહેલ વહેલું ગણાય છે. જે ભારત માટે નવા યુગની એંધાણી સમાન હતું. તેના પછી મહમૂદ ગઝનવી વગેરે મુસ્લિમ આક્રમણો સુધી તેમનો મુખ્ય આશય ભારતીય ધન સમૃદ્ધિ રહી પરંતુ શહાબુદ્દીન ઘોરીનું ઈ.સ.1192નું આક્રમણ ભાવી ભારતના રાજકારણમાં ગહન બદલાવ લાવનાર સાબિત થયું. અંતે ઈ.સ.1206માં કુતુબુદ્દીન ઐબક દિલ્હીનો પહેલો સુલતાન થયો.*

*આ સમય બે સંસ્કૃતિઓના સામ-સામે અથડાવાનો હતો. તેમ છતાં સાંપ્રદાયિકતા અને સમન્વય આ સમયની મુખ્ય દેન રહી. તુર્કો ભારતમાં નવા અને અજાણ હોઈ પ્રારંભમાં ભારતની પુરાણી વહીવટી વ્યવસ્થા ચાલુ રાખી. પ્રારંભમાં સાર્વભૌમ સત્તાની કાયદેસરતા સ્થાપવા ખલીફા સાથે સબંધ સ્થાપિત કર્યો. આ એકમનો અભ્યાસ કરતાં તમારે એ બાબત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે તુર્કોની મહેસૂલી વ્યવસ્થા અને ઈક્તા પ્રણાલી એ બે આ યુગના સમગ્ર વહીવટીતંત્રનો આધાર હતો. આજ પ્રણાલીએ આગળ જતાં ઉમરાવોને શક્તિશાળી બનાવ્યા જેમણે કેન્દ્રીય સત્તાને નબળી પાડી અને સલ્તનતનું વિઘટન થયું.*

## 10.2 દિલ્હી સલ્તનતની સ્થાપના

*સમ્રાટ હર્ષવર્ધનના મૃત્યુ પછી ભારતમાં ગુર્જર પ્રતિહારો, દખ્ખણમાં રાષ્ટ્રકૂટો તથા બંગાળમાં પાલ વંશની સત્તાઓ પ્રવર્તી અને પરસ્પર લડીને દશમી સદીના અંતે તેમનો અસ્ત થયો. ભારતમાં પ્રતિહાર, ચાલુક્ય, ચૌહાણ અને સોલંકીઓ વગેરે નાનાં મોટાં અનેક રાજ્યો અસ્તિત્ત્વમાં આવ્યાં. ભારત પર પ્રથમ આક્રમણ કરનાર મુસ્લિમો આરબો હતા જે સહિષ્ણુ અને ઉદાર હતા. સિંધમાં ઈ.સ.૭૧૨માં મોહમ્મદબિન કાસિમે મુસ્લિમ સત્તા સ્થાપી. આમ, ૧૦મી સદીથી ભારતની નિર્બળ રાજકીય સ્થિતિથી ભારતમાં મુસ્લિમ આક્રમણો માટેનો માર્ગ મોકળો બન્યો હતો.*

*તુર્કો મધ્ય એશિયાના હૂણ જાતિના હતા અને તેઓ મધ્ય એશિયા, મધ્યપૂર્વ એશિયામાં આરબોના સંપર્કમાં આવ્યા ને તેમણે મુસ્લિમ ધર્મ અપનાવ્યો આરબો કરતાં તુર્કો વધુ લડાયક, વીર, સાહસિક, ધર્મઝનૂની તથા મહત્ત્વાકાંક્ષી હતા. ઈ.સ. ૯૩૨માં અલપ્તગીન નામના તુર્કે ગઝનીમાં (અફઘાનિસ્તાન) સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. જેમાં આગળ ચાલતાં મહમૂદ ગઝની સત્તા પર આવ્યો. ડૉ. ઈશ્વરીપ્રસાદ નોંધે છે તેમ, "મહમૂદના આક્રમણોનો મૂળભૂત ઉદ્દેશ રાજ્ય જીતવાનો નહીં, પરંતુ ધન લૂંટાવાનો હતો, વિજય મેળવવાનો નહીં પરંતુ મૂર્તિપૂજાનો નાશ કરવાનો હતો." આમ, તેણે ઈ.સ.1000 થી 1026 સુધીમાં ભારત પર સત્તર વાર આક્રમણો કર્યા. સોમનાથ પરની તેની ચડાઈ અને બર્બરતા જાણીતી છે. ઈ.સ.1030માં તે મૃત્યુ પામ્યો. તેના પછી મુહમ્મદ ઘોરીના આક્રમણો સુધીના બસો વર્ષો સુધી વાયવ્ય સરહદે શાંતિ રહી. પરંતુ અફઘાનિસ્તાનમાં શંસબની વંશનો ઘોર વંશ સત્તા પર આવ્યો.*

*મુહમ્મદ ઘોરીએ પ્રારંભમાં પંજાબ અને સિંધ મેળવવાના ઉદ્દેશથી આક્રમણો કર્યા અને ઘણા પ્રદેશો કબજે કર્યા. હવે તેણે ભારતમાં આગળ વધવાનું નક્કી કરી ઈ.સ. 1191માં ભટીંડા પર આધિપત્ય સ્થાપ્યું. ઈ.સ.1191ના તરાઈના પ્રથમ યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણ સામે તેની હાર થઈ. આ તરાઈના યુદ્ધમાં કનોજ સિવાયનાં તમામ રાજપૂત રાજાઓએ પૃથ્વીરાજ ચૌહાણને મદદ કરી એ નોંધપાત્ર હતું. ઘોરીએ પુનઃ બીજું આક્રમણ ઈ.સ.૧૧૯૨માં મોટા સૈન્ય સાથે આક્રમણ કરી તરાઈના બીજા યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણને હાર આપી દિલ્હી જીતી લીધું. આ જીતાયેલા રાજ્યને પોતાના વફાદાર ગુલામ કુતુબદ્દીન ઐબકને વિશાળ સત્તાઓ આપી મુહમ્મદ ઘોરી પાછો ફર્યો. ઈ.સ. ૧૨૦૬માં ગક્કરો અને પંજાબના બળવાઓને કાબુ કરવા તેને ભારત આવવું પડ્યું ને તેનું દમન કર્યા પછી ગઝની જઈ રહ્યો. જ્યાં ૧૫મી માર્ચ,1206માં ઘોરીનું મૃત્યુ થયું. આમ, તેણે ઉત્તર ભારતમાં વિશાળ પ્રદેશો પર મુસ્લિમ સત્તા સ્થાપી.*

## 10.3 સલ્તનત સમયના ભારતની રાજકીય સ્થિતિ

### 10.3.1 રાજવંશો અને સલ્તનતનો વિસ્તાર

#### 10.3.1.1 ઈલ્બરી(ગુલામ) વંશ

*ડૉ. એ.એલ.શ્રીવાસ્તવ આ વંશને જે ગુલામવંશ કહેવામાં આવે છે તે શબ્દ પ્રયોગને ખોટો માને છે. આ વંશનું નામાભિધાન ગુલામવંશ એટલા માટે થયું કે આ વંશના નવ સુલતાનોમાંના પ્રારંભિક ત્રણ સુલતાનો ગુલામ હતા. જોકે ગુલામવંશના સુલતાનો મામ્લૂક કે મામલૂક જાતિના તુર્કો હોઈ તે વંશને મામલૂક વંશ પણ કહે છે.*

*કુતુબદ્દીન ઐબક (ઈ.સ.1206-1210) ઘોરીના અવસાન પછી દિલ્હીમાં સત્તા પર આવ્યો. મુહમ્મદ ઘોરીના અન્ય સરદારો જેવા કે ગઝનીમાં તાજુદ્દીન યિલ્દ્ઝ, મુલતાનમાં નાસિરુદ્દીન કુબાચા અને બંગાળમાં ઈખ્તિયાર-ઉદ્દીન પણ સત્તા પર આવ્યા. પરંતુ તેમાં અંતે ઐબકે સત્તા પ્રાપ્ત કરી. મુહમ્મદ ઘોરીએ ભારતમાં સામ્રાજ્યના શાસક તરીકે ઐબકને નીમ્યો હતો. તેણે ઈન્દ્રપ્રસ્થને પોતાની રાજધાની બનાવી. ઝાંસી, મીરત, દિલ્હી, રણથંભોર, કોલ ઉપરાંત કાલિંજર અને ગુજરાતને તેણે જીતી સમગ્ર ઉત્તર ભારતનો તે શાસક બન્યો. તેનો રાજ્યાભિષેક 24 જૂન, 1206ના રોજ થયો.તેમ છતાં તેણે 'મલિક' અને સિપાહસાલાર'ની જ ઉપાધિથી સંતોષ માન્યો. તેણે પોતાના નામના સિક્કા પડાવ્યા નહી કે 'ખુત્બો'પઢાવ્યો નહોતો. ઈ.સ.1208માં ઘોરીના વારસદાર ગ્યાસુદ્દીન મોહમ્મદ ઘોરીએ તેને ગુલામમાંથી મુક્ત કરી રાજચિહ્ન અને ધ્વજ તથા 'સુલતાનની ઉપાધિ આપી હતી. કુતુબુદ્દીન ઐબકમાં રચનાત્મક શક્તિનો અભાવ હોઈ તે સુદ્રઢ શાસનવ્યવસ્થા સ્થાપી શક્યો નહોતો. ગાદી પ્રાપ્તિ પછી તેણે નવા વિજયો કર્યા ન હતા. નવેમ્બર 1210માં લાહોરમાં પોલો રમતમાં ઘોડા પરથી પાડી જતાં તેનું મૃત્યુ થયું. ફારસી સાહિત્યનો શોખીન તથા સાહિત્યકારોનો પોષક હોઈ તે 'લખ-બક્ષ' કહેવાતો. તેણે સ્થાપત્ય ક્ષેત્રે રુચિ દાખવી દિલ્હીમાં જામે મસ્જિદ (કુવ્વતુલ ઈસ્લામ મસ્જિદ), અજમેરમાં મસ્જિદ (ઢાઈ-દિન કા ઝોપડા) બંધાવી તથા કુતુબમિનારના બાંધકામની શરૂઆત કરાવી હતી. ડૉ. વી. એસ. ભાર્ગવના શબ્દોમાં "એક રાજવંશની સ્થાપનામાં ઐબકનું તે જ સ્થાન છે જે બાબરનું મોગલવંશની સ્થાપનામાં છે. ચાર વર્ષના તેના શાસનકાળમાં તેણે સલ્તનતનો પાયો નાંખી ઈસ્લામની ભારે મોટી સેવા કરી."*

*ડૉ. છોટુભાઈ નાયકની નોંધ પ્રમાણે ઐબક પછી તેનો પુત્ર આરામશાહ ગાદીએ આવ્યો જે અયોગ્ય શાસક હતો. તેથી ઈ.સ.1211માં કુતુબદ્દીનના જમાઈ ઈલ્તુત્મિશે દિલ્હીના તુર્કી અમીરોની ઈચ્છાથી અને પોતાની શક્તિથી દિલ્હીની ગાદી પ્રાપ્ત કરી. શમ્સ-ઉદ્દીન-ઈલ્તુત્મિશ તુર્કોની ઈલ્બેરી શાખાનો હતો. તે ખૂબ સૌંદર્યવાન અને બુદ્ધિશાળી હતો અને ઐબકનો ગુલામ હતો. તેની યોગ્તતાને કારણે ઐબકે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી હતી.*

*ઈલ્તુત્મિશને ખલીફા તરફથી સુલતાનની માન્યતા મળી હતી. તેણે પોતાની યોગ્યતા પુરવાર કરી હતી.ખિલજી માલિકોના ઉપદ્રવ, મુલતાનમાં કુબચાની શક્તિમાં વૃદ્ધિ, ગઝનીમાં યલ્દિઝનો ભય, રાજપૂત રાજ્યોના વિદ્રોહો, ગક્કારોની સમસ્યા, અમીરો, સરદારોનો વિરોધ વગેરે જેવી મુશ્કેલીઓનો મક્કમતાથી સામનો કર્યો. તેણે ૪૦ તુર્ક ગુલામ અધિકારીઓનું એક સંગઠન બનાવ્યું હતું. જે 'તુર્કાન-ઈ-ચિહિલગાની' તરીકે ઓળખાતું હતું. બલ્બન તેનો સભ્ય હતો જે આગળ જતાં સુલતાન થયો હતો.*

ઈ.સ.1235માં તેના મૃત્યુ સમયે મોટા ભાગનું ઉત્તર ભારત તેના સામ્રાજ્યમાં આવી જતું હતું. ડૉ. નાયકના મતે ઈલ્તુત્મિશ જ ગુલામવંશનો સાચો સ્થાપક હતો. કેમ કે તેણે પોતાની શક્તિથી અસંગઠિત રાજ્યને સંગઠિત કર્યું. તેણે ઐબકના જીતાયેલા પ્રદેશોનું શાસન સુદ્રઢ તથા વ્યવસ્થિત કર્યું પરંતુ તે સ્થાયી વહીવટીતંત્ર સ્થાપી શક્યો નહોતો.તેણે બહુલ હિંદુ પ્રજા પ્રત્યે ઐબક જેવી જ અસહિષ્ણુ નીતિ અપનાવી હતી.

ઈલ્તુત્મિશ પછી તેની પુત્રી રઝિયા સુલતાના (ઈ.સ.1236 થી 1240) શાસક બની. સ્વયં ઈલ્તુત્મિશે પોતાના અયોગ્ય પુત્રોને સ્થાને રઝિયાને પોતાની ઉત્તરાધિકારી સ્થાપી હતી. અમીરોનો રોષ અને ખટપટો હોવા છતાં 6 નવેમ્બર,1236માં રઝિયા દિલ્હીના પાયતખ્ત પર આરૂઢ થઈ. અમીરો, પોતાના ભાઈઓની વિરોધી પ્રવૃત્તિઓ, રજપૂતોના વિદ્રોહોનો રઝિયાને સામનો કરવો પડ્યો. રાજ્યની નિર્બળ સ્થિતિમાં મુલતાન, બદાયૂં, ઝાંસી, લાહોરના સુબોઓએ રઝિયા વિરુદ્ધ વિદ્રોહો કર્યા. ૧૩ ઓક્ટોબર,1240માં કૈથલ નજીકના નિર્ણાયક યુદ્ધમાં રઝિયાની હાર થઈ અને આમ તેના શાસનો અંત આવ્યો. દિલ્હીની ગાદીએ બેસનાર તે પ્રથમ સ્ત્રી શાસક હતી. સાડા ત્રણ વર્ષના શાસનમાં તેણે સફળ શાસકની જેમ પોતાને પુરવાર કરી. મિનહાજ-ઉસ-સિરાજ તેની પ્રશંસામાં લખે છે કે, “મહાન સુલતાના ન્યાયી, ઉદાર, વિદ્વાનોની પુરસ્કર્તા અને ન્યાયની દાતા હતી. એક શાસકમાં હોવા જોઈતા તમામ ગુણો અને લાયકાત તેનામાં વિદ્યમાન હતા.” તેમછતાં તેનો દોષ એ હતો કે તે સ્ત્રી હતી અને તેથી તુર્કી અમીરો, સરદારો તેણે ઘ્રુણાની નજરે જોતા. ડૉ. એ.એલ.શ્રીવાસ્તવના નોધ્યા પ્રમાણે, “મૂળ કારણ તો તુર્ક અમીરોની શક્તિ અને સત્તા પર રઝિયાએ મૂકેલો કાપ તેના અંત માટે જવાબદાર હતો.”

રઝિયાના પતન પછી ઈલ્તુત્મિશનો ત્રીજો પુત્ર મુઈઝુદ્દીન બેહરામશાહ(ઈ.સ.1240 થી 1242) અને પછી ઈલ્તુત્મિશનો પૌત્ર અલાઉદ્દીન મસૂદશાહ (ઈ.સ.1242 થી 1246)ને તુર્ક સરદારોએ ગાદીએ બેસાડ્યો. મસૂદશાહ અયોગ્ય હોવાથી તેના સ્થાને ઈલ્તુત્મિશના ત્રીજા પુત્ર નાસિરુદ્દીન (ઈ.સ.1246 થી 1266)ને ગાદીએ બેસાડવામાં આવ્યો અને તેનું શાસન તેના સસરા વઝીર બલ્બનના હાથમાં રહ્યું. તે ઈ.સ.1266માં મૃત્યુ પામ્યો ત્યારે સામ્રાજ્ય માટે બલ્બનને ઉત્તરાધિકારી જાહેર કરતો ગયો હતો.

બલ્બન ઈલ્બરી તુર્ક કુટુંબનો હતો. ઈલ્તુત્મિશે તેણે ખરીદેલો. એક ભીસ્તીની કામગીરી કરનાર બલ્બન પોતાની પ્રતિભા, વફાદારી અને પુરુષાર્થથી ‘ચાલીસના દળનો સભ્ય, રઝિયાના વખતમાં ‘અમીર-ઈ-શિકાર’, બહેરામશાહના સમયમાં રેવાડી અને હાંસીનો જાગીરદાર અને નાસિરુદ્દીનના સમયમાં ‘નાયબ-ઈ-મુમલિકન’ (રાજ્યનો નાયબ) બન્યો હતો. તેણે નાસિરુદ્દીન સાથે પોતાની પુત્રી પરણાવી સલ્તનતના દરબારમાં મુખ્ય પ્રધાન બન્યો. સુલતાન નાસિરુદ્દીનના વઝીર તરીકે અને પછી સુલતાન તરીકેની તેની કારકિર્દી સિદ્ધિઓથી સભર રહી.વઝીર તરીકે રાજ્યમાં બળવાઓનું શમન કરી સુલતાનની સત્તા પુનઃ સ્થાપી. સરહદી પ્રાંતોની અરાજકતાને કાબૂમાં લઈ ત્યાં શાંતિ

*સ્થાપી. રૈહાન જેવા ભારતીય મુસલમાનોનાં કાવતરાં નિષ્ફળ બનાવી વિદ્રોહીઓનું દમન કર્યું. ઈ.સ. 1257 અને 1260 દરમ્યાન મોંગોલ ભયને દૂર કરવામાં સફળ રહ્યો ને આમ 20 વર્ષ સુધી સુલતાનના વફાદાર તરીકે સેવા કરી. નાસિરુદ્દીન અપુત્ર મૃત્યુ પામતાં બલ્બન ગ્યાસુદ્દીન બલ્બનના નામે દિલ્હીના પાયતખ્ત પર બેઠો.તેણે સુલતાન તરીકે રાજાશાહીની દ્રઢ સ્થાપના કરી. ભયાવહ અંગરક્ષકો, ઈરાની તહેવાર નૌરોજ, દરબારમાં હસવા પર પ્રતિબંધ મૂક્યો ને એ પ્રસ્થાપિત કર્યું કે સુલતાન કોઈનો સમકક્ષ નથી, તે સૌથી ઉપર છે.*

*સુલતાનની નિરંકુશતાને આડે અમીરો અને તેમનું 'ચાલીસનું દળ' આવતું હોઈ તેનો નાશ કર્યો. ગુપ્તચર વિભાગ અને સેનાનું પુનઃગઠન કર્યું. તેના લશ્કરી સુધારાઓથી બળવાખોરોનું વર્ચસ્વ ઘટ્યું તો આંતરિક અને બાહ્ય બળવાઓને અંકુશમાં લાવી શક્યો. પ્રો. એસ.આર.શર્મા નોંધે છે તેમ "ન્યાયના અમલમાં તે ખૂબ જ કઠોર હતો. જાતિ, મિત્રો, પુત્રો કે નોકરો કોઈપણ સાથે તે પક્ષપાત કરતો નહિ." અમીર ખુશરો, હસન નિઝામી વગેરે તેના દરબારના વિદ્વાનો હતા. ઈ.સ. ૧૨૮૭માં શાહજાદા મુહમ્મદના પુત્ર કૈખુશરોને ઉત્તરાધિકારી જાહેર કર્યો ને મૃત્યુ પામ્યો. ડૉ. ઈશ્વરીપ્રસાદ નોંધે છે કે, "અવિશ્રાંત રૂપમાં ક્રિયાશીલ બલ્બનનો ચાલીસ વર્ષનો કાર્યકાળ મધ્યયુગીન ભારતીય ઈતિહાસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે." આમ સમગ્ર રીતે જોતાં તેણે શિશુ અવસ્થાના મુસ્લિમ રાજ્યને સુરક્ષિત રાખ્યું. તો પણ તેનામાં રચનાત્મક કાર્યો કે પ્રજા માટે કોઈ પગલાં લઈ શક્યો નહિ કે કોઈ સંસ્થાઓ સ્થાપી શક્યો નહિ. બલ્બનના અવસાન પછી મુસ્લિમ સરદારો અને તુર્ક ઉમરાવોએ કૈખુશરોને સ્થાને બુઘ્રાખાનના પુત્ર કૈકુબાદ (ઈ.સ. 1287 થી 1290)ને ગાદીએ બેસાડ્યો અને તુર્ક સરદારો વાસ્તવિક સત્તાધિશો બન્યા. દરબાર તુર્ક સરદારો અને ખિલજી(અફઘાન) ઉમરાવો વચ્ચે સત્તા માટે સાઠમારી શરુ થઈ ને અંતે ખિલજી અમીરોનો નેતા જલાલુદ્દીન ખિલજી દિલ્હીની ગાદીએ આવ્યો તથા મામલૂક કે ગુલામવંશનો અસ્ત થયો.*

### 10.3.1.2 ખિલજી વંશ

*જલાલુદ્દીન ખિલજીએ(ઈ.સ.1290-1296) દિલ્હીમાં ખિલજી વંશની સત્તા સ્થાપી. તે વૃદ્ધ હોઈ તેના મહત્ત્વાકાંક્ષી ભત્રીજા અલાઉદ્દીનનો પ્રભાવ વધ્યો. તેણે પોતાના કાકા જલાલુદ્દીનને મારી નંખાવ્યો અને પોતે ઈ.સ. 1296માં સુલતાન બન્યો. સલ્તનતના સુલતાનોમાં અલાઉદ્દીન (ઈ.સ.1296-1316) સૌથી સફળ સાબિત થયો. તેણે અનેક વિજયો કર્યા અને શાસનવ્યવસ્થામાં સફળતા મેળવી. રણથંભોર, ચિત્તોડના અજેય ગઢ જીત્યા. માળવા, જાલોર અને ગુજરાતનાં હિંદુ રાજ્યો પણ જીત્યાં. વળી તેનો સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણમાં દેવગિરિના યાદવો, વારંગલના કાકતિયો, દ્વાર સમુદ્રના હોયસળો તથા મદુરાના પાંડ્યોને પણ હરાવ્યા અને તે રીતે દક્ષિણ ભારતમાં લૂંટ, ખંડણીથી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી. આમ સુલતાન અલાઉદ્દીનને ઉત્તર અને દક્ષિણ ભારતમાં વિશાળ પ્રદેશો પર સલ્તનતની સત્તા પ્રસારી. (જુઓ નકશાનં.૧.)*




**1. ખિલજીકાલીન ભારત ઈ.સ.1290 થી 1296**

*તેણે આંતરિક બળવાઓને શમાવ્યા તથા જાસૂસી વ્યવસ્થા દુરસ્ત કરી. લોકો અને અમીરોના એકઠા થવા પર રોક લગાવી, દારૂ પર પ્રતિબંધ લગાવ્યો, ધાર્મિક મદદો ને દાનની જમીનો પાછી લઈ લીધી. મહેસૂલ ઉગરાવવા કડક આદેશો બહાર પાડ્યા. તે પૃથ્વી પર ઈશ્વરના નાયબ તરીકેનો દાવો કરતો. તે માનતો કે ધર્મને રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી. હિંદુઓ પ્રત્યે કઠોર નીતિ અપનાવી જઝિયા, જકાત ઉપરાંત અન્ય કરવેરા નાંખ્યા.તેણે સ્થાયી લશ્કરની સ્થાપના કરી અને સૈનિકોની ભરતી તથા રોકડ પગારની નીતિ અપનાવી. ઘોડા પર 'દાગ પ્રથા' શરુ કરી જેથી લશ્કરમાં ઘોડા બાબતે દગો થાય નહિ. તે જાતે લશ્કરનું નિરીક્ષણ રાખતો. તેના આર્થિક સુધારા-ભાવનિયમન અને બજાર નિયંત્રણને સમકાલીન ઈતિહાસકાર ઝિયા-ઉદ્દીન-બર્ની તો 'અજાયબી' કહી મૂલવે છે. પૂરતાં પ્રમાણમાં પૂરવઠાની જોગવાઈની વ્યવસ્થા કરી હતી. મહેસૂલ પણ રોકડને બદલે અનાજ અને ઊપજના સ્વરૂપે લેવાની શરૂઆત કરી હતી.તેણે સંગ્રહખોરી પર નિયંત્રણ મૂકતાં કડક પ્રતિબંધો લાદ્યા હતા. લોનો અને લાઈસન્સની પ્રથા દાખલ કરી અનાજને સરકારી લાઈસન્સદારોને નક્કી ભાવે વેચવાની વ્યવસ્થા કરી. તેણે બજાર પર અંકુશ રાખવા વિશેષ ખાતાં શરુ કરી તેના અધિકારી તરીકે દીવાને-રિસાયત' અને 'શહનાયે-મંડી'ની નિયુક્તિ કરી હતી. તેણે એટલા કડક આદેશો કર્યા હતા કે કોઈ પણ ભ્રષ્ટાચાર કે ઓછુ તોલમાપ કરતાં ડરતું હતું. આમ સુલતાન અલાઉદ્દીન બાહોશ સૈનિક, સેનાનાયક, રચનાત્મક પ્રતિભા સંપન્ન સુલતાન હતો. ડૉ. એ એલ. શ્રીવાસ્તવના મતે "આ દ્રષ્ટિએ સુસંગઠિત સામ્રાજ્યની રચના કરવાનું બલ્બનનું અધૂરું કાર્ય તેણે પૂરું કર્યું."*

### 10.3.1.3 તુગલક વંશ

*અલાઉદ્દીનના મૃત્યુ પછી મલિક કાફૂરના હાથમાં સત્તા આવી. એક જૂઠા વસિયતનો આશરો લઈ તેણે બાળ શાહજાદા શાહબુદ્દીનને ગાદીએ બેસાડી પોતે સંરક્ષક બની બેઠો. તેથી કેટલા સૈનિકોએ તેનો વધ કર્યો.ઉમરાવો-સરદારોએ અલાઉદ્દીનના બીજા પુત્ર કુતુબુદ્દીન મુબારકશાહને બાળ સુલતાન શહાબુદ્દીનના સંરક્ષક તરીકે નીમ્યો. જેણે નાના ભાઈની હત્યા કરી પોતે ઈ.સ.૧૩૧૬માં સત્તારૂઢ થયો. તેણે અલાઉદ્દીનના બધા સુધારા, ફરમાનો, કાયદાઓ, નિયમો પાછા ખેંચી અમીરો-સરદારોને ખૂંચવી લેવાયેલી જમીનો અને હક્કો પરત કર્યા. છેવટે ઈ.સ.૧૩૨૦માં તેના વફાદાર સરદાર ખુશરવશાહે તેણે કપટથી મારી નાંખી સ્વયં શાસક બન્યો. જે મૂળે હિંદુ માતાનો પુત્ર હોઈ તુર્ક ઉમરાવોએ ષડયંત્રો કરી ગાઝી મલિકની સરદારી નીચે ખુશરવશાહને યુદ્ધમાં હરાવી મારી નાંખ્યો. હવે આ સરહદી સુબા ગાઝી મલિક ગ્યાસુદ્દીન તુગલકના નામ સાથે દિલ્હીની ગાદીએ આવ્યો ને તુગલક વંશની સ્થાપના ઈ.સ.૧૩૨૦માં કરીને ખિલજી વંશનો અંત આણ્યો.*




*ગ્યાસુદ્દીને (ઈ.સ.1320-1325) અંધાધૂંધીનો લાભ લઈ સ્વતંત્ર થયેલ વારંગલ, ગુજરાત, બંગાળ, તિરહટના વિજયો કર્યા.બંગાળ વિજય પછી પાછા ફરતાં તેના માનમાં ગોઠવાયેલ*

સમારંભનો મંડપ પડતાં તેનું મૃત્યુ ફેબ્રુઆરી, 1325માં થયું. ઈબ્નબતુતા તેને 'કાવતરું' માને છે. તો કેટલાંક ઈતિહાસકારો તેને ઉલુઘખાનનું (મુહમ્મદ તુગલક) ષડયંત્ર માને છે. ગ્યાસુદ્દીનનો ઉત્તરાધિકારી મુહમ્મદ બિન તુગલક(ઈ.સ.1325-1351) સુલતાન બન્યો. તે તરંગી સુલતાન તરીકે ખ્યાત છે. 'તુગલકી ફરમાનો' કહેવતથી તમે વાકેફ હશો. તેણે રાજધાની દિલ્હીથી દૌલતાબાદ(દેવગિરિ) ખસેડી. લોકો રસ્તામાં મૃત્યુ પામતાં અને પારાવાર હેરાન થતાં પુનઃ રાજધાની દિલ્હી લાવ્યો. તેણે નાણાંકીય સ્થિતિ દુરસ્ત કરવા ચાંદીના સિક્કાને સ્થાને તાંબાના સિક્કા અમલમાં મૂક્યા. આ પ્રતિક મુદ્રા યોજના પણ નિષ્ફળ રહી. વિશ્વ વિજેતા બનવાની એક નિષ્ફળ યોજના પણ ઘડેલી. દોઆબમાં કરવૃદ્ધિ કરી અને દુષ્કાળમાં પણ કડકાઈથી કર વસૂલ્યો. તેને સાચી વસ્તુ સ્થિતિની જાણ થઈ તો ખેડૂતોને લોનો આપી, કૂવા કરાવ્યા, બિયારણ આપ્યાં. આમ દોઆબમાં કરવૃદ્ધિનો કશો લાભ થયો નહિ. તેણે ખેતીવાડી ખાતાની (દીવાન-ઈ-કોહી) સ્થાપના કરી 'ફાર્મ'ની યોજના ઘડી તે પણ નિષ્ફળ નિવડી અને ત્રણ જ વર્ષમાં આ મહાન પ્રયોગ બંધ કરવો પડ્યો. ડૉ. શ્રીવાસ્તવ નોંધે છે તેમ " રાષ્ટ્રના રેવન્યુ વહીવટના ઈતિહાસમાં જેને સૌથી શ્રેષ્ઠ પ્રયોગોમાંનો એક ગણાવી શકાય એવા પ્રયોગને આમ પડતો મુકાયો." તેણે નગરકોટ(પંજાબ), કરંજલ (હિમાલય), ગીરનાર-જૂનાગઢના વિજયો કર્યા હતા તેના શાસનકાળમાં અનેક બળવાઓ શુરુ થયા અને કેન્દ્રીય સત્તા નબળી પડી. વિજયનગર અને બહમની રાજ્યો તેની હયાતિમાં જ સ્વતંત્ર બન્યાં.

ઈતિહાસકારોમાં સલ્તનત યુગમાં કોઈ સુલતાન વિશે વધુ મતભેદ હોય તો તે મુહમ્મદ-બિન-તુગલકની પ્રતિભા વિશે રહ્યા છે. તેનું મૂલ્યાંકન કરતાં સર સ્ટેનલી લેનપૂલ નોધે છે કે "શ્રેષ્ઠ આશયો અને અદ્દભૂત વિચારોથી પ્રેરિત હોવા છતાં સમતૂલન, ધીરજ તથા પ્રમાણસરતાના અભાવને લીધે, મુહમ્મદ તુગલકશાહને સર્વાંગી નિષ્ફળતા મળી હતી." બળવાઓ શમાવવામાં તેનો અંત આવ્યો અને તેના મૃત્યુ પછી સામ્રાજ્યનું વિઘટન થયું.

સુલતાન મુહમ્મદ તુગલક પછી ફિરોઝશાહ તુગલક(ઈ.સ.1351-1388) સુલતાન થયો. તેણે ખાસ કોઈ વિજયો મેળવ્યા નહોતા. તેણે જાજનગર(ઓરિસ્સા), નગરકોટ અને સિંધ સર કર્યા હતા.(જુઓ નકશો-૨) બંગાળમાં તેને નિષ્ફળતા મળી હતી. આમ તે યોગ્ય સૈનિક કે સેનાનાયક પુરવાર થયો નહોતો. તેમ છતાં એ. એલ.શ્રીવાસ્તવના શબ્દોમાં "તે અનિવાર્યપણે શાંતિપ્રિય સુલતાન હતો અને તેની નીતિ પ્રજાની આર્થિક સ્થિતિ સુધારણા તરફ કેન્દ્રિત હતી." તે કટ્ટર મુસ્લિમ સુલતાન હતો ને કુરાન મુજબ શાસનતંત્ર ગોઠવી મુસ્લિમ કાયદો અને ન્યાય વ્યવસ્થાને રાજ્યના આધારસ્તંભ બનાવ્યા. જોકે તેણે પ્રજાકલ્યાણ માટે ધ્યાન કેન્દ્રિત કરી ખેતીવાડીના વિકાસ માટે સિંચાઈ માટે પાંચ નહેરો કરાવી હતી. આને લઈને જ દોઆબમાં અનેક વસાહતો ઊભી થઈ. તો પણ સામ્રાજ્યની મોટી બહુમત હિંદુ પ્રજા પર ત્રાસ વધી પડ્યાં હતાં. તેના સમયમાં ખેતી ઉપરથી કરભારણ ઓછું થતાં ખેતીનો વિકાસ થયો. તેવી જ રીતે અનેક પ્રકારના નાકાવેરા રદ કરી વેપાર વાણિજ્યને પણ ઉત્તેજન આપ્યું હતું.શમ્સ-ઈ-સિરાજ અફિફ ફિરોજ તુગલકનો દરબારી ઈતિહાસકાર હતો. તેનો હવાલો આપી ડૉ. આર.સી. મજુમદાર પણ એ વાત સ્વીકારે છે

*કે, "સુલતાનના સુધારાઓ દ્વારા રૈયત સમૃદ્ધ અને સંતુષ્ટ હતી." તેણે જાહેર બાંધકામ ક્ષેત્રે અનેક બગીચા, પુલો, મકબરા વગેરે બંધાવ્યા હતા. ખિઝરાબાદ અને મેરઠથી સમ્રાટ અશોકના બે સ્તંભો દિલ્હી ખસેડાવ્યા. તેણે રોજગારી નિગમ' અને 'દિવાન-ઈ-ખૈરાત'(દાનધર્મ ખાતું), દારુલ સાફા (દવાખાનાં)ની સ્થાપના કરી હતી. તે પોતે વિદ્વાન હતો ને તેણે પોતાની આત્મકથા 'ફતુહાત-ઈ-ફિરોઝશાહી' લખી છે. તેણે વિદ્યાભ્યાસને ઉત્તેજન આપવા શાળાઓ, ખાનકાહોની વ્યવસ્થા કરી હતી. ઝિયાઉદ્દીન-બર્ની અને શમ્સ-ઈ-સિરાજ તેના સમકાલીન ઈતિહાસકારો હતા. તેણે જૌનપુર, ફિરોઝપુર, ફત્તેહાબાદ, હિસારફિરોઝ વગેરે શહેરો વસાવ્યા હતાં. તેના પુત્રોના મૃત્યુના આઘાતમાં દુઃખ વચ્ચે ઈ.સ.1388ની 20મી સપ્ટેમ્બરના રોજ તેનું અવસાન થયું હતું. આમ તેણે 37 વર્ષો સુધી લાંબુ શાસન કર્યું હતું. હેન્રી ઈલિયટ અને એલ્ફિસ્ટન તેને 'સલ્તનત યુગનો અકબર' કહીને નવાજે છે. જોકે તેનામાં ધાર્મિક ઉદારતા નહોતી.*

**10.3.1.4 સૈયદ વંશ.**

*ફિરોઝશાહના અવસાન પછી સામ્રાજ્યનું વિઘટન ઝડપી બન્યું. પ્રાદેશિક અમીરો, સરદારો બળવા કરી સ્વતંત્ર થવા લાગ્યા. ફિરોઝશાહ પછી અનુક્રમે પૌત્ર ગ્યાસુદ્દીન તુગલકશાહ બીજો, ઝફરખાનનો પુત્ર અબુબકર, શાહજાદો મોહમ્મદશાહ, અલાઉદ્દીન સિકંદરશાહ અને છેલ્લે મોહમ્મદશાહનો નાનો પુત્ર નસિરુદ્દીન મેહમૂદ સત્તા પર આવ્યો. આમ, ફિરોઝશાહના નિર્બળ વારસદારોની સત્તા પતન તરફ ધકેલાઈ. સુલતાન નસિરુદ્દીનના સમયમાં સમરકંદના સુલતાન અમીર તીમૂરે ભારત પર ઈ.સ.૧૩૯૮માં આક્રમણ કર્યું. જેણે પારાવાર નુકસાન અને કત્લેઆમ કરી લૂંટ ચલાવી દિલ્હીની જાહોજલાલીનો અંત આણ્યો. નિર્મમ આક્રમણ ઉપરાંત દુકાળ, પ્લેગ વગેરેએ દિલ્હીની પ્રજાની દુર્દશા કરી.*

*તુગલક વંશનો આ રીતે ઈ.સ.1413માં અંત આવ્યો. પછી ખિઝરખાને સૈયદવંશની સ્થાપના કરી ઈ.સ.1414 થી 1421 સુધી શાસન કર્યું. તેના સામ્રાજ્યમાં દિલ્હી આસપાસના પ્રદેશો, મુલતાન, લાહોર, દીપાલપુરનો સમાવેશ થતો હતો. ગુજરાત, જૌનપુર હરિફ રાજ્યો બનેલાં. આમ, ખિઝરખાનના સમયમાં નોંધનીય બનાવો બન્યા નહિ. તેના પછી તેનો પુત્ર મુબારકશાહ (ઈ.સ.1421-1434) સુલતાન બન્યો. તેના સમયમાં હિંદુઓને ઉમરાવ પદો મળેલાં. ભટીંડા, દોઆબના વિદ્રોહોનું શમન તેણે કરેલું. ખોખરોના વિદ્રોહો તેના પિતાના સમયથી ચાલ્યા આવતા હતા. કાવતરાખોરોએ તે જ્યારે યમુના કાંઠે બંધાતા એક નગરનું નિરીક્ષણ કરતો હતો ત્યારે તેનું ખૂન કર્યું. તેના પછી મોહમ્મદશાહ (ઈ.સ.1434-1445) અને છેલ્લે અલાઉદ્દીન આલમશાહ ગાદીએ આવ્યો. તેના સમયમાં બહલુલ લોદીએ આક્રમણ કરી દિલ્હી જીતી લીધું ને ઈ.સ.1451માં લોદીવંશની સ્થપા કરી.*

**10.3.1.5 લોદી વંશ.**

*બહલુલ લોદીએ ઈ.સ.1451 થી 1489 સુધી શાસન કર્યું તે લોદી જાતિનો સાહુખૈલ કુળનો હતો. પોતાની યોગ્યતાથી સરહિંદનો સૂબો બન્યો અને સૈયદ સમયમાં તે*

*શક્તિશાળી હાકેમ બન્યો હતો. સૈયદ સુલતાન મુહમ્મદશાહે તેને પોતાનો પુત્ર તુલ્ય માન્યો હતો. અંતે પોતાના હરિફ હમીદખાનને દૂર કરી દિલ્હીની ગાદી પર બેસનાર તે પ્રથમ અફઘાન હતો. પંજાબ, દોઆબના વિદ્રોહો કચડી ઉપરાંત જૌનપુર વિજય કર્યો હતો તથા વહીવટીતંત્રની પુનઃ રચના કરી. આમ, દિલ્હીની ખોવાયેલી પ્રતિષ્ઠા પુનઃ પ્રસ્થાપિત કરવામાં તેનો ફાળો રહ્યો.*

*બહલુલ લોદી પછી તેનો ત્રીજો પુત્ર નિઝામખાન(સિકંદર લોદી) ઈ.સ.* 1489*માં ગાદીએ આવ્યો. તે શુદ્ધ અફઘાન રક્તનો ન હોઈ તેનો વિરોધ થયેલો. તો પણ તે મુશ્કેલીનો સામનો કરી તે સુલતાન બન્યો. પોતાના જ્યેષ્ઠ ભાઈ બારબકનું દમન કર્યું. બિહાર અને તિરહુતને જીતી લીધા. તેની રાજ્ય સીમા બંગાળ સુધી ફેલાઈ ને આમ તેની પ્રતિષ્ઠામાં અને રાજ્યની આવકમાં વધારો થયો. તેણે કાર્યદક્ષ ન્યાયતંત્ર અને કુશળ વહીવટીતંત્ર સ્થાપ્યું.વેપાર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. પ્રજા કલ્યાણકારી પ્રવૃત્તિઓ ઉપરાંત વિદ્યા અને કલાને ઉત્તેજન આપ્યું. આ બધું હોવા છતાં અને તેની માતા હિંદુ સોનીની દીકરી હોવા છતાં હિંદુઓ પ્રત્યે ધર્માંધ નીતિ અપનાવી હતી. નિશંક તેણે નિષ્પ્રાણ દિલ્હી સલ્તનતમાં પ્રાણ પુરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સુલતાનપદની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરી હતી. ડૉ. શ્રીવાસ્તવ તેને લોદીવંશનો મહાન શાસક ગણાવે છે.*

*સિકંદરના મૃત્યુ પછી તેનો પુત્ર ઈબ્રાહિમ લોદી અમીરોની સંમતિથી ઈ.સ.૧૫૧૭માં દિલ્હીની ગાદીએ આવ્યો. અમીરો રાજ્યને બે ભાગમાં વહેંચવા માંગતા હતા. તેથી જૌનપુરના ઈબ્રાહિમના ભાઈ જલાલખાન સાથે ગૃહયુદ્ધ થયું ને તેમાં ઈબ્રાહિમનો વિજય થયો. આ ઉપરાંત તેણે ગ્વાલિયર પણ જીતી લીધું. મેવાડ સાથેના યુદ્ધમાં સુલતાનના લશ્કરની હાર થઈને તેની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો હતો. અંતે ઈ.સ.૧૫૨૬માં લોદી વંશના છેલ્લા સુલતાન ઈબ્રાહિમ લોદીને પાણીપતનાં યુદ્ધમાં બાબરે હરાવીને મુગલવંશની સ્થાપના કરી સલ્તનતનો અંત આણ્યો.*

### 10.3.1.6 પ્રાદેશિક સત્તાઓ.

*તમે વિજયનગર અને બહમની રાજ્યો વિશે આગળ વિસ્તારથી અભ્યાસ કરશો. તેથી અહી આપણે દિલ્હી સલ્તનત વિઘટિત થઈ સ્વતંત્ર થયેલ રાજ્યોનો ટૂંકમાં પરિચય મળવીશું. તુગલક વંશમાં સલ્તનતના વિઘટનની શરૂઆત થઈ અને પ્રાદેશિક રાજ્યો સ્વતંત્ર બનવા લાગ્યાં. સલ્તનત તરફથી જીતાયેલા પ્રદેશોમાં સૂબા નીમવામાં આવતા હતા. જે કેન્દ્રીય સત્તા નબળી પડતાં સ્વતંત્ર થવાની પેરવી કરતા અને સ્વતંત્ર સત્તાની સ્થાપના કરતા. અલાઉદ્દીન ખિલજીએ માળવા જીતીને સલ્તનતમાં જોડી દીધેલું. પરંતુ તુગલક વંશના મુહમ્મદ તુગલકના મૃત્યુ પછી મળવાના સૂબા દિલાવરખાને ઈ.સ.*1401*માં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેના પુત્ર હોશંગશાહે માંડૂને રાજધાની બનાવી. મહમૂદખાં ખિલજી એ સલ્તનતનો બાહોશ સુલતાન હતો તેણે દિલ્હી અને ચિત્તોડ સામે સંઘર્ષરત રહેવું પડ્યું. તેના મૃત્યુ પછી માળવાની ગાદીએ નિર્બળ શાસકો આવ્યા ને ગુજરાતના સુલતાન બહાદુરશાહે ઈ.સ.૧૫૩૧માં માળવા જીતી લીધું.*

ગુજરાતમાં વાઘેલા-સોલંકીની સત્તા ૧૩મી સદીના અંત સુધી ટકી. અલાઉદ્દીનના સૈન્યે ઈ.સ.1297 અને 1304માં ગુજરાત જીતી હિંદુ રાજ્યનો અંત લાવી દીધો.આ રાજ્ય છેક ફિરોઝશાહ તુગલકના સમય સુધી સલ્તનતનો ભાગ રહ્યું. જ્યારે દિલ્હીમાં અંધાધૂંધી વ્યાપી ત્યારે મુઝફ્ફરશાહે ઈ.સ.1407માં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી. મહમદશાહે અમદાવાદને રાજધાની બનાવી. આ સલ્તનતમાં મહમૂદ બેગડો શક્તિશાળી સુલતાન થયો. તેના પછી બહાદૂરશાહના સમયથી સલ્તનત નબળી પડવા લાગી. પછીના નિર્બળ શાસકોના સમયમાં સલ્તનત પર સંકટ આવું તેમ છતાં ઈ.સ.1572 સુધી આ સલ્તનત ટકી રહી. જૌનપુરની સ્થાપના ફિરોઝ તુગલકે કરી ત્યાં એક સૂબો નીમ્યો હતો. અહી તીમૂરના આક્રમણ પછી ત્યાંની અંધાધૂંધીનો લાભ ઉઠાવી ખ્વાઝાજહાં શર્કીએ જૌનપુરને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. આ વંશમાં સુલતાન ઈબ્રાહિમના સમયમાં રાજ્યે વિકાસ કર્યો. પરંતુ તેના ઉત્તરાધિકારીને લોદી સુલતાનો સાથે જૌનપુરને સંઘર્ષમાં આવવું પડ્યું. બહલુલ લોદીએ ઈ.સ.1480માં જૌનપુર જીતી શર્કિવંશની સત્તાનો અંત લાવ્યો.

બખ્તિયારખિલજીના બંગાળ વિજયે બંગાળને સલ્તનતનો ભાગ બનાવ્યું. મુહમ્મદ તુગલકના સમયમાં ફખરુદ્દીન મુબારકશાહે ઈ.સ.1337માં બંગાળની સ્વતંત્ર સત્તા સ્થાપી. અહી હુસૈનશાહ પ્રસિદ્ધ સુલતાન થયો. તેણે પોતાના રાજ્યની સરહદો ઓરિસ્સા સુધી ફેલાવી.તેનો પુત્ર નસીબખાં નાસિરુદ્દીન પણ તેના જેવો પુરવાર થયો. પરંતુ શેરશાહે અહીના છેલ્લા સુલતાન ગ્યાસુદ્દીનને ઈ.સ.૧૫૩૮માં હરાવી સ્વતંત્ર બંગાળ સલ્તનતનો અંત લાવ્યો.

ખાનદેશમાં ફિરોઝશાહે નીમેલો સૂબો મલિક રઝ ફારૂકીએ સ્વતંત્ર થઈ સત્તા સ્થાપી. આ સલ્તનતમાં નાસીરખાન ત્યાર પછી આદીલખાન-૨જો યોગ્ય સુલતાનો હતા. ગુજરાત સાથે આ સલ્તનતને સંઘર્ષ થતો. તેમ છતાં ઈ.સ.1601 સુધી તે સ્વતંત્ર રહી.

દખ્ખણમાં હસન ગંગૂએ મુહમ્મદ તુગલકના સમયમાં 'બહમની'ની સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી. આ સલ્તનતમાં ઘણા સુલતાનો થયા. જેમાં મુહમ્મદશાહ ૧લો નોંધપાત્ર સુલતાન હતો. તેણે વિજયનગર અને વારંગલ રાજ્યોને હરાવ્યાં. મુહમ્મદશાહ ૨જોનો સમય શાંતિપૂર્ણ રહ્યો ને તેણે વિદ્યા તથા કલાને ઉત્તેજન આપ્યું. અહમદશાહના સમયમાં ગુલબર્ગને સ્થાને બીડરમાં રાજધાની ખસેડવામાં આવી. આ રાજ્યમાં મહમૂદ ગાવાં કાબેલ વઝીર થયો. તેના ઈ.સ.1481માં મૃત્યુ પછી સામ્રાજ્યનું વરાડ, અહમદનગર, બીજાપુર, ગોલકુંડા અને બીડર એમ પાંચ રાજ્યોમાં વિભાજન થયું.

સલ્તનત સમયમાં હિંદુ રાજ્યોમાં વિજયનગર તથા ઉત્તરમાં મેવાડનું રાજ્ય મહત્ત્વનાં હતાં. મલિક કાફૂરે દક્ષિણના રાજ્યોને હરાવી સલ્તનતને આધીન બનાવ્યા હતાં. હરિહર અને બુક્કરાય નામના બે ભાઈઓએ ઈ.સ.1336માં વિજયનગર રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યમાં સાલુવ વંશમાં કૃષ્ણદેવરાય શક્તિશાળી રાજા થયો. તેણે અનેક વિજયો કરી રાજ્ય વિસ્તાર કર્યો. તેના સમયને વિજયનગરનો સુવર્ણયુગ કહી શકાય. બહમનીમાંથી વિઘટન પામેલાં પાંચ રાજ્યોના સંયુક્ત આક્રમણે વિજયનગરના વૈભવનો અંત આણ્યો.

*રજપૂતાનામાં અનેક નાનાં-મોટાં રાજ્યો હતાં. ઈ.સ.૧૩૦૩માં અલાઉદ્દીને ચિત્તોડ જીત્યું. ત્યાર પછી રજપૂતોએ સ્વતંત્રતા માટે સંઘર્ષ ચલાવ્યો ને મેવાડના મહારાણા હમ્મીરે મેવાડને સ્વતંત્ર કર્યું. રજપૂત રાજ્યો મેવાડની અધીનતા સ્વીકારી હતી. મેવાડમાં રાણા કુંભાએ ગુજરાત અને માળવા સાથે યુદ્ધો કર્યા. તેના ઉત્તરાધિકારી રાણા સંગ્રામસિંહ(સંગ) ખ્યાતનામ રાજા થયા. ઈ.સ. 1527માં બાબરે રાણા સંગને હરાવ્યો તેમ છતાં છેક સુધી મેવાડનો પ્રભાવ વર્તાતો રહ્યો.*

*13મી સદીમાં કાશ્મીરમાં હિંદુ રાજ્ય અસ્તિત્ત્વમાં હતું. તેમાં રાજા સહદેવને મોંગોલો આક્રમણો સામે સતત જઝુમાંવું પડ્યું. લડાખના ભૌરો રાજકુમાર રિંચે ઈ.સ. 1320માં ગાદી પ્રાપ્ત કરી અને ઈસ્લામ અંગીકાર કરી સુલતાન સદ્રુદ્દીન નામ ધારણ કર્યું. તેના ઉત્તરાધિકારીઓમાં ઈ.સ. 1470 સત્તા પર આવેલ ઝૈનુલ આબેદ્દીન યોગ્ય શાસક થયો. તેણે કાશ્મીરનો ‘અકબર’ કહેવામાં આવે છે. તેનું શાસન એકંદરે સહિષ્ણુ રહ્યું. સૈયદ વંશના સુલતાનોએ કાશ્મીર પર અધિકાર કર્યો. ઈ.સ. 1586માં અકબરે કાશ્મીરને મુઘલ સામ્રાજ્યમાં ભેળવી દીધું હતું.*

**10.3.2 સલ્તનતનું વિઘટન.**

*દિલ્હીના સુલતાનોએ અનેક રાજકીય અને વહીવટી સમસ્યાઓનો સામનો કર્યો અને એ સમસ્યાઓએ વિકરાળ સરૂપ ધારણ કરતાં રાજકીય સંકટ ઉત્પન્ન થયું.જે તેને પતનના માર્ગે લઈ ગયું. ઈલ્બરી(ગુલામ) તુર્કો ભારતમાં નવા હતા. ઉપરાંત તેમનો રાજકીય ઈતિહાસ જોતાં જણાય છે કે તેઓ આંતરિક અને બાહ્ય સમસ્યાઓથી ઘેરાયેલા રહ્યા. એમાં મુખ્યત્ત્વે સુલતાનો અને અમીરો વચ્ચે ચાલતા સંઘર્ષે તેને પતનના માર્ગે ધકેલ્યું.*

*ઉત્તરાધિકારી નીમવાના નિયમનો અભાવ એ સલ્તનતના વિઘટન માટેનું રાજકીય કારણ ગણાય. મોટો પુત્ર જ ગાદીએ આવે તેવો કોઈ નિયમ નહોતો. મોટાભાગે શક્તિશાળી વ્યક્તિ જ તખ્ત પ્રાપ્ત કરી લેતો.આથી જ ગાદી વારસા માટે વારંવાર ષડયંત્રો રચાતાં ને તેણે શાસનને નબળું પાડી દીધું. શક્તિનાં જોર પર જ સત્તા આધારિત હતી. આના અનેક ઉદાહરણો છે. ઈલ્તુત્મિશ, બલ્બન, અલાઉદ્દીનના મૃત્યુ પછી આ સંઘર્ષ વધુ ઘેરો બનેલો. અલાઉદ્દીને પોતાના કાકા જલાલુદ્દીનનું કાસળ કાઢીને ગાદી પ્રાપ્ત કરી. આ બધાની પાછળ અમીર ઉમરાવો અને સરદારો મહત્ત્વની ભૂમિકા ભજવતા. અમીરોના ઉપદ્રવોએ તો મુહમ્મદ તુગલકના શાસનને નબળું પાડી દીધું હતું. સત્તા સંઘર્ષે તુગલક વંશનો અંત આણ્યો ને સૈયદ વંશની સ્થાપના થઈ. સિકંદર લોદીના મૃત્યુ પછી સામ્રાજ્યને બે ભાગમાં વહેંચવાનો સંઘર્ષ ચાલ્યો. અમીરો પણ લશ્કરો રાખતા હોઈ કેન્દ્રીય લશ્કર નબળું પડ્યું જે વાસ્તવમાં સુલતાનની તાકાત હતું. લશ્કરનું વિકેન્દ્રીકરણ પણ સલ્તનતના વિઘટન માટે જવાબદાર ગણી શકાય.*

*સલ્તનતકાલના અભ્યાસ પરથી એ જણાઈ આવે છે કે કોઈ સુલતાનને ગાદી પર બેસાડવા કે ઉઠાડી મૂકવામાં અમીર ઉમરાવો, સરદારોની મહત્ત્વની ભૂમિકા રહી. તેઓ વધુ લાભો*

મેળે તેવા પક્ષની તરફેણ કરતા. આમ અહી શક્તિનું વિભાજન અમીરો-અમીરો વચ્ચે પણ જામતું. જેણે કેન્દ્રીય સત્તાને નબળી પાડી. આવા સંજોગોમાં શક્તિશાળી સુલતાન જ અમીરો પર અંકુશ રાખી શકાતો. ઈલ્તુત્મિશ, બલ્બન અને અલાઉદ્દીન ખિલજી તેનાં દ્રષ્ટાંત ગણાવી શકાય. નબળા સુલતાનો અમીરો પર કાબુ રાખી શકતા નહી. મુહમ્મદ તુગલક અમીરો પર નિયંત્રણ રાખી શક્યો નહી. તેના સમયમાં બાવીસ જેટલા બળવા એ બતાવે છે કે સંકટે કેટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ઈલ્તુત્મિશે શરુ કરેલી ઈકતા પ્રથા ઈકતાધારકોને જમીની હક્કો આપતું ન હતું પરંતુ ફિરોઝ તુગલકના સમયમાં અમીરોને ઈકતા પર વંશાનુગત હક્કો મળી ગયા. જેનાથી લશ્કરી શિસ્ત અને કાર્યક્ષમતા પર ફટકો પડ્યો. અને આમ જમીન અનુદાન પ્રથાએ મહેસૂલી વ્યવસ્થાએ સામ્રાજ્ય પર આર્થિક સંકટ પેદા કર્યું ને સલ્તનત કરતાં પ્રાદેશિક વિસ્તારોના અમીરો મજબૂત બની સ્વતંત્ર થવા લાગ્યા. માળવા, ગુજરાત, જોનપુર જેવા ઉપજાઉ પ્રદેશો સ્વતંત્ર થતાં સલ્તનતની મહેસૂલી આવકને ફટકો પડ્યો. હવે દિલ્હી સલ્તનતનું ક્ષેત્રફળ દિલ્હી આસપાસના ૩૨૦ કિલોમીટરના વિસ્તારમાં સંકોચાઈ ગયું. આમ, ઉપરોક્ત વિભિન્ન કારણો દિલ્હી સલ્તનતના પતન અને વિઘટન માટે જવાબદાર રહ્યાં.

### 10.3.3 વહીવટીતંત્ર

#### 10.3.3.1 કેન્દ્રીય વહીવટીતંત્ર.

મોહમ્મદ પયગંબર ના અવસાન પછી તેમની ગાદી માટે ખલીફા સંદર્ભે 'ખિલાફત' નામે સંસ્થાનો જન્મ થયો. અંતે ચૂંટણી થતાં હજરત અબુ બકર પ્રથમ ખલીફા બન્યા. એ પછી અનુક્રમે ઊમર, હજર, ઉસ્માન અને હજરત અલી ખલીફ બન્યા. ખલીફાએ ધર્મ સંરક્ષક અને રાજનૈતિક વ્યવસ્થાનો રક્ષક ગણાતો અને તેથી તે મુસ્લિમો માટે ધાર્મિક વડો હતો. ખલીફા પદ વંશ પરંપરાગત બન્યું.ઈ.સ. ૬૬૧માં ઉમ્માયદ વંશના શાસનથી તેનો પ્રારંભ થયો. જેની રાજધાની દમાસ્કસ હતી. ૭મી સદીમાં બગદાદમાં અબ્બાસીદ વંશની સત્તા સ્થપાઈ. આમ ખલીફા સત્તા ઉમ્માદવંશ, ફાતિમી વંશ અને બગદાદનો જૂનો અબ્બાસીદ વંશમાં વહેંચાઈ ગઈ. દરેક મુસલમાન માટે સ્વતંત્ર રાજ્ય સ્થાપવા માટે ખલીફાની મંજૂરી જરૂરી હતી. જે વાસ્તમાં એક ભ્રમ જેવી ને ઔપચારિક હતી.

દિલ્હીના સુલતાનોએ અબ્બાસી ખલીફાની ઔપચારિકતા જાળવી રાખી. સૈયદ વંશ અને લોદીવંશના સિક્કા પર ખલીફાનું લખાણ જવાઈ રહ્યું.ને આમ દિલ્હીના સુલતાનો વફાદારીના પ્રતીકરૂપે સિક્કાઓ પર ખલીફાનું નામ અને નમાજમાં ખુતબો પઢાવતા. તેના બદલામાં ખલીફા તરફથી સુલતાનોને વસ્ત્રો, ઉપાધિઓ અને સુલતાન તરીકેની માન્યતા પ્રદાન કરવામાં આવતી.

દિલ્હી સલ્તનત એક મઝહબી રાજ્ય હતું અને બધાં સાધનો ઈસ્લામ માટે હતાં તેવી માન્યતાએ તેની રાજનીતિનો વિકાસ થયો. શાસન અને કાનૂનો કુરાન મુજબ ગોઠવાયાં. તેમ છતાં રાજનીતિનું ઘડતર વિશિષ્ટ આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓ મુજબ જ થતું.

*દિલ્હી સલ્તનતનો સર્વસત્તાધીશ, આપખુદ તથા સાર્વભૌમ સુલતાન હતો. તેથી કેન્દ્રીય રાજ્યના વહીવટીતંત્રનો તે સર્વોચ્ચ વડો હતો. સુલતાનની શક્તિ લશ્કરી બળ પર નિર્ભર હતી. નહિ કે મઝહબ પર. તેથી જ તલવારધારી તુર્ક ઉમરાવોનું મહત્ત્વ રહ્યું.*

*શાસકવર્ગના પરિવાર માટે અનેક અધિકારીઓ હતા. જેમાં 'વકીલ-ઈ-દર' રાજમહેલ અને રાજપરિવાર ઉપરાંત સુલતાનના ખાનગી અમલદારોનો પગારની વ્યવસ્થા તે સંભાળતો હતો. રાજમહેલનો બીજો અગત્યનો હોદ્દો 'અમીર-ઈ-હાજિબ' નો હતો. તે સમારંભો અને મુલાકાતીઓની સરભરા અને શિષ્ટાચાર પર દેખરેખ રાખતો. તેના દ્વારા જ સુલતાન સમક્ષ રજૂઆત કે માંગણી થતી.*

*કેન્દ્રીય વહીવટીતંત્રમાં સુલતાન પછીનું મહત્ત્વનું સ્થાન વઝીરનું હતું. તે નાણા વિભાગ સંભાળતો. સુલતાનની ગેરહાજરીમાં સત્તાનાં સૂત્રો સંભાળતો. સમગ્ર વહીવટીતંત્ર પર દેખરેખ રાખતો. વઝીરના કાર્યાલયને 'દીવાન-ઈ-વિઝારત' કહેવામાં આવતું હતું. લગભગ તમામ ખાતા મહેસૂલ, રાજ્યખર્ચ, હિસાબ, આવક-જાવક, અધિકારીઓનો પગાર, મુલકી વહીવટી અને અંકુશ ઉપરાંત લશ્કરી ખાતું પણ તેના કાર્યક્ષેત્રમાં આવી જતું.*

*લશ્કર ખાતાનો વડો અરિઝ-ઈ-મુમાલિક' કહેવાતો. સૈનિકોની ભરતી, ઘોડાઓની નોંધ, તેનાં દફતરો, લશ્કરનું નિરીક્ષણ, શિસ્ત, પુરવઠો, શસ્રો અને યુદ્ધ સમયે લશ્કરનું નેતૃત્ત્વ વગેરે જેવાં કર્યો તે કરતો હતો.*

*અન્ય વિભાગોમાં 'દીવાન-ઈ-ઈન્શા' વિભાગ શાહી પત્રવ્યવહારનો વિભાગ હતો. તેનો વડો 'દબીર-ઈ-મુમાલિક' કહેવતો. અન્ય રાજ્યો, પ્રાંતીય સૂબાઓ, ખંડિયા રાજ્યો, જાગીરદારો સાથે પત્રવ્યવહાર અને શાહી ફરમાનો તૈયાર કરવા જેવાં મુખ્ય કર્યો તેના હતા. સમગ્ર સલ્તનતમાં બનતી મહત્ત્વની ઘટનાઓથી સુલતાનને વાકેફ રાખવાનું કામ 'બરીદ-ઈ-મુમાલિક' નિભાવતો. તે ટપાલ અને જાસૂસી ખાતાનો વડો હતો.ધાર્મિક બાબતોને લાગતું ખાતું 'દીવાન-ઈ-રિસાલત' કહેવાતું ને તેનો વડો 'સદર-ઉસ-સુદુર' હતો. પ્રજામાં ધર્માચરણ ઉપરાંત વિદ્વાનો, સંતો, ફકીરો, ઉલેમાઓ વગેરેને રાજ્ય તરફથી મળતાં વર્ષાસનો કે ઈનામો પર દેખરેખ તે રાખતો હતો.*

*આમ તો ન્યાયતંત્રનો સર્વોચ્ચ વડો સુલતાન હતો. તેમ છતાં 'કાજી-ઉલ-મુમાલિક'(મુખ્ય ન્યાયાધીશ)ની નિમણૂક કરાતી. ક્યારેક આ કામગીરી સદર-ઉસ-સુદુર'ને સોંપવામાં આવતી. શહેરોમાં કાઝી ન્યાય માટે નિમાતા હતા.*

*સલ્તનતકાળમાં ગુલામો રાખવાનું ચલણ સામાન્ય હતું. સુલતાનો, ઉમરાવો મોટી સંખ્યામાં સ્ત્રી-પુરુષ ગુલામો રાખતા. ફિરોઝે 'દીવાન-ઈ-બંદગાન' નામે ગુલામો માટે વિભાગ શરુ કર્યો હતો. આ ગુલામો શાહી કારખાનામાં કારીગરો તરીકે કામ કરતા. ફિરોઝશાહના સમયમાં ૩૬ શાહી કારખાના હતાં. તેની દેખરેખ માટે અમીરોને નીમવામાં આવતા. તેનો હિસાબ રાખવા માટે 'તુતસર્રિફ' નામનો અધિકારી રહેતો.*

**10.3.3.2 પ્રાંતિક વહીવટીતંત્ર.**

*ચૌદમી સદીમાં સલ્તનતનો વિસ્તાર થતાં નવા જીતાયેલા પ્રદેશોમાં જુદી-જુદી પદ્ધતિઓ અપનાવવામાં આવતી. કેટલાક નજીકના પ્રદેશો કેન્દ્રના સીધા અંકૂશ હેઠળ રહેતા તો કેટલાક અર્ધસ્વતંત્ર સ્થિતિમાં રખાતા. દૂરના પ્રદેશો માટે અનિશ્ચિત ઉપાયો અજમાવાતા.*

*તુર્ક સુલતાનોએ જીતાયેલા પ્રદેશોને સૈનિક વિસ્તાર (પ્રાંતોમાં) વહેંચી દીધા હતા. અને ત્યાં અમીરોને અધિકારી તરીકે નીમ્યા. આ પ્રત્યેક પ્રદેશોને 'ઈક્તા' કહેવામાં આવતું હતું ને તેનો અમીર અધિકારી 'મુક્તી' અથવા 'વલી' તરીકે ઓળખાતો. તેમને રોકડ પગારને બદલે જમીન મહેસૂલ ઉગારાવવાનો અધિકાર અપાતો. જે 'જમીન અનુદાન પદ્ધતિ' કે 'ઈક્તા પ્રણાલી' તરીકે પ્રસિદ્ધ થઈ. એ યાદ રાખવું ઘટે કે 'ઈક્તા'નો અર્થ જમીન પર અધિકાર કતઈ નહોતો. અને તે વંશપરંપરાગત પણ ન હતી. ઈક્તા ધારક ઉમરાવોને ત્રણ-ચાર વર્ષે બદલી કરી દેવામાં આવતા. જો કે ફિરોઝ તુગલકના શાસનમાં વંશાનુગત અધિકારો અપાયા હતા. આમ, ઈક્તા-ધારકો પ્રાંતનો વડો હતો અને તે પ્રાંતમાં શાંતિ-સલામતી, જમીન મહેસૂલ, લશ્કર, ન્યાય અને તેના કર્મચારીઓના પગાર વગેરેની જવાબદારી વહન કરવાની હતી. ઉપરાંત રાજ્યને મહેસૂલનો ચોક્કસ ભાગ મોકલવાનો હતો. રાજ્યને જરૂર પડ્યે લશ્કર લઈ હાજર થવું પડતું.*

*સમગ્ર સામ્રાજ્યને અનેક પ્રાંતોમાં વહેંચી દેવામાં આવ્યા હતું. મોટા પ્રાંતો 'અકલીમ' અને નાના પ્રાંતોને 'ઈક્ત' કહેવામાં આવતા હતા. મુહમ્મદ તુગલકના સમયમાં એક જ પ્રાંતમાં બે અધિકારીઓ પણ નિમાતા. એક લશ્કરી અને બીજો મહેસૂલી. તેમને વિઝારતમાંથી પગારની ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવતી. પ્રાંતોના હિસાબ-કિતાબ પર કેન્દ્રનું દીવાન કાર્યાલય દેખરેખ રાખતું.*

*પ્રાંતથી નાનો એકમ 'શિક' હતું. જે અત્યારના જિલ્લા સમાન હતું. તેનો વડો શિકદાર અથવા ફોજદાર કહેવાતો. તે પ્રદેશમાં શાંતિ-વ્યવસ્થા જળવાતો. શિકથી નાનો એકમ 'પરગણું' હતું. જે અત્યારના તાલુકા સમાન હતું. તેના માટે ૧૦૦ ગામો પર 'ચૌધરી' નામના અધિકારી નિમાતો. અને વહીવટીતંત્રનો નાનો એકમ 'ગામડું' હતું. જેમાં પ્રાચીન પરંપરાગતની વ્યવસ્થા ચાલુ રહેવા દેવામાં આવી. ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત સરકાર દ્વારા ખોત, ચોકીદાર, પટવારી નીમાતા જે સહકારથી કામ કરતા હતા. પ્રાંતોમાં કાઝી ન્યાય આપવાનું કામ કરતા. કોટવાલ પોલીસ કામ સંભાળતો જ્યારે દીવાની ઝઘડાઓ ગ્રામપંચાયત સંભાળતી હતી.*

**10.3.3.3 મહેસૂલી વહીવટ**

*તેરમી સદીના જમીન મહેસૂલ વ્યવસ્થા વિશેની આધારભૂત માહિતી મળતી નથી. તેથી જૂની વ્યવસ્થા પ્રવર્તમાન હશે તેવું અનુમાન કરી શકાય. બદલાવ એ થયો કે કેન્દ્રીય કક્ષાએ જમીનની આવક પ્રાપ્ત કરનાર શાસક વર્ગ તુર્ક શાસકો આવ્યા. રાજ્યની આવકનો મુખ્ય સ્રોત જમીન મહેસૂલ હતું. પરંતુ તેને પ્રાપ્ત કરનાર શાસક પર તેનો આધાર રહેતો. છેક અલાઉદ્દીનના સમયમાં તેમાં ફેરફારો કરી મહેસૂલી તંત્રને કાર્યદક્ષ*

*બનાવવાના પ્રયાસો થયા. તેણે જમીનદારો(મુખ્યત્ત્વે હિંદુ) પ્રજા પાસેથી વધુ ધન ખેંચવા અને બળવા ડામવાના હેતુસર રાજ્યનું મહેસૂલ ઉપજના અડધા ભાગ જેટલું વધાર્યું. ગ્યાસુદ્દીનને દુષ્કાળ જેવાં કુદરતી આફતો ટાણે ખેડૂતોની ઊપજ ઓછી થઈ હોઈ રાજ્યનું મહેસૂલ ઉપજ પર ઓછુ કરવા પ્રયત્નો કરેલા જાજો ફેરફાર તેણે પણ કરેલો નહી.*

*સુલતાન મુહમ્મદ તુગલકે મહેસૂલી તંત્રમાં ફેરફાર કરવા નવા અખતરા કર્યા. જે નિષ્ફળ રહ્યા. તેણે અવિચારી રીતે દોઆબમાં કરવૃદ્ધી કરી પરંતુ વસ્તુસ્થિતિની જાણ થતાં ખેડૂતો માટે પ્રયાસો કર્યા. એ બધું વ્યર્થ નીવડ્યું. ફિરોઝ તુગલકના વખતથી ખેતી વિષયે નવો યુગ શરુ થયો. તેના સમયમાં જમીનની મોજણી-માપણી નવેસરથી કરવામાં આવી. મહેસૂલ અધિકારીઓ પર અંકુશ મુકાયા. વધારાના કરવેરા નાબૂદ કરવામાં આવ્યા. નહેરો, કૂવાઓ અને સિંચાઈની સગવડો વધારી ખેત ઉત્પાદનને વેગ આપવામાં આવ્યો. તેનાથી ખેડૂતો સમૃદ્ધ થયા સાથે રાજ્યની આવક પણ વધી. આમ, આ સુધારાનો અમલ પછીથી સૈયદ અને લોદી સુલતાનોના સમયમાં અપનાવવામાં આવ્યો.*

*સલ્તનત સમયની રાજ્ય તરફથી ઉગારાવવામાં આવતા જમીન મહેસૂલ અંગે વિદ્વાનોમાં મતભેદ છે. રાજ્ય તરફથી ઉપજનો પાંચમો ભાગ માંગવામાં આવતો. મુસ્લિમ કાનૂન મુજબ મુસ્લિમો પાસેથી જો તે કુદરતી સાધનોથી સિંચાઈ કરતા હોય તો ઊપજના ૧૦ ટકા અને કૃત્રિમ સાધનથી સિંચાઈ કરતા હોય તો ઉપજના ૫ ટકા લેવાની ભલામણ કરવામાં આવી હતી. હિંદુઓ પાસેથી ખેડાણ જમીન પર 'ખરાજ' નામે કર લેવામાં આવતો હતો. આમ, સમગ્ર ખેતઉપજ પર રાજ્ય અડધો ભાગ કે ત્રીજો ભાગ કર લેતું. અલાઉદ્દીન અને મુહમ્મદ તુગલકના સમયમાં અન્ય રીતે તે ઉપજનો અડધો ભાગ લેવાતું. તેમના સિવાયનાં સુલતાનો ત્રીજો ભાગ કર સ્વરૂપે લેતા હતા. જમીન મહેસૂલ ઉપજ અને રોકડ બંને સ્વરૂપે લેવાતું. મુકાદમ, ચૌધરી અને ખોત જેવા અધિકારીઓ ગામડાંમાંથી 'ખરાજ' કર ઉગરાવતા હતા. જે કેન્દ્રને તેના અધિકારીઓ મારફત જમા કરાવતા. તેનો અમુક ભાગ તેમની સેવાના બદલામાં પગાર સ્વરૂપે રાખતા જેને 'હક્ક-ઈ-ખોતી' કહેવામાં આવતો હતો. આ ઉપરાંત ખેડૂતો પાસેથી મુકાદમ, ચૌધરી કે ખોત ઉપજનો અમુક ભાગ અલગથી લેતા જે 'કિસ્મત-ઈ-ખોતી' કહેવામાં આવતો હતો. જમીન મહેસૂલ ઉપરાંત દરેક ખેડૂત ઘરવેરો(ઘરી) કે ચરાહ્ગાહ(ચરાઈ) વેરો પણ આપતા હતા.*

- **તમારી પ્રગતિ ચકાસો. 1.**

1. **યોગ્ય રીતે જોડકાં જોડો.**

| *(અ)* | *(બ)* |
|---|---|
| 1. *તહકીક-ઈ-હિંદ* | A. *અમીર ખુશરો* |
| 2. *ખઝાઈલ્ફૂતૂહ* | B. *કૃષ્ણદેવરાય* |
| 3. *આમુક્તમાંલ્યદા* | C. *અલબેરુની* |
| 4. *મિરાત-ઈ-સિકંદરી* | D. *લખબક્ષ* |
| 5. *કુતુબુદ્દીન ઐબક* | E. *ઈલ્તુત્મિશ* |

| | |
|---|---|
| 6. તુર્કાને ચિહિલગાની | F. સિકંદર બિન મોહમ્મદ |
| 7. ભાવનિયમન | G. મુહમ્મદ તુગલક |
| 8. દીવાન-ઈ-કોહી | H. વહીવટનો સર્વોચ્ચ વડો |
| 9. સુલતાન | I. અલાઉદ્દીન ખિલજી |
| 10. દીવાન-ઈ-મુમાલિક | J. લશ્કર ખાતાંનો વડો |

1. સલ્તનત સમયનો ઈતિહાસ જાણવાના સાધનો વિશે ટૂંકમાં જણાવો.

2. સલ્તનતની સ્થાપના વિશે પાંચ વાક્યો લાખો.

3. ખિલજી વંશ વિશે સંક્ષિપ્તમાં જણાવો.

4. સલ્તનતના વિઘટનના પરિબળો વિશે ચાર વાક્યો લખો.

5. સલ્તનત સમયના વહીવટીતંત્ર પર પાંચ વાક્યો લખો.

## 10.4 સલ્તનત સમયના ભારતની સામાજિક સ્થિતિ

*ઈ.સ.1206 થી 1526ના સલ્તનત સમયમાં ભારતમાં મુસ્લિમ અને હિંદુ એમ બે વર્ગો અસ્તિત્વમાં હતા. મુસલમાનોમાં પરદેશી અને ભારતીય એવા વર્ગો હતા. તેની સામે દેશની બહુલ હિંદુ પ્રજા અસંખ્ય જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓમાં વિભક્ત હતી અને તેમની વચ્ચે ઉચ્ચ-નીચના ભેદો હતા. જે વધારે કડક બન્યા. મુસ્લિમ સમાજમાં પણ વર્ગભેદ વધ્યા. હિંદુ-મુસ્લિમ બંને સમાજ રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે જુદા-જુદા દરજ્જા ધરાવતા હતા. શાસક વર્ગ તુર્ક-અફઘાન મુસ્લિમો હોઈ તેઓ રાજ્ય અને સમાજમાં વિશેષ અધિકારો અને સન્માન ધરાવતા. હિંદુઓ પર નિયંત્રણો અને તેમને પ્રમાણમાં ઓછા હકો હતા.*

### 10.4.1 હિંદુ સમાજ

*હિંદુ સમાજ અનેક જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓના વાડાઓમાં વહેંચાયેલો હતો. હિંદુઓમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી. બાળક ચાર વર્ષનું થાય ત્યારે વિદ્યા પ્રારંભ વખતે ઉપનયન(દ્વિજ) સંસ્કાર ધામધૂમથી ઉજવાતો. આ કાલે ક્ષત્રિયોની સત્તા છીનવાતાં આ વર્ગ ક્ષુબ્ધ થયો હતો. તેઓ મુસ્લિમ લશ્કરમાં સૈનિક તરીકે જોડતા થયા. ઉપરાંત અન્ય ધંધા તરફ પણ વળ્યા હતા. બ્રાહ્મણનું સમાજમાં મહત્ત્વ ઓછુ થયું હતું. ઘણા તો દક્ષિણમાં જઈ વસ્યા હતા. આમ છતાં નીચલા વર્ગના હિંદુઓ પ્રત્યેનો તેમની કઠોરતા ચાલુ જ રહી. ગામડાંમાં હિંદુ સમાજ પર તેમનો પ્રભાવ યથાવત રહ્યો. મુસ્લિમોને વેપાર પ્રત્યે અણગમો હોઈ વેપાર પર વૈશ્ય વર્ગનું પ્રભુત્ત્વ રહ્યું. શૂદ્રોની સ્થિતિ દયાજનક હતી. શુદ્રોને આ કાલમાં પુરાણોના અભ્યાસની છૂટ અપાઈ હતી. હિંદુઓમાં ઓછા શિક્ષણને લઈને અનેક બુરાઈઓ જેવી કે અંધશ્રદ્ધા, વહેમો, જાદુ-ટોના, મંત્ર-તંત્રમાં વિશ્વાસ વ્યાપેલો હતો. લગ્નો સમયે ધૂમ ખર્ચ કરવામાં આવતો.*

*અમુક સુલતાનોના સમયમાં હિંદુઓને સારા હોદ્દા મળ્યા તે અપવાદને બાદ કરતાં રાજ્ય શાસનની ઊંચી નોકરીઓ અને હોદ્દાઓમાં તેમને ઓછા હક્કો પ્રાપ્ત હતા. તેમ છતાં નાની પાયરીની નોકરીઓમાં તેમને સ્થાન મળતું. ખાસ કરીને આંકડાકીય હિસાબમાં હિંદુઓ પ્રવીણ હતા. પ્રાદેશિક રાજ્યોમાં કાશ્મીરના સુલતાન જૈનુલઆબેદીને હિંદુઓ સંદર્ભે ઉદારતા બતાવી રાજ્યની નોકરીઓ આપી હતી. બંગાળ અને માળવાના સુલતાનોએ હિંદુઓને ઊંચા પદોએ નીમ્યા હતા. હિંદુઓ પાસેથી જઝિયા વેરો લેવામાં આવતો.*

*હિંદુ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ નિમ્ન કક્ષાએ પહોંચી હતી. બાળલગ્નો, સતીપ્રથા, દૂધપીતીનો રિવાજ, વિધવા લગ્ન નિષેધ, દહેજપ્રથા, શિક્ષણનો અભાવ જેવા*

પરિબળો તેમની આવી સ્થિતિ માટે મુખ્યત્ત્વ જવાબદાર હતાં. પુત્રી જન્મ કરતાં પુત્ર જન્મ આવકારદાયક ગણાતો. રાજપૂત સ્ત્રીઓમાં જૌહર (સામુહિક ચિતા પ્રવેશ) રિવાજ પણ હતો. રાજપૂતો યુદ્ધમાં પરાજિત થાય તે સમયે તેમની સ્ત્રીઓ ચારિત્ર્યના જતન વાસ્તે જૌહર કરતી. ઉચ્ચવર્ગ અને મધ્યમવર્ગમાં ઘુંઘટ પ્રથાનો રિવાજ સામાન્ય હતો. આવી સ્થિતિ હોવા છતાં પતિ વ્રતાસ્ત્રીને સમાજમાં સન્માનની નજરે જોવામાં આવતી હતી. વિશિષ્ટ પરિબળોને બાદ કરતાં છૂટાછેડા ભાગ્યે જ થતા. નીચલા થરની કન્યાઓ શિક્ષણ મેળવી શકતી નહી. ઉપલા વર્ગની સ્ત્રીઓને લલિતકલાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું. રૂપમતી, પદ્માવતી, દેવળરાની વગેરે તેનાં દ્રષ્ટાંત છે.
હિંદુઓ મોટાભાગે શાકાહારી હતા. હિંદુઓમાં રજપૂતો, બંગાળ અને પંજાબમાં બ્રાહ્મણો અને શૂદ્રો માંસાહાર કરતા. ગાય અને બળદ સિવાયના તમામ પ્રાણીઓનું માંસ ખાવામાં આવતું. હિંદુ સમાજના ઉચ્ચ વર્ગના લોકો રોટલી, ભાખરી, પૂરી, પરોઠા, ભાત, દાળ, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ અને અનેક શાકભાજીનો ઉપયોગ થતો. અનેક પ્રકારનાં મિષ્ટાન પણ બનાવાતાં. સૂકાં મેવા અને ફળો પણ સામાન્ય હતાં. ખીચડી, ચોખા, રોટલી વગેરે સાદો ખોરાક ગ્રામ્ય સમાજમાં સામાન્ય હતો. મદિરાનું સેવન પણ કરવામાં આવતું હતું. જુગાર, મહેફીલો, ચોગાન, શતરંજ. ચોપાટ,માછલી પકડવી, શિકાર, પશુ-પક્ષીઓ વચ્ચેની સાઠમારી, જાદુગરના ખેલ, મલ્લયુદ્ધ, વગેરેમાંથી લોકો મનોરંજન મેળવતા હતા.

વિજયનગર સામ્રાજ્યના સમકાલીન પ્રાપ્ય સાધનોના અભ્યાસ પરથી જણાય છે કે અહી હિંદુઓની સ્થિતિ સારી હતી. સમ્રાટો ચારે વર્ણોના પાલક કહેવાતા. અહીનો સમાજ ચાર વર્ણો ઉપરાંત અનેક જ્ઞાતિઓમાં વિભક્ત હતો. જ્ઞાતિ અને વ્યવસાય સંબંધમાં પરિવર્તન આવ્યું હતું. લશ્કરમાં અને સરકારી નોકરીઓમાં બધા વર્ગોના ઉપરાંત મુસ્લિમોને પણ સ્થાન અપાતું. બ્રાહ્મણો મહત્ત્વના હોદ્દાઓ પર નિમાતા હતા. ક્ષત્રિયો લશ્કર ઉપરાંત યોગ્યતા પ્રમાણે ઉચ્ચ સ્થાને પણ નિમાતા. વૈશ્યો ગણિતમાં પાવરધા હોઈ વેપારમાં પરોવાયેલ હતા. શુદ્રો કાપડવણાટનું કામ કરતા. જ્ઞાતિ બહાર મુકવાનો રિવાજ સમાજમાં પ્રવર્તમાન હતો.

ભારતના બીજા પ્રદેશો કરતાં વિજયનગર સામ્રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિ એકંદરે સારી હતી. સ્ત્રીઓ સરકારી નોકરીઓ કરતી. ઉપરાંત મલ્લ વિદ્યામાં પ્રવીણ અને વિદૂષીઓ પણ હતી. કંપનની રાણી ગંગાદેવીએ ‘મદુરા વિજયમ’ નામનું મહાકાવ્ય લખ્યું હતું. તો કૃષ્ણદેવરાયની રાણી ચિન્નાદેવી ખ્યાતિપ્રાપ્ત ગાયિકા હતી. નુનીઝે વિજયનગરના સમ્રાટોના અંત:પુરમાં ફરજ બજાવતી કાબેલ મહિલાઓ વિશે વર્ણન કર્યું છે. રાજકુમારીઓ માટે લલિતકલાઓ, વહીવટીતંત્ર તથા શસ્ત્રવિદ્યાની તાલીમ ઉપરાંત શિક્ષણની સુંદર વ્યવસ્થા કરવામાં આવતી.

બહમની સામ્રાજ્યના સમાજ સંદર્ભે ડૉ. ઈશ્વરલાલ ઓઝા નોધે છે કે, “બહમની સલ્તનતની સામાજિક સંરચનાનો સર્વદેશીય ગણી શકાય કારણ કે તેમાં બહુમતી હિંદુઓ ઉપરાંત મુસ્લિમ, ઈરાની, ઈરાકી, એબિસિનિયન અને ટ્રાન્સઓક્સિયનોનો સમાવેશ થતો હતો.” રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિનની નોંધ મુજબ અમીરો ચાંદીની

પાલખીમાં બેસીને અનેક રક્ષકો સાથે આવતા અને એક ભવ્ય જુલૂસ જેવું તે ભાસતું. વઝીર મહમૂદ ગવાં પ્રતિદિન પાંચસો માણસો સાથે ભોજન લેતો. સુલતાનો હિંદુ પ્રજા પ્રત્યે અસહિષ્ણુ હતા.ચિશ્તી, કાદરી તથા શત્તારી, સૂફી સંપ્રદાય અહી મહત્ત્વના હતા. દિલ્હીના વિખ્યાત ચિશ્તી સંત સૈયદ ગેસુદારાજ ગુલબર્ગમાં સ્થાયી થયા હતા.

બહમનીના રાજકીય ઈતિહાસ જેટલી માહિતી સામાજિક સ્થિતિ વિશે મળતી નથી. ફારસી, મરાઠી, દક્ષિણી ઉર્દૂ, કન્નડ, તેલુગુ ભાષાઓ વિશેષ બોલાતી હતી. નિકિતિનના જણાવ્યા મુજબ ઉમરાવો, સામાન્ય પ્રજા સમૃદ્ધ, સુખી અને ધનવાન હતી. સમાજમાં અમીર અને ગરીબ એવા બે વર્ગો હતા. પરંતુ એક વર્ગ અતિ વૈભવી જીવન અને બીજો સમાજનો મોટો વર્ગ સામાન્ય પ્રજા, ગામડાંની પ્રજા નિર્ધન હતી. એક ત્રીજો વર્ગ વ્યાપારી મધ્યમવર્ગ પણ હતો.

### 10.4.2 મુસ્લિમ સમાજ

વિદેશી તુર્ક અને અફઘાન મુસ્લિમો ઉચ્ચ હોદ્દા ભોગવતા. તેમની તુલનામાં ભારતીય મુસ્લિમને ઉતરતી પાયરીના હોદ્દા આપવામાં આવતા હતા. એટલે દેશી કે ભારતીય મુસ્લિમનું સમાજમાં સ્થાન વિદેશી મુસ્લિમો પછીનું હતું. વિદેશી મુસ્લિમો પણ તલવારધારી અને કલમધારી એમ બે વર્ગોમાં વહેંચાયેલ હતા. તલવાર ધારણ કરનાર વિદેશી મુસ્લિમોની મદદથી સુલતાનોએ પોતાનું સામ્રાજ્ય ખડું કરી અને ટકાવી વિકસાવ્યું હતું. આવા પરદેશી મુસ્લિમોને વિશાળ જાગીરો મળતી. તેના પ્રતાપે આવા ઉમરાવો સમૃદ્ધ અને શક્તિશાળી બન્યા. આ વર્ગ સુલતાનને ગાદી અપાવવામાં અને સત્તા ઉથલાવવામાં સક્ષમ બન્યો. સાથે વિશાળ જાગીરોથી તેઓ વિલાસી, એશઆરામી ઉપરાંત મદિરા, જુગારના આદી બન્યા. આથી બલ્બન તથા અલાઉદ્દીન ખિલજીએ તેમના પર અંકુશ અર્થે સામાજિક નિયંત્રણો લાદ્યા હતાં. આ રાજકીય વર્ગના ઉમરાવોમાં સૌથી ઊંચું સ્થાન 'ખાન'નું ત્યારબાદ 'મલિક' ને પછી 'અમીર'ના હોદ્દા હતા. સિપાહસાલાર અને સરખેલ અમીરોમાં નિમ્ન હોદ્દા હતા. આ બધું હોવા છતાં આર્થિક રીતે સંપન્ન હોઈ વિદેશી મુસ્લિમ ઉમરાવોએ કલા-સ્થાપત્યના વિકાસમાં, દાનધર્મમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

અરબસ્તાન, ઈરાન, મિસર જેવા દેશોમાંથી ધર્મપ્રચાર તથા ગુજરાન વાસ્તે આવેલ વિદેશી મુસ્લિમોનો બીજો વર્ગ કલમધારી મુસ્લિમોનો હતો. આ વર્ગમાં ઉલેમાઓ, મૌલવીઓ, કાઝીઓ, મુફતીઓ, ઈમામો, ખતીબો મુખ્ય હતા. જે સરકારી નોકરી, શિક્ષણ અને મજહબી કામો કરતા હતા. તેમાં ઉલેમાઓ(ધર્મગુરુઓ) ઈસ્લામ ધર્મ અને શાસ્ત્રોનું ગહન જ્ઞાન ધરાવતા હોઈ 'અહલ કલમ' તરીકે ઓળખાતા. સુલતાનને ધાર્મિક બાબતોમાં સલાહ આપતા. તેમની સલાહ પ્રમાણે સુલતાનો વહીવટ ચલાવતા. મૌલવીઓ પણ સુલતાન અને તેના શાસન પર અસર પાડી શકતા. દિલ્હી સલ્તનતને તેમણે જ સાંપ્રદાયિક બનાવ્યું હતું. હિંદુઓને કાફિર કહેતા ને સુલતાનોને તેમની વિરુદ્ધ જેહાદ જગાવવા ઉત્તેજન આપતા. કાઝી અને મુફતીઓ ન્યાય આપવાનું કામ કરતા. ધર્મપ્રચાર અને

*મુસ્લિમ સ્થાનોની દેખભાળનું કાર્ય ઈમામો અને ખતીબો કરતા. અરબસ્તાન, ઈરાન, મિસરથી આવેલા સૂફીસંતોએ હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયના કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ, આ કલમધારી મુસ્લિમોએ મુસ્લિમ શિક્ષણ, સાહિત્ય અને ઈસ્લામ ધર્મના વિકાસને વેગ આપ્યો હતો.*

*ભારતીય મુસ્લિમોમાં ધર્માંતર કરીને હિંદુમાંથી મુસ્લિમ બનેલા વર્ગનો તેમાં સમાવેશ થતો હતો. નિમ્ન વર્ગ, અન્યાયી જ્ઞાતિ વ્યવસ્થાથી ત્રસ્ત, દબાણ કે લાલચ વગેરે પરિબળોને વશ હિંદુઓએ ઈસ્લામ અપનાવી મુસ્લિમ બન્યા હતા. સરકારની નિમ્ન સ્થાનોવાળી નોકરી, ખેતી, કારીગરી, વણાટકામ કે અન્ય ધંધાઓમાં આ વર્ગ જોડાયેલો હતો.*

*સુલતાનો, અમીર ઉમરાવો અને ધનિકો ગુલામો રાખતા. એટલે ગુલામોનો પણ એક આખો વર્ગ હતો. પરંતુ યૂરોપના ગુલામોથી ભારતના ગુલામોની સ્થિતિ અલગ પ્રકારની હતી. તેઓ વફાદારી અને કાબેલિયત પ્રમાણે ઉચ્ચ સ્થાને પહોંચી શકતા. જેમ કે મલિક કાફૂર અલાઉદ્દીન ખિલજીનો તથા ખાને જહાન ફિરોઝશાહ તુગલકના ગુલામો હતા તેમ છતાં પોતાની દક્ષતાથી વઝીર જેવા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી રાજકારણમાં પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા. હિંદુમાંથી ધર્માંતર કરેલા મુસ્લિમ ગુલામો મહેલો અને સરકારી કારખાનામાં કામ કરતા હતા. ખાસ કરીને આ સમયમાં ગૃહઉદ્યોગો અને વેપાર-વાણિજ્યના વિકાસમાં ગુલામોનો અગત્યનો ફાળો રહ્યો.*

*મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન નિમ્ન કક્ષાનું હતું. રજિયા બેગમ જેવી અપવાદરૂપ સ્ત્રીઓને બાદ કરતાં સ્ત્રીઓનો મોટો વર્ગ શિક્ષણથી વંચિત રહેતો. કન્યાઓ માટે સમાજમાં શિક્ષણની વ્યવસ્થા ઓછી હતી. પુત્રી જન્મ આવકારદાયક ન હતો. ઊંચા કુળની સ્ત્રીઓ ક્યારેક જ બહાર નીકળતી. મુસ્લિમ સમાજમાં પરદાપ્રથા, બુરખાપ્રથા, બહુપત્નીત્ત્વ, દહેજપ્રથા તલાક જેવા રિવાજથી સ્ત્રીઓની સ્થિતિ સારી ન હતી.*

### 10.4.3 હિંદુ-મુસ્લિમ સમન્વય

*સલ્તનત યુગના ત્રણસો વર્ષના સહજીવનથી હિંદુ-મુસ્લિમ ખાનપાન, પહેરવેશ, સભ્યતા, સંસ્કારિતા, ધાર્મિક ભાવનામાં તફાવતો હોઈ તેમની વચ્ચે સમન્વય સાધી શકાયો નહીં. મજહબી વિચારો પર રચાયેલ સલ્તનતને કારણે પ્રજા સાથે એકરાગ સ્થાપી શકાયો નહીં. તોપણ તેઓએ કેન્દ્રીય સત્તા સ્થાપી હતી. તે અગાઉ મધ્યયુગના પ્રથમ તબક્કામાં રાજપૂત યુગમાં ભારત અંદરોઅંદર જગડીને નિર્બળ થયેલાં અનેક નાનાં-મોટાં રાજ્યોમાં વહેંચાયેલું હતું એ ન ભૂલવું જોઈએ. મુસ્લિમો પહેલાં ભારતમાં આવેલી પ્રાચીન સમયથી વિદેશી પ્રજા અને શાસકો ભારતીય સમાજમાં સમાઈ ગયા. જ્યારે મધ્યયુગના બીજા તબક્કામાં મુસ્લિમોની બાબતમાં આવું બન્યું નહી. તેમછતાં સૂફી સંતો, દરવેશો, કબીર, નાનક વગેરેના સમન્વયકારી પ્રયાસોથી મુસ્લિમ તહેવારો, ઉત્સવોમાં હિંદુઓ અને હિંદુ તહેવારોમાં મુસ્લિમો જોડાતા થયેલા અને આમ એકબીજાની સંસ્કૃતિઓ પર પ્રભાવ પડ્યો. પરસ્પરનાં ભાષા, સાહિત્ય, કલા-સ્થાપત્ય પર તો અમીટ છાપ પડી. સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓમાં મુસ્લિમ ગ્રંથો તો મુસ્લિમ ભાષાઓ અરબી, ફારસી,*

*ઉર્દૂમાં હિંદુ ગ્રંથોની રચના થઈ. એકમેકની ભાષાના ગ્રંથોનાં ભાષાંતર પણ થયાં. સલ્તનતકાલીન મુસ્લિમ ઈરાની કલા સ્થાપત્ય પર ભારતીય કલા-સ્થાપત્યની અસર પડી. સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકલા વગેરેમાં પણ પરસ્પર સમન્વય સધાયો. વળી આરબોએ તો ભારતીય સંસ્કૃતિ, વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ વગેરે વિદ્યાઓને એશિયા યૂરોપ સુધી પહોંચાડી સંસ્કૃતિના વાહકો તરીકે અગત્યની ભૂમિકા ભજવી હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો-2**

**અ. ખાલી જગ્યા પૂરો.**

(1) _________ *સામ્રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિ સારી હતી. (બહમની, વિજયનગર)*

(2) *અથનેસિયસ નિકિતિન* _________ *દેશનો હતો. (જાપાન, રશિયા)*

(3) *કાઝી અને મુફ્તીઓ* _________ *નું કામ કરતા. (વણાટ, ન્યાય)*

(4) *મલિક કાફૂર* ________ *નો ગુલામ હતો. (અલાઉદ્દીન, ફિરોઝ)*

(5) *રાજકીય વર્ગના ઉમરાવોમાં સૌથી ઊંચું સ્થાન* ________ *નું હતું. (ખાન, મલિક)*

1. *સલ્તનત સમયના હિંદુ સમાજ વિશે જણાવો.*

________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________

2. *સલ્તનત સમયના મુસ્લિમ સમાજજીવન વિશે ટૂંકમાં જણાવો.*

________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________

3. *સલ્તનતમાં હિંદુ-મુસ્લિમ સમન્વય વિશે લખો.*

________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________
________________________________________________________

## 10.5 સલ્તનત સમયના ભારતની આર્થિક સ્થિતિ

### 10.5.1 ખેતી

*સલ્તનત સમયમાં ભારતીય અર્થતંત્રમાં જૂની હિંદુ વ્યવસ્થા પ્રમાણે ખેડૂતો, વેપારીઓ અને કારીગરો આ ત્રણ મહત્ત્વના ચાલક બળો હતા. પુરાણી જ્ઞાતિપ્રથા તથા સંયુક્ત કુટુંબમાં રહી આર્થિક પ્રવૃત્તિઓ ચાલતી હતી અને એ રીતે આર્થિક ક્ષેત્રે સામાજિક માળખું સ્વાવલંબી અસ્તિત્વમાં હતું. સમાજ માટે ગ્રામીણ અર્થતંત્ર આધારશીલા હતું.*

ગામડામાં ખેતી અને કાપડ વણાટ બુનિયાદી આર્થિક પ્રવૃત્તિ હતી અને તેને સંલગ્ન પૂરક વ્યવસાયો જેવાકે લુહારીકામ, કુંભારીકામ, કંસારાકામ, સોનીકામ, ઘાંચીકામ વગેરે ચાલતાં. વેપારી બહારની વસ્તુ પૂરી પાડતા અને વસ્તુ વિનિમયથી વ્યવહાર ચાલતો.
ગુજરી બજારો અને મેળાઓમાં ચોક્કસ પ્રકારની વસ્તુઓનું ખરીદ-વેચાણ થતું. જેમાં દૂરના પ્રદેશોની વસ્તુઓ વેચાવા આવતી. ગામડામાં નાણાં ધીરનાર શરાફ કે ચોકસીનો વર્ગ પણ હતો. ખેડૂતો જરૂરિયાત મુજબ તેની પાસેથી વ્યાજે નાણાં લેતાં. વ્યાજનો દર ઊંચો રહેતો. ઘણીવાર ખેડૂતને પોતાની જમીન પણ દેવા પેટે ગુમાવવી પડતી. મળે તેમાં સંતોષ માની પ્રારબ્ધવાદી ગામડાંના લોકોમાં ઉદ્યમ સાહસને અવકાશ હતો નહિ. વાહન વ્યવહારના અભાવને કારણે ગામડાંનો વધારાનો ઉત્પાદિત માલ બહાર મોકલી શકાતો નહોતો. એકંદરે ગામડાં સ્વાવલંબી અને સુખી હતાં.

પ્રત્યેક ગામમાં વંશ પરંપરાગત વ્યવસાયો ગ્રામીણ અર્થતંત્રને ગતિમાન રાખતા તથા પ્રત્યેક જ્ઞાતિ આર્થિક એકમ સમાન હતી. જ્ઞાતિ માળખામાં ઉચ્ચ જ્ઞાતિઓ સંપત્તિવાન તો છેક તળીએ આવેલ જ્ઞાતિને માત્ર શરીર શ્રમ વડે ગુજરાન ચલાવવું પડતું. ઉપલો વર્ગ અનુત્પાદક વર્ગ હતો. ઉત્પાદન વર્ગ તરીકે હિંદુ સમાજમાં નીચેના બે વર્ગો વૈશ્યો અને શૂદ્રોનો આર્થિક પ્રવૃત્તિઓ પર એકાધિકાર હતો. આમ એ સમયના સમાજમાં જ્ઞાતિ આધારિત ચોક્કસ શ્રમવિભાજન હતું અને તેને અનુરૂપ આર્થિક માળખું રચાયેલ હતું. વ્યવસાય ધંધાની પરિવર્તનશિલતા ન હતી. આમ સલ્તનતકાલની શરૂઆત પછી જેમ જેમ આ યુગ આગળ વધ્યો તેમ અગાઉની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં શહેરી અર્થવ્યવસ્થા અને તેની સાથે જોડાયેલા વેપાર ધંધા, ઉદ્યોગ, વ્યવસાયો વિકસતા ગયા. મુસ્લિમ શાસને શહેરી સંસ્કૃતિને પોષી. આ નવી અર્થવ્યવથા ભારતની પારંપરિક વ્યવસ્થા કરતા જૂદી પડતી હતી. પ્રો. મોહમ્મદ હબીબના મત મુજબ તે ઘણી સારી હતી. ગામડાં કરતાં શહેરોની આર્થિક સ્થિતિ અલગ હતી.

સલ્તનતકાલ સંઘર્ષો તથા યુદ્ધોનો યુગ હોવા છતાં ખેતીવાડી, ધંધા,રોજગાર, ઉદ્યોગ અને વેપાર-વાણિજ્ય વિકાસ પામ્યાં હતાં. એમાં ઉપલા શાસક વર્ગો સમૃદ્ધ અને સુખી હતા. મોરલેન્ડે નોંધ કરી છે તેમ, "મધ્યમવર્ગના લોકોનું જીવન પ્રમાણમાં સુખી અને સંતોષી હતું. સામાન્ય રીતે વેપારી સમુદાય સાદું, શાંત અને સંયમી જીવન વ્યતિત કરતો. સ્થાનિક ફોજદાર તેમની સંપત્તિ પડાવી ન લે તે માટે તેઓ પોતાનું ધન છુપાવી રાખતા અને પ્રમાણસર જ ખર્ચ કરતા." તો નિમ્નવર્ગની સામાન્ય પ્રજાની આર્થિક સ્થિતિ સારી કહી શકાય તેવી નહોતી. યુદ્ધો અને લડાઈ થતાં રહેતાં તો પણ ખેતીને નુકસાન કરવામાં આવતું નહોતું. કેટલાંક સુલતાનો ખેતીના વિકાસમાં અભિરુચિ દાખવતા. તથા ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે યોગ્ય કદમ ઉઠાવતા હતા. બલ્બને ઉત્તર અને પંજાબના પ્રદેશોમાં આવા પગલા લઈ આ પ્રદેશોને ચોર-લૂંટારાઓના ભયમાંથી મુક્ત કરી ખેતીને ઉત્તેજન આપ્યું હતું. અલાઉદ્દીન ખિલજીએ કૃષિ વિકાસ માટેના ખાસ આદેશો અને હુકમો જાહેર કર્યા હતા. વિવિધ કાયદા કરી ખેડૂતોને ખેતીમાં રાહત આપી હતી. ફિરોજ તુગલકે તો સિંચાઈ માટે નહેરો કરાવી હતી. તેવી જ રીતે સિકંદર લોદીએ પણ ખેતીવાડીના

વિકાસ અને ખેડૂતોના હિતો પ્રત્યે ધ્યાન આપ્યું હતું.આમ છતાં કરમાં બમણો વધારો થતાં ખેડૂતોની સ્થિતિ વણસી હતી. સલ્તનત કાલમાં મહેસૂલનો દર ઉપજનો ત્રીજો ભાગ લેવાતો. રાજ્યના કર, સ્થાનિક ઠાકોર, કાયસ્થ, પટવારી વગેરેની માંગ પૂરી કરવામાં ઉપરાંત પંડિત, પૂજારી, ખેતમજૂરો વગેરે બધું મિલાવીને ખેડૂત પાસે એકાદ વર્ષ ચાલે તેટલા ઉત્પાદન સિવાય ઝાઝું બચતું નહીં. હળ અને બળદ દ્વારા પરંપરાગત પદ્ધતિએ ખેતી થતી. આવા ખેતીનાં સાધનોથી જમીન ઓછી ખેડાતી હોઈ વિપુલ ઉત્પાદન મળતું નહીં. વરસાદ આધારિત ખેતી હતી ને સિંચાઈની વ્યવસ્થા ઓછી હોઈ દુષ્કાળમાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની જતી.

ઘણા સુલતાનો બાગબગીચાના શોખીન હતા. ફિરોજ તુગલકે ફળ-ફૂલોના અનેક બાગ-બગીચા તૈયાર કરાવ્યા હતા. અનાજના વાવેતર સાથે ફળોની ખેતી પણ થતી હતી. મોટા પ્રમાણમાં સુખડનું વાવેતર થતું હતું. આ યુગમાં લોકો અત્તરના ભારે શોખીન હોઈ કેવડા તથા ગુલાબનું પણ બહોળા પ્રમાણમાં વાવેતર ખેડૂતો કરતા હતા. જીયાઉદ્દીન બરનીની નોંધ પ્રમાણે દેશ અનાજ, ફળ, ફૂલ, શાકભાજી વગેરેની બાબતમાં સ્વાવલંબી હતો; એટલું જ નહીં, પરંતુ તે અનાજ અને ફળોની વિદેશોમાં નિકાસ પણ કરતો. મોરક્કો પ્રવાસી ઈબ્નબતૂતાના વર્ણન પ્રમાણે આધુનિક સમયના ઘણા ખરાં અનાજો, કઠોળ, ફળો, ફૂલો, અત્તરો, સુગંધી અને કીમતી લાકડા વગેરેનો પાક તે સમયમાં પણ થતો. પાન ખાવાની ફેશન જેવું હોઈ નાગરવેલના પાન પણ મોટા પ્રમાણમાં ઉત્પાદીત કરવામાં આવતા. માદક પીણા પણ ફળો અને અનાજ ઉપરાંત અન્ય ચીજોમાંથી બનાવવામાં આવતાં હતાં.

### 10.5.2 ઉદ્યોગ-ધંધા

આ કાળમાં કાપડ, સોના-ચાંદી, ચામડાં, લોખંડ, ધાતુ, કાગળ(મલબાર 'કાગળનો દેશ' કહેવાતો), મરીમસાલા, તેલ અને અત્તરની બનાવટો, વાજિંત્રો જેવા અનેક ઉદ્યોગોનો વિકાસ થયો હતો. સુતરાઉ અને રેશમી કાપડના વસ્ત્રોના ઘણા કારખાના હતાં. જેમાં ઊંચી જાતનું સુંદર કાપડ તૈયાર કરવામાં આવતું હતું. આ કાપડ પર જરી અને ભરતકામ થતું. ઊનના કાપડ પર ભરતકામ વિશેષ પ્રચલનમાં હતું. જરી-ભરત ભરેલી આકર્ષક ટોપીઓ અમીર વર્ગ-ઉપલાવર્ગમાં ખાસ પ્રચલિત હતી. રેશમી રૂમાલ રાખવાનું ચલણ લોકોમાં હોઈ તેનું ઉત્પાદન પણ સારા પ્રમાણમાં થતું. વિવિધ શસ્ત્રો, છરી, ચપ્પાં, અસ્તરા, તાળા-કૂંચી, ખેતીનાં ઓઝાર, હળ ઉપરાંત અનેક પ્રકારની વસ્તુઓ લોખંડમાંથી બનાવવામાં આવતી. સરકારી કારખાનામાં ધનુષ્ય-બાણ, ભાલા, તલવાર, બરછી, કવચ જેવાં વિવિધ શસ્ત્રો બનાવવામાં આવતા હતાં. પીત્તળનાં વાસણોનું ચલણ વધુ હોઈ તે વાસણો બનાવવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો હતો.

શાસક પરિવારો તથા મોટા અમીર અને અમલદારો સોના-ચાંદીના વાસણોનો ઉપયોગ કરતાં. આવા કીમતી વાસણો ઉપર રંગબેરંગી ચિત્રકારી કરવામાં આવતી. સોના-ચાંદીના ઘરેણાં પહેરવા સામાન્ય હતાં. હીરામોતી અને નીલમના ઉદ્યોગ વિકસ્યા હતા.

*સંપત્તિવાન અને સુખી લોકો, શાસક વર્ગ ઝવેરાતના ખૂબ શોખીન હતા.આમ, સોના-ચાંદી અને ઝવેરાત બનાવવાનો ધંધો સારો વિકસ્યો હતો.*

*ચામડામાંથી પાણી ભરવાની ડોલો, પખાલો વગેરે બનતા ને તેનો બધા વર્ગો ઉપયોગ કરતા હતા. ખોરાકમાં મરી-મસાલા છૂટથી વાપરતા અને તેનું ઉત્પાદન મલબાર અને દક્ષિણ પ્રદેશોમાં થતું હતું. કાગળ, વાંસની ટોપલીઓ અને સુશોભનો પણ લોકો વાપરતા. ખાદ્યતેલ અને મોજશોખના તેલોનું ઉત્પાદન કરવામાં આવતું હતું. લોકો સુગંધીતેલ અને વિવિધ અત્તરોના પણ શોખીન હતા.શાસક વર્ગના મકાનોમાં સુખડના લાકડાના બારી-બારણાં વાપરતાં. આ ઉપરાંત માટીકામ, પથ્થરકામ, દોરડાં, વાજિંત્રો, નૃત્યના સાધનોનું ઉત્પાદન અને વપરાશનું પ્રચલન હતું.*

*કુલીનતાનું માપ ધન હતું.કદરૂપો ધનાઢ્ય વ્યક્તિ પણ સુંદર, પુણ્યશાળી વ્યક્તિ ગણાતો. મહંતો અને આચાર્યોમાં ધનાઢ્ય શિષ્યો મેળવવા સ્પર્ધા ચાલતી. આ કાળમાં નોકરશાહીમાં ઉચ્ચ સ્થાનો પર મુસ્લિમો તો નિમ્ન પાયરીનાં સ્થાને હિંદુઓ નિમાતા.*

### 10.5.3 વેપાર-વાણિજ્ય

*સલ્તનત યુગમાં વેપાર-વણજ સારો ખીલ્યો હતો. રૂ, અન્ન, અફીણ, ફળો, કાપડ, મોતી, હીરા-માણેક, સોના-ચાંદીના ઝવેરાત, ચામડાં, મરી-મસાલા, અત્તરો, કાપડ વગેરેનું ઉત્પાદન બહોળા પ્રમાણમાં થતું હોઈ તેની નિકાસ કરવામાં આવતી હતી. ઘોડા, ખચ્ચર, સુલતાનો તથા અમીરોના મોજશોખની વસ્તુઓ, દારૂ, કીમતી ગાલીચા, ઈજીપ્તનું ઊંચી જાતનું રૂ વગેરેની વિદેશથી આયાત થતી હતી. ભરૂચ અને કાલીકટ મોટાં બંદરો હતાં જેના મારફતે દરિયાઈ વેપાર ચાલતો. ઘોડા, ઊંટ, બળદગાડા, ખચ્ચર, હાથી, ગધેડા વગેરેનો વાહનવ્યવહારમાં ઉપયોગ થતો. આવા અવિકસિત વાહનવ્યવહારમાં પણ વેપાર-વાણિજ્ય વિકસ્યો હતો.*

*કાપડ ઉદ્યોગ અને વણાટકામ માટે ગુજરાત અને બંગાળ પ્રમુખ કેન્દ્રો હતાં. બારબોસા અને વરથેમા (16મી સદીના પ્રવાસી) બંગાળી કાપડની વેરમ, નમોની, લિજરી, કેન્થર, દોજર, સિનાવફ જેવાં કાપડનો ઉલ્લેખ કર્યો છે. દક્ષિણ ભારતના બૈરામિયા, સલાહિયા, શિરિન, કટ્ટન-એ-રૂમી, સિરાજ અને કિબાબ નામે કાપડ ખ્યાતિ પામ્યાં હતાં. બંગાળમાં રેશમ થતું હોવા છતાં બહારથી આયાત કરવામાં આવતું. ખંભાતનું રેશમ કીમતી કાપડ હતું. અમીર ખુશરોએ બંગાળના ઢાકાના મલમલની ભારે પ્રશંસા કરી છે. સુલતાનો, અધિકારી અમીરો, સરદારો, રાજપરિવારો વગેરે માટે રેશમ, સુતરાઉ તથા ઊનના કપડાં વાસ્તે દિલ્હીના સુલતાનોએ અનેક કારખાના શરુ કર્યા હતાં. જેમાં હજારો વણકરો કામ કરતા હતા.*

*દેવગીરી(દૌલતાબાદ) હીરા વેપારનું ખ્યાતનામ કેન્દ્ર હતું. હિંદુ વેપારીઓ ખાસ કરીને હીરા વેપાર સાથે જોડાયેલા હતા. દક્ષિણ ભારતમાં દ્રાક્ષ, સૂંઠ, મોતી, વિવિધ મરી-મસાલા વગેરે માટે જાણીતું હતું ને ત્યાં દેશ-વિદેશના વેપારીઓ તેની ખરીદી માટે આવતા. બારબોસાએ ધર્મપટ્ટનમના વિદેશ વેપાર વિશે નોંધ્યું છે કે, "ધર્મપટ્ટનમ*

*ઈમારતી લાકડાના વેપારનું મહત્ત્વનું મથક હતું જે કન્નોરથી બાર માઈલ દૂર હતું. આ બંદરેથી લાકડાં ઉપરાંત ઘઉં, ચોખા, સૂંઠ, કાપડ, બહમની સલ્તનતનું સુતરાઉ કાપડ વગેરેની નિકાસ થતી." હતી. વિજયનગર તો હીરા, મોતી, માણેક, નીલમના વેપારનું ખ્યાતનામ કેન્દ્ર હતું. અહી આ બધી ચીજોની વિદેશમાં નિકાસ પણ થતી. દરિયાઈ વેપાર આફ્રિકા, યુરોપ, ચીન, મલાયા સાથે થતો જ્યારે જમીન માર્ગે વેપાર અફઘાનિસ્તાન, ઈરાન, ભૂતાન, તિબેટ વગેરે મધ્ય એશિયાના દેશો સાથે ચાલતો હતો. મોટા ભાગે વેપાર ગુજરાતીઓ, મારવાડીઓ, મુલતાનીઓ, ખુરસાનીઓ અને દક્ષિણ ભારતમાં ચેટ્ટીઓ કરતા. દરિયાઈ વેપારમાં આરબો, ગુજરાતીઓ, ખુરાસાનીઓ પછી ઈ.સ.૧૪૯૮થી પોર્ટુગીઝો હાવી થતા ગયા ને ઈ.સ.૧૫૧૦માં કાલિકટમાં કિલ્લેબંધી કરી કોઠી સ્થાપી હતી. તેમની મંજૂરી વગર કોઈ પણ વિદેશ જઈ શકતું નહોતું. દરિયાઈ વેપાર પર તેમનું વર્ચસ્વ હતું. જકાતી(અધિકારી) વેપારના માર્ગો પર દેખરેખ રાખતો ને કરપાત્ર વસ્તુઓ પર કર વસૂલ કરતો.*

**10.5.4 વિનિમય વ્યવસ્થા.**

*કુલીનતાનું માપ ધન હતું.કદરૂપો ધનાઢ્ય વ્યક્તિ પણ સુંદર, પુણ્યશાળી ગણાતો. લેવડ-દેવડમાં ચલણી નાણું હજી હાવી થયું નહોતું. ગામડાંમાં અનાજ અને વસ્તુઓનો વિનિમય તરીકે ઉપયોગ થતો. સોનાના દીનાર, ચાંદીના ટંકા અને તાંબાના જીતલ સિક્કાઓ ચલણમાં હતા. બધા રાજ્યોના અને વિદેશી સિક્કાઓ પણ આપ-લેમાં ચાલતા. તેનું કારણ એ હતું કે સિક્કાનું મૂલ્ય ધાતુના હિસાબે અંકાતું. ગુલામવંશના સિક્કાઓ 'દેહલીવાલ' નામે જાણીતા હતા. જેમાં એક બાજુ ઘોડેસવાર બીજી બાજુ નંદિ તથા દેવનાગરી લિપિમાં સુલતાનનું નામ રહેતું. સુલતાન ઈલ્તુત્મિશે પશ્ચિમ એશિયાના મુસ્લિમ સિક્કાઓ જેવા શુદ્ધ ઈસ્લામી સિક્કા પડાવવાની શરૂઆત કરી. તે સિક્કાના એક ભાગે કલમો કે ખલીફાનું નામ તથા બીજા ભાગે સુલતાનનું નામ, બિરુદ, સ્થળ અને અરબી અથવા ફારસી ભાષામાં હિજરી વર્ષ આપવામાં આવતું. સોના-ચાંદીના સિક્કા* 170 *ગ્રેઈન (એક તોલાના) વજનના હતા. નાના મૂલ્યનો એકમ સિક્કો 'ગાની' કહેવતો. જે ખિલજીવંશમાં 'જિતલ' અને પછીથી 'દામ' તરીકે ઓળખાતો. આ સિક્કાઓ ચાંદી અને તાંબાના મિશ્રણથી બનતા. હિંદુ રાજ્યોમાં પ્રાચીન ભારતીય શૈલીવાળા સિક્કા પ્રચલનમાં હતા. દક્ષિણમાં વિજયનગરના રાજાઓની ટંકશાળો હતી અને અહીના સોનાના સિક્કા નાના અને ગોળ હતા. પ્રવાસી અબ્દુર્રઝાક નોંધે છે કે, આ સામ્રાજ્યમાં વરાહ, પ્રતાપ. ફેનોમ અને જીતલ નામના સિક્કાઓ ચલણમાં હતા. આ સિક્કાઓ ઉપર હિંદુ દેવો તથા પશુઓ અંકિત કરવામાં આવતાં હતાં.*

**અ. તમારી પ્રગતિ ચકાસો. 1**

1. **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) *સલ્તનતકાલમાં અર્થતંત્રનો મુખ્ય આધાર કયો હતો?*

(a) *ખેતી* (b) *વેપાર* (c) *વણાટ* (d) *પશુપાલન*

(2) સલ્તનત સમયમાં વિનિમયનું સાધન મુખ્યત્ત્વે કયું હતું?

(a) નાણું (b) વસ્તું (c) હૂંડી (d) કઈ નહિ

(3) ક્યા સુલતાને સિંચાઈ માટે નહેરો બંધાવી હતી?

(a) ઐબક (b) અલાઉદ્દીન (c) ફિરોઝ તુગલક (d) સિકંદર લોદી

(4) કાગળના દેશ તરીકે કયો પ્રદેશ જાણીતો હતો?

(a) દિલ્હી (b) બંગાળ (c) ગુજરાત (d) મલબાર

(5) પશ્ચિમ ભારતનું કયું બંદર વિદેશ વેપાર માટે ખ્યાત હતું?

(a) ભરૂચ (b) સુરત (c) ઘોઘા (d) કંડલા

**1. સલ્તનતકાલીન ઉદ્યોગ-ધંધા વિશે લખો.**

2. સલ્તનતકાલીન વિનિમય વ્યવસ્થા વિશે લખો.

3. સલ્તનત સમયના વેપાર-વાણિજ્ય વિશે સંક્ષિપ્તમાં જણાવો.

## 10.6 સારાંશ

હર્ષના સમય પછીના રાજપૂત યુગમાં કોઈ કેન્દ્રીય સત્તા રહી નહિ. ભારત અનેક નાના-મોટા હિંદુ રાજ્યોમાં વહેંચાઈ ગયું. અંદરો અંદર લડી નિર્બળ બનેલ ભારત પર તુર્કોએ વિજય મેળવી દિલ્હી સલ્તનતની સ્થાપના કરી. તુર્કો ભારતમાં નવા હોઈ તેમણે શરૂઆતમાં ભારતીય વહીવટી વ્યવસ્થામાં કોઈ ફેરફાર કર્યા નહી. સલ્તનતના દ્રઢીકરણ સાથે નવા વિભાગો અને સંસ્થાઓ ઊભી કરી નવીન વહીવટી વ્યવસ્થા સ્થાપવા પ્રયાસો કર્યા. ગુલામ વંશના શાસકોએ સલ્તનત ટકાવી રાખી. ખિલજી વંશે વિશાળ ભારત પર પોતાની સત્તા પ્રસારી પ્રદેશ વિસ્તાર કર્યો. તો તુગલકવંશ સમયે તેની પડતીની શરૂઆત થઈ. પછીના સૈયદ અને લોદી સમયે તો એ પતન ઝડપી બન્યું ને ઈ.સ.૧૫૨૬માં

બાબરના હાથે આ સલ્તનતનો અંત આવ્યો. સલ્તનત સમયમાં મહેસૂલી વ્યવસ્થા અને ઈક્તા(પ્રાંતીય વહીવટ) સલ્તનતકાલીન વહીવટીતંત્રના આધાર રહ્યા. તો તુગલક વંશમાં ઈક્તા પ્રણાલી વંશાનુગત થઈ. જેણે અનેક વિકૃતિઓ પેદા કરી કેન્દ્રીય સત્તાને નબળી પાડી પતન તરફ ધકેલી. ગ્રામીણ સમાજ પરંપરાગત રીતે ચાલ્યા આવતા માળખામાં વહેંચાયેલો હતો. તેમ છતાં આ સમયે જ્ઞાતિઓના વાડા વધુ વિસ્તૃત અને જટિલ બન્યા. આ સમયમાં નવા શહેરોની સંખ્યામાં વધારો થયો. શહેરોની આર્થિક પ્રવૃત્તિઓ ગામડાં કરતાં અલગ હતી. ટાંચા વાહનવ્યવહારમાં પણ આ કાલે વેપાર-વાણિજ્યનો સારો વિકાસ થયો. ચલન અમલમાં હોવા છતાં આ કાળે વસ્તુ વિનિમયનો બહોળો ઉપયોગ થતો રહ્યો. હિંદુ-મુસ્લિમ ઉપરાંત સાંસ્કૃતિક સમન્વય પણ સધાયો.

## 10.7 ચાવીરૂપ શબ્દો

ઈક્તા- પ્રાંત જેવો રાજ્યનો રાજકીય અને મહેસૂલી એકમ
ઉલેમા- મુસ્લિમ ધર્મગુરુ
મુકાદમ- મોટા જમીનદાર ખેડૂતો, સરકારી મહેસૂલ ઉઘરાવનાર સરકારી એજન્ટો.
ચેટ્ટી-દક્ષિણ ભારતનો એક મુખ્ય વ્યાપારી સમુદાય.
દરવેશ-મુસ્લિમ સંત.
મુફ્તી- કાયદાનું અર્થઘટન કરનાર.
શિક- જિલ્લા સમાન વહીવટી એકમ.
મુક્તી-ઈક્તાધારક/પ્રાંતનો વડો.
તુર્કાન-ઈ-ચિહિલગાની – ઈલ્તુત્મિશ દ્વારા સ્થાપિત ચાલીસ ગુલામોનું દળ
વઝીર-મુખ્ય પ્રધાન

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- **તમારી પ્રગતિ ચકાસો. (1)ના જવાબો.**

અ. 1-C, 2-A, 3-B, 4-F, 5-D, 6-E, 7-I, 8-G, 9-H, 10-J.

- **તમારી પ્રગતિ ચકાસો. (2)ના જવાબો**

અ. (1) વિજયનગર (2) રશિયા (3) ન્યાય (4) અલાઉદ્દીન (5) ખાન

- **તમારી પ્રગતિ ચકાસો. (૩)ના જવાબો.**

અ. (1) a- ખેતી (2) b- વસ્તુ (3) c-ફિરોઝ તુગલક (4) d-મલબાર (5) a-ભરૂચ

## 10.9 સંદર્ભ ગ્રંથો

1. Dr. Ishawari Prasad, Medieval India.
2. Nilkantha Shastri, A History of South India.

3. Dr. R.C. Majumdar, Delhi Sultanate, Ed. Vol VI, Bharatiya Vidya Bhavan,Bombay.
4. Mahummad Habbi and K.A.Nizami, Delhi Sultanate Vol.I & II.
5. डॉ.मथुरालाल शर्मा, दिल्ही सल्तनत.
6. એસ.આર. શર્મા, ભારત મેં મુસ્લિમ શાસન કા ઈતિહાસ.
7. डॉ.वी.एस.भार्गव, मध्यकालीन भारतीय इतिहास एवं संस्थाए.
8. ડૉ.છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારત, ખંડ-૨.
9. પ્રા. દેવેન્દ્ર વૃ. ભટ્ટ, ભારત ઈતિહાસ દર્શન.
10. ડૉ. ઈશ્વરભાઈ જી. ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.
11. ડૉ.આર.કે.ધારૈયા, મધ્યકાલીન ભારતનો ભાગ-1-2
12. પ્રવિણચંદ્ર પરીખ, ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ.

# એકમ-11 સલ્તનત સમયનું વહીવટીતંત્ર

**રૂપરેખા :**

**11.0 હેતુઓ**
**11.1 પ્રાસ્તાવિક**
**11.2 ખલીફા**
**11.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ**
**11.4 કેન્દ્રીય શાસન**
    **11.4.1 સુલતાન**
    **11.4.2 મજલિસ – એ – ખલવત**
    **11.4.3 મંત્રીમંડળ**
**11.5 પ્રાંતીય અને સ્થાનિક વહીવટી વ્યવસ્થા**
    **11.5.1 પ્રાંતીય શાસન**
    **11.5.2 સ્થાનિક શાસન**
**11.6 મહેસૂલી વ્યવસ્થા**
**11.7 ન્યાય વ્યવસ્થા**
**11.8 લશ્કરી વ્યવસ્થા**
**11.9 સારાંશ**
**11.10 શબ્દાવલી**
**11.11 સંદર્ભ ગ્રંથો**

## 11.0 હેતુઓ

*હિંદમાં દિલ્હી સલ્તનતની સ્થાપનાની સાથે જ એક નવા શાસક વર્ગનો ઉદય થયો. તેણે એક નવા જ પ્રકારની શાસન વ્યવસ્થાનો પ્રારંભ કર્યો.આ એકમમાં તમારા અભ્યાસની મુખ્ય બાબત દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થા છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે....*

- *સુલતાનોના ખલીફા સાથેના સંબંધો સમજી શકશો.*
- *સલ્તનત શાસનના સ્વરૂપ તથા સંરચના અંગે જાણી શકશો.*
- *દિલ્હીસલ્તનતના વહીવટી માળખાની માહિતી મેળવી શકશો.*
- *સલ્તનતકાલીન કેન્દ્રીય અને પ્રાંતીય કક્ષાના જુદા જુદા વિભાગોનો ઉલ્લેખ કરી શકશો.*

- *સલ્તનત વહીવટી તંત્ર સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓ વિશે જાણી શકશો.*
- *મહેસૂલ, ન્યાયવ્યવસ્થા અને સૈનિક વ્યવસ્થા વિશે જાણી શકશો.*

## 11.1 પ્રસ્તાવિક

*દિલ્હીનાસુલતાનોએ ભારતમાં શાસનની સ્થાપના કર્યા પછી નૂતન શાસન વ્યવસ્થાનો આરંભ કર્યો. તેમણે મોટા ભાગે ઈરાની અને અરબી શાસન વ્યવસ્થાને અપનાવી હતી. તેમ છતાં તેમાં ભારતીય સંસ્થાઓની અસર જોવા મળતી હતી. તેમણે કેટલીક નવી વહીવટી સંસ્થાઓની સ્થાપના કરી. આ નવી વહીવટી વ્યવસ્થાએ સલ્તનતયુગને મજબૂત કરવાનું કામ કર્યું. આ એકમમાં દિલ્હી સલ્તનતનું સ્વરૂપ,સલ્તનતના કેન્દ્રીય અને પ્રાંતીય તેમજ સ્થાનિક વહીવટ અને મહેસૂલી વ્યવસ્થા ન્યાયવ્યવસ્થા તેમજ લશ્કરી વ્યવસ્થા અંગે ચર્ચા કરીશું.*

## 11.2 ખલીફા

*ઈસ્લામના સ્થાપક મોહમ્મદ પયંગબર ધર્મના તેમજ સામ્રાજ્યના પણ વડા હતા. તેમને કોઈ પુત્ર ન હતો. પરિણામે તેમના વારસની ચૂંટણી કરવામાં આવી અને હજરત અબુબકર પહેલા 'ખલીફા' થયા. આ રીતે 'ખિલાફત' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. ત્યારબાદ હજીત ઉંમર, હજર ઉસ્માન અને હજરત અલી સાહેબ ખલીફા તરીકે ચૂંટાઈ આવ્યા. ખલીફા સંપૂર્ણ ઈસ્લામ જગતનો ધાર્મિક વડો હતો. રાજ્યસત્તાના રૂપમાં ખલીફા ખૂબ જ પ્રભાવશાળી હતો. ખલીફા ધર્મનો સંરક્ષક અને રાજકીય વ્યવસ્થાનો પણ રક્ષક ગણાતો. સૈદ્ધાંતિક રીતે દૂર દૂરના પ્રદેશો પર શાસક કરવાવાળા સુલતાનો ખલીફાના ગર્વનરો હતા.જ્યારે કોઈ વીર સેનાપતિ કોઈ પ્રદેશ ઉપર અધિકાર જમાવીને શાસક બની જતો ત્યારે તેને ખલીફા પાસેથી માન્યતા મેળવવી પડતી. આમ કરવાથી તે કાનૂની રીતે સુલતાન બની જતો. તેઓ પોતાની વફાદારી દર્શાવવા માટે ખલીફા તરફથી મળતા પ્રતિકાત્મક સન્માન સૂચક વસ્ત્રો,ઉપાધિઓ, માન્યતાપત્ર વગેરે મેળવતા તેમજ સિક્કાઓ ઉપર ખલીફાનું નામ કોતરાવતા અને શુક્રવારની નમાજ સમયે ખલીફાના 'ખુત્બા' વંચાવતા ઈ.સ. 1258માં હુલાહુમાને બગદાદ જીતી ખલીફાની કતલ કરી ત્યાં સુધી એ પરંપરા ચાલુ રહી હતી. તે પછી સુલતાન મિસરના અબ્બાસી ખલીફાનો નાયબ ગણાતો હતો. ઈલ્તુત્મિશ, મોહમ્મદ તુઘલક અને ફિરોઝશાહ તુઘલક જેવા કેટલા સુલતાનોએ પોતાની સત્તા મજબૂત કરવા મિસરના અબ્બાસી ખલીફાની સનદ મેળવી હતી. આ રીતે ખલીફા સંપૂર્ણ મુસ્લીમ જગતમાં રાષ્ટ્રીય એકતાનું પ્રતિક હતો. ખલીફાનું દિલ્હી પર સૈદ્ધાંતિક આધિપત્ય હતું વાસ્તવમાં કોઈ સુલતાન પોતાને ખલીફાને આધિન માનતો ન હતો.*

- **'તમારી પ્રગતિ ચકાસો'- 1**

1. *ખલીફાનો ઉદ્દભવ કેવી રીતે થયો હતો ?*

2. *પ્રથમ ચાર 'પવિત્ર ખલીફા'નાં નામ આપો.*

3. *દિલ્હીના સુલતાનો ખિલાફત પ્રત્યે નિષ્ઠા બતાવવા શું શું કરતા હતા ?*

4. *દિલ્હીસલ્તનતના કયા સુલતાનોએ મિસરના અબ્બાસી ખલીફા પાસેથી સનદ મેળવી હતી ?*

## 11.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ

*ભારતના ઈતિહાસમાં ઈ.સ.1206 થી ઈ.સ.1526 સુધી દિલ્હી સલ્તનતના સુલતાનોએ ભારત પર શાસન કર્યું હતું. દિલ્હીના આ મુસ્લિમ શાસનનો પાયો કુત્બુદીન ઐબક નામના તુર્ક સેનાપતિએ નાખ્યો હતો. દિલ્હી સલ્તનતદરમ્યાન મમ્લૂક ઉર્ફે ગુલામવંશ, ખલજીવંશ, તુઘલક વંશ, સૈયદવંશ અને લોદીવંશ એમ પાંચ રાજવંશોના કુલ*

32 સુલતાનોએ દિલ્હી પર શાસન કર્યું હતું. આ સુલતાનોએ ગોઠવેલ વહીવટીતંત્ર મિશ્ર માળખું ધરાવતું હતું. તેમાં દેશી તેમજ વિદેશી સાધનોમાંથી લીધેલાં તત્વોનું સંયોજન રહેલું હતું. સલ્તનતના વહીવટીતંત્રનું મૂળ કુરાને શરીફમાં દર્શાવવામાં આવેલા નિયમોમાં રહેલું છે.

દિલ્હીસલ્તનતએ ધર્મસાક્ષેપ રાજ્ય હતું. તેથી રાજ્યમાં ફક્ત ઈસ્લામ રાજ્યધર્મ હતો, અન્ય ધર્મોને સન્માન મળતું ન હતું. સમગ્ર રાજ્યમાં ઊંચા હોદ્દાઓ ઉપર ફક્ત ઈસ્લામ ધર્મના અનુયાથીઓને જ નિયુક્ત કરવામાં આવતા હતા. રાજ્યનું મહત્વપૂર્ણ કર્તવ્ય એ હતું કે ઈસ્લામનો પ્રચાર પ્રસાર કરવાનું અને સંરક્ષણ આપવાનું. રાજ્યના સાધનોનો ઉપયોગ ઈસ્લામનું રક્ષણ અને તેના પ્રચાર માટે થતો હતો. રાજાનું શાસન ઈસ્લામના કાયદા પ્રમાણે થતું હતું. સલ્તનતના કેટલાક સમર્થ અને પ્રબળ સુલતાનોએ સંગીન વહીવટીતંત્રને ઘડવા માટે ખૂબ ઉત્સાહ અને નિષ્ઠાથી પ્રયત્નો કર્યા, તેમ છતાં પોતાની જાતિ પ્રત્યેનું મિથ્યાભિમાન અને સાંપ્રદાયિક દ્રષ્ટિકોણને લઈને તેઓ શાસનતંત્રમાં ઊંચા અને ઉમદા માનવ આદર્શો પ્રાપ્ત કરી ન શક્યા. મુસલમાનો જે સમાનતા અને સ્વતંત્રતા ભોગવતા હતા એ આમ જનતાને ભોગવવા દેવા તૈયાર ન હતા. મમ્લૂક તુર્કોનું દષ્ટિબિંદુ ખુબ જ સંકુચિત અને કોમવાદી હતું. તે લોકો સલ્તનતને એકલા તાઝિક લોકોના નાના જૂથના વડવાઓની મિલકત માનતા હતા અને તેમણે ઈર્ષાપૂર્વક બધા જ ઊંચા અને મહત્વના હોદ્દાઓ પોતાના પાસે રાખ્યા હતા. ખુદ ભારતીય મુસલમાનોને પણ એ લોકો હલકા અને નિમ્ન જાતિના ગણાતા અને તેમની સાથે તિરસ્કારથી વર્તતા. સલ્તનતની મહેસૂલી ઉપજનો મોટો ભાગ યુદ્ધોમાં અથવા તો મસ્જિદ અને મકબરા જેવી શાહી ઈમારતો બાંધવામાં ખર્ચ કરવામાં આવતો. આની પાછળનો ખ્યાલ એ હતો કે સરકાર પ્રજા માટે નહી પણ પ્રજા સરકાર માટે હતી. તુર્ક અફઘાન શાસન મોટા ભાગે લશ્કરી છાવણીનું શાસન રહ્યું. એ ક્યારેય મુલ્કી પદ્ધતિનું વહીવટીતંત્ર ન બની શક્યું.

## 11.4 કેન્દ્રીય શાસન

દિલ્હી સલ્તનતનું કેન્દ્રીય વહીવટીતંત્ર સુસંગઠિત હતું. તેમાં સુલતાન અને તેના મંત્રીઓનો સમાવેશ થતો હતો. કેન્દ્રીય વહીવટીતંત્રની કાર્યવાહી અને તેનાં મુખ્ય અધિકારીઓનાં નામ વગેરે ઈરાની વહીવટી પ્રથામાંથી અપનાવવામાં આવેલાં હતાં.

### 11.4.1 સુલતાન

સુલતાન સલ્તનતની કેન્દ્રીય વહીવટનો સર્વોચ્ચ વડો હતો. તે સૈદ્ધાંતિક રીતે ખલીફાને આધીન હતો, પરંતુ વ્યવહારમાં તે સ્વતંત્ર હતો. સુલતાનનું સ્થાન સંપૂર્ણ નિરકુંશસત્તાઓ ધરાવતું હતું. રાજ્યના વડાને 'સુલતાન' કહેવામાં આવતો હતો, તેને ઈશ્વરનો પ્રતિનિધિ ગણવામાં આવતો હતો, સૈદ્ધાંતિક રીતે સુલતાનને કુરાનના નિયમો મુજબ શાસન કરવાની સત્તા આપવામાં આવી હતી, પરંતુ વ્યવહારિક રીતે તેની ઉપર

*કોઈ અંકુશ ન હતો.તે રાજ્યનો સર્વોચ્ચ ન્યાયાધીશ અને લશ્કરનો સર્વોચ્ચ સેનાપતિ હતો. તે ગમે તેવા શક્તિશાળી અમીરને પદભ્રષ્ટ કરી શકતો, પરંતુ આ બધી સત્તાઓનો સ્વામી હોવા છતાં સુલતાન વ્યવહારિક રીતે કેટલીક સત્તાઓનો સહકાર લઈને શાસન ચલાવતો હતો. મુસ્લિમ સૈનિકોનો સહકાર તેનો મુખ્ય આધાર હતો.*

*સુલતાનનું પદ પૈતૃક ન હતું, વંશ પરંપરાગતનો કોઈ નિયમ ન હતો. ઘણીવાર સુલતાન પોતાના શાસનકાળ દરમિયાન પોતાના ઉતરાધિકારીઓની નિમણુંક કરતો હતો. કોઈ પણ મુસ્લિમ પોતાના ગુણો અને શક્તિના આધારે સુલતાન બની જતો. કોઈ વખત આયોગ્ય સુલતાનને ગાદી પરથી ઉઠાડી મૂકવામાં આવતો હતો. સુલતાનને ગાદી પરથી ઉઠાડી મૂકવાનો કોઈ સૈદ્ધાંતિક માર્ગ ન હતો. મોટાભાગે ષડયંત્ર અને તલવાર જ આ બાબતમાં નિર્ણય કરતા હતા.*

*સુલતાનના કુટુંબ અંગેનું એક ખાતું ઘણું મહત્વનું હતું. તેનો વડો 'વકીલે દર' હતો.આ ખાતામાં અનેક કારખાનાં હતા. તેમાં દરબાર માટેના સાધન-સામગ્રી અને પોશાક તથા લડાયક શસ્ત્રો તૈયાર થતાં હતાં. 'વકીલે દરનું' કાર્ય સમગ્ર રાજમહેલ તથા રાજદરબારની દેખભાળ રાખવાનું હતું. સુલતાનના અંગત કર્મચારીઓના પગાર વગેરે વહેચણીનું કાર્ય તેણે કરવું પડતું હતું. 'અમીર – ઈ- હાજિબ'નું કાર્ય રાજદરબારના સમાંરભો તથા રાજમહેલની મુલાકાતે આવતા-જતાં મહેમાનોનું સ્વાગત-વિદાયના તમામ શિષ્ટાચારની જવાબદારી હતી.*

*એક ઈતિહાસકરે યોગ્ય જ નોંધ્યું છે કે "સુલતાનમાં સીઝરની નિરકુંશ સત્તા અને પોપની ધાર્મિક સત્તા એમ બંને પ્રકારની સત્તાઓનો સમન્વય થયો હતો."*

### 11.4.2 મજલિસ – એ – ખલવત

*સુલતાનને રાજકીય બાબતોમાં સલાહ સૂચન આપવા માટે એક સભા હતી. જેને 'મજલિસ – એ – ખલવત' કહેવામાં આવતી. આ સભામાં રાજાના અંગત મિત્રો અને વિશ્વાસુ અધિકારીઓનો સમાવેશ થતો હતો. સુલતાન અગત્યના કાર્યોમાં તેમની સલાહ લેતો હતો, પરંતુ તેમની સલાહ પ્રમાણે વર્તવા માટે તે બંધાયેલો ન હતો. તેમ છતાં 'મજલિસ – એ – ખલવત' ની સલાહની ઘણી વખત શાસન વ્યવસ્થા ઉપર સારી અસર પડી હતી.*

### 11.4.3 મંત્રીમંડળ

*કેન્દ્રીય શાસન વ્યવસ્થામાં રાજાની સાથે મંત્રીમંડળનું સ્થાન પણ અગત્યનું ગણાતું હતું. સુલતાન જુદા જુદા વિભાગોમાં મંત્રીઓ અને મોટા અધિકારીઓની નિમણુક કરતો. જે તેને જ વફાદાર રહેતા સુલતાનની ઈચ્છા અને વિશ્વાસ ટકી રહે ત્યાં સુધી તેઓ પોતાના હોદ્દા ઉપર રહેતા. કેન્દ્રના મંત્રીઓ અને તેમના વિભાગો નીચે મુજબ હતા.*

**1. વઝીર તથા દીવાન – ઈ – વિઝારત (નાણા ખાતું)**

*કેન્દ્રીય વહીવટમાં નાણાં વિભાગના વડા તરીકે વજીરનું સ્થાન સૌથી અગત્યનું હતું. વજીર રાજ્યનો પ્રધાનમંત્રી કહેવાતો. પાછળથી તે 'ખ્વાજા જહાં' તરીકે ઓળખાતો તેના ખાતાને 'દીવાન – ઈ – વિઝારત (નાણાખાતું) કહેવામાં આવતું હતું. સલ્તનતશાસન વ્યવસ્થામાં તેના મોભો અને પ્રભાવ વિશેષ હતો. તે સુલતાનની ગેરહાજરી, બીમારી કે સગીર અવસ્થામાં રાજ્ય પર દેખરેખ રાખતો. સુલતાન નિર્બળ બનતાં રાજ્યની સંપૂર્ણ સત્તા વજીરના હાથમાં કેન્દ્રિત થતી હતી. તે સુલતાન અને પ્રજા વચ્ચે કડીરૂપ હતો. નાણાખાતા અંતર્ગત ચાર વિભાગ આવતા. જેમાં હિસાબ (દીવાન – એ – ઈસરાફ) મહેસૂલ (दिवान – એ – વિઝારત) જાહેર બાંધકામ (દીવાન – એ – ઈમારત) અને ખેતીવાડી (દીવાન – એ – કોહી) જેવાં ખાતાંઓનો સમાવેશ થતો હતો.*

*આ નાણાખાતાનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે હતાં.*

- *રાજ્યના અધિકારીઓ અને કર્મચારીઓને પગાર વહેચવાની જવાબદારી.*
- *મહેસૂલી વ્યવસ્થાના કાયદાઓ ઘડવા અને મહેસૂલ વસૂલ કરવું.*
- *રાજ્યના આવક-જાવક ખર્ચનો હિસાબ રાખવો તથા તેના પર નિયંત્રણ રાખવું.*
- *મુલકી વહીવટ અને મુલકી અધિકારીઓ ઉપર અંકુશ મૂકવો.*

*આ ઉપરાંત વજીરના નાણા વિભાગ દ્વારા વિદ્રાનો, ગરીબો અને જરૂરિયાતવાળાઓને આર્થિક સહાય આપવામાં આવતી. તેમજ લશ્કરીતંત્રની વ્યવસ્થા તથા આવશ્યકતાઓનું તે ધ્યાન રાખતો. કારણ કે આ વિભાગનો ખર્ચ નાણાખાતા સાથે સંકળાયેલો હતો.*

*સલ્તનતસમયના મોટાભાગના વજીરો મુસ્લિમ કાનૂન અને વહીવટના જાણકાર અનુભવી, પ્રમાણિક અને કાર્યદક્ષ હતા. મહમૂદ ગજનવીનો વજીર ખ્વાજા અહમદ, નાસિરુદીનનો વજીર બલ્બન અલાઉદીન ખીલજીનો વજીર માલિક કાફૂર, મહમ્મદ તુઘલકનો વજીર ખ્વાજા જહન, ફિરોજ તુઘલકનો વજીર મકબૂલ, બહમની સુલતાનનો વજીર મહમૂદ ગવાન વગેરે કાબેલ અને કાર્યદક્ષ વજીરોનાં નોંધપાત્ર ઉદાહરણ છે.*

*'દીવાન – ઈ – વિઝારત'ના ખાતામાં અનેક નાના મોટા અધિકારી કામ કરતા હતા. જેમાં નાયબ વજીર 'મુશરિફ – એ – મુમાલિક (પ્રાંતીય આવક ખર્ચનો અધિકારી) તેમજ 'મુસ્તોફી – એ – મુમાલિક* (ઓડિટર જનરલ) *જેવા અધિકારી હતા. અલાઉદીન ખીલજીના શાસનકાળમાં 'દીવાન – ઈ – મુસ્તખરાજ' નામના અધિકારીને લોન તથા બાકી જમીન મહેમૂબ ઉઘરાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ફિરોજશાહ તુઘલકના સમયથી 'મુશરિફ – એ – મુમાલિક' આવકનો તથા 'મુસ્તોફી – એ – મુમાલિક' ને ખર્ચનો હિસાબ રાખવાની કામગીરી સોંપવામાં આવી હતી.*

## 2. દીવાન – એ – અર્ઝ (લશ્કરખાતું)

*'દીવાન – એ – અર્ઝ' એ લશ્કરી ખાતું હતું અને તેનો વડો 'આરિઝ – એ – મુમાલિક' કહેવાતો. તેનું મુખ્ય કાર્ય સૈનિકોની ભરતી કરવાનું, સૈનિકોમાં શિસ્ત જાળવવાનું, સૈનિકો તેમજ ઘોડાઓનો હિસાબ રાખવાનું, લશ્કરની બધી શાખાઓ ઉપર દેખરેખ રાખવાનું, સૈનિકોનું નિરીક્ષણ કરવું, યુધ્ધના આયોજનમાં રાજાને મદદ કરવી*

તેમજ રાજાના આદેશ પ્રમાણે સૈન્ય અભિયાનમાં નેતૃત્વ કરવું વગેરે હતું. તેની આવી મહત્વની જવાબદારીઓને કારણે વહીવટીતંત્રમાં તેનું ઘણું જ મહત્વ હતું.

**3. દીવાન – એ – રસાલત**

*'દીવાન – એ – રસાલત' એ કેન્દ્રનું એક મહત્વનું ખાતું હતું. પરંતુ આ મહત્વપૂર્ણ ખાતાના કાર્યોની બાબતે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. ડૉ. આઈ.એમ.કુરેશીના મતે આ ખાતાનો સંબંધ રાજ્યની ધાર્મિક બાબતો સાથે હતો. જ્યારે આધુનિક ઈતિહાસકાર ડૉ. ઈરફાન હબીબના મતે આ ખાતાનો મુખ્ય વડો વિદેશમંત્રી હતો. તેથી આ મંત્રી હસ્તક રાજકીય પત્રવ્યવહાર, બહારથી આવતા રાજદૂતોનું સ્વાગત કરવાનું અને પોતાના રાજદૂતોને વિદેશ મોકલવાનું, ભારતીય દેશી રાજાઓના મધ્ય એશિયાના દેશો સાથે સંબંધો સ્થાપવાની મહત્વની જવાબદારી તેની હતી.*

4. *દિવાન – એ – ઈન્શા (દફતર ખાતું)*

*'દિવાન – એ – ઈન્શા' એ દફતર ખાતું હતું તેનો મુખ્ય અધિકારી દબીર – ઉલ –મુલક હતો. આ વિભાગ શાહી પત્રવ્યવહાર સંભાળતો. આ વિભાગ દ્વારા રાજ્યના અધિકારીઓ તેમજ અન્ય રાજ્યોને મોકલવામાં આવતા પત્રો, શાહીફરમાનો અને આજ્ઞાપત્રો તૈયાર કરવામાં આવતા હતા. આ આદેશોની નકલો પણ રાખવામાં આવતી હતી. આ વિભાગની કામગીરી ઘણી મહત્વની હોવાથી તેનો વડો સુલતાનનો અત્યંત વિશ્વાસુ ગણાતો આ વિભાગના વડાને મદદરૂપ થવા માટે અનેક 'દબીર' રહેતા.*

**5. સદર – ઉસ – સુદુર (ધાર્મિક ખાતું)**

*આ ધાર્મિક વિભાગનો અધ્યક્ષ હતો. તેનું મુખ્ય કાર્ય એ હતું કે પ્રજાના આચરણની દેખભાળ રાખવી, વિદ્વાનો તેમજ ધાર્મિક પુરુષોને આર્થિક સહાયતા પૂરી પાડવી, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પૂરી પાડવી તેમજ મસ્જિદો, મકબરા, મદરેસા વગેરેના નિભાવ માટે અનુદાનની જોગવાઈ કરવાનું હતું. તે ઈસ્લામી સિધ્ધાંતોનું મુસ્લિમો પાસે બરાબર પાલન કરાવતો.*

**6. દિવાન – એ – કઝા (ન્યાયખાતું)**

*આ વિભાગનો મુખ્ય અધિકારી 'કાજી – ઉલ – કુજાત' હતો, જેના નીચે ન્યાય વિભાગ હતો. તે રાજ્યના ન્યાયધીશો પર નિયંત્રણ રાખતો તેમજ રાજધાનીમાં રહીને અગત્યના મુકદમાઓનો ન્યાય પણ કરતો.*

**7. દીવાન – એ – બંદગાન**

*દિલ્હી સલ્તનતકાળ દરમ્યાન સુલતાન, ઉમરાવો, સરદારો અને સેનાપતિઓ પાસે ગુલામ સ્ત્રી પુરુષો રહેતા. ગુલામો રાખવા તે સલ્તનતકાળના મુસ્લિમ સમાજની એક ફેશન ગણાતી હતી. ફિરોજશાહ તુઘલકના સમયમાં ગુલામોની સંખ્યા* 1,80,000 *સુધી*

*પંહોચી જતાં એને માટે એક અલગ ખાતું ખોલવામાં આવ્યું હતું. આ ખાતાના વડાને 'દીવાન – એ – બંદગાન' કહેવામાં આવતો.*

**8. શાહી પ્રબંધક**

*તે સુલતાનના ગૃહ – વિભાગનો વ્યવસ્થાપક હતો. શાહી અંગરક્ષક વિભાગનો વડો 'સર – એ –જાંદાર' અને ગુલામ વિભાગનો વડો ' દીવાન – એ – બંદગાન' શાહી પ્રબંધકને આધીન રહીને કાર્ય કરતા હતા.*

**9. વકીલ – ઈ – દર**

*તે મહેલ ખાતાનો મુખ્ય અધિકારી હતો. તેના હાથ નીચે મહેલનાં કારખાના, જનાનખાનું, રસોડું, મહેલનું શસ્ત્રાગાર, હાથી-ઘોડાના તબેલા, સુલતાનની અંગરક્ષક ટુકડીનું ખાતું, પુસ્તકાલય, બગીચા, શરાબખાના વગેરેના મુખ્ય અધિકારીઓ રહેતા.સુલતાન સાથેની ખાનગી મુલાકાતો તેને હસ્તક રહેતી.*

*સમકાલીન લેખકો બરની તથા મીનહાજના કથન મુજબ તેના હાથ નીચે ચાશનીગીર(રસોડા વિભાગનો વડો) ખામદાર (મહેલના શસ્ત્રાગારનો ઉપરી) તસ્તદાર (સુલતાનની અંગરક્ષક ટુકડીનો વડો) ફરશ (મહેલના ફર્નિચર અને વસ્તુઓનો ખ્યાલ રાખનારા) કીતાબદાર (મહેલનું પુસ્તકાલય સંભાળનાર) શરાબદાર (મદિરા અને પીણાની દેખરેખ રાખનાર) વગેરે હતા.*

10. *અન્ય વિભાગ*

*ઉપરોક્ત મંત્રીઓ તેમજ વિભાગો સિવાય કૃષિ વ્યવસ્થા માટે 'દીવાને – અમીરે– કોહી' હતો. તે બજાર નિયંત્રણ અને વેપાર પર દેખરેખ રાખતો હતો.ખેડૂતો અને મહેસૂલી અધકારીઓ પાસેથી કર વસૂલ કરવા માટે 'દિવાને-એ-મુસ્તરવાજ' હતો. 'વરીદ-એ-મુમાલિક' ટપાલ, સૂચના અને જાસૂસ વિભાગ સંભાળતો. 'દીવાન – એ – ખૈરાત' (દાન વિભાગ) અને દીવાન – એ – ઈસ્તીહડાક' (પેન્શન વિભાગ) જેવાં ખાતાં ફિરોજશાહ તુઘલકે શરૂ કર્યા હતા.*

- **'તમારી પ્રગતિ ચકાસોહ્ન :- 2.**

1. *દિલ્હીસલ્તનતના સ્વરૂપ વિશે ટૂંકમાં માહિતી આપો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

________________________________________

2. *દિલ્હીસલ્તનતની શાસન વ્યવસ્થામાં સુલતાનનું મહત્વ સમજાવો.*

3. *દીવાન – ઈ – વિઝારતનાં મુખ્ય કાર્યોની ચર્ચા કરો.*

4. *કયો વિભાગ ન્યાયિક વ્યવસ્થા સંભાળતો હતો ? તેનો વડો કોણ હતો ?*

5. *નીચેનાં અધિકારીઓનાં ક્યાં કાર્યો હતાં ?*

*(ક) દીવાન – ઈ – મુસ્તખરાજ*

*(ખ) દબીર – ઉલ – મુલક*

*(ગ) આરઝિ– એ – મુમાલિક*

*(ઘ) વકીલ – ઈ – દર*

*(ચ) દીવાને – અમીરે – કોહી*

## 11.5 પ્રાંતીય અને સ્થાનિક વહીવટી વ્યવસ્થા

*દિલ્હી સામ્રાજ્ય ખૂબ વિશાળ હતું તેથી શાસન વ્યવસ્થાની સગવડ માટે તેને અનેક ભાગો અને ઉપભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. સંપૂર્ણ સામ્રાજ્ય પ્રાંતોમાં વિભાજિત હતું. પ્રાંત શાસનનો સૌથી મહત્વનો ભાગ હતો.*

### 11.5.1 પ્રાંતીય શાસન

*શરૂઆતના તુર્કી વંશના સુલતાનોના સમયમાં સલ્તનતને લશ્કરી વિભાગોમાં વહેંચી નાખવામાં આવી હતી. એ પ્રત્યેક વિભાગને 'ઇક્તા' કહેવામાં આવતો. ઇક્તાનો વહીવટ શક્તિશાળી લશ્કરી અધિકારીને સોંપવામાં આવતો. તેનો વહીવટી વડો 'મુક્તિ' કે 'વલી' કહેવાતો. તુર્કી સુલતાનોએ નવા જીતાયેલા પ્રદેશોમાં સલ્તનતને મજબૂત કરવા માટે તેના અમીરોને રોકડ રકમ આપવાને બદલે જમીન મહેસૂલના અધિકારનો આશરો લીધો. તેને 'ઈક્તા' તરીકે ઓળખવામાં આવે છે. આ લોકો પોતાના 'ઈક્તા' માંથી જમીન મહેસૂલ વસૂલ કરીને પોતાના સૈનિકોને પગાર આપતા અને પોતે પોતાના નિભાવ માટે એક ચોક્કસ રકમ લઈ લેતા. તેમજ બાકી રહેતું વધારાનું જમીન મહેસૂલ કેન્દ્રીય સરકારને મોકલી આપતા. આમ રાજ્યની સેવા કરવાના ઈનામ સ્વરૂપે 'ઈક્તા' આપવામાં આવતો. આ 'ઈક્તા' શબ્દ અરબી ભાષાનો છે. પરંતુ અલાઉદીન ખીલજીના સમયથી આ એકમ 'સૂબા'ના નામે ઓળખાવા લાગ્યો. પ્રાંતો અથવા સૂબાઓની સંખ્યા સલ્તનતયુગમાં વધારે ઓછી થતી રહેતી. પ્રાંતોને પણ શાસન વ્યવસ્થાની દ્રષ્ટીએ પરગણામાં વહેંચવામાં આવ્યુંહતું. ગામ રાજ્યની શાસન વ્યવસ્થાનું સૌથી નાનું એકમ હતું. પ્રાંતના મુખ્ય અધિકારીને 'સૂબેદાર' કહેવામાં આવતો હતો.*

❖ **સૂબેદાર**

*પ્રાંત અથવા સૂબાના મુખ્ય અધિકારી સૂબેદારનું મુખ્ય કામ પોતાના પ્રાંતમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી, મહેસૂલ ઉઘરાવવાનું, પ્રાંતની આવક – જાવકનો હિસાબ સુલતાન સમક્ષ રજૂ કરવાનો, સુલતાનના આદેશ મુજબ સૈનિક અભિયાન કરવું, તેમજ સુલતાનની જરૂરિયાત સમયે સૈનિક સહાયતા પૂરી પડવી, પોતાના પ્રાંતમાં કેન્દ્રીય આદેશોનું પાલન કરાવવાનું, પ્રાંતીય ઉલેમાઓનું રક્ષણ કરવાનું અને પ્રાંતીય ન્યાયતંત્રની વ્યવસ્થા કરવાનું હતું. વહીવટ માટે કેન્દ્રીય વ્યવસ્થાની માફક પ્રાંતોમાં પણ અનેક વિભાગો અને અધિકારીઓ હતા. તેમાં કર વસૂલ કરનાર 'નાજીર' અને 'વાકિફ' તેમજ આવક – જાવક ખર્ચનો હિસાબ રાખનાર 'સાહિબ એ દિવાન' કે 'ખ્વાજા' એ મુખ્ય અધિકારીઓ હતા.*

*પ્રાંતીય સૂબેદાર ખૂબ શક્તિશાળી હતા મોટાભાગે પુત્રો અથવા સુલતાનના નજીકના સંબંધીઓ અથવા વિશ્વાસપાત્ર સરદારોને જ સૂબેદાર તરીકે નિયુક્ત કરવામાં આવતા હતા. આ સુબેદારો ઉપર કેન્દ્રીય સરકારનો અંકુશ રહેતો. શાસન વ્યવસ્થાના ખર્ચ માટે જેટલું ધન જોઈએ તેટલું રાખીને બાકીનું બધું જ ધન સુલ્તાનને આપવું પડતું હતું. પ્રાંતોમાં સુવ્યવસ્થિત શાસન કરવા માટે સુબેદારોને વધારે સત્તાઓ આપવામાં આવી હતી.*

### 11.5.2 સ્થાનિક શાસન

*13મી સદીમાં 'ઈક્તા'ની નીચે બીજું કોઈ નાનું વહીવટી એકમ ન હતું. પરંતુ ચૌદમી સદીમાં સલ્તનતનો પ્રદેશ વિસ્તાર વધતા પ્રાંતોને નાના વહીવટી એકમોમાં વહેંચવામાં આવ્યા. પ્રાંતના વહીવટી વિભાગને 'શિક' (જિલ્લો) અને તેના વડાને શિકદાર કહેવામાં આવતો. શિક્દાર તરીકે મોટાભાગે લશ્કરી અમલદારને નિયુક્ત કરવામાં આવતો અને તેનું મુખ્ય કાર્ય પોતાના વિસ્તારમાં શાંતિ વ્યવસ્થા જાળવવાનું તેમજ પોતાના વિસ્તારમાંથી મહેસૂલ ઉઘરાવવાનું હતું. તેને 'શિક'ના વહીવટમાં મદદ કરવા માટે નાના મોટા અનેક અધિકારીઓ હતા.*

*દિલ્હીસલ્તનતના વહીવટીતંત્રમાં 'શિક' (જિલ્લા)થી નાનો વહીવટી એકમ 'પરગણું' કહેવાતો. જેને હાલના 'તાલુકા' સાથે સરખાવી શકાય. 'અમીલ' એ પરગણાના વહીવટનો વડો તેમજ મુખ્ય કારોબારી અધિકારી હતો. પરગણામાં શાસનવ્યવસ્થા જાળવવાની જવાબદારી 'અમીલ'ની હતી. કર સંબંધી બાબતો સંભાળવાનું કામ 'મુશરફ'નું હતું. આ અધિકારીઓ સિવાય ખચાનચી, કારકુન, કાનૂનગો વગેરે કર્મચારી પણ હતા. કેટલીક વખત પરગણામાં ચૌધરી નામના કર્મચારીની નિમણૂક પણ કરવામાં આવતી હતી. તેનું કામ અધિકારીઓને ખેડૂતોની સ્થિતિ જાણવા માટે સૂચનાઓ આપવાનું હતું, તેની મદદમાં મુર્શરફ, ગુમાસ્તા અને મુહસ્સિલ જેવા અધિકારીઓ રહેતા.*

*દિલ્હી સલ્તનતની શાસન વ્યવસ્થામાં સૌથી નાનું એકમ ગામ હતું, ગામનો વહીવટ મુકદમ કે મુખી કરતો તેને પટવારી, ચોકીદાર અને કારકૂન મદદ કરતા. 'પટવારી' ગામની જમીનને લગતી બાબતો સંભાળતો. 'ચોકીદાર' ગામની શાંતિ જાળવતો અને કારકૂન ગામનો હિસાબ રાખતો. ગામોને પોતાની આંતરિક બાબતોમાં અધિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો : 3**

1. *સલ્તનત સત્તા નીચેની ઈક્તા પ્રથાના ઉદ્દભવની ચર્ચા કરો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_____________________________________________

2. મુક્તિ કે વલીનાં ક્યાં ક્યાં કાર્યો હતા ?

3. સલ્તનત સમયનાં સ્થાનિક વહીવટીતંત્રનાં કાર્યો સ્પષ્ટ કરો.

4. પરગણા કક્ષાના ત્રણ અધિકારીઓનાં નામ જણાવો.

5. ગામના કેટલાક મહત્વપૂર્ણ અધિકારીઓનાં નામો દર્શાવો.

**6. નીચેના શબ્દોની વ્યાખ્યા આપો.**

(ક) શિક

(ખ) અમીલ

(ગ) પટવારી

## 11.6 મહેસૂલી વ્યવસ્થા

*દિલ્હી સલ્તનતની જમીન મહેસૂલ નીતિનો ઈતિહાસ જાણવા માટેની ઐતિહાસિક સાધન સામગ્રી નહીવત ઉપલબ્ધ છે. કારણકે ડૉ.આર.પી.ત્રિપાઠીએ નોંધ્યું છે કે મુસ્લિમ વૃત્તાંત લેખકોએ મુખ્યત્વે રાજ્યના રાજકીય ઈતિહાસ પ્રત્યે અધિક ધ્યાન આપ્યું હતું અને અન્ય બાબતો પરત્વે માત્ર છૂટાછવાયા ઉલ્લેખો આપ્યા હતા.*

*જમીન મહેસૂલને રાજ્યની આવકનું મુખ્ય સાધન ગણવામાં આવતું હતું. ઈલ્તુત્મિશ અને બલ્બનના શાસન દરમ્યાન મહેસૂલી વ્યવસ્થામાં કોઈ ખાસ નોંધપાત્ર ફેરફાર થયા ન હતા પરંતુ અલાઉદ્દીન ખીલજીએ અનેક ફેરફારો કરીને મહેસૂલીતંત્રને કાર્યક્ષમ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. અલાઉદ્દીને જમીન માલિક પાસેથી સીધી જ ખરાજની વસૂલાત કરીને વચેટિયાઓને મલાઈ મેળવતા બંધ કર્યા. ગ્યાસુદીન તુઘલકે કુદરતી આફતના કારણે પાકને નુકસાન થયું હોય તો રાજ્યની માગણી ઓછી કરવાની ઉદારતા બતાવી હતી, પરંતુ આ સિવાય મહેસૂલી વ્યવસ્થાના સામાન્ય માળખામાં તેને કોઈ ફેરફાર કર્યો ન હતો. મુહમ્મદ તુઘલકે જમીન માપણી પદ્ધતિની નીતિ અમલમાં મૂકી તેમજ મહેસૂલમાં ઘણો વધારો કર્યો. પરંતુ તેના હૈયે ખેડૂતોનું હિત જરૂર હતું. તેણે પડતર કે ખરાબાની જમીનને કૃષિ યોગ્ય બનાવવા પ્રયત્નો કર્યા. તેણે ખેડૂતોને કૂવા ગાળવા, બિયારણ ખરીદવા તગાવી (લોન) આપી. ખેતીવાડી ખાતું સ્થાપીને તેના ઉપક્રમે સરકારી – સહકારી ખેતીના પ્રયોગો કર્યા. પરંતુ તેનાથી પ્રજાની આર્થિક સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નહી.*

*ફિરોઝ તુઘલકના સમયથી ખેતીવિષયક નીતિનો નવો યુગ શરૂ થયો. ફિરોઝ તુઘલકે મુહમ્મદ તુઘલકની નીતિ છોડી દીધી અને ખેતી પરના મોટાભાગના ઉપકરો નાબૂદ કર્યા, પરંતુ તેણે જઝિયા નામનો નવો કર ખેડૂતો પર નાંખ્યો. તેણે રાજ્ય તરફથી જમીનની વ્યવસ્થિત મોજણી કરાવી તેમજ નહેરો અને કૂવાઓ જેવી સિંચાઈ યોજનાઓ દ્વારા ખેતીને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કર્યો. જેના પરિણામે રાજ્યની આવકમાં વધારો થયો અને પ્રજાની સમૃદ્ધિમાં પણ વધારો થયો. ફિરોઝ તુઘલક પછી સૈયદ અને લોદીવંશના સુલતાનોએ મહેસૂલી નીતિ કે વ્યવસ્થામાં કોઈ નોંધપાત્ર ફેરફારો કર્યા ન હતા.*

*દિલ્હી સલ્તનતમાં આવકનાં સાધનો નિશ્ચિત હતાં. તેમાંના મુખ્ય નીચે મુજબ હતાં.*

1. *ભૂમિકર :*

*આ કર રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. ભૂમિ કર સામાન્ય રીતે ઉપજનો પાંચમો ભાગ હતો. અલાઉદ્દીન ખીલજી અને મુહમ્મદ તુઘલક જેવા સુલતાનોએ ભૂમિ કરને વધારીને ઉપજનો અડધો ભાગ કરી દીધો હતો. રાજ્યની જમીનને* (i) *ખાલસા ભૂમિ* (ii) *સુબેદારોના તાબાની પ્રાંતોની ભૂમિ* (iii) *કરદ હિંદુ સામંતોને આધીન ભૂમિ* (iv)

*મુસ્લિમ વિદ્રાનો તથા ફકીરોને દાનમાં આપેલી મિલકત, ઈનામ કે વક્ત તરીકે ઓળખાતી ભૂમિ એમ ચાર ભાગમાં વહેંચી દેવામાં આવી હતી. કર નક્કી કરવા માટે રાજ્યના અનેક ભાગોમાં જમીનની સ્થિતિને આધાર બનાવવામાં આવતો હતો.*

**2. જજિયા**

*જજિયા એ રાજ્યની આવકનું બીજું મહત્વનું સાધન હતું. ડૉ. કુરેશીના મતે આ કર હિંદુઓ પાસેથી લશ્કરી સેવાના બદલામાં લેવાતો. આ મંતવ્ય બરાબર નથી કારણ કે દિલ્હીના સુલતાનોના પાયદળમાં હિંદુઓનો પણ સમાવેશ થતો હતો. બ્રાહ્મણો, સાધુઓ, સ્ત્રીઓ અને અપંગોને આ વેરામાંથી  મુક્તિ મળી હતી. પરંતુ ફિરોઝ તુઘલકે બ્રાહ્મણો પાસેથી પણ આ કર વસૂલ કર્યો હતો. એ સમયના સમકાલીન મુસ્લિમ ઈતિહાસકારો સ્પષ્ટપણે જણાવે છે કે જે હિંદુઓ જજિયાવેરો ભરતા તેમને જ રાજ્ય તરફથી જીવન રક્ષણનું આશ્વાસન મળતું હિંદુમાંથી ઈસ્લામ ધર્મ અંગીકાર કરનારને આ કરમાંથી મુક્તિ મળતી તેથી જજિયાવેરો ધાર્મિક વેરો હતો એમ સ્પષ્ટપણે કહી શકાય.*

**3. ખમ્સ**

*યુધ્ધમાં લુંટ દ્વારા પ્રાપ્ત થતી આવકને 'ખમ્સ' કહેવામાં આવતી. અને સમગ્ર લૂંટના ધનને ગનીમહ કહેવામાં આવતું. કાનૂની દ્રષ્ટિએ યુધ્ધમાંથી મળતી લુંટનો $^4/_5$ ભાગ સૈનિકો વચ્ચે વહેંચવો જોઈએ તથા રાજ્યે તે $^1/_5$ ભાગ જ રાખવો જોઈએ. પરંતુ ફિરોજ તુઘલક સિવાયના સુલતાનોએ $^4/_5$ ભાગ રાજ્ય માટે અને ફક્ત $^1/_5$ ભાગ સૈનિકો માટે રાખ્યો હતો. કોઈ વ્યક્તિને પ્રાપ્ત થયેલ ખજાનામાંથી સિકંદર લોદી કોઈ ભાગ લેતો નહી, પરંતુ તે બધો જ ખજાનો વ્યક્તિ પાસે રહેવા દેતો હતો.*

**4. અન્ય વેરાઓ**

*આ કર સિવાય પણ સામ્રાજ્યમાં વ્યાપાર સંબંધીત અન્ય કર હતા. બહારથી આવતા માલ પર જકાત લેવામાં આવતી હતી. હિન્દુ વ્યાપારીઓ પાસેથી જકાત મુસલમાનો કરતાં બે ગણી લેવામાં આવતી હતી. કેટલાક સુલતાનોએ મકાન વેરો, આયાતવેરો ઘોડાઓ પરનો કર, પશુ કે ચરાગાહ વેરો (ચરાઈ), ગોચરવેરો વગેરે જેવા કર નાંખ્યા હતા. રાજ્યની મહેસૂલી તથા કરવેરાની આવક રાજ્યની મધ્યસ્થ તિજોરીમાં જમા થતી અને વઝીર તેની વહેંચણી જુદા જુદા ખાતાઓમાં કરતો. આ કામ માટે તેને મુશરિફ઼ા, મુસ્તોફ઼ી નાઝીર, વકફ જેવા મદદનીશો આપવામાં આવ્યા હતા. અત્યારની માફક તે સમયે અંદાજપત્રની વ્યવસ્થા ન હતી.*

## 11.7 ન્યાય વ્યવસ્થા

*સુલતાન પોતે રાજ્યનો સર્વોચ્ચ ન્યાયધીશ હતો. દીવાની અને ફોજદારી તમામ મુકદમાઓની છેલ્લી અપીલ સુલતાન પાસે જ થતી. ધાર્મિક દાવાઓના નિર્ણય વખતે સુલતાન સુદ્ર– ઉસ – સુદર અને મુફતીની સહાય લેતો. પરંતુ વ્યવહારમાં ન્યાય વિભાગ મુખ્યત્વે કાજીઓ પર નિર્ભર હતો. નગરો, પરગણાઓ, પ્રાંતીય રાજધાનીઓ, દિલ્હી*

*વગેરે બધા જ સ્થાનો ઉપર કાજી વ્યવસ્થિત રીતે ન્યાય કરતા હતા. ન્યાય પ્રાપ્ત કરવામાં વધારે સમય જતો ન હતો. દિલ્હી સલ્તનતના લગભગ બધા જ સુલતાનો ન્યાયપ્રિય હતા અને ન્યાય આપવો એ પોતાનું કર્તવ્ય કે ધર્મ માનતા હતા. મોટા ભાગે ઈસ્લામના કાનૂન મુજબ ન્યાય આપવામાં આવતો હતો. ફોજદારી કેસોનો નિર્ણય તો ઈસ્લામી કાયદા મુજબ થતો હતો. પરંતુ દિવાની કેસોમાં જ્યારે બંને પક્ષો હિન્દુ હોય તો હિન્દુ પરંપરાઓ કે કાયદા મુજબ ન્યાય આપવા માટે પ્રયત્ન કરવામાં આવતો હતો.પરંતુ એક પક્ષમાં મુસલમાન હોય તો ઈસ્લામના કાયદા મુજબ માન્ય રાખવામાં આવતું હતું. આથી હિંદુઓને અન્યાય થવાની પૂરી શક્યતા રહેતી ગામના લડાઈ ઝઘડાઓનો નિકાલ મોટાભાગે ગ્રામ પંચાયતો કરતી હતી.*

*પ્રાંતીય અદાલતોના અધિકારીઓમાં મુફ્તિ, મુહતસિબ અને દાદબક મહત્વના હતા.જ્યારે પ્રાંતોના પેટાવિભાગોમાં કાજી, ફોજદારી, આમીલ, દાદબક, કોટવાલ અને ગ્રામપંચનો સમાવેશ થતો હતો. અપરાધી માટે દંડનું પ્રાધાન્ય સખત હતું. નાના નાના ગુનાઓમાં પણ કોરડા મારવાની સજા અને ગંભીર ગુનાઓમાં અંગ છેદ તેમજ મૃત્યુદંડની સજા કરવામાં આવતી હતી. રાજદ્રોહ સૌથી મોટો ગુનો હતો.અલાઉદ્દીન ખીલજીના શાસનકાળમાં વજન ઓછું આપનાર ગુનેગારના શરીરમાંથી એટલું જ માંસ લઈ લેવામાં આવતું હતું.*

## 11.8 લશ્કરી વ્યવસ્થા

*દિલ્હી સલ્તનતનું બળ સૈન્ય પર નિર્ભર હતું. તેથી મોટાભાગના સુલતાનો એક શક્તિશાળી અને વિશાળ સેના રાખતા હતા. સેનાનું સ્વરૂપ સામંતશાહી પ્રકારનું હતું. સેનાના બે ભાગ હતા : એક સુલતાનની પોતાની સેના અને બીજી સામંતો અને સુબેદારોની સેના. સુલતાનની સેના હશ્મેક્લબ કે ખાસખેલ તરીકે ઓળખાતી જ્યારે સુબેદારોનું લશ્કર હુશ્મે અતરાફ કહેવાતું. સુલતાનની સેના રાજધાનીમાં રહેતી. જેમાં મોટા ભાગે સુલતાનના અંગરક્ષકોનો સમાવેશ થતો. આ સેના તાલીમબદ્ધ અને શસ્ત્રોથી સુસજ્જ હતી. આ સેના નાની હોવાથી તેને કાયમી કહી શકાય નહી. અલાઉદ્દીન ખીલજીના શાસન સુધી દિલ્હી સુલતાનોમાં સ્થાયી સેના રાખવાની પ્રથા ન હતી. અલાઉદ્દીન ખીલજીએ જ સૌથી પહેલા સ્થાયી સેના રાખવાની શરૂઆત કરી. તેની સ્થાયી સેનામાં ફક્ત ઘોડેસ્વાર જ 4 લાખ 75 હજાર હતા. મુહમ્મદ તુઘલકના સમયમાં પણ આવી વિશાળ સેના હતી. પરંતુ તેના વારસ ફિરોઝે આ લશ્કરને સામંતશાહી સ્વરૂપમાં ફેરવી દીધું. સેનાના મુખ્ય ત્રણ અંગો હતા. પાયદળ, ઘોડેસવારી અને હસ્તીદળ. ઘોડેસવારી સેનાનું ખૂબજ મહત્વ હતું. અરબસ્તાન, તુર્કસ્તાન વગેરે દેશોમાંથી જાતવાન ઘોડાઓ મંગાવવામાં આવતા. હાથીઓને મોટા ભાગે ભારે સામાન ઊંચકવા માટે રાખવામાં આવતા હતા.*

*સૈનિકો મુખ્ય ચાર વર્ગમાં વહેંચાયેલા હતા. (i) જેમાં સુલતાનની સેવામાં સ્થાયી રીતે ભરતી થયેલા (ii) ભરતી કરેલા સામંતો અને સુબેદારોની સેનાના સૈનિકો (iii) યુદ્ધ જેવી સ્થિતિમાં ખાસ ભરતી કરેલા સૈનિકો (iv) હિંદુઓ વિરુદ્ધ જેહાદ લડવા માટે સ્વેચ્છાએ ભરતી થયેલા ઝનૂની મુસ્લિમ સ્વયંસેવકો. સ્વેચ્છાએ ભરતી થયેલા સ્વયંસેવકોને પગારને બદલે લૂટના માલનો એક હિસ્સો એમને વહેંચી દેવામાં આવતો હતો. તે લડતાં મૃત્યુ પામતો તો તેને 'ગાઝી' તરીકે ઓળખવામાં આવતો. સૈનિકોને શસ્ત્રોથી સુસજ્જ કરવામાં આવતા હતા. દરેક ઘોડેસવાર પાસે બે તલવાર, એક ભાલો અને ધનુષ્ય બાણ રહેતા. યુદ્ધ સમય દરમ્યાન સૈનિકો કવચ ધારણ કરતા તેમજ ઘોડાઓને પણ પોલાદી વસ્ત્ર પહેરાવવામાં આવતા. તે સમયે આધુનિક તોપખાનાનો વિકાસ થયો ન હતો. પરંતુ પથ્થર, લોખંડના ટુકડા અને આગ ફેંકવાવાળા હથિયારોનો ઉપયોગ થવા લાગ્યો હતો. દુશ્મન સેના ઉપર ઝેરીલા સાપ અને વીંછી પણ છોડવામાં આવતા હતા.*

*સુલતાન મહાસેનાપતિ હતો. સેનાનો મુખ્ય અધિકારી સૈન્યનો મંત્રી હતો. જેનું કામ સેનાને શક્તિશાળી અને કુશળ બનાવી રાખવાનું હતું. લશ્કરી વ્યવસ્થામાં અલાઉદ્દીન ખીલજીએ મહત્વના સુધારા કર્યા હતા. લશ્કરીતંત્રમાં ભ્રષ્ટાચાર રોકવા માટે સૈનિકો માટે હુલીયા અને ઘોડા માટે ડાઘ પ્રથા અપનાવી હતી. આથી એક ઘોડાનો ઉપયોગ બીજી વાર પગાર લેવામાં કરતો બંધ થઈ ગયો. સૈનિકોનાં નામ તથા ઓળખપત્રો રાખવાની શરૂઆત થઈ. તેથી યુધ્ધ સમયે નોંધાયેલા સૈનિકો સિવાય બીજો કોઈ સૈનિક હાજર ન થઈ શકે. જો કે ફિરોઝ તુઘલક પછી આ વ્યવસ્થા નિર્બળ બની. લશ્કરના સૈનિકોને સલ્તનતની સ્થાપનાના પ્રારંભમાં રોકડ પગારને બદલે જાગીરો આપવામાં આવી પરંતુ પાછળથી રોકડ વેતન આપવાનું શરૂ થયું.*

*દિલ્હીના સુલતાન નિરકુંશ શાસક હતા તેમણે ષડયંત્રો, વિદ્રોહોની જાણકારી મેળવવા ગુપ્તચર વ્યવસ્થાની સ્થાપના કરી હતી. સુલતાનના પ્રાંતીય ગુપ્તચરો, અમીરો અને અધિકારીઓ પર નજર રાખતા. અલાઉદીનના સમયમાં કઠોર ગુપ્તચર વ્યવસ્થા દ્વારા સામંતો, ગુલામો, અમીરો તથા લશ્કરી અફસરો પર કડક નજર રાખવામાં આવતી.*

- **'તમારી પ્રગતિ ચકાસો' 4.**

1. *દિલ્હી સલ્તનતની મહેસૂલી વ્યવસ્થા વિશે ટૂંકી નોંધ લખો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. *દિલ્હી સલ્તનતની ન્યાય વ્યવસ્થા પર ટૂંકનોંધ લખો.*

______________________________

______________________________

3. દિલ્હી સલ્તનતની લશ્કરી વ્યવસ્થા વિશે ટૂંકમાં ચર્ચા કરો.

4. અલાઉદ્દીન ખીલજીએ લશ્કરમાં ક્યા ક્યા સુધારાની શરૂઆત કરી હતી ?

5. દિલ્હીના ક્યા સુલતાને બ્રાહ્મણો ઉપર પણ જજીયા કર લગાવ્યો હતો ?

(અ) બલ્બન(બ) ફીરોઝશાહ તુઘલક (ડ) અલાઉદ્દીન ખીલજી (ડ) મુહમ્મદબિન તુઘલક

6. દિલ્હી સલ્તનતના ક્યા સુલતાને સૌ પ્રથમ સ્થાયી સેનાનું નિર્માણ કર્યું ?

(અ) અલાઉદ્દીન ખીલજી (બ) બલ્બન(ક) ઈલ્તુત્મિશ(ડ) મુહમ્મદબિન તુઘલક

**7. નીચેના શબ્દોની સમજૂતી આપો.**

(ક) જજિયા :

(ખ) ખમ્સ :

(ગ) ચરગાહ :

## 11.9 સારાંશ

દિલ્હી સલ્તનતના વહીવટીતંત્રના ઉપર્યુક્ત વિવરણ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તે ઈસ્લામી રાજ્ય હતું. તે લશ્કરી અને સામંતશાહી ધોરણ પર રચાયેલું હતું અને અસહિષ્ણુ નીતિ તેના પાયામાં હતી. સુલતાનોની ભેદભાવભરી વહીવટી, મહેસૂલી, લશ્કરી વગેરે નીતિને કારણે હિન્દની ઘણી મોટી બહુમતી ધરાવતા હિન્દુ વર્ગનો સહકાર મેળવી શક્યા નહી. સેના અને બળ પર આધારિત સલ્તનતમાં લોકમત અને પ્રજાના

*સહકારની અવહેલના કરવામાં આવતી હોવાથી શાસન સફળ અને લોકપ્રિય બની શક્યું નહિ. એક બાજુ નિશ્ચિત અને સંગઠિત શાસનતંત્રનો અભાવ અને બીજી બાજુ શાસક અને શાસિત પ્રજા વચ્ચે પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, સદ્ભાવના અને નિષ્ઠાનો અભાવ જોવા મળતો હતો.*

## 11.10 શબ્દાવલી શબ્દો

**ખલીફા :** *મોહમ્મદ સાહેબના ઉતરાધિકારી ખલીફા તરીકે ઓળખાતા.*

**ખુત્બા :** *જે બંને ઈદો અને જુમ્મા (શુક્રવારની) નમાજ પછી વાંચવામાં આવતો ધર્મ ઉપદેશ.*

**ઈકતા :** *જાગીર.*

**મજલિસ – એ – ખલવતઃ** *સુલતાનને સલાહ – સૂચન આપતી સભા.*

**દીવાન – એ – વિઝારત :** *નાણાખાતું,*

**દીવાન – એ – અર્ઝ઼ઃ** *લશ્કર ખાતું,*

**દીવાન –એ – રસાલત :** *વિદેશખાતું,*

**દીવાન – એ– કઝા :** *ન્યાય ખાતું,*

**દબીર :** *લહીયા,*

**નાજીર કે વાકિફ :** *કર વસૂલ કરનાર*

**આમિલ :** *ગામડાઓમાં ભૂમિ કર વસૂલ કરનાર અધિકારી,*

**કાજી :** *શરિયત પ્રમાણે ન્યાય આપનાર.*

**કારકુન :** *ભૂમિ કરનો હિસાબ રાખનાર,*

**કોટવાલઃ** *નગરની દેખભાળ રાખનાર અધિકારી,*

**ખિરાજ :** *બિન મુસ્લિમો પાસેથી લેવામાં આવતો ભૂમિ કર,*

**ખુમ્સ :** *યુદ્ધ દરમિયાન લૂંટવામાં આવેલી સંપતિ.*

**ચૌધરી :** *પરગણાનો મુખ્ય અધિકારી*

**જકાત :** *આ કર મુસલમાનોએ પોતાની ધન સંપતિ ઉપર આપવો પડતો.*

**બરીદ :** *સમાચાર વાહક,*

**વાલી :** *પ્રાંતમાં સુલતાનનો પ્રતિનિધિ,*

**શરીઅતઃ** *મહમંદ પયગમ્બર સાહેબે આપેલા નિયમો અથવા સિધ્ધાંતો,*

**હમ્સે – કલ્બ :** *શાહી અશ્વસેના,*

**હશ્મ અતરાફ :** *પ્રાંતોની સેના,*

**દાગ :** *ઘોડા જેવાં પશુઓ પર ચિન્હ લાગવવાની પ્રથા,*

**હુલીયાઃ** *સૈનિકની ઓળખ દર્શાવતુ વર્ણન,*

**મુકદ્દમ :** *ગામનો મુખી,*

**મુશરિફ :** *મહેસૂલ અધિકારી,*

**મુતાશર્રિફ :** *ઓડીટર,*

**વકફ :** *ધાર્મિક સંસ્થાઓ માટે આપતું દાન,*
**વજીફા :** *દાનમાં મળેલ વસ્તુ*
**પટવારી :** *ગ્રામ હિસાબનીશ,*
**ચરાઈ :** *પશુ ચારવા બદલ આપવાનો કર.*

## 11.11 સંદર્ભ ગ્રંથો


1. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
2. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ.* 711 *થી* 1526*) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની*
   *પ્રાઈવેટ લી. આગરા.*
3. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
4. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
5. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
6. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
7. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
8. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
9. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*
10. *હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-*1 (*ઈ.સ.* 750 – 1540) *દિલ્હી વિશ્વવિદ્યાલય*
11. *વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી*
12. *પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ.* 1000-1818) *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,*
    *ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
13. *ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.*
14. *આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.*